गांधी स्मृति ग्रंथालय
भावनगर

P
060
SM1-13
23114

GANDHI SMRITI LIBRARY
BHAVNAGAR

આ પુસ્તક

23-14
23114

૧૯૬૧

આ પુસ્તક.....દિવસ રાખી શકાશે.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૧૩ મું
સંવત ૧૯૯૪

અંક ૧ લો
ફાલ્ગુન

: તંત્રીઓ :

ગિજુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

બાળકોને બધો વખત કહેવા કરતાં તેઓ થોડો વખત આપણને પ્રશ્ન પૂછે અને તેના ઉત્તર રૂપે આપણે કહીએ, તો બાળકોને જે જ્ઞાન જોઈએ તે જ્ઞાન મળશે. શિક્ષણમાં અને જીવનમાં જે ભયંકર ભૂલ થઈ છે તે એ કે જેને આપવાનું તેને શું જોઈએ છે તે જાણ્યા વિના જ આપણે આપ્યે જઈએ છીએ. પશુને શું નીરવું તે આપણે જાણીએ છીએ પણ મનુષ્યોને શું આપવું તે આપણે નથી જાણતા, કેમકે આપણે જે ઉત્તમ ગણીએ તે બીજાને આપવા દોડીએ છીએ પણ બીજાને શું જોઈએ તેનો વિચાર આપણે તેની અંદર પેસીને નથી કરતા.

શિક્ષણ પત્રિકા

વર્ષ ૧૩] ફાલ્ગુન ૧૯૯૪ [અંક ૧

મનનો

રાજીખુશીથી પોતે પાડેલી ટેવની નૈતિક કિંમત છે. પરાણે પડાવેલી ટેવ લાભદાયક હોય તેટલી જ તેની કિંમત છે.

: ૨ :

જેમ નદીની બન્ને બાજુએ આવેલી ભેખડો નદીના પ્રવાહને દોરતી નથી પણ નદીની મર્યાદાઓ બતાવે છે, તેમ અભ્યાસક્રમ શાળાના કામકાજના સીમાડા બતાવે છે. થાય તેટલો અભ્યાસ જ સાચી વસ્તુ છે.

: ૩ :

અભ્યાસક્રમ શક્ય તેટલા અભ્યાસને અનુસરનાર છે; અભ્યાસક્રમને અનુસાર અભ્યાસ નથી.

: ૪ :

શાળા અને બાળકોની સંસ્કારનીતિ શિક્ષકોના વર્તનમાંથી ઘડાય છે.

: ૫ :

અબૂજ શિક્ષક મોટી ઉંમરના કે રૂપાળા બાળકમાં બુદ્ધિ ભાળે છે. એથી વધારે અબૂજ શિક્ષક ધનવાનના અને કુલવાનના બાળકમાં બુદ્ધિ ભાળે છે. સાચો શિક્ષક બાળકની પ્રગટ થતી શક્તિમાં તેને અને તેની પ્રજ્ઞાને ઓળખે છે.

: ૬ :

શરીરનો પ્રદેશ સૂક્ષ્મ પ્રદેશમાં જવા માટેનું એક પગથિયું છે. શિક્ષણમાં પણ સ્થૂળ હકીકતો સૂક્ષ્મ જ્ઞાનમાં જવા માટે છે. સ્થૂળમાં શિક્ષણને સમાવી દેનાર શિક્ષક જડ ભૂમિકા ઉપર વિચરે છે.

: ૭ :

હૃદયને સૂક્ષ્મ રીતે તપાસવાનું બુદ્ધિ તો એક માત્ર સાધન છે. શાળાનું શિક્ષણ અને તેની પરીક્ષામાં હૃદયવિકાસ અને તેના નિરીક્ષણને અવકાશ કયાં છે ?

: ૮ :

શિક્ષક શીખવવામાં હોશિયાર હોય પણ તેનામાં જ્ઞાનની સામગ્રી ન હોય તો તે શું શીખવે ? શિક્ષકે જ્ઞાનસમૃદ્ધ પણ રહેવું જોઈએ.

: ૯ :

તુલનાદૃષ્ટિ આપનાર શિક્ષક વિદ્યાર્થીનું સમસ્ત જીવન બરબાદ કરી નાખે છે.

: ૧૦ :

શીખવી જાણે તે શિક્ષક.

: ૧૧ :

શાળા એ જો બાળકોને માત્ર વ્રત કઢાવવાનું જ સ્થળ હોય તો તો બાળકો શાળામાં કરતાં સીમમાં સારાં.

અ · નુ · ક્રં · અ	
૨ મનનો	ગિ.
૩ શાળાની સ્વચ્છતા	ગિ.
૫ ગૃહકલા પ્રદર્શન	ક.
૭ આપણી શાંતિ	ન.
૮ ના, એ ઘેલી નથી.	ગિ.
૯ નૂતન ગણિતશિક્ષણ	શં.
૧૦ બાલમંદિરના આચાર્યને	ગિ.
૧૩ મારો બાલ્યકાળ	...
૧૫ કાન અને સાન	વિ.
૧૬ શિક્ષણ સમાચાર	તં.

શાળાની સ્વચ્છતા

દરેક શાળા કે બાલમંદિર સાવરણીથી વળાઈને સ્વચ્છ રહેવું જોઈએ એ વાત નવી નથી. એમ છતાં શાળાઓ ગંદી તો રહે જ છે. વાળવું એટલે માત્ર વાળવું એમ નથી; બરાબર ઝાડીઝૂડીને કચરો વાળવો એનું નામ વાળવું. વાળવામાં ભોંય વાળવી, દીવાલો અને બારીઓ વાળવી, દીવાલોના ખૂણાઓ વાળવા, જ્યાં ત્યાં ભરાઈ રહેલાં બાવાં પાડવાં, આ બધું આવી જાય છે. ઉપરાંત ચરક ઘસીને કાઢી નાખવી અને કયાંઈ ડાઘ પડ્યા હોય તો તે ધોઈને કાઢી નાખવા. સ્વચ્છતાનું ધોરણ જેટલું ઊંચું બંધાવાય તેટલું ઓછું, એમ સમજી વાળવાનું કામ થવું જોઈએ.

સામાન્યતઃ આ કામ નોકરોના હાથમાં હોય છે. નોકરોને રોજ વાળવું હોવાથી અગર કામનો બોજો વધારે હોવાથી કે લુચ્ચાઈથી તેઓ પૂરેપૂરું વાળતા નથી. શાળાના જવાબદાર માણસે બરાબર વળાયું છે કે નહિ તે રોજ ને રોજ બરાબર કાળજીપૂર્વક જ જોવું જોઈએ અને અસ્વચ્છતા ક્ષણભર પણ ચલાવી લેવી ન જોઈએ. આપણી જાતને કે નોકરની જાતને એક વાર આપણે નબળાઈથી કે ઉદારતાથી જવા દીધી એટલે તે આળસુ બનશે અને આપણને કામ આપશે નહિ.

જેમ શાળામાં જમીનની સ્વચ્છતા વાળવાથી થઈ શકે તેમ જ્યાં પથ્થરની કે સીમેન્ટની ભોંય હોય ત્યાં વખતને અંતરે છો ધોવાવી જોઈએ. અને જ્યાં ગાર કરવામાં આવતી હોય ત્યાં ગાર થવી જોઈએ અગર લીંપાવું જોઈએ. લીંપણ ગારનું સ્નાન છે. લીંપવાથી ગાર ઉપર પડેલી ગંદકી નાશ પામે છે, અને સફાઈ તથા સુંદરતા આવે છે. ભોંય ધોવાથી તે ચોખ્ખી થાય છે, તેમાંથી મેલ જાય છે અને સુંદર બને છે. જેમ શરીર ગંદું ન ચાલે તેમ શાળાનું મકાન ગંદું ન ચાલે. મકાન પણ એક જાતનું આપણું શરીર જ છે ના? આ મકાનરૂપી શરીરને આપણે વારંવાર સાબુથી ધોઈને સ્વચ્છ રાખવું જ જોઈએ.

વળી શાળાના ઉપરકરને

ગ્રાહકોને

અમારી પત્રિકાના નવા વર્ષે અમે તમને વંદીએ છીએ. તમારા અત્યાર સુધીના પ્રેમભર્યા સહકારને આભારી અમારી પત્રિકાની પ્રગતિ છે. અમે વિનતિ કરીએ છીએ કે તમારો સહકાર કાયમ રાખો.

એક બીજી વિનતિ પણ કરીએ કે પત્રિકાના પ્રચારને આપ સહાય કર્યા કરશો. પત્રિકાને વિસ્તારીને અમને ઉપકૃત કરશો. આપણે સૌ પત્રિકાને જેટલી ફેલાવશું તેટલીયે બાલજગતની આપણે સેવા કરી ગણાશે.

ત્રીજી વિનતિ. અમારી ત્રુટીઓ અત્યાર સુધી જેમ નિભાવ્યા આવ્યા છો તેમ નિભાવશો ને અમારી ઊણપોને માટે ઉદારતાથી અમને ક્ષમા આપશો.

છેવટે ઈશ્વર પાસે આપણે સૌ માગીએ કે આપણી આ પત્રિકા આગળ ને આગળ વધે.

તંત્રીઓ.

પણ ધોવું જોઈએ. આપણે વાપરીએ છીએ તે ગરમ, સુતરાઉ અને રેશમી કપડાં ધોઈએ છીએ, ઠામવાસણ ઊટકીએ છીએ, તેમ જ શાળાની ધોઈ શકાય તેવી બધી ચીજો આપણે વખતોવખત ધોવી જોઈએ.

અઠવાડિયે, પખવાડિયે કે મહિને ધોબીદિન તરીકે આપણે શાળામાં દિવસ ઊજવવો જોઈએ. તે દિવસ બધું ધોવાવું જ જોઈએ. બાળકો તેમાં ભાગ લે. તેઓ જે ઘર કે મંદિરમાં રહે છે તે તેઓ જાતે જ સાફ કરે છે, અને તે સાફ થતાં તેમાં તેઓ રહે છે, એ ખ્યાલ તેમને આપવો જરૂરનો છે. તેઓ ધોવાના તથા સાફસૂફના કામથી ઘણાં રાજી થશે. તેઓ કદાચ ઉચ્ચ ભાવના નહિ સમજે પણ સ્વચ્છતાનો શોખ તો તેમને લાગશે જ. બાળકોને કર્મેંદ્રિયો ચલવવી બહુ ગમે છે. તેઓ અમસ્તાં વ્યાયામ કરે તેના કરતાં ઉપયોગી પ્રવૃત્તિ સાથે વ્યાયામનો લાભ મેળવે એમાં બમણો લાભ છે. બાળકો સાચે જ નાના ગૃહસ્થો છે. તેમને નાનાં નાનાં કામો મોટાં માણસો પેઠે જ કરવાં ગમે છે. તેઓને જો નાનાં તેમ જ માફક આવે તેવાં સાધનો આપવામાં આવે તો તેઓ એકાગ્ર થઈ બહુ સફાઈથી પોતાનાં કામો કરશે. શરૂઆતમાં કદાચ તેમનાં કામો પૂરો સંતોષ નહિ આપે; પણ એમ તો મોટાંઓ પણ જ્યારે પોતાનાં કામો શરૂ કરે છે ત્યારે તેમાં અપૂર્ણતા જ હોય છે; પણ જ્યારે તેઓ થોડો વખત તે કામો કરે છે ત્યારે તેમાં જેમ પૂર્ણતા આવે છે, તેમ જ બાળકોના કામમાં થોડા વખત પછી પૂર્ણતા આવશે જ. આપણને બાળકો બહુ વધારે જથ્થામાં કામ ન આપે, પણ તે કામ તો આપી શકે જ. વળી તેઓ જે કામ આપે તે પોતાની હોંશે આપે અને પોતાને ગમે ત્યાં સુધી આપે તેમાં કામની ખરી કિંમત છે. ઉપર કહ્યાં તેવાં કામો બાળકોને ફરજ પાડી કરાવવાં નહિ. ખરી રીતે તેઓને ફરજ પાડવાની જરૂર પડશે જ નહિ, કેમકે આવાં કામો કરવાં તેમને ગમે છે.

જેમ જમીન તથા ઉપસ્કર ધોવામાં બાળકો રસ લઈ શકે છે, તેમ શાળાનાં નાનાં નાનાં આસનો અને રૂમાલો ધોવામાં પણ તેઓ રસ લઈ શકે છે. બાળકોને આવાં કામો ઘરમાં કરવાનું મન થાય છે. ત્યાં માબાપો તેમને કરવા દેતાં નથી. કારણકે માબાપો તો બધું કામ ઝડપથી માગે છે. માબાપો શીખવા દેવાનો સમય આપતાં નથી, પણ તૈયાર આવડત અને કામ બંને માગે છે. માબાપો બાળકોને તેમને જોઈતી વાળવું ચોળવું વગેરે નાની નાની ક્રિયામાંથી દૂર રાખે છે તેથી બાળકો નવરાં પડે છે, અને તોફાન કરે છે એમ કહેવાય છે. ઘરમાં નહિ તો શાળામાં તો બાળકોને તેવું કામ કરવાની અનુકૂળતા કરી આપવી જોઈએ. બાળકોને પ્રવૃત્તિ મળે, તેમની જ્ઞાનેન્દ્રિય અને કર્મેન્દ્રિય કેળવાય તેમનાં મન રાજી થાય, શાળાના કામમાં તેમનો સહકાર મળે, એ બધું એકીસાથે બનતું હોય તો શાળાએ અવશ્ય કરવું જોઈએ.

શાળા એક ઘર છે; શાળા એક દુનિયા પણ છે. શાળાની સ્વચ્છતામાં જેટલા પ્રમાણમાં બાળકોને ભાગ લેતાં કરીએ તેટલા પ્રમાણમાં બાળકો ઘર અને દુનિયાની સ્વચ્છતામાં ભાગ લેતાં થશે. ખરી વાત બાલ્યાવસ્થાથી ટેવ પડવાની છે. જે બાળકોને શાળાને સ્વચ્છ

રાખવાની ટેવ પડી ગઈ છે, જે બાળકોને અસ્વચ્છ શાળામાં રહેવું અને ભણવું ગમે નહિ, તે બાળકો મોટાં થઈ દુનિયાને સ્વચ્છ રાખ્યા વિના અને બનાવ્યા વિના રહેશે નહિ. તેઓ સ્વચ્છતાને વળગશે અને સ્વચ્છતા તેમને વળગશે. નાનપણમાં જ્યારે બાળકોમાં મિથ્યાભિમાન, ખોટો દબદબો, ઊંચનીચનો ભેદ, મોટાઈના ખોટા ખ્યાલો નથી હોતા ત્યારે તેઓ અંદરથી પ્રસન્ન થઈને શાળાનાં તમામ નાનાં મોટાં સ્વચ્છતા વગેરેનાં કામો કરે છે. વાળવામાં કે કપડાં ધોવામાં કે ટેબલો ધોવામાં ગરીબ તેમ જ પૈસાદારનાં બાળકોને સરખો જ રસ આવે છે. એક ઠેકાણે એક રાજકુંવરે સાવરણો પોતાના હાથમાં લીધો હતો અને ગરીબ બાળકો સાથે તે પણ વાળતો હતો; પણ તેના રક્ષકને તે જોઈ ભારે દુઃખ અને હીણપત લાગી; તેણે તુરત જ બાળકના હાથમાંથી સાવરણો લઈ લીધો. બાળકને આ ન ગમ્યું. રાજાનો કે ગરીબનો કુંવર પોતાની આંતરવૃત્તિ અને દૃષ્ટિથી પોતાના વિકાસને માટે સરખા જ તત્પર છે અને તલપે છે. તેમની આડે આવનાર સામાજિક કે બીજા દરજ્જાઓ તેમના વિકાસમાં નડે છે. બાલમંદિરો કે શાળાઓમાં આવો ભેદ કદી સ્વીકારવો જ નહિ. નવી પેઢી જો એક વાર સમાનભાવે આવાં સ્વાધીનતાનાં કામો કરવામાં સ્વમાન સમજશે તો દુનિયાને સ્વાધીનતાનો પાઠ શીખવવાનું નહિ રહે. શરૂઆતમાં જેઓ અસમાનભાવે કેળવાય છે તેમને રસ્તે લાવતાં જે સમય અને શક્તિનો વ્યય થાય છે, તેને હિસાબે પહેલેથી જ સમાનતાના ધોરણે સૌને કામ આપવાની અગત્ય છે. દુનિયા સૌની છે; સ્વચ્છતા સૌને માટે છે; સૌએ તેમાં પોતાની જાતમહેનત વડે ફાળો આપવો જ જોઈએ. એનો ખ્યાલ અને અભ્યાસ શાળામાં જ થઈ શકે સમૂહગત નાનાં નાનાં સાધનો શાળા વસાવી શકે અને બાળકોને તે કામો કરવા સમયની અનુકૂળતા આપવા ઉપરાંત જે કામો થઈ શકે તે જાતે કરી બતાવી શીખવી શકે.

શાળાની સ્વચ્છતામાં જે જે વસ્તુ સમાઈ શકે તે સમાવવી જોઈએ. તે માટે નાનાં બાળકોને ગમે તેવાં સાધનો–સૂપડીઓ, સાવરણીઓ, બાલદીઓ, નળો, ચોકડીઓ, કપડાં સૂકવવાની દોરીઓ, વગેરે વગેરે તૈયાર રાખવાં જોઈએ. બાલમંદિર અગર શાળા એક ઘર છે એવો ખ્યાલ રાખી બાળકોને નાનપણથી સારા ઘરના અને સમાજના સંસ્કારો તથા ટેવો આપવી તે ઉચિત છે. ગિ.

ગૃહકલા પ્રદર્શન

(બાળકોની દિશામાં)

જ્યારથી ગુજરાતી સ્ત્રી સહકારી મંડળ તરફથી ૧૯૬૭ના નવેમ્બરમાં 'ગૃહમાં કલા' પ્રદર્શન ભરવાનું અમે નક્કી કર્યું ત્યારથી જ તેમાં બાળકો માટે પણ કંઈક નવીન દિશામાં પ્રયાસ કરવાનું અમે નક્કી કર્યું.

અત્યાર સુધી ચિત્રકારોએ મોટાં માટે બહુ ચિત્રો દોર્યાં છે. તેનાં અનેક પ્રદર્શનો ભરાયાં. પણ હજુ સુધી બાળકોનાં ખંડના શણગારરૂપ

ચિત્રો દોરવાનો જવલ્લે જ કોઇને વિચાર આવ્યો હતો. બાલપુસ્તકો પણ આજે લૂખાં છે. ચિત્રમાં નથી રમુજ કે નથી આકર્ષક રંગ. માટે આ પ્રદર્શન માટે સુંદર સુંદર બાલચિત્રો કરવા કલાકારોને વિનંતિ કરી. વિનંતિ સાથે સુંદર બાલચિત્ર માટે રૂા. ૧૦૦નું ઈનામ અને બાલ-ચિત્રવાર્તા માટે રૂા. ૫૦નું ઈનામ ઠરાવવામાં આવ્યાં. ભાઈ રાવળે અમારો પડતો બોલ ઝીલી ગુજરાત કલાસંઘ પાસે થોડાં ચિત્રો કરાવી મોકલ્યાં, ને બીજા કલાકારોએ પણ સારા પ્રમાણમાં મદદ કરી. ચિત્રોનું વસ્તુ તેમજ રંગો સારા પૂરી ચિત્રકારોએ અમારા વિચારો પોષવા બનતી મદદ કરી. બાલચિત્રોનું વસ્તુ, રંગપૂરણી, કદ વગેરેનો ખ્યાલ હજુ ઘણા કલાકારોને નથી. છતાં પણ બાલમાનસની દૃષ્ટિએ પ્રથમ ઈનામ લઈ જનાર મેળાનાં દૃશ્યોનું ચિત્ર ઉત્તમ પંક્તિનું હતું. વસ્તુ, કદ તથા રંગપૂરણીની દૃષ્ટિએ ગુજરાત કલાસંઘનું હાથીના વેરની જાણીતી વાર્તાનું ચિત્ર પણ એટલું જ સારું હતું.

સસલાં, ઉંદર વગેરે બીજાં કેટલાંક ચિત્રો એટલાં જ સ્વાભાવિક લાગતાં હતાં. ઈસપની ને દેવયાનીના દડાની ચિત્રલિપિમાં લખાયલી વાર્તાઓ પણ સુંદર ચીતરી હતી. પ્રકાશકો પુસ્તકરૂપે તેને છાપે ત્યારે જ ચિત્રકારોની કે કલાકારોની મહેનત વસૂલ થાય.

બાલચિત્રો માટે વિશાળ ક્ષેત્ર વણખેડ્યું પડ્યું છે. એક સાદા મેળામાંથી એક નહિ પણ સેંકડો ચિત્રો માટે વસ્તુ મળે એમ છે. વરસાદમાં, રેતી પર વગેરે રમતાં બાળકોનો પ્રવૃત્તિમય આનંદ, પરીનગર, વગેરે ચિત્રકારની કલ્પનાને કંઈક દોડતી કરી મૂકે છે. જાનવરો, પક્ષીઓ વગેરેના જ જીવનમાંથી અનેક રસિક વાર્તાઓ ચિત્રકાર સર્જી શકે છે. આશા છે કે આ તરફ દોરેલું ધ્યાન ચિત્રકાર ચાલુ રાખે.

બીજો અમારો પ્રયાસ તે ચીંથરાંની ચોપડી (Rag-book). અમારી સૂચના ઉપાડી લઈ અમારા પ્રદર્શન માટે કુવિદ્યા મહેતાએ તૈયાર કરી આપી. સ્વદેશી કપડાંથી હિંદુસ્તાનનાં કેટલાંક પ્રાણીઓને સ્વાભાવિક વાતાવરણમાં મૂકવા એમણે પ્રયાસ કર્યો છે. હિંદુસ્તાનમાં આ પહેલો જ પ્રયાસ છે એમ અમે ધારીએ છીએ.

આપણા દેશમાં બાળકોને રમવા માટે અથવા શિક્ષણના સાધન માટે આજ સુધી પરદેશી તરફ જોવું પડે છે. પૃથ્વી પર કાંકરા જેવો જાપાન દેશ આજે હિંદુસ્તાનનાં બાળકો માટે રમકડાંનો દેશ બની રહ્યો છે. પક્ષીઓ કે પ્રાણી જોવાં હોય તો વિલાયતી રોબીન અને બ્લેકબર્ડ ને એવાં બતાવી એમની જિજ્ઞાસા પૂરે છે. અમે તેથી અમારા પ્રદર્શનમાં થોડાં સૂચક સ્વદેશી રમકડાં ભેગાં કર્યાં.

એક માણસે થોડાં લાકડાનાં રમકડાં આ પ્રસંગ સારુ બનાવી આપ્યાં. તેણે કાગળના માવામાંથી પણ હાથી, ઘોડા, ઊંટ વગેરે બનાવ્યાં હતાં; ભાંગે નહિ ને બાળકને લાંબો વખત આનંદ રહે. બધી વસ્તુઓની માફક થોડાં મોંઘાં ખરાં, પણ ઉત્તેજન મળતાં સસ્તાં થવાનો સંભવ પણ ખરો.

આપણાં બાળકો માટે આપણે વાતાવરણ જ ઊભું કરવા પ્રયાસ નથી કરતાં; ઘરમાં એક પણ ખૂણો એવો નથી કે જ્યાં બાળકને પોતાને લાયક વાતાવરણ લાગે. અમે પ્રદર્શનમાં તેથી ખાસ બાળકના માનસની દૃષ્ટિએ બાલખંડ

રાખ્યો હતો—પૈસાદારો પોતાના ઘરમાં કરી શકે તેવો: ગરીબોનાં બાળકો માટે બાલમંદિરો કે ઘોડિયાખાનામાં થઈ શકે તેવો. તેમાં નાનો બાટલો, ફરતું પુસ્તક રાખવાનું ટેબલ, ડેસ્ક, ખુરશી વગેરે પર રમકડાં મુકાવેલાં. પ્યાલા રકાબી વગેરે દરેક ચીજ બાળકને રુચે એવી. ન્યુ ઇરાની નિશાળે કાગળો કાપી પોપટ ભૂખ્યો નથી, વગેરેની વાર્તા બનાવી આપી હતી તે ભીંતચિત્ર તરીકે અમે ટાંગી હતી. ગોળ કેરી ભીંતરડીની વાર્તા બાદીમાં કાપલા કરી બહુ સારી રીતે બનાવી હતી તે પણ ટાંગી હતી. પડદા, પલંગપોશ બધા પર જાનવરોના આકારો કાપી શીવડાવી ટાંગ્યા હતા. આથી બાળકોના ઓરડા કેવા હોવા જોઈએ તેનો ખ્યાલ ઘણાઓને આવી શકતો.

આ દિશામાં અમારો આ પ્રથમ જ પ્રયાસ હતો, અને તે પણ નમ્ર પાયા પર. તેમાં ઘણી ત્રુટીઓ રહી ગઈ હતી. અમે એટલી જ આશા રાખીએ છીએ કે બીજાઓ ભવિષ્યમાં અમારું આદરેલું અધૂરું ન રાખી જ્યાં પ્રદર્શન ભરાય ત્યાં આ પ્રયાસને આગળ ધપાવે. ક.

આપણી શાંતિ

મારો પોતાનો એવો અનુભવ છે કે બાલમંદિરનાં બાળકો સાથે સુંદર રીતે સુમેળ સાધીને કામ કરવું હોય તો આપણી અંદરની, આપણા જ મનની શાંતિ આપણે ધરાવવી જોઈએ. એ શાંતિ એટલે કે મનના સ્વાસ્થ્ય ઉપર જ આપણા કામનો બધો આધાર રહે છે. બાળકોનાં મન ઘણાં જ લાગણીક્ષમ હોય છે; તેઓ બરાબર જોઈ શકે છે કે આપણું મન કયારે સ્વસ્થ છે, કયારે અસ્વસ્થ છે. અને એ પ્રમાણે એમ પણ સમજે છે કે જ્યારે આ શિક્ષકનું મન સ્વસ્થ નથી હોતું ત્યારે એની વાત સાંભળવા જેવી હોતી નથી, અથવા એણે આપેલી સૂચનાઓ સહેલાઈથી તોડી શકાય છે, અને એકંદરે એ વધુ અશાંત બને છે. ટૂંકામાં આપણી અંદરની શાંત યા અશાંતિ બાળકમાં તેવો જ પ્રત્યાઘાત ઊભો કરે છે.

જેવી રીતે વાતાવરણની શાંતિ યા અશાંતિ બાળકના મન ઉપર સીધી અસર કરે છે, જેવી રીતે બાળકના ઘરનું વાતાવરણ પણ એની ઉપર ચોખ્ખી અસર કરે છે, તેવી રીતે આપણું પોતાનું વ્યક્તિત્વ (પછી ભલેને આપણે આપણી અંદર જ અમુક પ્રકારની અશાંતિ અનુભવતા હોઈએ.) બાળક ઉપર અસર કરે છે.

શિક્ષકનું સૌમ્ય આંતરિક સ્વાસ્થ્ય બાળકને પણ સૌમ્ય અને સ્વસ્થ બનાવે છે, એને એના પોતાના કામમાં એકાગ્ર થવામાં મદદ કરે છે, અને બાળકનો આખો દિવસ સુખ અને શાંતિમાં પસાર થાય છે.

અને શિક્ષક જો ઘરના કજિયાકંકાસથી કંટાળેલો કે કોઈ બીજી રીતે મૂંઝાયેલો બાલમંદિરમાં આવે તો એના મનની અસ્વસ્થતાનું પ્રતિબિંબ જરૂર બાળકો ઉપર પડે છે. અને તે દિવસનું બાળકોનું કામ અશાંતિપૂર્ણ વાતાવરણમાં શરૂ થાય છે અને છેવટ સુધી કામનું વાતાવરણ જામતું નથી.

દરેક શિક્ષકે આ વાત અનુભવમાં મૂકી પ્રત્યક્ષ બાતરી કરી લેવા જેવી છે. ન.

ના, એ ઘેલી નથી.

એક પિતાએ પોતાની છોકરીને બતાવીને મને કહ્યું: "જુઓ, આ છોકરી ઘેલી છે. તેના મગજમાં કોણ જાણે શું યે છે. તે બધું નકામું નકામું પૂછ પૂછ જ કરે છે."

મેં કહ્યું: "શું પૂછે છે?"

પિતા કહે: "એવું જ બધું ઝીણું ઝીણું પૂછે છે."

મેં કહ્યું: "તમે કહો તો ખરા? જરાક કહો તો ખબર પડે કે એનામાં કેવી ઘેલાઈ છે."

પિતા કહે: "તમે જ એને કહો એટલે તે તમને પણ પૂછવા માંડશે."

મેં છોકરીને પૂછ્યું: "કહો, બેન! શું પૂછવું છે? તમને વારંવાર પૂછવાનું મન બહુ થાય છે? જે પૂછવુ હોય તે પૂછો."

છોકરી કહે: "પૂછું?"

મેં કહ્યું: "હા; જરૂર."

છોકરી કહે: "કહો ત્યારે; માથાના વાળ શામાંથી થતા હશે?"

હું સવાલથી ચમકયો. મારા મનમાં કેટલાક વિચારો પસાર થઈ ગયા. મેં કહ્યું: "તમારા પાંચ સવાલો લખીને લાવો પછી હું તેના જવાબો આપીશ. છોકરીએ કાગળ પેનસિલ લઈ પાંચ સવાલો લખી કાઢયા—

૧. પહેલવહેલું કોણ જન્યું હશે?
૨. નખ કાઢી નાખીએ તોય કેમ વધતા હશે?
૩. પાણી, ધઉં, ચશ્માં, કેમ બનતાં હશે?
૪. પવન કેમ વાતો હશે?
૫. ચૂનો કેમ બનતો હશે?"

પ્રશ્નો વાંચી મેં તેના પિતાને કહ્યું: "જરા મારી પાસે બેસો. હું આ પ્રશ્નોના ઉત્તરો છોકરીને આપું છું ને તમે તે સાંભળો."

મેં પ્રશ્નોના ઉત્તરો એક પછી એક છોકરીને આપ્યા. છોકરીએ ખૂબ જ તલ્લીનતાથી સાંભળ્યા. અમરતી તો તે ખૂબ અશાંત હતી. તેના પિતાજી એમ પણ કહેતા હતા કે કંઈ કરવું કારવવું નહિ પણ આખો દી પ્રશ્ન જ પૂછ્યા કરવા. ઉત્તરો થઈ રહ્યા ત્યારે છોકરી ખૂબ પ્રસન્ન દેખાઈ અને શાંતિથી રમવા દોડી ગઈ.

મેં તેના પિતાને કહ્યું: "જુઓ, ભાઈ! આ છોકરી તો વૈજ્ઞાનિક છે. એનું મન શોધખોળ માગે છે. તેના પ્રશ્નો આપણને મૂંઝવે તેવા છે છતાં તેની બુદ્ધિ તો શોધકને છાજે તેવી છે. આજથી તેની આવી બુદ્ધિને જો તેના પ્રશ્નોના જવાબો મળશે અને તેને અનુકૂલ કેળવણી મળશે તો તે છોકરી એક બહુ સમર્થ વિજ્ઞાનશાસ્ત્રી થઈને ઊભી રહેશે."

તેના પિતા કહે: "ચાલો ભાઈ! છોકરી ઘેલી તો ન નીકળી!"

અમે બન્ને જરા હસ્યા. મેં કહ્યું: "છોકરી જરૂર ઘેલી તો નથી જ." ગિ.

શિક્ષકોને મદદ કરશો?

ઘણા જિજ્ઞાસુ શિક્ષકો પૈસાની તંગીને લઈ પત્રિકા વાંચ્યા વિના રહી જાય છે. શિક્ષકને પત્રિકા પહોંચાડવી અને બાળકોના અનેક આશીર્વાદ લેવા. આવો લાભ લેવા માટે શિક્ષકોને મફત પત્રિકા આપવા માટે શુભેચ્છકો પત્રિકા કાર્યાલયમાં પોતાની રકમ સત્વર મોકલી આપે એવી અમારી તેમને આગ્રહ ભરી વિનતિ છે.

નૂતન ગણિતશિક્ષણ

[અનુસંધાન ગયા વર્ષના ૧૪૭મા પાનાથી]

હવે આપણે ગુણાકાર અને ભાગાકાર કેટલા ભાગ થાય ? એ ભાગ થાય." આ લઈએ. આની અંદર આપણે પાંચની તથા દસની લાકડીનો ઉપયોગ કરવાનો હોય છે. આપણે પહેલાં પાંચની લાકડી હાથમાં લેવી અને એની ઉપરના પટ્ટા ગણીને પાંચની જ લાકડી છે એમ બતાવવું. પછી એ લાકડી દસની લાકડી ઉપર મૂકવી અને પછી બોલવું: " પાંચ એક વખત લઈએ તો પાંચ." પાંચ બોલતી વખત ફરી પાછા પટ્ટા ગણવા અને બરાબર ગણીને બોલવું: " પાંચ એક વખત લઈએ તો પાંચ." પછી પાંચની લાકડી દસની લાકડી ઉપર મૂકવી અને કહેવું: " પાંચ બે વખત લઈએ તો... " દસની લાકડીના પટ્ટા ગણીને કહેવું: " દસ. " ફરી પાછું પુનરાવર્તન કરવું: " પાંચ એક વખત લઈએ તો પાંચ; પાંચ બે વખત લઈએ તો દસ. " આ વખતે પણ દસની લાકડી ઉપરના પટ્ટા ગણ્યા પછી જ પાંચ અને દસ બોલવા. આ થઈ શરૂઆતના ગુણાકારની પ્રક્રિયા. પછી એવી જ રીતે શરૂઆતના ભાગાકારની પ્રક્રિયા લેવી. એને માટે પણ પાંચની અને દસની લાકડીનો જ ઉપયોગ કરવાનો છે. પહેલાં દસની લાકડી લઈ એના ઉપરના દસ પટ્ટા ગણવા; પછી પાંચની લાકડી લઈ એના ઉપરના પટ્ટા ગણવા. પછી દસની લાકડી ઉપર પાંચની લાકડી મૂકી કહેવું: " દસના પાંચપાંચના ભાગ કરીએ તો કેટલા ભાગ થાય ? " પાંચની લાકડી બે વખત મૂકીને કહેવું: " દસના પાંચપાંચના ભાગ કરીએ તો પ્રમાણે બાળકને દસ સુધીના સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકારમાંથી તદ્દન શરૂઆતના સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકારનો ખ્યાલ આપીએ છીએ. આની મારફત બાળકને સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર શું છે એનો પ્રત્યક્ષ ખ્યાલ આવે છે. દસની અંદરના બાકીના સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર આ પછી કાં તો લાંબી સીડી મારફત અથવા તો મોતીની સળીઓ મારફત આપી શકાય છે. એક મોતીની પાસે બીજું મોતી મૂકીને પૂછવું: " એકની અંદર એક નાખીએ તો કેટલા થાય ? " આપણે ગણીને કહેવું: " એકની અંદર એક નાખીએ તો બે થાય. " તેવી જ રીતે એક પાસે બે મોતીની સળી મૂકીને, ત્રણ મોતીની સળી મૂકીને, સરવાળાનું કામ આગળ ચલાવી શકાય. એક મોતીની પાસે નવની સળી મૂક્યા પછી બે મોતીની સળી લેવી. એની પાસે એક મોતી મૂકીને એની અંદર એક નાખીએ તો કેટલા થાય એમ, અને પછી ગણીને ત્રણ થાય એમ કહેવું. એવી રીતે આગળ વધતાં વધતાં એની પાસે આઠ મોતીની સળી મૂકીને એની અંદર આઠ નાખીએ તો દસ થાય એમ ગણવું. પછી આગળ વધવું નહિ. બાળકને દસ સુધીના જ એટલે કે દસ સરવાળો થાય એટલે સુધીના જ સરવાળા આપવા આગળના સરવાળા આપવાની કંઈ જ જરૂર

નથી. આગળના સરવાળા તો બાળક સંખ્યા-લેખનની ઘોડી ઉપર સરસ રીતે કરી શકશે. એની અંદર બાળકને દશકનો પણ સ્પષ્ટ ખ્યાલ આવશે. એટલે આ રીતે તો માત્ર દસ સુધીના જ સરવાળા કરાવવા. ત્રણની મોતીની સળી પાસે સાતની મોતીની સળી મૂકીને જ અટકવું; આગળ વધવું જ નહિ. એ જ પ્રમાણે બાદબાકી ગુણાકાર અને ભાગાકાર પણ દસ સુધીના જ લેવા; આગળના લેવા જ નહિ. આ રીતે બાળક પાસે બાકીના દસ સુધીના સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર ધરવા. (અપૂર્ણ)

શં.

બાલમંદિરના આચાર્યને

પ્રિયભાઈ

હમણાં જરા પ્રવાસમાં હતો એટલે તમને લખી શકયો નહિ. માફ કરશો.

આજકાલ બાલમંદિર સંબંધે એટલા બધા પ્રશ્નો મનમાં ઉભરાય છે કે કયા પ્રશ્ન ઉપર લખવું અને કયા પ્રશ્ન ઉપર ન લખવું?

હમણાં હમણાંમાં મારું ધ્યાન બાળકોની સામાજિક તાલીમ તરફ જાય છે. આપણે ત્યાં સામાજિક તાલીમનું વિધાન તો છે; તેમાં કઈ બાબતોનો સમાવેશ થાય છે તેની યાદી પણ છે જ. પરંતુ સામાન્યતઃ બાલમંદિરના અન્ય કાર્યક્રમોમાં સામાજિક તાલીમ વિભાગના પાઠો આપવાનું રહી જાય છે. દરરોજ એકાદ વાતનો પાઠ અપાય તો સારું. જ્યાં સુધી શહેરી જીવનના પાઠો આપી બાળકોને આપણે અત્યારથી જ ટેવીએ નહિ ત્યાં સુધી વારંવાર મોટી ઉંમરનાં માણસોને આપણે કેળવવાનું રહેશે. રેલ્વેમાં, મોટરમાં, રસ્તા પર, સભામાં વગેરે સ્થળે કેમ ચાલવું, કેમ બેસવું, ટ્રૂંકમાં કેમ વર્તવું તેના પાઠો આપણે આપવા જ જોઈએ. આપણી યાદીમાં તો અનેક વિષયો છે. એ યાદી આપણે શિક્ષણ પત્રિકામાં છપાવી નાખીએ તો?

બીજી વાત એ છે કે પત્રલેખનનું કામ બધાં બાલમંદિરોમાં દેખાતું નથી. એની ખૂબી હજી સૌની નજરે ચડી ન હોય. બધાં બાલમંદિરોમાં એક એક ટપાલપેટી મુકાય અને બાળકો અંદર અંદર પત્રો લખે અને તે પત્રો નાસ્તા વખતે વહેંચાય તો કેવું સારું? તમે તો એવું કરો જ છો. પણ આપણે બધા એવું હજી કયાં કરીએ છીએ?

પત્રો પર સરનામાં કેમ થાય, ટિકિટ કયાં ચોડાય, એ તો તમે બતાવ્યું છે. તમે તો બાળકોને જાતે જ કવરો બનાવી લેવાનું પણ બતાવી દીધું છે. બાળકો કેટલા બધા ઉત્સાહથી કાગળો કાપીને તેનાં કવરો બનાવે છે! અને તેમ કરવામાં કેટલો ઉદ્યોગ કરે છે અને એકાગ્રતા કેળવે છે! દરેક બાલમંદિર આ કામ ઉપાડી લે તેવું છે. બાળકો પોતાનાં કવરો બનાવે; ગુંદરથી ચોડે; તેમાં પોતે મનમાન્યા કાગળો અંદરોઅંદર લખે અને પછી સુંદર સરનામાં કરી ટપાલપેટીમાં નાખે. બાલમંદિરનો આચાર્ય વારાફરતી બાળકોમાંથી ટપાલી ગોઠવે અને તે ટપાલી તરીકે કાગળો વહેંચે. બાળકોના કાગળો

બાળકો પોતે સાચવે. અગર તો આચાર્ય તેને સંગ્રહે. બાળકોની રજા હોય તો તે સૌને વાંચી સંભળાવાય. આ રીતે બાળકોમાં લખવાનું પ્રયોજન આવશે અને પરિણામે બાળકો પત્રો અને સાહિત્ય લખતાં થશે.

છેક નાનાં બાળકોને આપણે જાણીએ છીએ તેમ લખવા કરતાં વાંચવાનું વધારે ગમે છે. ક્રમકે વાંચવામાં નવું જાણવાનું મળે છે. લખવું પ્રયોજન વિના શક્ય નથી. બાળકો આગળ જુદાં જુદાં પ્રયોજનો મૂકીએ તો તેઓ લખે અને લખતાં લખતાં લેખક અને લહિયા થાય. વળી લેખન માટેની રમતો ગોઠવી શકાય.

એવું કરી શકાય કે બાળકોને મૌન વાર આપવો. તે દિવસે તેઓ બધું લખીને વ્યક્ત કરે. પાટી અને પેન હાથમાં લઈને ફરે અને એકબીજાને લખ્યા કરે.

વળી પોસ્ટ ઑફિસ ચલવવી એ પણ એક લેખન માટેની રમત છે.

સારા સારા લેખકોનાં સુવાક્યો બાળકોને ગમે તેના ઉતારા કરવા તે પણ લેખનનો વ્યાપાર છે.

રોજ ને રોજ પોતે શું કર્યું તેની નોંધ લખવી તેમ જ પોતે શું જોયું, શું સાંભળ્યું, શું અનુભવ્યું તેની નોંધ રાખવી, એ પણ લેખનનો ઉપયોગી વ્યવસાય છે.

મહેમાનોની યાદીબુક, રેકર્ડોની યાદીબુક, પત્ર વાચનની યાદીબુક, એમ યાદીબુકો રાખવામાં પણ લેખનને અવકાશ છે.

જોઈ જોઈને ગમે તે લખવું, માસિકો કાઢવાં અને તેમાં લેખો લખવા, એ પણ લેખનને જ માગનારી પ્રવૃત્તિઓ છે. મતલબ કે જ્યાં જ્યાં લેખન આવે જ આવે તેવી તેવી પ્રવૃત્તિઓ રમત રૂપે ગોઠવવાથી લેખનનો વ્યવસાય વધશે અને ગતિ, શુદ્ધિ તથા સાહિત્યદૃષ્ટિ ત્રણે વાનાં બાળકોમાં આવશે.

આપણે ચિત્રનાં પ્રદર્શનો કરી ચૂક્યા છીએ. ચિત્રમાં આપણે–બાલમંદિરોએ પોતાનું કામ સારી રીતે બતાવ્યું છે. એ જ રીતે લેખનમાં પણ આપણે આપણું કામ બતાવી શકીએ. લેખન માત્રના ચાર્ટ-નકશાઓ થવા જોઈએ; તેનાં પ્રદર્શનો પણ ભરી શકાય.

લેખનના પણ ચિત્રો પેઠે અનેક પ્રકારો છે તે વારંવાર આપણા સૌના ધ્યાનમાં રહેવા જોઈએ. (૧) શબ્દો, (૨) વાક્યો, (૩) નાના પાઠો, (૪) મોટા પાઠો, (૫) નાની વાર્તાઓ, (૬) મોટી વાર્તાઓ, (૭) કવિતાઓ, (૮) પ્રવાસવર્ણનો, (૯) સ્થળવર્ણનો, (૧૦) અનુભવવર્ણનો, (૧૧) પક્ષીપશુનાં વર્ણનો, (૧૨) અનેક પ્રકારની નોંધો તેમ જ (૧૩) પત્રો, વગેરે લેખનના પ્રકારો છે. જીવનમાં જેટલા પ્રકારો લેખનના છે તેટલા અને નાને સાદે રૂપે બાળકો આગળ મૂકી શકાય અને બાળકો પણ છેક નાનપણથી સાહિત્ય રચી શકે. આવું બાલસાહિત્ય ભાષા અને સાહિત્યના વિષયનો મોટો અગત્યનો અભ્યાસ બની રહે.

બીજી વાત એ છે કે મારા જોવામાં આવતાં બાલમંદિરોમાંના દરેકમાં કંઈ ને કંઈ વિશેષતા છે; એટલે કે અમુક બાબત અમુક બાલમંદિરમાં બીલી છે તો અમુક બાબત બીજા બાલમંદિરમાં બીલી છે. આનાં કારણો બાલમંદિરની અનુકૂળતાઓ અને કામદારોની પોતાની વિશેષતાઓ છે. કોઈ ઠેકાણે ચિત્રો તો કોઈ ઠેકાણે સંગીત,

રાંગોળી, માટીકામ, લેખન, ગણિત એમ વિશેષપણે આગળ વધેલ છે. દરેક બાલમંદિરના આચાર્યે આ વિશેષતા જાણવી જોઈએ અને તે વિશેષતા પોતાના બાલમંદિરમાં પહેલી તકે આવે તે માટે તેણે યત્ન કરવો જોઈએ. કાં તો તેણે જાતે જઈ ત્યાંથી તે ઉપાડી લાવવી જોઇએ અગર તેના જાણકારને બોલાવીને પાંચ પંદર દહાડા બાલમંદિરમાં રાખી તેની પાસેથી શીખી લેવું જોઈએ. કોઈ શિક્ષક બધાં બાલમંદિરોમાં જઈ મૃદંગ શીખવી આવે, કોઈ રાંગોળી તો કોઈ વ્યાકરણની રીતિઓ તો કોઈ નવીન ગણિત તો કોઈ નવી નવી કૂચો, રાસ, રાંસડા અને ગરબા તો કોઈ નાટકો તો કોઈ કંઈ ને કંઈ શીખવવા નીકળે તેને બાલ મંદિરોએ સત્કારવો જોઈએ અને તેનો પૂરો લાભ મળે તેની વ્યવસ્થા કરવી જોઈએ. દરેક બાલમંદિરમાં એકાદ જણ તો એવું હોય છે જ કે જે બીજાને કંઈ ને કંઈ શીખવી શકે. આ સંબંધે બાલમંદિરના આચાર્યો વિચારી શકે; તે માટે મિલન અગર પત્રવ્યવહાર આદરે.

બીજી વાત બાલમંદિરોની રજના નિયમો સ્પષ્ટ થવાની જરૂર છે. તેના સમયો પણ નિશ્ચિત હોય તો સારું કે જેથી એક બાલમંદિર બીજા બાલમંદિરનો લાભ લઈ શકે. બાલમંદિરોને એક ઉપયોગી પ્રેરણાદાયક સંસ્થા બનાવવી હોય તો બાલમંદિરોની વ્યવસ્થામાંનું એકધારી અને સ્પષ્ટ જોઈએ. અત્યારે તો કોઈ બાલમંદિરમાં થોડી તો કોઈમાં વધારે રજા પડે છે; કોઈમાં વેકેશનો પડતાં જ નથી તો કોઈમાં લાંબાં વેકેશનો પડે છે; કોઈના તહેવારો અમુક જાતના છે તો કોઈના અમુક જાતના; અઠવાડિક રજાના દિવસો પણ એકબીજાથી કોઈ કોઈ સ્થળે જુદા જુદા છે. બધું સરખું થાય તો સારું નહિ? તમને કેમ લાગે છે?

અખિલ હિંદ બાલસંમેલનમાં ગુજરાતમાંથી યશરવતીબેનનું બાડિયાનું બાલમંદિર આવ્યું અને બીજું આવ્યું મણિબેન ત્રિવેદીનું મ્યૂનીસીપલ બાલમંદિર. ઠંડી તથા બીજા કારણે બાલમંદિરો આવી ન શકયાં; એ તો ઠીક. પણ બાલમંદિરો અંદરઅંદર પોતાનાં બાળકોનાં મિલનો ગોઠવી શકે છે. જેમકે ભાવનગર ને જામનગર મળે; પોરબંદર અને માંગરોળ મળે; વઢવાણ તો જામનગર અને ભાવનગર બંનેને મળે; વગેરે વગેરે. આ કરવા જેવું છે. પ્રવાસો તો આપણે કરીએ જ છીએ પણ આવું હજી આપણે કર્યું નથી. બાળકોને પ્રવાસમાં ખૂબ મજા આવે છે તે આપણે જાણીએ છીએ; પણ જુદાં જુદાં બાલમંદિરોને એકઠાં કરવાના પ્રયોગો આવશ્યક છે. બાળકો નાનપણથી જ હળેમળે એ પણ મહત્ત્વનું છે. હિલનમિલનમાંથી પરિચય અને પરિચયમાંથી

અત્યજોને મફત પત્રિકા

દર વર્ષે અંત્યજ જિજ્ઞાસુ વાચકોને મફત પત્રિકા પહોંચાડવા અનેક ભાઈબહેનો સહાય આપે છે. આ સહાય આ વર્ષે તેઓ આપે. ઉપરાંત ઘણા ભાઈઓ રહી જાય છે એટલે નવા દાતાઓ પણ તેમને મદદ કરે. તેમની આ મદદ જરૂર લેખે લાગશે.

મદદ મોકલવાનું સ્થળ

"શિક્ષણ પત્રિકા" કાર્યાલય

ભાવનગર

લાગણી અને પ્રેમ થાય છે. મનુષ્ય અને મનુષ્ય તેમ જ આખરે પ્રજા અને પ્રજા વચ્ચે પ્રેમની ગાંઠ પાડવા માટે મિલનો અતિ ઉપયોગી છે. બાલમંદિરો આ કામની શરૂઆત કરી શકે છે. બે ગામનાં બાળકો ભેગાં રમે, હળેમળે અને બાયપીએ એ કાંઈ જેવી તેવી વાત નથી. અંજારમાં કચ્છના બાલસંઘોનું સંમેલન થયું ત્યારે આવું મિલન સુંદર થયું હતું. અખિલ ભારત બાલસંમેલન એ એક મોટો મેળો છે, અને તે બાળકોને માટે આનંદદાયક તથા પ્રેમ અને સહકારપ્રેરક છે. આપણે અને માબાપો તથા બાલમંદિરના સંચાલકો આવી વાતો ખ્યાલમાં લઈએ તો ઘણું કામ થઈ જાય સહેજે સહેજે દેશદર્શન–લોકદર્શન થાય, અને જ્ઞાનમાં વધારો થાય. બાળકો ભૂગોળના અભ્યાસમાં પગ માંડે તે પહેલાં તેમને ભૂગોળનું થોડું પણ દર્શન થવું જોઇએ અને તેના ખ્યાલો સ્પષ્ટ થવા જોઈએ. ત્યારે રામરામ.

લી. તમારા
ગિજુભાઈના નમસ્કાર.

મારો બાલ્યકાળ

ઘોળે દિવસે પણ જ્યાં અંધારું રહેતું, ઓરડાના મધ્ય ભાગ સિવાયનો બધો ભાગ એટલો નીચો કે ઊભાં ઊભાં ચાલતાં છાપરા સાથે માથું ભટકાય, ઘરનાં નેવાંમાંથી પડતું પાણી બહાર જવાને બદલે ઓશરીમાં જ પાછું આવી નાનકડી તલાવડી કરતું, એવા જૂના જર્જરિત ઘરમાં મારો જન્મ થયો. નાનપણમાં ઘણીયે વાર જ્યારે ચોમાસાની હેલી થતી ત્યારે પાડોશીઓ આગ્રહ કરીને મને તેમને ઘેર સૂવા લઈ જતા, અને મારાં બા પોતાના એકના એક લાડકવાયાને એમ સલામત સ્થળે સૂતેલો જોઈ સંતોષ સાથે પેલા ખંડિયેર જેવા ઘરમાં સૂઈ રહેતાં. મારી મોટી બહેન પણ તેમની સાથે જ સૂતી. આજે ઘણી વાર મને થાય છે કે શું એમને જીવવાની જરૂર ન હતી? એ જો ન હોત તો હું કોની આથે જીવ્યો હોત, અને મોટો થયો હોત? અને જીવ્યો હોત તોપણ જે અપાર સ્નેહ મેં એ માતા અને બહેન પાસેથી મેળવ્યો, તે ક્યાંથી પામત?

હું ચાર વર્ષનો થયો ત્યારે મારા પિતા મૃત્યુ પામ્યા. પિતાને મારા પર ખૂબ વહાલ હતું. અને કોઈ કોઈ વાર જ્યારે અમે ભાઈ બહેન વાતોએ ચડીએ છીએ ત્યારે મારાં બહેન કહે છે કે જ્યારે મારો જન્મ થયો ત્યારે મારા પિતા બિમાર હતા. મારી જન્મકુંડલી બનાવીને તેમના હાથમાં મૂકવામાં આવી ત્યારે ઊંડો નિસાસો નાખીને તેમણે મારાં બાને કહ્યું: "આને પાના કૂલામાં રાખજે મારા નસીબમાં તો એનું સુખ જોવું નથી લખ્યું, પણ મોટો થઈને એ તને સુખી કરશે." અને એ વખતે, પોતાનો પુત્ર ભવિષ્યમાં સુખી કરે તેવો થવાનો છે એવા શુભ સમાચારની પાછળ જે વૈધવ્યના ભણકાર સંભળાયા, તેણે માતાની આંખમાં કેવાં આંસુ વહાવ્યાં તે કહીને બહેન આજે પણ રડી પડે છે. મારા પિતા ભદ્રિક પુરુષ હતા; આસ્તિક હતા. સોમવારનો પ્રદોષ કરે,

એકાદશીનો ઉપવાસ કરે. યજમાનવૃત્તમાંથી પેટ પૂરતું મેળવીને ઝાઝો વખત ગૌમુખીમાં હાથ નાખીને માળા ફેરવતા જ બેઠા હોય. એક વાર મારા જન્મ પહેલાં મારાં બાને ભજિયાં ખાવાનું મન થયું. રંભેને ધર્મિષ્ઠ પતિ ગુસ્સે થાય એ બીકે બીતાં બીતાં બાએ મારા પિતા પાસે એ વાત કરી. અને બપોરે જ્યારે 'ભિક્ષાં દેહિ' કરતાં આવેલા લોટ વેચીને તેનાં ગરમ ગરમ ભજિયાં લઈને પિતાએ ઘરમાં પગ મૂક્યો ત્યારે બાને તેની જિંદગીમાં કદી નહિ થયેલું આશ્ચર્ય થયું હશે, એવું આજે પણ તે વાત થાય છે ત્યારે તેના ચહેરા પર થતા ભાવ પરથી હું જોઈ શકું છું. સગર્ભા પત્નીની ઇચ્છાને તૃપ્ત કરવા જે પિતાએ બજારની ચીજ ન જ ખાવાનો પોતાનો નિશ્ચય તોડ્યો, અને પતિપત્નીએ તેમની પુત્રી સાથે બેસીને બજારનાં ભજિયાં ખાધાં, આવા ભાવિક પિતાનું મને તો એક જ સ્મરણ છે. એક સાંજે ખાટલા પર સૂતેલા પિતાના પગે દસ વરસની કલ્યાગરી મારી બહેન કાંસાના વાટકે ઘી ઘસતી હતી તે. ચાર વર્ષનો થયો ત્યાં તો પિતાએ શરીર છોડી દીધું, અને પુત્રપુત્રીને મોટાં કરવાનો ભાર માતાના પર આવ્યો. હું દીકરો હતો એટલે કોઈ મારા માટે ઘસાતું ન બોલ્યું; જો છોકરી હોત તો અભાગણી કહેવાત કે મારા જન્મે પિતા મૃત્યુ પામ્યા!

માતાએ પોતાનાં ઘરેણાં વેચીને પિતાનું કારજ કર્યું. અઠવાડિયા પછી અમને બન્નેને ખવરાવશે શું એનો વિચાર એણે ન કર્યો. એને તો ભવિષ્યમાં હું મોટો થાઉં ત્યારે મને કોઈ એવું મેણું ન મારે કે "તારા બાપનું કારજ તો થયું નથી!" એ જ જોવું હતું. અને તેથી પાસે જે કાંઈ હતું તે વેચી પરચારીને વહેવારને લાપશીલાડુ ખવરાવ્યા. અને પછી જે દિવસો વીત્યા તેવા દિવસો તો કોઈ દુશ્મનનેય ન વીતશો. મારી બહેન શેરીમાં લોકોને ઘેર છાણવાસીદું કરવા જાય, પાણી ભરે, અને બદલામાં વધ્યુંઘટ્યું ખાવાનું લઈ આવે. તેમાંથી બળેટાં કાઢી નાખીને સારો ભાગ મને ખાવા આપે, અને પછી બહેન ખાય; બાને તો છોકરાં ધરાય એટલે સંતોષનો ઓડકાર ખાઈને જ ઘણી વાર સૂઈ રહેવું પડતું. એ તો ખૂણામાં હતાં; બહાર જવાય નહિ. એટલે દસ વરસની બહેન પોતાનાથી થાય તેટલું કામ કરીને જે કાંઈ લઈ આવે તેટલાથી સંતોષ માન્યે જ છૂટકો હતો. સગાં હતાં, વહાલાં પણ આજે તો થયાં છે; પણ જેમને ઘેર મારી બહેને છાણવાસીદું કર્યું, જેમણે તેના કામના બદલામાં વધ્યું અન્ન અમને ખવરાવ્યું, તેઓને આજે ...ભાઈ કહીને મને માનથી બોલાવતા જોઉં છું ત્યારે ઘણી વાર એવી દાઝ ચડે છે... અમારી ગરીબી કેટલી હતી તેનો એક દાખલો આપું. એક ઘેર હું અવારનવાર જતો-રમવા. હમેશાં મારા ગોકિયાની થાળીમાં ભાત પીરસાતા જોતો ત્યારે મને નવાઈ લાગતી. મને એમ જ થતું કે આ લોકો કેટલા પૈસાદાર છે કે તેઓ હમેશાં ભાત કરે છે! અમારે ત્યાં તો હું અંગ્રેજી ભણતો થયો ત્યારે પણ વારતહેવારે જ ભાત થતો.

એક દિવસ સવારે મારે ઘેર છોકરાઓનું મોટું લશ્કર "ભણે ગણે ઈ વેપારી; ના ભણે ઈ ભિખારી" ગાતું ગાતું આવ્યું. તેમની સાથે

આવેલા જટા માસ્તરે મને ચાંલ્લો કર્યો અને એમ મેં શાળાપ્રવેશ વિધિપૂર્વક કર્યો. જે શાળામાં હું દાખલ થયો તે ધૂડી શાળા હતી. બજાર વચ્ચે એક નાનકડા ખાંચામાં એ ધૂડી નિશાળ હતી. આખી બજાર એ ખચકામાં પેશાબ કરવા આવતી. નિશાળનું મકાન પણ એવું જ ગંધાતું હતું. ત્યાં લીંપણ તો કોણ જાણે ક્યારેય થયું હશે ! મારું ઘર નાનું હતું, અંધારિયું હતું, તોયે મને આ નિશાળ કરતાં એ ઘણું ચડિયાતું લાગતું. પાટીનો કટકો લઈને સવારમાં એ ધૂડી નિશાળે જતો ત્યારે રોજ મને એમ જ થતું કે "હે ભગવાન ! અહીંથી ક્યારે છૂટું ?" એમાં એક દિવસ એક છોકરાએ મને બટકું ભર્યું અને હું રોતો રોતો ઘેર આવ્યો, એટલે મારા બાએ હાથ જોઈને કહ્યું: "વોય મા ! આટલું બધું લોહી કાઢ્યું ? મૂક એની નિશાળમાં રાતા મોંની. નથી જવું નિશાળે !" બીજા દિવસથી એ ધૂડી નિશાળના ત્રાસથી હું છૂટ્યો અને દરબારી નિશાળમાં દાખલ થયો.

[અપૂર્ણ.]

કાન અને સાન

આંગણામાં ખૂબ તડકો હતો ને કેટલાક બાળકો નીચેના મધ્ય ઓરડામાં રમતા હતા. વિદ્યાલયમાંથી એક શિક્ષકભાઈએ બૂમ પાડી: "એય છોકરાવ ! રાડો પાડો મા. ઓલી કોર રમો."

તરત જ બીજા શિક્ષકભાઈએ એમને કહ્યું: "આમ બૂમો ન પડાય; તમને અવાજ આવતો હોય તો બારણાં બંધ કરો."

એ દરમિયાન બાળકો તો રમતા જ હતા. અને એમનો અવાજ ચાલુ હતો. ત્યારે રવેશમાં ઊભીને બીજા શિક્ષકભાઈએ બાળકોને કહ્યું: "તમે બધા બહાર રમશો ? અમને અવાજ આવે છે."

બધા જ બાળકો તરત ઓશરીમાં રમવા ચાલ્યા ગયા.

પેલા શિક્ષકભાઈએ બાળકોને જે રીતે બોલાવ્યા તેવી ભાષા બાલમંદિરમાં બાળકો ભાગ્યે જ સાંભળે. "એય છોકરાવ ! રાડો પાડો મા. ઓલી કોર રમો." એવી જાતની અણઘડ ભાષાની આશા તેઓ અહીં ન જ રાખે. તેથી તેમને જાણ્યેઅજાણ્યે દાદ મળી નહિ. બાળકો તો રમતા જ રહ્યા.

"તમે બધા બહાર રમશો ?" એ બીજા ભાઈની ભાષા વિવેકભરી કાને પડતાં જ તેઓ તરત જ ઓરડા બહાર ચાલ્યા આવ્યા.

હું તો દૂરથી જોઈ જ રહી.

બાળકો પોતાને ન ગમે તેવું કેવાં કાન હેઠે કાઢી નાખે છે ? અને ગમે છે તેને માટે કાન સાથે સાન પણ કેવી રાખે છે !

વિ.

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો ગ્રાહક નંબર જરૂર લખશો.

શિક્ષણ સમાચાર

—ભાવનગર. પ્રાથમિક શાળાના શિક્ષકોને તૈયાર કરવા માટે મુંબઈ સરકાર તરફથી નિમાયેલ સમિતિમાં કામ કરવા માટે શ્રી. નાનાભાઈને નિમંત્રણ મળ્યું. એમણે તે સ્વીકાર્યું છે. કમીટીની પહેલી સભા ફેબ્રુઆરીના પહેલા અઠવાડિયામાં મળવાનો સંભવ છે.

પુખ્ત વયના લોકોની કેળવણીનો વિચાર કરવા માટે મુંબઈ સરકારે નીમેલી સમિતિમાં શ્રી. ગિજુભાઈને મળેલા આમંત્રણનો તેમણે સ્વીકાર કર્યો. સમિતિની પહેલી સભા માર્ચના બીજા અઠવાડિયામાં મળવાનો સંભવ છે.

—અમદાવાદ. રતનપોળમાં એક બાલમંદિર ખુલ્યું. આચાર્ય શ્રી. મહીપતભાઈ પટેલ.

—મુંબઈ. ગૂજરાતી હિંદુ સ્ત્રીમંડળ તરફથી સ્ત્રીઓ અને મોટી વયની કન્યાઓ માટે નવરાશને વખતે શિક્ષણ લેવાના ઉપયોગી વર્ગો ખોલવામાં આવ્યા છે. આ વર્ગોમાં ગૂજરાતી, અંગ્રેજી, સંસ્કૃત, સંગીત, હુન્નર-ઉદ્યોગ, વ્યાયામ, લૉન્ડ્રી, હોમ નર્સિંગ, હિંદી વગેરે શીખવવામાં આવે છે. ઉપરાંત આ મંડળ તરફથી સ્ત્રી વિદ્યાલય, લાયબ્રેરી, બાલપુસ્તકાલય, ફરતું પુસ્તકાલય, વગેરે પણ ચલાવવામાં આવે છે. મંડળ તરફથી એક માસિક પત્રિકા મંડળના સભાસદોને વિના લવાજમે અને ગ્રાહકોને પોસ્ટેજ સાથે બાર આના ભરવાથી મોકલવામાં આવે છે.

મંડળના મંત્રીઓ તરીકે રસિકમણિ બી દેશાઈ, મંગળાબેન મોતીલાલ ફકીરચંદ અને કુસુમગૌરી મંગળદાસ મુન્શી કામ કરે છે. સરનામું–ગિરગામ બેકરોડ, પોસ્ટ ઑફિસ ઉપર–અમરેલી હાઉસ, મુંબઈ.

—સભા છે કે શ્રી ગિજુભાઈ તા. ૨૩-૩૮ થી તા. ૧૨–૩–૩૮ સુધી ઉત્તર ગુજરાતનો શિક્ષણ વિષયક પ્રવાસ કરશે.

—કરાંચી. કરાંચી શારદામંદિરમાં છેલ્લાં બે વર્ષથી ચાલતા બાલવિહારની એક શાખા ખોલવાનો મેળાવડો તા. ૫–૨–૩૮ ના રોજ શ્રી. હરિલાલ ચત્રભૂજના હસ્તે થયો.

—ઉંઝા. બાલમંદિર માટે એક શિક્ષકની જરૂર છે.

મદદે આવો!

તેરમા વર્ષના આરંભમાં જ અમે તમારી મદદ માટે હાથ લંબાવીએ છીએ. આ માસમાં તમે ફક્ત એક જ ગ્રાહક વધારી આપો. તમે ધારો તો આ કામ લેશ પણ અઘરું નથી. ફક્ત એક જ રૂપિયો બાળકોની ખાતર કાઢી આપતાં કોઈ પણ સમજુ માબાપોને મુશ્કેલી નહિ પડે. આપ આજે જ એક માબાપને મળો, અને આપની પત્રિકા બતાવી ગ્રાહક બનાવો. અમારા ઉપર, પત્રિકા ઉપર અને પત્રિકા વાંચનારી દુનિયા ઉપર આપનો મોટો ઉપકાર થશે. તત્રોએ.

વાર્ષિક લવાજમ એક રૂપિયો. લખો: તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર

આ શિક્ષણ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઈ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૧૩ મું
સંવત ૧૯૯૪

અંક ૨ જો
ચૈત્ર

:તંત્રીઓ:

ગિજુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

આંતર્ અને બાહ્ય બન્ને શરીરોનો વિકાસ હરહમેશ સમતોલ રહેવો જોઈએ. એકલું શરીર બીલે અને મન અણબીલ્યું રહે, એકલી ઇંદ્રિયોની શક્તિ વિકાસ પામે અને કલ્પના વિકસે નહિ, એકલી બુદ્ધિની વિશદતા વધે પણ હૃદયની શુદ્ધિ અને કોમળતા પ્રગટે નહિ, તો સમગ્ર શરીર સમતોલપણામાં નથી એમ સમજવું. કેળવણીનો ઉદ્દેશ અને કાર્યપ્રદેશ આ સમતોલપણું ઉત્પન્ન કરવામાં સમાય છે.

શિક્ષણ પત્રિકા

વર્ષ ૧૩] ચૈત્ર ૧૯૯૪ [અંક ૨

મ ન નો

નર્યું વાંચવાની અને લખવાની કેળવણી અપંગપણાની તાલીમ આપવાની કેળવણી છે.

: ૨ :

સંસ્કાર કેળવણીનો વિષય નથી પણ વાતાવરણ અને સત્સંગનો વિષય છે.

: ૩ :

જે કરી શકાય નહિ, જે અનુભવમાં લાવી શકાય નહિ, જે માત્ર શબ્દોમાં જ રહે, તે જ્ઞાન જ્ઞાન નથી.

: ૪ :

શબ્દોની ધૂળના વાવંટોળમાં ઘણી વાર કેળવણી પણ ગૂંગળાઈ જાય છે.

: ૫ :

ઘણું બોલીને શીખવનાર શિક્ષક બાળકને ગૂંગળાવે છે.

: ૬ :

ઘણું વાંચીને શીખનાર બાળક પોતે પોતાને ગૂંગળાવે છે.

: ૭ :

વાચન અને જાતઅનુભવનું મિશ્રણ કરનાર શિક્ષક અને વિદ્યાર્થી ભણતરને ભણાવે છે અને ભણે છે.

: ૮ :

બાળકોને માત્ર રાજી કરીને કમાનારા વેપારીઓ પ્રજાને જોખમ રૂપ છે.

: ૯ :

બાળકોને ફોસલાવીને કબજે રાખનાર માબાપો બાળકોને અને કુટુંબોને જોખમ રૂપ છે.

: ૧૦ :

બાળકોને ખોટું ખોટું સમજાવીને તેમને વશ રાખનારાં માબાપો કુટુંબને જોખમ રૂપ છે.

: ૧૧ :

બાળકોને રમાડી જમાડીને ભણાવનારા શિક્ષકો શિક્ષણને અને ભણનારને જોખમ રૂપ છે.

: ૧૨ :

બાળકો પોતાની મેળે નાચે ત્યાં સુધી તે નાચે છે. તેને ઇચ્છા વિરુદ્ધ કે સમજાવીને નચાવવામાં આવે ત્યારે તે ત્રાસ છે.

: ૧૩ :

સ્વમાન સાચવવું હોય તો બાળકોનું સ્વમાન રાખવું જોશે ના?

અ • નુ • ક્રે • મ

૧૮ મનનો . . . . . ગિ.
૧૯ મારવું નહિ . . . . ગિ.
૨૨ કોને માટે? . . . . ન.
૨૨ નિશાળમાં બેઠક . . . ગિ.
૨૪ પ્રદર્શનો . . . . . ગિ.
૨૫ કચરાની હોળી. . . . ગિ.
૨૬ બાળકોનો ખોરાક . . . ગિ.
૨૮ આચાર્યને પત્ર. . . . ગિ.
૩૦ નૂતન ગણિતશિક્ષણ . . શં.
૩૨ વસોમાં શિક્ષકો માટેનો શિક્ષણ વર્ગ . . . .
૩૨ખ શિક્ષણ સમાચાર . . . તં.

મારવું નહિ.

બાળકને મરાય નહિ. મરાય નહિ એટલે પછી મરાય જ નહિ. કેમકે મારવું એ કેવળ હિંસા છે એટલું જ નહિ પણ તે અસહાય અને અબોલ બાળક ઉપર થતી હિંસા છે. ઢોરને મારવામાં હિંસા છે તેથી વધારે હિંસા બાળકોને મારવામાં છે, કેમકે બાળકો ઉપર આપણે પ્રેમ કરીએ છીએ એમ આપણે કહીએ છીએ. બાળકો આપણાં પોતાનાં હોઈ આપણી અને બાળકો વચ્ચે કોઈ–સમાજ કે રાજ્ય–પડી શકતું નથી. ગૃહીત વાત પણ એમ જ છે કે માબાપો બાળકોનું સદૈવ ભલું જ ચાહે છે. ઢોરોની બાબતમાં ઢોરો પ્રત્યેના ક્રૂર વર્તન સંબંધે કાયદો કરવામાં આવેલ છે, પણ બાળકો પ્રત્યેના ક્રૂર વર્તન સંબંધે હજુ સુધી કાયદો થયો નથી.

નાનાં અસહાય અબોલ બાળકોને મારવામાં શરમ છે. એટલા માટે કે મોટાંઓ ઊભાં થઈ નાનાંને મારે તો તેમાં મોટાઈ શી છે? ઊલટી નાનમ છે, શરમ છે. નાનાંને મારવું સહેલું છે કેમકે નાનાં સહેલાઈથી સામે થઈ શકે તેમ નથી. નાનાંને મારવું સહેલું છે કેમકે તેઓ ઘરની બહાર જઈ બીજે કયાંઈ રાવફરિયાદ કરી શકે તેમ નથી, અને કદાચ કોઈ કરે તો બમણા માર પડે તેમ છે. પોતાની શક્તિ નાનાં બાળકો ઉપર વાપરવી એ આટલા જ માટે શરમ છે.

નાનાં બાળકોને મારવામાં દલિતોને પીડવાનું રહેલું છે. અસ્પૃષ્યો દલિતો છે, મજૂરો દલિતો છે, સ્ત્રીઓ દલિતો છે. કેમકે તેમને સમાજ પીડી રહેલ છે. પણ બાળકો પણ દલિત છે કેમકે તેઓ સૌથી વધારે પીડાયેલાં છે અને તે પણ માબાપના છત્ર નીચે અને તેમના પ્રેમને નામે.

અસ્પૃશ્યોની વહારે ગાંધીજી છે, મજૂરોની વહારે આજે ઘણા છે, અને બેનોની વહારે પણ અનેક ધાયા છે અને તેમને પીડનાર સામે લડતો ચાલી રહેલ છે. પણ બાળકોની વહારે કોઈ નથી. તેમને પીડનારાં જ પોતાની સામે લડત કેવી રીતે કરે? તેમને પીડનારો સમાજ પોતાની જ સામે લડત કેવી રીતે કરે? જેમનો કોઈ વકીલ નથી એવાં બાળકોને તેમનો કેસ સમજ્યા સાંભળ્યા વિના કેવી રીતે માંડી શકાય?

જૂની પ્રણાલિ માને છે કે માર મારવાથી માણસ સુધરે છે. આ વિજ્ઞાનના જમાનામાં કોઈ શરીરશાસ્ત્રી કહેતો નથી કે બાળકના શરીર પર માર મારવાથી તેનું શરીર સુધરશે. શરીરશાસ્ત્રીઓ કહે છે કે માર મારવાથી બાળકોને દુઃખ થાય છે. ઘણી વાર તો ક્રૂર ઘાતકી માબાપોને હાથે બાળકોનાં શરીરને કાયમની ઈજા થાય છે ને કેટલીક વાર તો માબાપોના માર ખાતાં બાળકો મરી પણ ગયાં છે.

કોઈ શિક્ષણશાસ્ત્રી કહેતો નથી કે બાળકોને મારવાથી તેની બુદ્ધિ વધશે. જૂનો શિક્ષક અજ્ઞાન અને અજ્ઞાત હતો. તેને પણ ખાતરી થઈ ચૂકી છે કે બાળકને સોટી મારવાથી તેને ગણિત કે વ્યાકરણ આવડી શકતું નથી, તેના અક્ષરો સારા થતા નથી, તેને કવિતા યાદ રહેતી નથી.

જૂનો શિક્ષક પણ હવે નવી શાળાઓ

જોઈને કહી શકે છે કે માર મારીને વ્યવસ્થા રાખવાથી સ્મશાનની શાંતિ પેદા થઈ શકે છે, પરાણે કામ કરાવી શકાય છે, નિશ્ચલ બેસાડી શકાય છે, 'જી હા' 'જી ના' બોલાવી શકાય છે; પણ જે ઘડીએ સોટીનો દોર દૂર થાય છે કે તુરત જ બાળકો એનાં એ જ બલકે બમણાં નઠોર થઈ જાય છે; અને અશાંતિ, તોફાન, અસભ્યતા, દોડાદોડી કરી મૂકે છે. અને સૌથી વધારે તો તે શિક્ષકનાં ગુનેગાર બને છે.

કોઈ માનસશાસ્ત્રી હવે કહી શકતો નથી કે માર મારવાથી ક્રિયાશક્તિ કે કલ્પનાશક્તિ કે લાગણીશક્તિ કે એકાગ્રતા વધારી શકાય. મારના ડરથી બાળકો ક્રિયા કરે પણ તે જડવત, બોલીએ તેમ બોલી દે પણ તે પોપટ જેમ, અને જડ જેમ કહો ત્યાં જોઈ રહે પણ તેનું ચિત્ત તો ગમે ત્યાં ભટકે, અગર ડર અને મારની જ પીડામાં મૂંઝાય.

કેટલાક વળી એમ પણ કહેતા હતા કે નીતિના ગુના માટે તો માર મારી શકાય, અને ત્યાં તેનો અપવાદ રૂપે ઉપયોગ થઈ શકે. આ નીતિશાસ્ત્રીઓ પણ હવે સમજવા લાગ્યા છે કે નીતિ એ શરીરની વસ્તુ નથી પણ અંતરની છે. નીતિ એ આંતરિક બળની વસ્તુ છે, બહારના ભયથી ઉપજાવી શકાય તેમ નથી. મારથી બાળક જૂઠું બોલતાં અટકતું નથી, પણ જૂઠું બોલી હાથ કેવી રીતે ન આવવું અથવા પકડાઈ ન જવાય તેમ કેમ વર્તવું, તે શીખે છે. મારથી તમામ ગુનાહીત વૃત્તિ ઊંડે જાય છે. ઉપરથી તે નીતિનો પછેડો ઓઢે છે અને અંદરથી તે જોર કરીને અનેક નવી નવી રીતે ગુનાઓ કરે છે. શરીરને માર મારવાથી જો તેનો તાવ નથી ઊતરતો તો શરીરને માર મારવાથી મૂઢ બુદ્ધિ કેવી રીતે જાય અને શરીરને માર મારવાથી અશુદ્ધ વૃત્તિઓ કેવી રીતે શુદ્ધ થાય? માર મારવાથી બરાબ વૃત્તિઓ છુપાઈ જાય છે અને પાછલે બારણેથી બમણું તોફાન કરે છે.

આમ છે છતાં શા માટે માણસો માર મારતા હશે? કેમકે એ હિંસાવૃત્તિમાંથી જન્મે છે. જ્યારથી એ વૃત્તિ જન્મી ત્યારથી તેણે પોતાનો વારસો આપેલો છે. હિંસક બાપે હિંસક દીકરો બનાવ્યો, હિંસક શિક્ષકે હિંસક વિદ્યાર્થી બનાવ્યો, હિંસક પ્રજાએ હિંસક પ્રજા બનાવી અને હિંસક રાષ્ટ્રોએ હિંસક રાષ્ટ્રો બનાવ્યાં. હિંસાનું મૂળ હિંસામાં છે. એટલે જ એ મૂળને કાપી નાખવા માટે મારનો સદંતર નાશ કરવો જોઈએ. તેનાં મૂળ ઊંડેથી ઉખેડી નાખવાં જોઈએ. કોઈ કોઈને જ્યારે મારશે નહિ, અને એમ એક બે પેઢી ચાલ્યા કરશે, ત્યારે મારમાંથી ઉત્પન્ન થતી હિંસાવૃત્તિનો લોપ થશે.

અહિંસાવૃત્તિ વડે જગતનો ઉદ્ધાર થવાનો છે. અહિંસામાં જગતની શાંતિ રહેલી છે. અહિંસામાં સત્યુગનું સ્થાપન છે. પણ અહિંસા માત્ર લડાઈઓ અટકાવવાથી કે લશ્કરોનો નાશ કરવાથી નહિ સ્થપાય. હિંસાનાં મૂળ ઘરમાં અને નિશાળમાં છે; માણસની બાળકોને શિક્ષા કરવાની વૃત્તિમાં અને શિક્ષામાં છે. એને નાબૂદ કરીએ તો જ અહિંસા સ્થાપી શકાશે.

માણસ શિક્ષા કરે છે ત્યારે તે હિંસક બને છે. તે બીજાને ભય અને ત્રાસ અને દુઃખ આપે છે. નબળો માણસ જ હિંસક બને છે. ક્રોધી માણસ જ હિંસક બને છે. જે બીજાને

પ્રેમથી વશ રાખી શકતો નથી, જે વ્યવસ્થિત તંત્ર માનવ જીવનની જરૂરિયાતો ઉપર સ્થાપી શકતો નથી, તે વ્યવસ્થા ચલવવા માટે શિક્ષાને યોજે છે અને ત્યાંથી હિંસાનો પ્રવાહ શરૂ થાય છે.

દુનિયાને અહિંસક કરવા માટે માણસને મારતો અટકાવી દેવો જોઈએ. રાજાઓ પ્રજાના કલ્યાણને નામે, પૂજારીઓ લોકોના આત્માના કલ્યાણને નામે, શિક્ષકો વિદ્યાર્થીઓના કલ્યાણને નામે અને માબાપો પોતાનાં વહાલાં બાળકોના કલ્યાણને નામે મારતાં અટકી જશે ત્યારે અહિંસાનું રાજ શરૂ થશે. કોઈ પણ અહિંસક સત્તા એવો હુકમ પહેલે દરજ્જે જ કાઢવા માગે કે કોઈ પણ બાળકને કોઈ મારી શકે જ નહિ, કોઈ પણ માણસને બીજો મારી શકે જ નહિ, કોઈ પણ સત્તા કોઈને મારી શકે જ નહિ.

માણસોમાં અને બાળકોમાં દોષો દેખાય છે. તે દોષો માર અને એવી બીજી બરાબર પદ્ધતિને લીધે આવેલા છે. એ દોષોને કાઢવાનું સાધન માર હોઈ શકે નહિ. એનો અખતરો બહુ વર્ષો સુધી ચાલ્યો. જોલોએ અને પોલિસોએ, સોટીવાળા શિક્ષકોએ અને હક્ક હાથમાં રાખી માર મારનાર માબાપોએ અત્યાર લગી દુનિયાને અને તેની મનોવૃત્તિઓને ત્યાં ને ત્યાં જ રાખી છે.

માર એક જાતની ગતિ છે. એક જણને લાગેલો ધક્કો બીજાને અથડાય છે ને ત્રીજાને ધક્કો લાગે છે. તેમ એક મારનાર બીજાને મારે છે કે તુરત જ મારનારમાં મારવાની ગતિવૃત્તિ ઉત્પન્ન થાય છે; અને તે બીજાને મારતો નથી ત્યાં સુધી તેનામાં ચડેલું ઝેર ઊતરતું નથી. પોતાનું ઝેર ઉતારવા દરેક જણ બીજાને મારે છે, અને બીજાનામાં ઝેર નાખે છે. આમ કાળાન્તરથી ઝેરની પિચકારી ચાલ્યા કરે છે. હવે એ પિચકારી બંધ થવી જોઈએ એટલે ઝેરનો આગળ ફેલાવો થશે નહિ.

માર મારવાથી બાળક મારનારથી ડરે છે અને તેના તરફ અસન્માન ભાવથી વર્તે છે. મારનાર જાણે છે કે બાળક તાબે થાય છે પણ ખરી રીતે બાળક વિમુખ થાય છે.

મનુષ્યને પ્રભુએ કે કુદરતે બાળકો આપ્યાં, અગર મનુષ્યના પ્રેમનાં ફળો તરીકે તેને ત્યાં

પત્રવ્યવહાર કરનારાઓને

હમણાં હું શિક્ષણપ્રચાર અર્થે ઘણા વખતથી પ્રવાસમાં રહું છું.

મારો અનુભવ મને કહે છે કે શિક્ષણપ્રવાસ બાલશિક્ષણનો સંદેશો પહોંચાડવા માટે અતિ આવશ્યક છે, અને તે બને તેટલો જારી રાખવો જોઈએ.

મારું કાયમી રહેઠાણ ભાવનગર શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર છે. એટલે પત્રવ્યવહાર કરનારાઓએ મને તે સરનામે પત્ર લખવો એટલે મને ત્યાંથી તે પહોંચશે, અને પ્રવાસમાંથી મારા તરફથી જવાબ મળશે.

ગિજુભાઈ

બાળકો આવ્યાં, તે મનુષ્યોના માર ખાવા માટે નથી. માબાપોના સુંવાળા પ્રેમાળ હાથ બાળકો ઉપર હેતથી ફેરવાવા માટે છે, તેમના ઉપર ઘા કરવા માટે નથી. બાળકોનાં કોમળ શરીરો માર ખાવા માટે નથી પણ સુરક્ષણ માટે છે.

બાળકોને મારનાર હજી સુધી ક્ષમાને પાત્ર છે કેમકે તે અજ્ઞાનપણે બાળકોને મારે છે. જે અબૂજ મમત્વ બાળકોને માર ખવરાવે તેનો નાશ થવો જ જોઈએ. એમાં દુનિયાનું કલ્યાણ છે. ગિ.

કોને માટે ?

આપણે બાલમંદિરમાં જે શાંતિ, વ્યવસ્થા, સ્વચ્છતા અને સભ્યતાના નિયમો દાખલ કરવા માગીએ છીએ એ કોને માટે છે ? એનો વિચાર આપણે બરોબર કરી લેવા જેવો છે. આપણે એ વાત સ્પષ્ટપણે સમજવી જોઈએ કે બાળકો માટે નિયમો છે, નિયમો માટે બાળકો નથી. એટલે કે બાળકોના વ્યક્તિત્વ માટે આત્મતત્ત્વના ભોગે આપણે નિયમોનું પાલન કરાવવા નું જ બેસીએ. એમ કરીએ તો આપણે બેઠાની ડાળ જ કાપીએ છીએ.

કોઈ નવું બાળક સ્વચ્છતા કે સભ્યતાનો નિયમ તોડે, કોઈ અશક્ત બાળક સામાજિક તાલીમમાં બરાબર રસ ન લઈ શકે કે સાથ ન આપી શકે, તો આપણે ચલાવી લેવું જોઈએ. કારણકે આપણે સમજવું જોઈએ કે બાળકનો આમાં નિયમભંગ કરવાનો ઇરાદો છે નહિ. આપણે કડકાઈ બતાવ્યા વિના, નિયમનું પાલન થવું જ જોઈએ એવો આગ્રહ રાખ્યા વિના, તરત જ જોવું જોઈએ કે બાળક શા માટે નિયમ તોડે છે, અને શોધી કાઢવું જોઈએ કે ખામી શામાં છે; બાળકમાં કે નિયમમાં?

ઘણી વાર એવું પણ બને છે કે આપણે દાખલ કરેલા નિયમો સ્થળ, કાળ અને ઋતુને અનુકૂળ ન પણ હોય; અને એવા નિયમોને આપણે વિચારીને બંધ પણ કરી શકીએ. જેમકે શિયાળામાં હાથમોઢું ધોવરાવવાનો નિયમ આપણે બંધ પણ કરી શકીએ.

એવી જ રીતે ઘણી વાર સામાજિક નિયમો વાસી થઈ જાય છે. બાળકોને એમાં રસ રહેતો નથી. એવે વખતે શિક્ષકે ડહાપણ વાપરી એ નિયમોમાં ફેરફાર કરવો અથવા નવું સ્વરૂપ આપવું આવશ્યક છે.

ટૂંકમાં આપણા નિયમો લશ્કરના નિયમો નથી, પણ બાળકના વ્યક્તિત્વને ધ્યાનમાં રાખીને બનાવેલા છે, એટલું જ આપણે ધ્યાનમાં રાખીએ તોપણ ઘણું છે. ન.

નિશાળમાં બેઠક

જૂના વખતની ઘણી શાળામાં બાંકડા છે તો ઘણીમાં નીચે બેસવાનું હોય છે. બાંકડા તો મોટે ભાગે અંગ્રેજી નિશાળનું ગૌરવ બતાવે છે, એટલે બાંકડાવાળી ગુજરાતી શાળામાં ઊંચાં ધોરણો માટે જ બાંકડા હોય છે અને નીચલાં ધોરણો તો છેક નીચે બેસે છે.

જેમ જેમ વર્ગો ઊતરતા જઈએ તેમ બાળકોનાં કુમળાગ્યે વર્ગોની સ્વચ્છતા, હવા,

અજવાળું, અને વિશાળતા ઊતરતાં જાય છે એટલે કે ઘટતાં જાય છે.

અંગ્રેજી નિશાળો બાંકડાઓ ભલે રાખે. તેનું દુઃખ બાળકોને આપનારા શિક્ષકો તે માટે જવાબદાર રહેશે જ. બાંકડા પર બેસવું કેટલું કષ્ટદાયક છે તે બેસનારાં બાળકો જાણે છે; સારી મજાની ભાતભાતની ખુરશીઓમાં બેસનારાં માબાપો કે શિક્ષકો તે ન જાણી શકે.

બાંકડા ઉપર બેસવાથી ટટ્ટાર રહેવાય અને ભણવામાં ધ્યાન અપાય એમ કહેનારે પોતે તેનો જાતઅનુભવ કરી જોયા પછી જ તેમ કહેવું ઉચિત છે.

આપણા દેશના જીવનમાં બાંકડાને સ્થાન નથી. ઘરમાં જે જાતના ઉપસ્કર વચ્ચે રહે. વાનું અને જીવવાનું ભાગ્ય હોય તે જાતનું ઉપસ્કર શાળામાં જોઈએ.

નીચે બેસવામાં પંચતાશ છે. હિલચાલ પહોળાઈથી થઈ શકે તેમ છે. પગને બધો વખત લટકાવી રાખવા પડતા નથી. થાક ઓછો લાગે છે. પણ તેની સાથે જ જો બેઠકની સાથે નાનાં નાનાં ટેબલો ન હોય તો બરડો વાળીને ભોંય ઉપર પાટી કે કાગળ ઉપર બાળકો લખ્યા કરે છે, અને તેથી તેમનો વાંસો અને આખું શરીર વિરૂપ બને છે અને થાક લાગે છે.

ભોંય ઉપર બેસનારાં બાળકોનાં કપડાં મેલાં થાય છે. પથ્થરની ભોંય ઉપર કપડાં મેલાં થાય છે, ઉપરાંત પથ્થરની ભોંય બાળકના પગ અને શરીરને તેની કંડી કે ગરમીને લીધે બગાડે છે. છો, પથ્થર, સિમેન્ટ, ચૂનાની છો, વગેરે વાળી ભોંય બાળકોને બબર ન પડે તેમ નુકસાનકારક છે. બાળકોનાં તાજાં નાનાં સ્ફૂર્તિવાળાં શરીરને તેની તે વખતે બબર પડે તેમ નથી, અને પડતી નથી. એવી ભોંય કેટલી બરાબ છે તેની બાબી જેની શરીરશક્તિ ઓછી થઈ ગઈ છે તેને તેના ઉપર રાખવાથી માલૂમ પડે છે. એ ઉપરથી આપણે જોઈ શકીએ કે બાળકોને બબર ન પડે તેમ એવી ભોંય જેમ બાળાગોળીનું ઝેર ઝેરરૂપે નુકસાન કરે છે તેમ નુકસાન જ કરે છે. બાળકોને ઉઘાડી ભોંય પર બેસાડવાં ન જોઈએ. કોઈ પણ પ્રકારનું ફૂંફાળું પાથરણું કે સાદડી ભોંય પર પાથરવી જોઈએ. દરેક બાળક પોતાનું આસન રાખે અને તે સાથે રાખીને ફરે. જ્યાં બેસવું હોય ત્યાં તે છૂટથી બેસે અને જતી વખતે આસનને બીલીએ ટાંગી દે. આ વાત સૌથી ઉત્તમ છે, કેમકે તેથી જમીન ઉઘાડી રહી શકે અને તે દરરોજ વાળી શકાય. પાથરવામાં આવતી ગાદલીઓ વગેરે નીચે ધૂળ થવા સંભવ છે. એમાં બહિર્ સ્વચ્છતા નથી, છતાં જો તે રાખવામાં આવે તો તેની નીચેની ધૂળ વારંવાર વળાવી જોઈએ. સાદડીઓ કે પાથરણ જડી દેવાં ન જોઈએ. સાદડી કે પાથરણાંમાં ધૂળ ન ભરાય માટે બાળકો પગલૂછણાં ઉપર પગ લૂછીને જ આવે તે વિષેનો આગ્રહ રહેવો જોઈએ.

બાળકોની બેઠક ઉપલી દૃષ્ટિએ ગમે તેવી હોય તોપણ એ વાત તો ધ્યાન બહાર ન જ જવી જોઈએ કે બાળકોનાં શરીરોને હરફરની પૂરતી છૂટ જોઈએ; નાના ઓરડામાં ઘણાં બાળકોની બેઠક સંકડાશ કરે છે ને બાળકોનાં શરીરોને વધવામાં આડે આવે છે. બાળકો

થાકે તો પગ લાંબા કરી શકે અથવા જરા આડાં પણ પડી શકે એવી છૂટવાળી જગામાં ભણવાનું ગોઠવાય તેને સૌથી સારી બેઠકો કહેવાય.

ખુલ્લી હવામાં તડકામાં બેસવાનું હોય તો અને જમીન ચોખ્ખી હોય કે રેતી પાથરેલી હોય તો ચાદરોની જરૂર ન પડે, પણ ટેબલોની જરૂર તો પડે જ. બાળકો ઓરડામાંથી ટેબલો ઊંચકીને જ્યાં જવું હોય ત્યાં જાય અને બેસીને કામ કરે તે શાળા ઉત્તમ બેઠકો આપે છે એમ કહેવાય.

ગાર કરેલી ભોંય જો ચોખ્ખી રહે તો તેના ઉપર વગર આસને બેસી શકાય કેમકે ગારમાંથી ઠંડી લાગવાનો ભય નથી. ગારવાળી ભોંય વારંવાર વળાવી જોઈએ, તેમ જ તે ઊખડી જાય તો તે વારંવાર લીંપાવી જોઈએ. પથ્થરવાળી કે સિમેન્ટવાળી ભોંયને વારંવાર ધોવી તો જોઈએ જ; સાદરીઓ કે મોટાં પાથરણાંને તડકે નાખવાં જોઈએ અને નાનાં આસનોને ધોવાં જોઈએ. બાંકડા અને ટેબલોને તડકે નાખવાં જોઈએ અને તે ધોવાં પણ જોઈએ.

ગિ.

પ્રદર્શનો

બાલમંદિરોએ પ્રદર્શનો ભરવાનો રિવાજ સારો રાખ્યો છે. એથી શિક્ષકોને પોતે કેટલું અને કેવું વાતાવરણ જમાવી શક્યા છે તેની ખબર પડે છે. તેથી બાળકોએ કેટલું કામ કર્યું છે તેનો ખ્યાલ આવે છે, અને તેથી લોકોમાં બાળકોની શક્તિ અને બાલશિક્ષણ સંબંધેના ખ્યાલો સ્પષ્ટ થતા જાય છે..

બાલમંદિરમાં ચિત્ર, લેખન અને કોઈ વાર ગણિતકામનાં પ્રદર્શનો ભરાય છે. કોઈ વાર વળી સીવણ અને માટીકામનાં પ્રદર્શનો પણ ભરાય છે. પણ ચિત્રનાં પ્રદર્શનોની સંખ્યા અને વિસ્તાર એકંદરે વધારે જોવામાં આવે છે, અને એ સ્વાભાવિક છે. કેમકે બાળકોને ચિત્રો કાઢવાનું બહુ ગમે છે. ઉપરાંત ચિત્ર એક એવો વિષય છે કે તે કાગળ ઉપર સંધરી શકાય છે. કોઈ એમ ન જ માને કે બાલમંદિરમાં માત્ર ચિત્રકામ ચાલે છે. સંગીત, ચિત્ર, લેખન, વાચન, ગણિત અને બીજું ઘણું ચાલે છે. પણ એ બધું જેટલી સહેલાઈથી લોકો આગળ ચિત્રો મૂકી શકાય છે તેમ મૂકવું સહેલું નથી.

છતાં બાલમંદિરના શિક્ષકોએ આગ્રહ રાખીને બીજા વિષયોનાં પ્રદર્શનો ભરવા ચૂકવું નહિ. લેખનકામનું તો ભરાય છે ને ભરી શકાય; ગણિતનું પ્રદર્શન દેખીતી રીતે આકર્ષક ન લાગે છતાં અતિ ઉપયોગી નીવડે, કેમકે ગણિતના પ્રદર્શન વડે લોકોમાં બેઠેલી ગણિત સંબંધેની અશ્રદ્ધા દૂર કરી શકાય. પણ આ ઉપરાંત બાળકો જે કામો કરે છે તેનાં પ્રદર્શનો પણ ભરવાં જોઈએ.

બાલમંદિરોમાં તકલીથી કાંતવાનું શક્ય છે. કોઈ કોઈ બાલમંદિરમાં તે કામ થાય છે. એ કામ બધાં બાલમંદિરોમાં થવાની જરૂર છે. તકલીની કેળવણી વિષયક કિંમત બાલશિક્ષકો જાણે છે, તો બાળકોએ કાંતેલા સુતરનું પ્રદર્શન ભરાવું જોઈએ. વળી બાળકો બાગ કરે છે. બાગનાં ફૂલો આવે ત્યારે બાળકોની મહેનત

તના ફળ રૂપે ઊધડેલાં ફૂલોનું પ્રદર્શન પણ ભરી શકાય. માટીકામ અને કાતરકામનાં પ્રદર્શનો પણ સહેલથી ભરી શકાય. ઉપરાંત જે જે હાથકારીગરીનાં કામો બાલમંદિરમાં શકય છે અને ચાલે છે, તે બધાં કામોનાં પ્રદર્શનો ભરી શકાય અને ભરાવાં જોઈએ.

લોકોની માન્યતા એવી છે કે બાલમંદિરનું પ્રદર્શન એટલે મુખ્યત્વે ચિત્રોનું પ્રદર્શન. આ માન્યતા હઠાવવા ખાતર ચિત્ર સિવાયનાં બીજાં પ્રદર્શનોમાં ચિત્રોને સામેલ રાખવાં ન જોઈએ.

દર મહિને એકાદ વિષયનું પ્રદર્શન નાનું કે મોટું ભરાય, તો બારે મહિના શિક્ષકોનો પરિણામ વિષયક અભ્યાસ ચાલુ રહે અને લોકોમાં બાલમંદિર સંબંધેની સમજણ વધારે સ્પષ્ટ થાય.

પ્રદર્શનની સામગ્રી, શોભા, વગેરે હાલને તબક્કે ઠીક ઠીક નિશ્ચિત થઈ ગયેલ છે. અને પ્રદર્શનને અંગે કલાદૃષ્ટિ ઉઘાડવાના પ્રયાસો સારા છે. એમાં એટલું ધ્યાન રાખવાનું છે કે વરને વર રહેવા દેવો જોઈએ; તેને ઘરેણાંનો વર બનાવી મૂકવો ન જોઈએ. એટલે કે પ્રદર્શનમાં મુખ્ય સ્થાને રાંગોળી, તોરણો, પડદા, દીવા, ધૂપ, વગેરે ન બેસી જાય તે ઉપર ધ્યાન રાખવું જોઈએ જ.

પ્રદર્શન વખતે જે મહેનત થાય છે તે ઘણી જ છે. શિક્ષકોને તે માટે ધન્યવાદ ઘટે છે. એ મહેનત પાછી અફળ ન જાય માટે કરેલા નકશા વગેરે સચવાવા જોઈએ. પહેલેથી જ તેને સારા પૂંઠા ઉપર ચોડવા જોઈએ અગર સારી રીતે મૂકવા જોઈએ. પ્રદર્શન વીંખાય એટલે પ્રદર્શનની સામગ્રી ધૂળધાણી થવી ન જોઈએ, પણ સંગ્રહાવી જોઈએ. એમાંથી એક નાનું એવું સંગ્રહાલય થઈ જાય.

વળી પ્રદર્શનમાં મૂકેલા નકશા વગેરે એક-બીજાં બાલમંદિરોએ મંગાવી તેનો અભ્યાસ કરવો જોઈએ, અને તેમાંથી નવું નવું જે સૂઝે તે ઉપાડી લેવું જોઈએ. દરેક બાલમંદિરના પરિણામનો લાભ બીજાં બધાં બાલમંદિરોને પ્રદર્શનની બાબતમાં પણ મળવો જોઈએ. ગિ.

કચરાની હોળી

ફાગણ સુદિ ૧૫ ને દિવસે તો હોળી આવે છે. તે હોળીમાં ગામમાંથી એકઠાં કરેલાં છાણાં-લાકડાં સળગાવવામાં આવે છે. એ હોળી એક જાતની છે. બીજી એક હોળી કચરાની હોળી છે. આ હોળી દરેક બાલમંદિરમાં અને શાળામાં થવી જોઈએ; અને તે દર વર્ષે નહિ પણ બને તો દર અઠવાડિયે અગર દર પખવાડિયે.

શાળામાં હમેશાં કચરો તો પડે છે જ. શાળાની ઑફિસમાં કચરો અને કાગળિયાંના ડુચા ભેગા થાય છે; આ બધું કચરો નાખવાની ટોપલીમાં જાય છે, અને તે કચરો નોકર જ્યાં ત્યાં ફેંકી દે છે. ઉપરાંત શાળાના કોમ્પાઉન્ડમાં, બાગમાં, રસોડા પાસે, પાયખાના પાસે ઘણી જાતનો કચરો, ચીંથરાં, પાંદડાં, કાગળિયાં ને કંઈ કંઈ એકઠું થાય છે. આ બધું જ્યાં ત્યાં પડયું હોય છે તેથી આંગણું ખરાબ દેખાય છે. વાળનારાઓ વાળે છે તોપણ તે એટલું બધું સુંદર વાળતા નથી કે કંઈ જ કચરો ન રહે. આ કચરો જ્યાં ત્યાં ઊડે છે ને આંગણું ખરાબ દેખાડે છે.

શાળાએ પોતાની સ્વચ્છતા પોતાના જ હાથમાં લેવી જોઈએ. બને તો દરરોજ, ન બને તો દર અઠવાડિયે, એથીયે ન બને તો દર પખવાડિયે શાળાનાં તમામ બાળકોએ ચારેકોર વેરાઈ જઈ નાનો, મોટો, લાંબો, ટૂંકો, પાતળો, જાડો, ભારે, હળવો, રાતો પીળો, બધી જાતનો કચરો ઉઠાવી લેવો જોઈએ. બધાં બાળકો 'કચરાની હોળી' 'કચરાની હોળી' અથવા 'હોળીનો દિવસ' 'હોળીનો દિવસ' એમ કહીને ઉત્સાહથી ઊપડે અને જે હાથ આવે તે ચારેકોર મૂકેલાં ડબલાંમાં ભરે. કોઈ દાતણની ચીર લાવે, કોઈ કાગળનો કટકો, કોઈ લોઢાની ખીલી, કોઈ ચીંથરું, કોઈ કાચનો કટકો, વગેરે વગેરે જે કાંઈ આંગણામાં નકામું પડ્યું હોય તે લાવે અને ડબલામાં નાખે. એમ કરતાં ડબલાં ભરાઈ જાય પછી શાળાનાં બધાં બાળકો એકઠાં થાય. એની આગળ શિક્ષક ચાલે. જેઓ ઉપાડી શકે તેઓ કચરાનાં ડબલાં ઉપાડી લે. પછી તેઓ 'કચરાની હોળી, કચરાની હોળી' એમ કરતાં કરતાં સરઘસના આકારમાં ચાલે અને છેવટે હોળી કરવાને માટે અગાઉથી નક્કી કરેલ એક બાડા પાસે આવે. બાળી નાખવા જેવો કચરો તે બાડામાં નાખવામાં આવે. પછી બધાં બાળકો બાડાની આસપાસ લાકડાં દબામથી ગોઠવાય. પછી શિક્ષક છાણું લાવી તેમાં ચાસ-લેટ કરીને છાણું તથા દીવાસળી હાથમાં રાખી બોલેઃ "બાળકો! આજે આપણે આપણું આંગણું સ્વચ્છ કર્યું છે. આપણે રખડતાં ચીંથરાં, કાગળિયાં, પીંછાં, વાળ, દાતણની ચીરો, પાંદડાં, લાકડાના ટુકડા, ઊડતું રૂ, ગંદું સુતર ને એવું એવું ઘણું એકઠું કર્યું છે. એ બધું આપણે આ બાડામાં જ કુંડમાં નાખ્યું છે. હવે આપણે સળગાવી દેશું. આજે આપણે આપણા આંગણામાંથી ગંદકી કાઢી નાખી આંગણાને ચોખ્ખું કર્યું છે. આપણે પોતે હવેથી આંગણામાં ગંદકી કરશું નહિ. આપણે આપણું આંગણું જેવું છે તેવું જ સુંદર રાખશું. એમ છતાં ઝાડનાં પાંદડાં, ઊંડતા કાગળો, વગેરે આપણે ત્યાં આવશે તો ફરી વાર આપણે તે એકઠાં કરશું; ફરી વાર આપણે તેની હોળી કરશું. વારંવાર આપણે તે બાળી નાખશું પણ આપણે આપણું આંગણું સ્વચ્છ રાખશું. આમ બધા લોકો એક દિવસ આંગણામાં સ્વચ્છ રાખશે. આમ બધા લોકો દર અઠવાડિયે પોતાના કચરાની હોળી કરશે અને પછી આપણાં આંગણાં, આપણી શેરીઓ, અને આપણાં ગામો સ્વચ્છ અને તેથી સુંદર થશે." એમ કહી શિક્ષકે છાણું સળગાવી કચરામાં નાખવું અને બાળકો તથા શિક્ષકે હોળી તાપવી. પછી સૌ પોતપોતાના કામે લાગે.

ગિ.

બાળકોનો ખોરાક

પ્રિયભાઈ,

તમારો તા. ૨૯-૧૨-૩૭નો પત્ર મળ્યો હતો. આ જવાબ તો મોડો જ ગણાય પણ ચલાવી લેશો.

બાળકોના ખોરાક સંબંધે મારો અભ્યાસ અને અનુભવ અતિ અલ્પ છે. બાળકોના ખોરાક વિષે એક નાની પુસ્તિકા મેં લખેલી છે અને વસંતબાળના પ્રકાશન તરીકે છે. તે

માટે તમે શંકરભાઈ શાહ, બાલમંદિર, ભાવનગર પુછાવશો. એ પુસ્તક મેં દાક્તરી અભિપ્રાય મેળવીને લખેલું છે; કદાચ તમને તે ઉપયોગી થાય.

બીજું મારું સામાન્ય માનવું એવું છે કે બાળકોને મશાલાદાર ખોરાક નુકસાનકારક છે. એ તો જેવો ખોરાક ખાવા માટે બાળકોને ટેવીએ તેવો ખોરાક તેઓ ખાતાં થાય; પણ તેથી તે સર્વથા લાભદાયક છે એમ નથી.

અત્યારના લગભગ બધા દાક્તરો એક મતના છે કે બાળકોના ખોરાકમાં દૂધનું પ્રમાણ મોટું જોઈએ. દૂધ બાળકોને ભાવતું નથી એમ ઘણીવાર જોવામાં આવે છે. એવે વખતે દૂધની બનાવટોથી અણછૂટકે ચલવી લેવું. બાળકોને દૂધ પીતાં કરવા માટે ઘરનાંઓએ દૂધનો પક્ષપાત વર્તનમાં કરવો જોઈએ.

ફળોનો વપરાશ પણ આવશ્યક મનાયો છે. નાની ઉંમરમાં વધારે પડતાં કઠોળ નુકસાનકારક છે. દાળ, ભાત, ખીચડી, એ ખોરાક કરતાં રોટલોરોટલી, મતલબે સૂકા ખોરાકો સારા છે. આપણે ત્યાં પેટ ગાગરડી અને હાથપગ દોરડી બાળકો હોય છે તેનું કારણ ખીચડી દાળભાત છે.

રોટલારોટલી, ઘી, દૂધ, ગોળ અને તાજાં શાક, તાજું દહીં, તેલ અને થોડા પ્રમાણમાં કઠોળ, આ ખોરાક ઠીક થશે. બાકી તો દાક્તરો જાણે.

મારું એવું માનવું છે કે એકંદરે આપણાં ઘરોના ખોરાકની વાનીઓ (અત્યારે) ઉપયોગી કરતાં માત્ર જીભને સ્વાદ આપનારી છે. આ સ્વાદ પણ વિકૃત છે. બાળકોને આ વિકૃત સ્વાદમાંથી બચાવી લેવાં ઘટે છે. પણ હું દૃઢતાપૂર્વક માનું છું કે આવતી પેઢીમાં નવો ખોરાક દાખલ કરવા માટે આપણા ઘરના ચાલુ ખોરાકનું ધોરણ કેટલેક અંશે બદલવું જોઈશે.

કયા ખોરાકથી બુદ્ધિ વધે અને આત્માનો વિકાસ થાય તેનો મારો અભ્યાસ નથી. પણ જે ખોરાક ખાવાથી આળસ આવે, ઉત્તેજના વધે, લોહી વધારે પડતું ગરમ થાય, તે ઠીક નથી. કહેવાતા સાત્ત્વિક ખોરાક વિષે મારી શ્રદ્ધા બહુ નથી.

સૌથી અગત્યની વાત ખોરાકનાં તત્ત્વો નથી, પણ ખોરાક લેતી વખતે મનની અને શરીરની પ્રસન્નતાની છે. જ્યારે જ્યારે બાળકો ખાય ત્યારે ત્યારે વાતાવરણ સ્વચ્છ, સ્થળ સુંદર, અને સર્વની પ્રસન્નતા જોઈએ. ગમે તેવો સાદો ખોરાક પણ અમૃત જેવો થઈ પડશે. બાળકો મોટે ભાગે ઉતાવળથી અને ગભરાટમાં ખોરાક લે છે. આ જવું જોઈએ.

બધાં બાળકોને પોષક અને પૂરતો ખોરાક મળવો જોઈએ એવું મારું માનવું છે. પૈસાદારોનાં બાળકોને વધારે પડતો અતિ પૌષ્ટિક ખોરાક મળે છે તેથી જ તેઓ માંદાં છે તે વાત સાચી છે. એને હિસાબે ગરીબોનાં બાળકોના ખોરાકમાં દૂધનો ખાસ કરીને ઉમેરો થવો જોઈએ. સમયોની નિયમિતતા આવવી જોઈએ. વળી ધનવાનનાં બાળકોને ઘણી વાર માબાપોની અતિ કાળજીને લીધે પૂરું ખાવા નથી મળતું એ તેમનું દુઃખ છે; તે તમે જાણતાં હશો. ઊલટાં ગરીબનાં બાળકો રોટલે તો સુખી છે.

માત્ર અન્ન જ ખોરાક નથી પણ પાણી,

હવા અને તડકા પણ અગત્યના ખોરાકા છે; તે ઉપર પણ લક્ષ આપવું જોઈએ.

ખોરાકની બાબતમાં તો તમે પૂ. ગાંધીજીને પૂછી શકો. ચમનલાલ વૈષ્ણવ, વઢવાણ શહેર, ને પણ પૂછી શકશો. મારું જ્ઞાન આટલેથી અટકે છે. કામકાજ લખશો.

લે. તમારો ગિજુભાઈ.

નોંધ. એક ભાઈએ બાળકોના ખોરાક વિષે પુછાવતા ઉપરનો જવાબ આપ્યો હતો.

આચાર્યને પત્ર

પ્રિયભાઈ,

આજ કાલના પ્રવાસમાં મને જે અનુભવ સાલે છે તે બાળકોમાં સામાન્ય જ્ઞાનના અભાવનો છે. બાળકોએ અને વિદ્યાર્થીઓએ મને ઠાર ઠાર પ્રશ્નો પૂછેલા છે. એ બધા ઉપરથી મારું ઉપલું અનુમાન છે. ઉપરાંત હું જ્યારે જ્યારે પ્રશ્નો પૂછું ત્યારે તો બાળકોનું સામાન્ય જ્ઞાન છેક જ શૂન્ય જેવું લાગે છે.

કેટલાક વિદ્યાર્થીઓ એમ પૂછતા હતા કે શાંતિનિકેતન શું છે? કોઈએ એમ પૂછ્યું હતું કે મોતી કયા ઝાડે થતાં હશે? કોઈએ એમ પૂછેલું કે ગાંધીજી કયાં રહે છે? કોઈ વળી પૂછતું હતું કે જાપાન કોની સાથે લડે છે?

વળી મેં એક જણને પૂછ્યું કે રેલ્વે, મોટર, એરોપ્લેન શેના વડે ચાલે? તો કહે કે કોલસા વડે! આવા જવાબોથી વારંવાર છક થયો છું. છતાં મને થવું જોઈએ તેટલું દુઃખ થયું નથી કેમકે તાજેતરના મારા મુંબઈના વાસ દરમિયાન એક એલએલ.બી. એ મને પૂછેલું કે "કાકાસાહેબ દક્ષિણામૂર્તિમાં કામ કરે છે ને? અને ત્યાં જ રહે છે ના?" જ્યારે આવા ભાઈને કાકાસાહેબની પણ ખબર ન હોય, ત્યાં બાળકોના ગાંધીજી કયાં રહે છે તે વિષેના અજ્ઞાનનો શો ખ્યાલ?

આનો આપણે બાલમંદિરમાંથી જ ઉપાય કરવો જોઈએ. આ માટે બાળકોનું વાતાવરણ વધારે ને વધારે જિજ્ઞાસાપ્રેરક અને જિજ્ઞાસાના ઉત્તરો મળે તેવું થવું જોઈએ.

આખી સૃષ્ટિ બાળકોના મનમાં જિજ્ઞાસા ઉપજાવે છે. તેને અનેક પ્રશ્નો પૂછવાનું મન થાય છે, પણ તેનો ઉત્તર આપનાર કોઈ મળતું નથી. પછીથી જિજ્ઞાસા માંદી પડી મંદ થઈ જાય છે અને છેવટે ગોખણિયા જ્ઞાનનો બોજો વધતાં પ્રશ્ન પૂછવાનું શૂન્યપણાને પામે છે. આપણી વ્યાખ્યાન કે ભાષણપદ્ધતિ પણ જિજ્ઞાસાને મારી નાખે છે.

ઉપાય તરીકે આપણે બાલમંદિરોમાં અને ઘરે બાળકોને માટે 'પ્રશ્નોત્તર' નો ખાસ સમય રાખવો જ જોઈએ. આપણે પ્રદર્શનો ભરીએ છીએ, કલાશણગારો કરીએ છીએ, કલામંદિર અને સંગ્રહાલય રચીએ છીએ, ઘતર વાચનને માટે પુસ્તકાલય ધરીએ છીએ અને પ્રવાસો વડે બાળકને વિશાળ જ્ઞાન વચ્ચે મૂકીએ છીએ. પણ આ બધાં સંબંધે જે પ્રશ્નો ઉત્પન્ન થાય તે મનમાં ને મનમાં જ સમાઈ જાય તો 'મૂંગે કેરા સપનો ભયો, સમજ સમજ પછતાય.' એવું થાય. બાળકને ઇંદ્રિયગમ્ય અનુભવ થાય પણ તેને તેવું શબ્દમાં મૂર્ત થાય તેવું, અને તે

શબ્દ વડે વ્યક્ત કરે તેવું જ્ઞાન ન થાય. એટલા માટે પ્રશ્નોત્તરની પ્રથા આપણે સર્વત્ર આગ્રહ પૂર્વક દાખલ કરવી જોઈએ. પ્રશ્નોત્તર વિષે મેં એક લેખ પણ લખેલો છે જે અન્યત્ર છપાયો છે.

સામાન્ય જ્ઞાન વધે તે માટે આપણે પણ હમેશ બાળકોને નવા નવા પ્રશ્નો પૂછવા જોઈએ અને તેનો જવાબ તે ક્યાંથી મેળવી શકે તે બતાવવું જોઈએ. ઉપરાંત આપણે પ્રશ્નોના જવાબો આપવા જોઈએ.

માણસમાં બુદ્ધિતત્ત્વ હોય પરંતુ માહિતી ન હોય તો જેમ લાકડા વિના કુશળ કારીગર પણ કબાટ બનાવી ન શકે, તેમ માહિતીના સાધન વિના બુદ્ધિ કોઈ પણ વિષયની રચના ન કરી શકે.

હવે એક બીજી વાત. આપણે સ્વયં લેખનમાં માનીએ છીએ, અને તેની સાથે જ સારા અક્ષરોમાં પણ અલબત્ત માનીએ છીએ. છતાં તે બાબતમાં જેટલી કાળજી લેવાવી જોઈએ તેટલી આપણે લેતા નથી. આપણે એટલે તમે એમ નહિ, પણ આપણાં બધાં બાલમંદિરો તેમ જ આપણી પ્રાથમિક શાળાઓ.

અલબત્ત, જૂની પ્રાથમિક શાળાઓ ઘણો વખત જ્યારે નકામું નકામું લખાવ્યા કરે છે કે બાળકોને લખી લાવવાનું કહે છે, ત્યારે બાળકોના લખાણમાં ગતિ આવે છે પણ તેમના અક્ષરો તો બગડે જ છે.

અક્ષરો સારા કઢાવવા માટે આપણાં બાળકો પેનસિલો કે પેન કે કલમ કેમ પકડે, તથા કેવી રીતે બેસીને લખે તો શરીરને નુકસાન થયા વિના લખે, તે વાત પર ખાસ ધ્યાન આપવું જોઈએ. આપણું લક્ષ જો માત્ર બાળકોના સર્જન તરફ જ જાય તો બાળકોના અક્ષરો બગડશે અને તેને લીધે તેમનાં શરીરને પણ નુકસાન થશે. લખવાનું સાધન કેમ પકડવું અને કેમ બેસવું એ બાબતો પર ખૂબ ધ્યાન અપાવું જોઈએ. બાલમંદિરો કે પ્રાથમિક

:: એક સુંદર તક ::

શિક્ષણ પત્રિકાની જૂની ફાઈલો

શિક્ષણ પત્રિકાના વર્ષ ૬ ઠ્ઠાથી વર્ષ ૧૦ મા સુધીની એકીસાથે ૫ ફાઈલો ખરીદનારને વર્ષ બીજાની પૂરી ફાઈલ અને વર્ષ ૩-૪-૫ ના જેટલા અંક હશે તેટલા છૂટક અંકો મફત આપવાનું ઠરાવ્યું છે.

વર્ષ ૬ થી વર્ષ ૧૦ સુધીની ૫ ફાઈલોની કિંમત રૂા. ૨-૮-૦ (પોસ્ટેજ માફ).

વર્ષ ૧૧-૧૨ ની ફાઈલોની કિંમત દરેક ફાઈલનો રૂા. ૧-૦-૦ (પોસ્ટેજ માફ)

લખો— વ્યવસ્થાપક શિક્ષણ પત્રિકા

શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.

બાબાપોએ વાંચવા જેવાં પુસ્તકો

૧	ઘરમાં બાળકે શું કરવું !	૦-૦-૬
૨	બાબાપોને	૦-૧૦-૦
૩	આ તે શી માથાકૂટ	૦-૧૦-૦
૪	બાબાપ થવું આકરું છે.	૦-૧૦-૦
૫	વસંત પ્રચારમાળા ગુચ્છ ૧-૨	૧-૬-૦
૬	ઘરમાં મોંટીસોરી	૧-૧૦-૦
૭	બાબાપોના પ્રશ્નો	૦-૮-૦
૮	દિવાસ્વપ્ન	૦-૧૦-૦
૯	બાલશિક્ષણ	૦-૧૦-૦
૧૦	સ્વતંત્ર બાલશિક્ષણ	૦-૧-૦

લખો—

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર-ભાવનગર

શાળાઓમાં લખતાં બાળકોને જોશું તો આપણી નજરે કલમ પકડવાની અનેક ચિત્રવિચિત્ર ઢબો માલૂમ પડશે.

સારા અક્ષરો કઢાવવા માટે શરૂઆતમાં મોટા અક્ષરે લખવાની જરૂર છે. વળી ધીમે ધીમે અને બે લીંટી વચ્ચે પણ લખવાની જરૂર છે. ઉપરાંત શાળાના વાતાવરણમાં સુંદર સુલેખનના નમૂનાઓની પણ જરૂર છે. આ બધું તો સામાન્યતઃ તમારા ખ્યાલમાં છે જ, એટલે મારે લખવાની જરૂર નથી.

પત્રલેખન, વાર્તાલેખન, નિબંધલેખન, માસિક કાઢવું, વગેરે વસ્તુઓ જેમ સ્વયં અને સ્વતંત્ર લેખન ઉપજાવવા માટે આપણે યોજ્યાં છે તેમ સારા અક્ષરે નકલ કરવી, સારા અક્ષરે શણગાર કરવો, સારા અક્ષરે નોંધો કરવી, એ બધું પણ આપણે કલાસર્જનના વિભાગમાં દાખલ કરી શકીએ. બીજું તો મનમાં ઘણુંયે છે, પણ આ વખતે આટલું બસ થશે.

તમારા
ગિજુભાઈના નમસ્કાર.

નૂતન ગણિતશિક્ષણ

[અનુસંધાન ગતાંક પાના ૧૦ થી]

ગયે વખતે આપણે બાળકને દશ સુધીના સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકારનું જ્ઞાન કેવી રીતે અપાય છે તે જોઈ ગયા. હવે આપણે આગળ વધીએ. બાળકને દશ સુધીની બધી પ્રક્રિયાઓ આવડ્યા પછી આપણે હવે દશથી ૧૯ સુધીનું સંખ્યાજ્ઞાન આપવાનું હોય છે. આને માટે સાધન તરીકે લાંબી સીડી અથવા તો મોતીની સળીઓની પેટી બન્ને વાપરી શકે. બાળકને જે સાધનથી વધારે રસ આવે તે સાધનનો ઉપયોગ કરવો. બંને સાધનમાં સગવડ તો છે જ. લાંબી સીડીનું સાધન પ્રમાણમાં મોટું હોવાથી નાનાં બાળકોને ગણવાની વધારે સગવડ પડે છે. ઘણીયે વખત એવું બને છે કે મોતી ગણતાં ગણતાં બાળકથી એકાદ મોતી આડુંઅવળું થાય તો આખી ગણતરીમાં ભૂલ પડે છે. નાનાં બાળકો મોતીની સળીઓનાં મોતી ગણવામાં ભૂલ પણ ભરી બેસે છે. પાંચને બદલે ચાર ગણે કે એવી કંઈક ભૂલ થઈ બેસે. લાંબી સીડીમાં આવી જાતની ભૂલ થવાનો સંભવ હોતો નથી. બાળક એક પછી એક પટ્ટા સ્પષ્ટ રીતે ગણી શકે છે. પણ મોતીની સળીઓની પેટીમાં એક ખાસ વિશિષ્ટતા છે. મોતીની સળીઓ જુદા જુદા રંગની હોવાથી બાળકોને એનું ખૂબ જ આકર્ષણ હોય છે. એના વડે ગણવાનું બાળકોને ખૂબ જ ગમે છે. નાનામાં નાનું બાળક પણ એ સાધન લઈને બેસી જાય છે. એટલે જો બાળકને મોતીની સળીઓ બરાબર ગણતાં આવડી ગયું હોય તો તેનો પણ ઉપયોગ થઈ શકે. બાળકની કક્ષા અને રસ જોઈને સાધનનો ઉપયોગ કરવો.

દશની લાકડી પાસે એકનો કટકો મૂકીને ગણવું: એક દશ ને એક. એવી રીતે બેનો કટકો મૂકીને એક દશ ને બે. આ પ્રમાણે એક દશ ને નવ સુધીનું સંખ્યાજ્ઞાન આપવું.

અહીં એક વસ્તુ તરત જ ધ્યાન ખેંચશે

કે આખી પરિભાષામાં ફેરફાર કરવામાં આવ્યો છે. પણ આ ફેરફાર તદ્દન આવશ્યક છે. દશથી ૧૯ સુધીનું સંખ્યાજ્ઞાન આપતી વખતે બાળક ને અગિયાર, બાર, વગેરે પરિભાષા આપવામાં આવતી નથી. આને બદલે બાળકને એક દશ ને એક, એક દશ ને બે... એક દશ ને નવ, એમ કહેવામાં આવે છે. આની અંદર બાળકને એક પણ નવો શબ્દ શીખવો પડતો નથી. બાળકને એકથી દશ સુધીની પરિભાષા આવડી એટલે એનું કામકાજ વિના વિઘ્ને આગળ ચાલે છે. ગણતરીની સાથે સાથે એને નવા શબ્દો યાદ કરવા પડતા નથી. આ પરિભાષાનો ફેરફાર બાળકને આગળ વધવામાં ખૂબ જ મદદગાર થઈ પડે છે. જો આવી સહેલી પરિભાષા બાળક પાસે મૂકવામાં આવતી નથી તો બાળક શબ્દોમાં જ ગોટવાઈ જાય છે, સંખ્યાનું જ્ઞાન થવાને બદલે બાળકનું ધ્યાન નવા શબ્દો ઉપર જ જાય છે, અને એ રીતે સંખ્યાજ્ઞાન બાળકને માટે મુશ્કેલ બને છે. એટલે બાળકને આપણી ૩૬ પરિભાષા ન આપતાં જેની અંદર નવો એક પણ શબ્દ આવતો નથી એવી જાતની પરિભાષા આપવામાં આવે છે. પણ આપણે પરિભાષાનો વિચાર હજી આગળ ઉપર કરવો પડશે એટલે હાલ તો એની વિચારણા અહીંથી જ અટકાવીએ છીએ. માત્ર ધ્યાન એટલું જ રાખવાનું કે બાળકને અગિયાર, વગેરે શબ્દો ન આપતાં એક દશ ને એક, એક દશ ને બે, એમ શબ્દો આપવા.

બાળકને દશથી ૧૯ સુધીનું સંખ્યાજ્ઞાન થયા પછી સંખ્યા અને સંજ્ઞાનું જોડાણ કરવામાં આવે છે. આને માટે ૧૦-૧૦-૧૦ એમ નવ વખત દશ લખેલું એક પાટિયું હોય છે. એ પાટિયામાં નાખવા માટે ૧, ૨, ૩, એમ નવ સુધીના આંકડાવાળા લાકડાના નાના નાના કટકા હોય છે. બાળક દશના મીંડા ઉપર ૧ મૂકીને બોલે છે, એક દશ ને એક, અને પછી એના ઉપર દશની એક સળી અને એક મોતી એમ મૂકે છે. તેવી રીતે બીજા દશના મીંડા ઉપર બેના આંકડાવાળો પાટિયાનો કટકો મૂકીને બોલે છેઃ એક દશ ને બે, અને પછી દશની એક સળી અને બેની સળી એમ મૂકે છે. આમ એક દશ અને નવ સુધી ચાલે છે. આ પ્રમાણે સંખ્યા અને સંજ્ઞાનું જોડાણ થાય છે અને બાળકને એક દશ ને નવ સુધીનું સંખ્યાજ્ઞાન થાય છે.

આ વખતે જો બાળકને લખતાં આવડી ગયું હોય તો + ૧, + ૨, + ૩, + ૪ એની + ૯ સુધી લખેલ સરવાળાની કાપલીઓ આપવામાં આવે છે. આ કાપલીની અંદર બાળક + ૧ ની પહેલાં ૧૦ મૂકે છે એટલે ૧૦ + ૧ એક થાય છે. એની પાછળ = બરાબર કરેલા હોય છે. બાળક પાટિયા ઉપર જોઈને ૧૦ + ૧ = ૧૧ એમ લખે છે અને 'એક દશ ને એક' બોલે છે. આ રીતે એક દશ ને નવ સુધી ૧૦ + ૯ = ૧૯ એમ લખે છે. આ રીતે બાળકને ખ્યાલ આવે છે કે એક દશ ને નવ એ પોતે સ્વતંત્ર સંખ્યા નથી પરંતુ દશની અંદર નવ નાખીએ એટલે એક દશ ને નવ થાય છે. આ રીતે બાળકને આગળના સરવાળાની કલ્પના આવે છે, અને ઉપરાંત પોતાની મેળાએ સંખ્યાઓ બનાવતું જાય છે. (અપૂર્ણ)

શાં.

વસોમાં શિક્ષકો માટેનો શિક્ષણવર્ગ

ભાવનગરના શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિરના પ્રણેતા શ્રીયુત ગિજુભાઈના સહવાસ, સંસ્કાર ને સેવાનો લાભ ચરોતર પ્રદેશના શિક્ષકોને મળે તે માટે ઉનાળાની રજાઓમાં તા. ૬-૫-૩૨ થી એક માસનો શિક્ષણવર્ગ વસો મુકામે ઉઘાડવાની યોજના થઈ છે. આ વર્ગ માટે શિક્ષણફી કંઈ જ રાખવામાં આવી નથી; ફક્ત બાધાખર્ચ આશરે રૂા. ૧૦) આ વર્ગમાં દાખલ થનારે આપવાનું છે. આ વર્ગના શિક્ષણ માટે બાલમંદિર, પ્રાથમિક શાળા અને ગ્રામજીવનને લગતા વિવિધ વિષયો રાખવામાં આવશે અને ગુજરાતના જે તે વિષયના નિષ્ણાતોને તેના જ્ઞાન અને અનુભવનો લાભ આ વર્ગને આપવા આમંત્રણ થશે.

આ વર્ગમાં બાલમંદિરના શિક્ષકો, પ્રાથમિક શાળાઓના શિક્ષકો, તેમ જ અન્ય શિક્ષકો ને શિક્ષિકાઓ તો જોડાય જ; પણ તે ઉપરાંત બાળકોનું હિત જેમને હૈડે હોય અને બાલ-શિક્ષણના વિષયમાં જેમને રસ હોય તેવાં સર્વે ભાઈઓ અને બેનોને પણ આ વર્ગમાં લાભ લેવા આમંત્રણ છે.

આ વર્ગનો લાભ લેનાર ભાઈ બેનોને સમૂહ-જીવન અને છાત્રજીવનનો પૂરેપૂરો અનુભવ મળે તે માટે તેઓ સર્વેને છાત્રાલયમાં રહેવાની વ્યવસ્થા કરવામાં આવશે.

સામાન્ય રીતે સર્વને માટે દૈનિક કાર્યક્રમ નીચે પ્રમાણેનો રહેશે:—

સવારે ૫-૩૦ વાગે ઊઠવું.
૫-૩૦ થી ૬-૩૦ પ્રાતર્વિધિ.
૬-૩૦ થી ૧૦-૩૦ વર્ગનું કામ.
૧૦-૩૦ થી ૧૬-૩૦ ભોજન, આરામ, સ્વાધ્યાય વગેરે અને ઇતર વર્ગો.
૧૬-૩૦ થી ૧૮-૩૦ ભાષણો, ચર્ચાઓ, હસ્તકલાશિક્ષણ.
૧૮-૩૦ થી ૨૦-૩૦ વાળુ.

અઠવાડિયામાં એક વખત નજીકનાં ગામોમાં પર્યટને જવાનું રાખવામાં આવશે.

વસો બાલમંદિર અને નવી ગુજરાતી શાળાનું કામ દરરોજ બે કલાક ચાલશે, અને શિક્ષક અને શિક્ષિકાઓને તેમાં કામ કરવાનું ને જોવાનું મળશે.

પેટલાદ ને ભાદરણ મહાલના જે શિક્ષકો વતની હશે વા બહારગામના વતની હોઈ પેટલાદ ને ભાદરણ મહાલમાં શિક્ષક તરીકે જેઓ કામ કરતા હશે, તેમને બાધાખર્ચમાં અડધું ખર્ચ કોઈ સદ્‌ગૃહસ્થો તરફથી મળે એવી યોજના થઈ છે.

ચરોતર પ્રદેશની બહારનાં શિક્ષકશિક્ષિકાઓ પણ આમાં દાખલ થઈ શકશે.

શક્યતા ને સરળતાની દૃષ્ટિએ ૧૦૦ કરતાં વિશેષ સંખ્યા આમાં દાખલ કરવી એ હિતાવહ નથી. માટે લાભ લેવાની ઇચ્છા હોય તેમણે વેળાસર તા. ૧૦-૪-૩૮ સુધીમાં ૧ પોતાનું નામ, ૨ ઉંમર, ૩ અભ્યાસ, ૪ ધંધો, ૫ વતન, ૬ હાલનું સરનામું, વગેરે હકીકત સાથે શ્રી. મંત્રી, કેળવણી મંડળ, વસો, એ સિરનામે અરજી કરી વર્ગમાં દાખલ થવાની સંમતિ મેળવી લેવી.

તા. ૯-૩-૩૮
આણંદ. મોતીભાઈ ન. અમીન

તા. ક. આ વર્ગનો લાભ વધારે સારી રીતે લઈ શકાય તે માટે શિક્ષકો નીચેનાં પુસ્તકોમાં જેટલાં વંચાય તેટલાં વાંચીને આવે એવી શ્રી. ગિજુભાઈની ભલામણ છે.

૧ શિક્ષક હો તો
૨ પ્રાથમિક શાળામાં શિક્ષક
૩ પ્રાથમિક શાળામાં ભાષાશિક્ષણ
૪ પ્રાથમિક શાળામાં ચિઠ્ઠીવાચન
૫-૬ પ્રાથમિક શાળામાં
કલા અને કારીગરીનું શિક્ષણ ખંડ ૧-૨
૭ દિવાસ્વપ્ન

બાલશિક્ષકોની માગણી કરનારને

વારંવાર અમારી પાસે બાલશિક્ષકોની માગણી આવે છે. આ માગણી બતાવે છે કે બાલશિક્ષકોની આપણને ઘણી જરૂર છે. નવીન બાલશિક્ષકો થોડા છે અને માગણી વારંવાર વધી પડે છે.

જેઓ આવી માગણી મોકલશે તે માગણી શિક્ષણ પત્રિકામાં પ્રગટ કરવામાં આવશે અને નોકરી ઇચ્છતા શિક્ષકને માગણી કરનાર સાથે પત્રવ્યવહાર કરવાની સૂચના આપવામાં આવશે.

નવીન બાલશિક્ષકો રાખનાર સંસ્થા કે વ્યક્તિઓ પોતે તેમના પગાર વગેરેનું જાતે જ નક્કી કરી લેશે. તેઓ ખાતરી કરી પોતાને ફાવે તેવો શિક્ષક પોતાની સમજણ અને જવાબદારીથી રાખશે.

જાહેરાત માટે કંઈ પણ પૈસા લેવામાં આવશે નહિ. **તંત્રી.**

કહ્યા વિના રહેવા નહિ.

શિક્ષણ પત્રિકાના વાંચકો લગભગની સંખ્યામાં વધે તેમાં શિક્ષણ પત્રિકાનું સાર્થક સમાયેલું છે.

જેઓ શિક્ષણ પત્રિકાના ગ્રાહકો છે, જેઓ શિક્ષણ પત્રિકાના પ્રેમીઓ છે, તેઓ શિક્ષણ પત્રિકાના પ્રચારને ચૂકે નહિ એવી વિનંતિ છે.

તમે જેને મળો તેને તમારી પત્રિકા બતાવો, વંચાવો અને તેમને યોગ્ય લાગે તો ગ્રાહક થવા કહ્યા વિના રહેવા નહિ.

પત્રિકાની આ તમારી સેવા પત્રિકાને આગળ વધારશે જ. **તંત્રી**

શિક્ષણ સમાચાર

ભૂજ. હિંદુ સાર્વજનિક કન્યાશાળાનું શ્રી. ગિજુભાઈએ નિરીક્ષણ કર્યું.

—સદનવાડી. સરસ્વતી સદનની શ્રી. ગિજુભાઈએ મુલાકાત લીધી.

—માંડવી. લુહાણા બાલાશ્રમની શ્રી. ગિજુભાઈએ મુલાકાત લીધી.

પૃથ્વિ ઉના દેશોની કેળવણી

મૂળ લેખક
ડો. ગજાનન શ્રીપત ખૈર એમ. એ; પી એચ. ડી.
ભાષાંતરકર્તા **ગોપાળ ગજાનન વિદ્વાંસ**

આ હમણાં જ પ્રગટ થયેલા પુસ્તકમાં અમેરિકા, રશિયા, ઇંગ્લાંડ, ફ્રાન્સ, જર્મની અને ઇટાલીની કેળવણી પદ્ધતિઓની હિંદી દૃષ્ટિએ માહિતી અને સમાલોચના વિસ્તારથી આપવામાં આવી છે.

બે ભાગમાં : રૂ. ૨-૮-૦ : પો. ૦-૫-૬ -
શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર, ભાવનગર

શિક્ષણ સમાચાર

—વસો. વસંત પંચમીના દિવસે શ્રી વસો કેળવણી મંડળના પ્રયાસથી બાલદિનની ઉજવણી કરવામાં આવી.

શ્રી. ગિજુભાઈના શિક્ષણવર્ગો તા. ૬ ઠ્ઠી મેથી વસોમાં શ્રી વસો કેળવણી મંડળ તરફથી એક માસ માટે ચાલશે. વર્ગમાં બાલમંદિરના શિક્ષકો, પ્રાથમિક શાળાના શિક્ષકો તથા અન્ય જિજ્ઞાસુઓ જોડાઈ શકશે. લખોઃ—શ્રી. મોતીભાઈ અમીન, વસો.

શ્રી વસો કેળવણી મંડળે શ્રી. ગિજુભાઈને વર્ગો ચલાવવા નિમંત્રણ આપેલું છે.

—પુના. ૧૫-૧-૩૮ ના રોજ મહારાષ્ટ્રના ગામેગામ બાલદિન ઊજવવામાં આવ્યો હતો. એના મુખ્ય સંચાલક શ્રી. તાવડે, પ્રિન્સીપાલ, ટ્રેનિંગ કોલેજ, પૂના છે.

—ગોધરા. તા. ૧૮-૧૨-૩૭થી ગોધરામાં બાલસંઘ સ્થપાયો. સંચાલકો દેસાઈભાઈ પટેલ તથા રામજીભાઈ માસ્તર (મંત્રીઓ).

—ડભોઈ. ૨૬-૧-૩૮ ને રોજ ડભોઈમાં એક બાલસંઘ સ્થપાયો. મંત્રી શ્રી. કમળાશંકર પંડિત.

વસંત બાલશિક્ષણ પ્રચારનું એક કેંદ્ર અત્રે ઉઘાડવામાં આવ્યું.

—ભાવનગર. શ્રી. ગિજુભાઈ સાથે પત્રવ્યવહાર કરનારાઓએ ગિજુભાઈના કાયમી સરનામા શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર એથી પત્રવ્યવહાર કરવો.

—પાટણ-પાલનપુર. શ્રી. ગિજુભાઈની નરમ તબિયતને લીધે પાટણ, પાલણપુરનો (ગુજરાત)નો પ્રવાસ રદ કરવો પડ્યો હતો.

—કચ્છ. તા. ૧૧મી માર્ચ શ્રી. ગિજુભાઈ કચ્છ જવા ભાવનગરથી ઊપડ્યા.

—બીલખા. તા. ૫-૩-૩૮ ના રોજ બીલખામાં શ્રી રાવતવાળાના હાથે એક બાલમંદિર ઊઘડ્યું. અભિનંદન.

—કચ્છ: ભૂજપુર. એક બાલસંઘ સ્થપાશે.

—જામનગર. જામ સિલ્વર જ્યુબિલી બાલમંદિરની શ્રી. ગિજુભાઈ એ મુલાકાત લીધી.

—અંજાર. કડિયા ક્ષત્રિયવિદ્યાર્થિભવનની તેમ જ બાલસંઘની શ્રી. ગિજુભાઈની મુલાકાત.

—વાંકુ. તા. ૧ લી એપ્રિલ ૧૯૩૮થી તા. ૩૦ મી એપ્રિલ સુધી શ્રી કચ્છ લોહાણા કેળવણી ખાતાએ શ્રી. ગિજુભાઈને ખાતાના તમામ શિક્ષકો માટે એક મહિનો તાલીમવર્ગ ચલાવવા આમંત્રણ આપેલ છે.

—વડોદરા. શ્રી વસંત બાલમંદિરના આચાર્ય શ્રી મણિબેન કે. પટેલ દ્વારા સંચાલિત છાત્રાલયમાં ચાર વર્ષ ઉપરનાં બાળકો માટે સગવડ કરવામાં આવી છે.

—રાજકોટ. બાર્ટન ફ્રીમેલ ટ્રેઇનિંગ કોલેજમાં શ્રી. ગિજુભાઈનો વાર્તાલાપ.

—ભુજ. સાર્વજનિક કન્યાશાળા અને હરિજન આશ્રમનું શ્રી. ગિજુભાઈએ નિરીક્ષણ કર્યું.

વાર્ષિક લવાજમ બે રૂપિયા. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
આ શિક્ષણ પત્રિકા શારદા મુદ્રણાલયમાં છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઈ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૧૩ મું
સંવત ૧૯૯૪

અંક ૩ જો
વૈશાખ

: તંત્રીઓ :

ગિજુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

શિક્ષકનું કામ તો શીખવવાનું છે. તે જો પ્રેમપૂર્વક બાળકોને ભણાવે નહિ, તે માટે જ્ઞાન સંપાદન કરે નહિ, તે માટે ચિંતા અને શ્રમ વેઠે નહિ તો તે સાચો શિક્ષક નથી.

પણ જો બાળકો વધે કે ઘટે તો તેની ચિંતા પણ તેને માથે, ફી વધારે આવે કે ઓછી આવે તો તેની ચિંતા પણ તેને માથે, શાળાનાં સાધનો ન હોય ત્યાંથી વસાવવાની ચિંતા પણ તેને માથે, અને તેનું પેટ ભરવું એ પણ તેને જ માથે; જો શેમ હોય તો તેણે બિચારાએ શિક્ષણનું કાર્ય ક્યારે કરવું ?

માબાપો શિક્ષકને બીજી ઉપાધિમાંથી જેટલો બચાવે તેટલો શિક્ષક તેમનાં જ બાળકોને વધારે ઉપયોગી થવાનો.

શિક્ષણ પત્રિકા

વર્ષ ૧૩] વૈશાખ ૧૯૯૪ [અંક ૩

મ ના નો

બાળકેળવણીની સફળતાનો આધાર મનુષ્યની સમગ્ર કેળવણીની સાચી રચનામાં છે.

: ૨ :

બાળકેળવણીને જીવનની સફળતા નિષ્ફળતાની જવાબદાર બનાવનાર લોકો બાળકેળવણી પાસેથી વધારે પડતી આશા રાખે છે.

: ૩ :

બાળકેળવણીના સુંદર અને સુદૃઢ પાયા પર પણ ઉપલી કેળવણીનું બરાબરમાં બરાબર અને સારામાં સારું મકાન બાંધી શકાય.

: ૪ :

જીવનના તમામ રોગોને બાલ્યાવસ્થામાં જ શોધવા જવું એ બાલજીવન અને જીવનના અપૂર્ણ દર્શનની અને જીવનફિલસૂફીની અધૂરી સમજણની નિશાની છે.

: ૫ :

ઘણી વાર માનસશાસ્ત્રીઓ જ પોતાના માનસનું નિદાન અને ચિકિત્સા માગે છે.

: ૬ :

જેઓ એમ કહે છે કે 'બાલમંદિરોની સારી કેળવણી લીધા પછી બાળકો બીજી શાળામાં જતાં દુઃખી થશે તેનું શું?' તેઓ ઉપરની શાળા સારી અને સુંદર માગે છે. પણ જેઓ એમ કહીને બાલમંદિરનો વિરોધ કરે છે તે બાળકોના બાલમંદિરના સુખ અને પ્રગતિનો દ્રોહ કરે છે.

: ૭ :

ભણાવવું એ જીવવાથી નોખું પાડી શકાય નહિ.

: ૮ :

સ્વસ્થ હવા એ ફેફસાંનું આરોગ્ય છે, તેમ જ સારી સોબત મનનું આરોગ્ય છે.

: ૯ :

બાલશિક્ષણ અને જીવનશિક્ષણમાં સૌથી મોટી શિક્ષા-કેળવણી-બાળકો સદૈવ આનંદિત રહે તેવી સ્થિતિમાં મૂકી દેવાં.

: ૧૦ :

કર્તવ્ય કરવાનું હોય છે; તેની વાતો કરવાની નથી હોતી.

: ૧૧ :

બાળકોને સુખી રાખો અને તમે તમારી બંધી પેઢીઓને સુખનો વારસો આપો.

: ૧૨ :

દુનિયાને દુઃખનો વારસો આપવો હોય તો બાળકોને દુઃખ આપો.

: ૧૩ :

વિવેક વિનાનું વાચન કેવળ ફોક છે.

અ • નુ • ક્રં • મ

૩૪ મનનો . . . . . ગિ.
૩૫ દિશા બદલવી જોઈએ . ગિ.
૩૭ નિશાળમાં ચોરી . . ગિ.
૩૯ બાલમંદિરમાં હોજ . . ગિ.
૪૧ સંગીતની રુચિ . . . ગિ.
૪૪ ઉપાય શો? . . . . ગિ.
૪૮ શિક્ષણ સમાચાર . . ગિ.

દિશા બદલવી જોઈએ.

મારા છેલ્લા પ્રવાસોમાં મને એક ખાસ અનુભવ થયો. મને સાંભળવા માટે એકઠા થયેલા વિદ્યાર્થીઓ કે શિક્ષકોને ઘણી વાર હું કહેતોઃ "મારી ઇચ્છા વ્યાખ્યાન આપવાની નથી, પરંતુ તમે જે પ્રશ્નો પૂછો તેના ઉત્તરો આપવાની છે. હું જાણવા માગું છું કે તમારા મનમાં આજને તબક્કે કેવા કેવા વિચારો ઘોળાઈ રહ્યા છે." આ સાંભળી વિદ્યાર્થીઓ તેમ જ શિક્ષકો મારી સામે જોઈ રહેતા અને મહા મુશ્કેલીએ તેઓ મને પ્રશ્નો પૂછવા તૈયાર થતા. વળી તેઓ એવા એવા પ્રશ્નો પૂછતા હતા કે જાણે કે તેઓ સામાન્ય જ્ઞાનથી પણ વંચિત છે. વળી તેમના પ્રશ્નો ઉપરથી એમ પણ લાગતું હતું કે તેઓને કોઈ પ્રશ્નો મૂંઝવતા નથી; તેમને જાણે કે કંઈ જાણવાની મરજીયે નથી.

હું માનતો નથી કે તેમને કંઈ જાણવાની ઇચ્છા ન હોય. કંઈ જાણવા માટે તો તેઓ એકઠા થયા હોય છે. પણ વાત એમ છે કે તેઓ માત્ર વ્યાખ્યાનો કે ભાષણોથી ટેવાયેલા હોય છે. તેઓ બોલનારને સાંભળવા પૂરતી જ તૈયારીથી આવે છે: તેઓ મગજ ઉઘાડા ઘડા માફક ખુલ્લું રાખે છે અને તેમાં જે કાંઈ રેડાય તે રેડાવા દે છે. તેઓની વૃત્તિ નવું જ્ઞાન પોતાને જે દિશામાં જોઈએ છે તે શોધવાની નથી. આવી સ્થિતિનો દોષ સાંભળનારને માથે નથી પણ તેમને સંભળાવનારને માથે છે; એટલે કે વ્યાખ્યાન-ભાષણપદ્ધતિને માથે છે. ભાષણો સાંભળવાં, તેમાં આવતી દલીલદાખલા સાંભળવાં, ભાષણ સારું થયું કે નરતું થયું તેટલું બહુ બહુ તો ખ્યાલ પર લેવું; આથી વધારે આગળ સાંભળનાર જતા નથી. તેમને ઉકરડા ઉપર કહે તોપણ તે સાંભળે, તેમ જ પ્રાચીન ઇતિહાસ કહે તો તે પણ સાંભળે. પણ તેઓ એમ ન કહે કે અમારે અમુક અમુક બાબત પર જાણવું છે તે કહો. વળી તેઓ જાણતા હોય કે ભાષણકર્તા ઇતિહાસનો જ્ઞાતા કે અર્થશાસ્ત્રનો જ્ઞાતા કે રાજનીતિનો જ્ઞાતા છે, તોપણ તેમને નવા નવા પ્રશ્નો પૂછીને તેમના જ્ઞાનનો પુષ્કળ લાભ લેવાને તેઓ પ્રેરાતા નથી. બસ, સાંભળવું અને ચાલ્યા જવું એટલી જ વૃત્તિ પ્રધાનપણે જોવામાં આવે છે.

આ દોષ પેસવાનું કારણ નિશાળમાં ભાષણપદ્ધતિથી શીખવાય છે તે છે. એ દોષ કાઢવા માટે પ્રશ્નોત્તરપદ્ધતિ દાખલ થવી જોઈએ. દરેક ભાષણકર્તા થોડું ભાષણ કરીને પોતાના વિષય પર છૂટથી પ્રશ્નો પુછાવે તો સાંભળનારના મગજોમાં ચળવળાટ થાય ને આખા સમુદાયને એક નિશ્ચિત વ્યાખ્યાન ગળવાને બદલે અનેક પ્રશ્નો ઉપર અજવાળું પડે. આજકાલ અનેક પ્રશ્નો હવામાં ઊડે છે. તેનો નિકાલ ગ્રંથો વાંચીને કે એકાદ વ્યાખ્યાન આપીને ન થાય; તે માટે તો પ્રશ્નોની પદ્ધતિ ભાષણમાં દાખલ થવી જોઈએ. એ જ રીતે શાળામાં હંરહમેશ પ્રશ્નોત્તરપદ્ધતિ દાખલ થવી જોઈએ. ઘણો વખત શિક્ષકે ભણાવ્યા કરવું ન જોઈએ પણ થોડુંક દિશાસૂચક ભણાવીને તુરત જ વિદ્યા-

થીઓને પ્રશ્નો પૂછતાં કરી દેવા જોઈએ.

જ્યારે વિદ્યાર્થીઓ પ્રશ્ન પૂછવા લાગે ત્યારે તેમની પાસે ધીમે ધીમે એ સમજણ પણ રજૂ કરવી કે પ્રશ્નો કેવી રીતે પુછાય, કેવા કેવા પ્રશ્નો પુછાય. પૂછનારાઓ ઘણી વાર જે બધું સીધે-સીધું ચોપડીઓમાં છાપેલું છે તે વિષે જ પૂછે છે. તે વખતે શિક્ષકે કહેવું જોઈએ કે એનો જવાબ ચોપડીમાં ફલાણે ઠેકાણે છે. અર્થાત્ માત્ર માહિતીના પ્રશ્નો એ સાચા પ્રશ્નો નથી, પણ જે પ્રશ્નોના ઉત્તરો વિચાર અને વિવેક માગે તેવા પ્રશ્નો પુછાવા જોઈએ. માત્ર માહિતીના પ્રશ્નોનું સંતોષકારક સમાધાન મેળવવા માટે બાળકોને માહિતીની ચોપડીઓ બતાવવી જોઈએ. કોઈ વિદ્યાર્થી પૂછે કે ગંગા નદી કેટલી લાંબી છે? તો આનો જવાબ શિક્ષકે આપવા કરતાં પૂછનારને ભૂગોળની ચોપડી તેણે આપવી જોઈએ. પણ એવા પ્રશ્નો કે જેના ઉત્તરો મહાન ગ્રન્થોમાં હોય અને જે વિશાળ વાચન અને અનુભવમાં પડ્યા હોય, તેવા પ્રશ્નો વધારે જરૂરના છે. મતલબે બુદ્ધિ જાગૃત કરે તેવા જેના ઉત્તરો હોય તેવા પ્રશ્નો સાચા છે.

શિક્ષકે એક વાત પ્રથમથી જ સ્પષ્ટ કરવી જોઈએ કે જે પ્રશ્નોના ઉત્તરો પોતે જાણતો હશે તેના જ ઉત્તરો તે આપશે. શિક્ષકે પોતે સમજવું જોઈએ કે તે સર્વજ્ઞ નથી. વળી પોતે સર્વજ્ઞ નથી એવું કહેનાર શિક્ષક વિદ્યાર્થીઓની આંખમાં હલકો દેખાશે એમ માનવાનું નથી; ઊલટું તે મોટો દેખાશે. વળી જવાબ આપતી વખતે પણ પોતે જેટલું જાણે છે તેટલું જ ધ્યાનમાં રાખીને શિક્ષકે જવાબ આપવો. વિદ્યાર્થીઓ તો અજ્ઞાત છે; એટલે તેમના અજ્ઞાનનો લાભ લઈ જવાબમાં ફાવે તેવાં અનુમાનો કે કલ્પના ન આવવાં જોઈએ. જવાબ આપનાર પોતે સાચે જ જેટલું જાણે કે અનુભવે તેથી વધારે જરા પણ ન કહે. કોઈ વાર કોઈ લેખક કે વિચારકને અચલંબીને તે કહે ત્યારે તેણે સ્પષ્ટ રીતે કહેવું જોઈએ કે આમ બીજાઓ કહે છે; આમ વિદ્વાનો માને છે. એની સાથે જ પોતાનો મત તેણે આપવો જોઈએ. જ્યારે એવું લાગે કે પોતાના વિચારો અસ્પષ્ટ છે ત્યારે કહી દેવું જોઈએ કે મારા વિચારો અસ્પષ્ટ છે. કોઈ એમ પૂછે કે ઈશ્વર કયાં છે તો ખાતરીપૂર્વક જે લાગે તે કહેવું જોઈએ; અથવા તો આમ માનવામાં આવે છે, શાસ્ત્રો અને સંતો આમ કહે છે, એમ કહેવું જોઈએ.

વળી એ વાત પણ શિક્ષક ધ્યાનમાં રાખે કે પ્રશ્નોત્તર વખતે તે કોઈ એક પ્રશ્નકાર નથી; પ્રશ્ન તથા ઉત્તર સંબંધે તે તટસ્થ રહેવો જોઈએ. તેને કોઈ સિદ્ધ કે અસિદ્ધ કરવાનું ન હોવું જોઈએ. તે તો પ્રશ્ન સંબંધે જે સત્ય હોય તે જ કહે. વિદ્યાર્થી જિજ્ઞાસાથી પ્રેરાઈ પ્રશ્ન પૂછે છે એમ સમજી તેણે પ્રશ્નનો જવાબ આપવો જોઈએ. ભાગ્યે જ કોઈ કુતર્કી વિદ્યાર્થી કુતર્કવાળો પ્રશ્ન ઇરાદાપૂર્વક પૂછે તોપણ શિક્ષકે કે ભાષણ કરનારે તો સીધો અને સરલ જવાબ આપવો ઘટે છે.

એક બીજી વાત. પ્રશ્નનો મર્મ સમજીને ઉત્તર આપવો જોઈએ. એટલે શિક્ષકે પ્રશ્ન કાળજીપૂર્વક સાંભળવો જોઈએ. વિદ્યાર્થીની ભાષાની પેલી પાર જઈ તેના પ્રશ્નનું હાર્દ સમજી લઈ તેનો ઉત્તર આપવો જોઈએ. માત્ર શબ્દ-

ભૅર્યા પ્રશ્નનો ઉત્તર શબ્દ વડે આપીને છૂટવું ન જોઇએ, અગર તો પ્રશ્ન પૂછનારને શબ્દોથી થાંભી લઈ પ્રશ્નનો ઉત્તર આપવો ન જોઈએ. પૂછનારની ભાષા અપૂર્ણ હોય તો તે તરફ ન જોતાં તેની પૂર્ણતા સમજી લઈ ઉત્તર આપવો જોઈએ. પૂછનારનો પ્રશ્ન ઘણી વાર એકથી પ્રશ્નનો સમાવેશ કરતો હોય છે. તેવે વખતે ઉત્તર આપનારે એક પ્રશ્નના બે ત્રણ કટકા કરી તેનો ઉત્તર આપવો જોઈએ.

ઘણા વિદ્યાર્થીઓનાં મગજ જડ હોય છે; તેથી તેઓને ઉત્તર સમજાતો નથી અને તેઓ તેથી વિતંડાવાદમાં પડે છે. શિક્ષકે વિતંડાવાદમાં રસ ન લેતાં ઉત્તર આપીને જ બેસી રહેવું જોઈએ.

પ્રશ્નોત્તર વખતે ધારો કે પૂછનાર અને ઉત્તર દેનાર વચ્ચે મતભેદ થાય તો શિક્ષકે કે ઉત્તર દેનારે કહેવું જોઈએ કે આ ઉત્તર તો મારો છે; તમને તે ઠીક લાગે તો સ્વીકારો. કંઈ નહિ તો તેના ઉપર વિચાર તો કરો જ કરો; અને છેવટે ઉત્તર ઠીક ન લાગે તો તેને કબૂલ ન રાખો. શિક્ષકે સ્વમતાગ્રહ રાખવાની કશી જરૂર નથી.

જવાબ આપતી વખતે પ્રશ્નનો ઉત્તર તુરત પ્રથમ રજૂ કરવો જોઈએ. ત્યાર પછી જો ઉત્તર બરાબર છે એ બતાવવા દલીલો રજૂ કરવી હોય તો ટૂંકમાં, એક બે ત્રણ એમ કરીને દલીલો રજૂ કરી દેવી. પણ શિક્ષકે દરેક પ્રશ્નના ઉત્તર વખતે એક મોટું ભાષણ કરી નાખવાની કંઈ જરૂર નથી. કોઈ વિષયના નિરૂપણ માટે ભાષણ કે પ્રવચનની જરૂર છે જ નહિ. પ્રશ્નનો ઉત્તર નિરૂપણ માગે છે ત્યારે પ્રશ્નને પ્રશ્નોત્તર વિભાગમાંથી કાઢી નાખી વિવેચન કે પ્રવચનનો વિષય બનાવવો જોઈએ.

ટૂંકમાં અત્યારની શાળામાં માત્ર ભાષણપદ્ધતિ એટલે શિક્ષક જ શીખ્યા કરે તેને બદલે વિદ્યાર્થીઓને પૂછતા–બોલતા કરવા જોઈએ, અને પ્રશ્નો અને ઉત્તરોમાંથી જ્ઞાનને ઉપજાવવું જોઈએ. ગિ.

નિશાળમાં ચોરી

બિલકુલ નવી નિશાળોની વાત જુદી છે. બાલમંદિરોની વાત પણ જુદી જ છે. પણ પ્રાથમિક શાળાઓમાં આપણે એક જ વાર જઈને જોવું જોઈએ કે નિશાળમાંથી બાળકો ચોરી કેમ શીખે છે. ભડકવાની જરૂર નથી. નિશાળમાં ચોરીનો ધંધો શીખાતો નથી; અથવા તો નિશાળમાં ચોરી જવાની ચીજો રઝળતી રખડતી હોતી નથી. છતાં ત્યાં રોજ ચોરી થાય છે અને તે આજે છે. આ ચોરી એકબીજામાંથી જોઈજોઈને લખવું તે છે. કોણ જાણે કયાંથીયે આવી ટેવ છોકરાછોકરીઓને પડે છે કે તેઓને એકબીજામાંથી જોયા વિના ચાલતું નથી. આ કુટેવના મૂળમાં બે વસ્તુ હોઈ શકે છે. એક તો વિદ્યાર્થીઓને ન આવડતું હોય છતાં તેમને આવડે છે એમ બતાવવાની જરૂર અને ઇચ્છા હોય; બીજું પરીક્ષાની પદ્ધતિ એવી હોય કે તેમાં શિક્ષકે જ આવી રીતે જોઈજોઈને કરી લેવાનું એક વાર શીખવ્યું હોય, અને તેમાંથી બાળકોને આ ટેવ પડી ગઈ હોય. એક વાર આવી ટેવ પડી ગયા

પછી તો બાળકોને તે સહજ લાગે છે. લસણ-ડુંગળી ખાનારને જેમ તેની વાસ સહજ લાગે છે તેમ બાળકોને આવી રીતે ચોરી કરવી તે સ્વાભાવિક લાગે છે. ધીમે ધીમે તેમને એ ખ્યાલ રહેતો જ નથી કે તેઓને નથી આવડતું, અને છતાં તેઓના દાખલા વગેરે સાચા પડે એ ખોટું જ્ઞાન છે. તેમને તો કદાચ એમ પણ થઈ જતું હોય કે ભણવાની જ આ એક રીત છે, અને બીજામાંથી જોઈ જોઈને પણ લખીએ કે ચીતરીએ તો તે પણ ભણ્યું ગણાય. આથી તેમને એક ખોટી ટેવ પડે છે એટલું જ નહિ, પણ તેમનામાં એક જૂઠી વિચાર-સરણી બંધાય છે. આ અજ્ઞાનભરી આત્મછળ-વાળી વિચારસરણી બાળકોને સૌથી વધારે નુકસાન કરે છે. આ મારું અને આ તારું, આ વસ્તુનું મને જ્ઞાન છે અને આ વસ્તુનું મને જ્ઞાન નથી, એ ભેદો મનુષ્યે જાણવા જ જોઈએ. મારું તારું જાણ્યા પછી સમૂહમાંથી વ્યક્તિ જુદી પડે છે. એવી જુદી પડેલી વ્યક્તિ જ મારું'નો અર્થ વર્ગીકરણ પૂરતો સમજી મમ-ત્વનો ત્યાગ કરી શકે છે. પણ જે વ્યક્તિનું માનસ મારું તારું જેટલો તફાવત ન પાડે તે વ્યક્તિ મમત્વ રહિત થઈ શકે નહિ. જ્ઞાનની બાબતમાં પણ જ્ઞાન અને અજ્ઞાનનો ખ્યાલ આવશ્યક છે, તેમ જ હું જાણું છું અને હું નથી જાણતો એનો ખ્યાલ પણ આવશ્યક છે. એટલા માટે બાળકો જે કંઈ કરે તે પોતાની મતિથી અને શક્તિથી કરે, સ્વસ્ફુરણા અને સ્વપ્રયત્નથી કરે, તે વિચાર અગત્યનો છે. ચોરી કરીને ચલાવનાર પોતે આવા સ્પષ્ટ જ્ઞાનમાંથી ઊલટો ભ્રષ્ટ થાય છે; અને બીજાને જે આવડે છે તે પોતાને પણ આવડ્યું ગણાય એવો ભ્રમ સેવે છે; કેમકે શિક્ષક તેનું સાચું આપે છે ને પરીક્ષામાં તે પાસ થાય છે.

આવી સ્થિતિનો ઉપાય બાળકોને એક-બીજામાંથી જોતાં અટકાવવામાં છે. શિક્ષકે દરેક પળે સાવધપણું રાખવું જોઈએ કે બાળકો જોઈ જોઈને લખે કરે નહિ, આડી-બાડી આંખે બાળકો જોઈ લે તો તે ચલવી લેવું નહિ. તેઓને નથી આવડતું તેની નોંધ લેવી. તેઓને કહી દેવું કે જેમને ન આવડતું હોય તે ન લખે, પણ જોઈ જોઈને કોઈ લખી ન લાવે. જેણે જોયું હોય તેનું લખાણ અથવા દાખલો સાચા તરીકે કબૂલ જ ન રાખવો. એક વાર જો કબૂલ રાખવામાં આવે તો બાળક સમજે છે કે શિક્ષકની નજર ચૂકવી શકાય છે અને સાચું કરી શકાય છે. શિક્ષકે બાળ-કને સ્પષ્ટ રીતે સમજાવવું જોઈએ કે "કોઈનું લઈ લઈને આપણું કરીએ તો તે આપણું થતું નથી; કોઈને આવડતું હોય તે જોઈને આપણે લખી કે ઉતારી લઈએ તો તેમાં આપણી શક્તિ કે અક્કલ વધતી નથી. જેને ન આવડતું હોય તે શિક્ષક પાસે આવીને શીખે. ન આવડે તો શીખવું સારું છે પણ છુપાવવું નકામું છે." આ ઉપરાંત શિક્ષકે વાતાવરણ બદલી નાખવું જોઈએ. ખરા ખોટા આપવા, ચડાવવા, નંબર આપવા, વગેરે કારણે બાળકો જૂઠાણા ઉપર જાય છે. તેમને સારા દેખાવું તો છે પણ પોતાને કંઈ આવડે નહિ એટલે ચોરી કરીને તેઓ ઉપર આવતાં જાય છે. આમાંથી બાળકોને બચાવવાં જોઈએ જ.

જૂના વખતમાં તો શિક્ષકો પોતે જ બાળ-

કોને પરીક્ષા વખતે કોપી કરાવતા હતા. કોપી કરાવવાની રીતો પણ અનેક હતી. કોઈ ન જાણે તેમ જોઈ જોઈને લખી જવું એ પણ એક કોપી કરવાની રીત છે. આ જૂની રીતમાંથી બાળકોએ બોધ લીધો અને પછીથી તેઓ હમેશની પરીક્ષા કરવામાં પણ કોપી કરવા લાગ્યાં.

આ સ્થિતિ ટાળવા માટે શિક્ષકે બાળકો જોઈ જોઈને ન લખે તે માટે ખાસ કાળજી રાખવી. આવડે ન આવડે તેમની વચ્ચે ભેદ પાડી આવડતા ન આવડતાની ચડાઊતરી કરાવવી નહિ; આવડતાને વખાણવાં નહિ. અને ન આવડતાને વખોડવાં નહિ. પહેલેથી કહી દેવું કે જેમને ન આવડતું હોય તે લખે જ નહિ પણ શીખવા આવે. વળી એમ પણ કહી શકાય કે જેમને ન આવડતું હોય તે કોઈનામાં જોઈજોઈને લખે, પણ પાટીમાં એમ પણ લખે કે 'જોઈ જોઈને લખેલું. નથી આવડતું.' મતલબે જોઈ જોઈને લખવાની–ચોરી કરવાની ટેવ કાઢવા માટે બાળકોને ઉપદેશ ન દેતાં તે વાત અશક્ય અને તેમ કરવું. એમ પણ કરી શકાય કે જે આવડતું હોય તે ઊભા થાઓ; જેને ન આવડતું હોય તે ઊભા થાઓ. પછી આવડતું હોય તે ન આવડતાને શીખવવા નીકળે અને બધાને આવડ્યા પછી ફરી વાર લખાવવું. શિક્ષકે કદી પણ સંતોષ માનવો નહિ કે બધાના ખરા પડે છે માટે બધાને આવડે છે. વળી એકાદ મૉનીટરને ઊભો રાખવો અને તેને કહી દેવું કે જેઓ જોઈ જોઈને લખે તેમને ઊભા કરી દેવા અગર તેમની પાટીઓ જ લઈ લેવી. આવા ઉપાયો કરી બાળકો પ્રામાણિકપણે પોતાને આવડે. તે લખે અને કોપી કરતાં ન શીખે તે માટે પ્રયત્ન કરવો.

કોપી કરી હાથલા સાચા પાડવા એ વાત ધ્યાન બહાર જવા દેવા જતાં બાળકમાં પ્રામાણિકપણાનો અને અપ્રામાણિકપણાનો ખ્યાલ ભૂંસાઈ જાય છે. જે કંઈ કરવાનું છે તે બાળકમાં પ્રામાણિકપણું જાગૃત કરવાનું છે, અને તે ઉપદેશથી નહિ. ગિ.

બાલમંદિરમાં હોજ

સિંધ હૈદ્રાબાદના એક બાલમંદિરના આંગણામાં મેં જ્યારે નાનો એવો હોજ જોયો ત્યારે મને ખૂબ જ આનંદ થયો. બાળકોને છાતી સુધી પાણી પહોંચે તેટલી ઊંડાઈનો તે હતો. તેની અંદર નળ વડે પાણી આવી શકતું હતું અને તળિયે ગોઠવેલ ભૂંગળાથી જ્યારે પાણી કાઢવું હોય ત્યારે પાણી કાઢી નાખી શકાતું હતું. હોજનો આકાર કંઈક કમળના આકારનો હતો.

બાળકોને નહાવું બહુ ગમે છે. પહેલા વરસાદે બાળકો વરસાદમાં નહાવા માટે ઘરમાંથી અને બાલમંદિરમાંથી નાસી છૂટે છે. માબાપો અને શિક્ષકો ના પાડે કે હા પાડે પણ બાળકો તો નહાવા જવાનાં જ. આ ગમવું શહેરનાં કે ગામડાનાં, પૈસાદારનાં કે ગરીબનાં, સઘળાં બાળકોને સમાન છે.

કુદરતના વેશે બાળકો વરસાદમાં હસતાં અને દોડાદોડ કરતાં નહાય છે ત્યારે બાળકોના સ્વચ્છ આનંદનું એક સુંદર રમણીય દર્શન થાય છે.

બાળકો કુદરતનાં બળો સાથે એકાએક તલ્લીન થઈ જાય છે. દરિયાકિનારે, આકાશ નીચે ખુલ્લાં મેદાનોમાં, પર્વતો ઉપર, નદીકાંઠે, બાળકોને જેમણે રમતાં જોયાં છે તેઓ આ વાત સમજે છે.

દરેક બાલમંદિર અને પ્રાથમિક શાળામાં કદાચ કુદરતનો સંપૂર્ણ પરિચય અને તેનો આનંદ આપી શકાય નહિ, તોપણ જેટલું થોડું બની શકે તેટલું તો અવશ્ય કરવું જોઈએ. બાળકોને નદીએ કે તળાવકિનારે લઈ જઈ તેમને નવરાવનારને ખબર છે કે બાળકો નદીનાં પાણીમાંથી કલાકો સુધી નીકળતાં નથી તેઓ ધરાઈ ધરાઈને નહાયા પછી બહાર નીકળ્યાનું ભાગ્યે જ બને છે. તેમને આખરે કાળ અને વ્યવસ્થાની મર્યાદાને લીધે પાણીમાંથી વ્યવસ્થાપકે બહાર કાઢવાં પડે છે. આવો આનંદ તો નહિ પણ તેનો થોડો ભાગ આપણે શાળામાં હોજ બાંધીને બાળકોને આપી શકીએ છીએ.

બાલમંદિરમાં ખર્ચ કરીને બીજું ઘણું વસાવી શકીએ છીએ. એ બધા ખર્ચમાં હોજનો ખર્ચ વધી જાય તેમ નથી, અને ખર્ચની સાથે ઘણા લાભો છે.

હોજમાં બાળકો નહાશે, તેમના મનમાં આનંદ થશે. આનંદ થશે એટલે તેમનાં માનસિક દબાણો ઘટી જશે કે દૂર થશે, તેમનો થાક ઓછો થશે, તેઓ પ્રસન્નતાનો અનુભવ કરતાં વિશ્વની પ્રસન્નતાનાં આંદોલનો ઝીલશે, જ્યારે જ્યારે આપણે પ્રસન્ન હોઈએ છીએ ત્યારે વિશ્વપ્રસન્નતા સાથે આપણે જોડાઈએ છીએ અને તેને પરિણામે આપણી પ્રસન્નતાનો આનંદ બમણો થાય છે; અને સાથે સાથે જ વિશ્વપ્રસન્નતામાં આપણે પણ થોડો વધારો કરનાર બનીએ છીએ.

નહાવાથી અને તે પણ લહેરથી નહાવાથી બાળકોનાં શરીરો હળવાં થશે; તેના ઉપરનો મેલ અને ગંદકી અને ગંધ જશે, અને શરીરની સ્વચ્છતાના જે લાભો છે તે બાળકોને પ્રાપ્ત થશે.

આપણાં બાળકો કેટલાં ગંદાં રહે છે તે આપણે કદાચ જાણીએ છીએ. ઉચ્ચ વર્ણોમાં પાણી ઢોળી નહાવાનો રિવાજ છે. મધ્યમ વર્ગમાં પણ નહાવામાં તો આવે છે. પણ જેને આપણે ઊતરતા વર્ગો કહીએ તે વર્ગમાં નહાવાનું નિયમસરનું અને હમેશનું નથી. એટલું જ નહિ પણ નહાવાની તેમને ફુરસદ નથી મળતી તેથી તે અપવાદરૂપ હોય છે. કેટલીક કોમો સ્વભાવે ગંદી હોય છે અને તે નહાવામાં બહુ સમજતી નથી.

નાનાં બાળકો શરીરે મેલ ચડેલાં, ચામડી ગંધાતાં, માથું ગંધાતાં, ઘણી વાર ફુગાઇ ગયેલી ચામડીવાળાં અને ગડગૂમડાં દાદર તથા ચામડીના એવા રોગોવાળાં હોય છે. માત્ર સ્નાનથી શરીરને ઘણા લાભો થાય છે એ હજી લોકો જાણતા નથી. જેમને ત્યાં બાળકોને દરરોજ નવરાવવાનો રિવાજ નથી અને જે લોકો પોતે સ્નાનનો મહિમા જાણતા નથી તેમનાં બધાંનાં બાળકોને નવરાવવાનું એક જ સ્થળ છે, અને તે શાળા.

હોજમાં તેઓ ખૂબ ખૂબ આનંદ સાથે નહાશે. તેમના મેલ, ફૂગી વગેરે જશે. નાતી વખતે જે પાણી બે ત્રણ વાર બદલાવવામાં આવશે અને છેવટે હોજમાંથી બહાર નીકળી એક જુદા નળ નીચે દરેક બાળક અલગ અલગ નાહી લે તો શરીરની સ્વચ્છતા બરાબર થવાની. પછી સ્વચ્છ શરીરમાં સ્વચ્છ મન એ કહેવત પ્રમાણે પ્રસન્નતાથી ભણવાની અને ભણાવવાની મજા આવશે.

હોજમાં નહાતી વખતે બાળકો ધીમે ધીમે તરતાં પણ શીખશે. તરતાં શીખવું અગત્યનું છે. તરનાર માણસ સાગર, નદી, સરોવર કે કૂવાના જળનો ખરો આનંદ લઈ શકે છે. નદીએ જઈને તેમાં નહાયા વિના, સરોવરથી તર્યા વિના અને સાગરે જઈને સાગરનાં મોજાં સાથે ઊછળ્યા વિના પાછું તો ત્યારે જ આવવું પડે કે જ્યારે આપણને તરતાં આવડતું ન હોય. કુદરતનો આ આનંદ મેળવવામાં મહાન બુદ્ધિ, શક્તિ કે મોટા ખર્ચની કશી જરૂર નથી. કુદરતના આનંદો હમેશ સસ્તામાં સસ્તા છે.

અલબત્ત બાળકોને તરતાં શીખવવા માટેની વ્યવસ્થા કાળજીપૂર્વક થવી જોઈએ. તરતાં શીખવાનાં સાધનો હોજ પાસે જોઈએ. જ્યારે જ્યારે બાળકો તરવા જાય ત્યારે ત્યારે હોજ પાસે એક માણસ હાજર જ હોય. બાળકોને કંઈ અકસ્માત ન નડે તે માટે ખાસ કાળજી રાખવી જોઈએ.

બાળકો માત્ર નહાય તેમ ન ઇચ્છવું. તેઓને શરીર ચોળીને કેમ નહાવું તે શીખવવું અને નાહ્યા પછી તેઓ ડિલ લૂછે તે પણ શીખવવું. ઉનાળામાં આ હોજમાં એક કે બે વાર બાળકો નહાશે તો કશો વાંધો નથી; બીજી ઋતુઓમાં હવાનો ખ્યાલ રાખી બાળકોને નહાવા દેવાં જોઈએ.

હોજ શાળાને અંગે અવશ્ય જોઈએ. એ વાત નવી શાળાઓ તો તુરત સ્વીકારશે. ગિ.

સંગીતની રુચિ

ઘણા એવા લોકો હોય છે કે તેમને સંગીત પ્રત્યે રુચિ નથી હોતી; કેટલાકને સંગીત સાંભળવું કંટાળા ભરેલું પણ લાગે છે. આનું કારણ તેઓમાં સંગીતપ્રિય વૃત્તિ નથી એમ કહી શકીએ. પણ એ ઉપરાંત તેમને સંગીતના કશાય સંસ્કાર નથી પડ્યા એમ પણ કહેવાય.

સ્વભાવથી સંગીતપ્રિય માણસને સંગીતના સંસ્કારો સંગીતના વિષયમાં તેનો આગળ પ્રવેશ કરાવે છે જ્યારે સંગીતઅપ્રિય માણસને સંગીતના સંસ્કારો સંગીત પ્રત્યે રુચિવાળો બનાવે છે. સંગીતના સંસ્કારો હરેક માણસને કામના તો છે જ.

આ સંસ્કારો બાલ્યાવસ્થાથી જ પડવા જોઈએ. માણસ ભાષાશાસ્ત્રી થાય કે નહિ, પણ નાનપણથી ભાષા સાંભળવાથી ભાષા સમજતો-બોલતો તો થાય જ; એમ જ સંગીતના સંસ્કારથી તે સંગીતકાર થાય યા ન થાય, પણ તે સંગીત પ્રત્યે સદૈવ અભિમુખ તો બને જ છે.

આ સંસ્કાર ઘરમાંથી આપી શકાય. ઘરમાં ગવાતાં લોકગીત અને ગીતો, ઘરમાં થતું સંગીત, ઘરમાં વાગતાં વાદ્યો, ઘરમાં ચાલતો રેડિયો અને ગ્રામોફોન, આ બધું સંગીતના

સંસ્કારો પાડવાનાં સાધનો છે.

લોકગીતો ઘરમાં અને શાળામાં છૂટથી ગવાવાં જોઈએ. સામાન્યતઃ લોકગીતનું વાતાવરણ ઊભું કરવું સહેલું છે, કેમકે એના ઢાળો સરલ છે. શાસ્ત્રીય સંગીત એ અઘરી વસ્તુ છે; તેનો ખાસશા સ્ત્રીય અભ્યાસી તેનું વાતાવરણ જમાવી શકે, પરંતુ લોકગીતની વાત નોખી છે. લોકગીતો જાણનાર પાસેથી શીખાઉ જલદી શીખી શકે છે એ એની સરળતા છે. શાળાના દરેક શિક્ષકને થોડાં ઘણાં લોકગીતો આવડવાં જ જોઈએ, અને તેણે પોતાનો જેવો કંઠ હોય તેવા કંઠે તે ગાવાં જોઈએ. બેશક તે બેસૂર કે બેતાલ તો ન જ જોઈએ.

શાસ્ત્રીય સંગીતનું વાતાવરણ શક્ય હોય તો તે શાળામાં અવશ્ય લાવવું જોઈએ. શાળામાં જે કોઈ થોડું ઘણું પણ શાસ્ત્રીય સંગીત કરી શકતું હોય તેણે રોજરોજ કંઈ ને કંઈ બાળકોને ગાઈ સંભળાવવું જોઈએ. સામાન્યતઃ પ્રાર્થનાનો વખત એવો છે કે એ વખતે સારું સંગીત જમાવવાથી સાંભળનારમાં સારા સંસ્કારો પડે છે.

એવી જ રીતે જ્યારે જ્યારે અંતકડી રમાય ત્યારે ત્યારે પણ દરેક કડી સારી રીતે ગવાવી જોઈએ; માત્ર કડીઓ પછી કડીઓ બોલાઈ જવી ન જોઈએ. અંતકડીની રમત માત્ર કાવ્યસ્મૃતિની નથી પણ સુસંગીતની પણ છે એમ શિક્ષકે યાદ રાખવું. જ્યાં શક્ય હોય ત્યાં અંતકડીમાં વાદ્યો વગાડવાનું પણ ચૂકવું નહિ.

જ્યારે જ્યારે મુખસંગીત થાય ત્યારે ત્યારે બની શકે ત્યાં વાદ્યની સાથે તે થાય, તથા તાલ જળવાય તે તરફ ધ્યાન આપવું અને સંપૂર્ણ શાંતિ જમાવવી. સારું સંગીત સાંભળતાં સાંભળતાં કેટલાકને સારું ગાતાં આવડી જશે, જ્યારે કેટલાકને સાંભળવાની મજા વધારે ને વધારે આવશે અને સંગીત તરફ તેમનું મન વળશે.

સંગીતની રુચિ ઉત્પન્ન કરવા માત્ર વાદ્યો પણ ચાલી શકે છે. જ્યાં કોઈ ગાનાર ન હોય ત્યાં વાદ્યોથી કામ લેવું. બાળકોને ભેગાં કરી સતાર, દિલરુબા વગેરે વાદ્યો અવારનવાર સંભળાવવાથી રુચિજાગૃતિ આવે છે. વાદ્યોની પસંદગી અગત્યની છે. વાદ્યનો મેળ અગત્યનો છે. વગાડનારની લહેર અગત્યની છે. હારમોનિયમ જેવું વાદ્ય રુચિજાગૃતિના સાધન તરીકે કાઢી નખાય તો સારું. રુચિજાગૃતિ માટે હમેશાં ઉત્તમ સાધન જ જોઈએ. જે વાદ્યો ઉત્તમ ગણાય-એટલે કે વીન, સતાર, દિલરુબા વગેરે તંતુવાદ્યોને પ્રથમ સ્થાન મળવું જોઈએ; બાલી હારમોનિયમ ભોં ભોં કરે અને વિદ્યાર્થીઓના કાન તે સાંભળે તેમાં રુચિને બદલે અરુચિ થાય છે. જેમ શીતળ વાતાવરણમાં જતાં હાશ થાય છે, જેમ સુવાસિત બાગમાં ફરતાં હાશ થાય છે, તેમ સંગીત એવું થવું જોઈએ કે સાંભળનારને હાશ લાગે; તેનો થાક ઊતરતો હોય તેમ લાગે; તેને આનંદ આનંદ લાગે ને તેનું શરીર, ઇંદ્રિયો, મન વગેરે એકાગ્ર થાય અને સંગીતનો નાદ સાંભળનારમાં સહેજે સોંસરવો ચાલ્યો જાય. વાદ્યો મેળવેલાં જોઈએ જ. વિદ્યાર્થીઓને સંભળાવવું છે એમ કરીને ચલની ન લેવાય. ઉસ્તાદોની વચ્ચે જે જાતની કાળજી જોઈએ તે જ

જાતની કાળજી બાળકો વચ્ચે જોઈએ, કેમકે આપણે તેમના પર સારામાં સારી છાપ પાડવા માગીએ છીએ.

સંગીત કરનાર હમેશાં તાજગીવાળો અને પ્રસન્ન જોઈએ. તે એક સારી કદરદાન મિજલસ સામે ગાય છે તેવું તેને લાગવું જોઈએ. જેમ ઈશ્વર સામે ભક્ત ગાય છે અને સંગીતની જમાવટમાં તલ્લીનતા અનુભવે છે, તેમ જ બાળકો સામે સંગીત ગાનારે થવું જોઈએ. ગીત ભલે સાદું હોય, ગત ભલે સાદી હોય, પણ તલ્લીનતા તો સંપૂર્ણ જ જોઈએ.

ગ્રામોફોન પણ સંગીતની રુચિ જગાડવામાં અને દૃઢ કરવામાં ઉપયોગી છે. ગ્રામોફોન ઉપયોગી શોધ છે. કેળવણીમાં તેનો ઉપયોગ આવશ્યક છે; પણ એટલું ધ્યાનમાં રાખવું કે તેમાં રેકર્ડોની પસંદગી ખાસ કાળજીપૂર્વક કરવી જોઈએ. ગમે તે રેકર્ડો બાળકો સાંભળે તો તેથી તેઓ ગમ્મત તો લઈ શકે, પણ સંગીતની ઊંડી છાપ તેમના પર ન પડે. સારામાં સારા ઉસ્તાદોની રેકર્ડો જ બાળકો સાંભળે તો તેમાં ઊલટું સારું છે. તેનો અર્થ એમ નથી કે પરીઓની બોલી કે 'ડાકોરના મેળા'ની રેકર્ડ તેને ન સંભળાવવી. પણ ઢેંકબગલા જેવું જેમાં સંગીત હોય અને લોકોની સામાન્ય સંગીતરુચિને પોષવા તથા રાજી કરવા માટે જ જે રેકર્ડો ઉતારી હોય તે ન સંભળાવવી. ખરી રીતે તો જે એક વાર સારી રેકર્ડો સંભળાવવામાં આવે તો પછી જેવી તેવી રેકર્ડો સાંભળવાનું મન જ ન થાય. જેમ કોઈ સારો મહેલ કે કુદરતનો દેખાવ જોયા પછી જેવું તેવું ધ્યાનમાં જ ન આવે, તેવી રીતે સારું સંગીત સાંભળ્યા પછી એની મેળે જ સંગીતની રુચિ શુદ્ધ થાય છે.

દરેક શાળામાં ગ્રામોફોન અને સારી રેકર્ડો વસાવવી જ જોઈએ. શાળામાં કોઈ ગાનાર ન હોય, વાદ્ય વગાડનાર ન હોય, તોપણ જો રેકર્ડો હોય તો ઘણી મોટી ખોટ પુરાઈ રહે એમાં શંકા નથી. સાઉન્ડ બૉક્સ સારી જોઈએ. ગ્રામોફોન પણ સારી બનાવટનું જોઈએ. વાદ્યોમાં જેટલું સોંઘું કરવા જઈએ તેટલું જ તે બધું નકામું જાય છે અને મોઘું જ પડે છે. પીનો પણ સારી જોઈએ, ગાન, વાદ્ય કે ગ્રામોફોન ચાલુ કરતી વખતે પૂર્ણ શાંતિ જોઈએ. આ શાંતિ માટે બાળકોને વ્યવસ્થિત ગોઠવવાં જોઈએ. ગાન વખતે બહારના વિક્ષેપો ન આવે તેનો બંદોબસ્ત રાખવો જોઈએ. ધૂપ અને દીપનું વાતાવરણ હોય તો વળી વધારે સારું. કામગારો અને શિક્ષકોની હિલચાલ બહુ ગંભીર અને શાંત જોઈએ. એકાદ ભવ્ય સુંદર કચેરીમાં ગાનતાનનો જે દમદમો અને ગંભીરતા અને શાંતિ હોય તે જોઈએ. બાળકોને ત્યાં આવી સહેજે બેસવાનું મન થાય તેવું બધું જોઈએ.

સંગીત શરૂ થાય તે વખતે પ્રારંભિક વચનો ટૂંકમાં અને સમજાય તેમ શિક્ષકે બોલવાં. નવું ગાન આવે કે રેકર્ડ આવે એટલે તે વિષે ટૂંકમાં કહેવું. મતલબે એક સારો એવો જલસો ચાલતો હોય તેવો ઠાઠ રાખવો. આમ છતાં સાંભળનારના ઉપર કોઈ પણ પ્રકારની ફરજ ન જોઈએ. જો સાંભળવું ફરજિયાત ઠરાવશું તો સાંભળનારના મનમાં તેનો વિરોધ બંધાશે.

અને એક વાર વિરોધ બંધાયા પછી બધું સંગીત નકામું જ જવાનું છે. એટલા માટે બાળકોને કહી દેવું કે જેને સાંભળવું હોય તે આવે. પણ તેની સાથે સંગીતનું સ્થાન એટલું પ્રિય બનાવવું કે ત્યાં આવ્યા વિના બાળકોને ગમે જ નહિ, અને ચાલે જ નહિ. સંગીત સાંભળવાની ફરજ કદી ન જોઈએ; પણ સંગીત સાંભળવા આવનાર માટે નિયમો હોઈ શકે: જેમકે સંગીતના સ્થળે વાતો ન થાય, હિલચાલ ધીમેથી થાય, વગેરે વગેરે.

રેડિયો દરેક શાળા અને બાલમંદિરમાં હોય તો સારું. રેડિયોમાં ઉસ્તાદોનાં ગીતો સીધેસીધાં સાંભળવા મળે છે; એ કાંઈ જેવો તેવો લાભ નથી. લોકોને ખાસ સારું સંગીત સંભળાવવાની વ્યવસ્થાનો લાભ રેડિયો કું. કરે છે તો તેનો ઉપયોગ શાળાઓએ કરવો જ જોઈએ. રેડિયોના કાર્યક્રમો જોઈ તેમાંથી જે કાંઈ સારું હોય તે બાળકોને સંભળાવવાની યોજના તો શિક્ષક કરે જ.

ઉપર જે કાંઈ શાળા માટે કહેલું છે તે બધું ઘરને પણ લાગુ પડે છે ઘણી વાર શાળાની સ્થિતિ સુસંગીતની વ્યવસ્થા કરવાની નથી હોતી; પણ ઘરમાં તેની વ્યવસ્થા કરવાની જ્યાં જ્યાં શક્યતા હોય ત્યાં ત્યાં અવશ્ય તે થવી જ જોઈએ. મોટાંઓનું સંગીત ચાલતું હોય ત્યાં બાળકોને થોડો વધતો લાભ તો મળે જ છે; પરંતુ તેટલેથી ચલાવી ન લેતાં બાળકો માટે જ સંગીતશ્રવણનું કામ ચાલે તેવું પહોંચી શકે તેવાં ઘરોમાં અવશ્ય થવું જોઈએ.

માત્ર એકાદ સંગીતશિક્ષક પૂરો પાડવાથી માબાપોનું કામ કે સંગીત રૂમ ઊભો કરવાનું કામ પૂરું થતું નથી. સંગીતશિક્ષક સંગીત જાણે તે ઉપરાંત બાળકોના મન ઉપર સંગીતના સંસ્કારો કેમ પડાય તે પણ તે જાણે, તો જ તે બાળકોને સાચી રીતે ઉપયોગી છે. સંગીતશિક્ષક દ્વારા મુખ્ય કામ તો સારી રુચિ કેળવવાની છે. સંગીતશિક્ષકે તેની ગંભીરતા સમજવી જોઈએ અને તે બાબતમાં તો સમજણ પણ જોઈએ. નર્યો ઊંચી જાતનો ઉસ્તાદ પણ આ કામને માટે ઘણી વાર નકામો નીવડે, જ્યારે સાદો સંગીત જાણનાર આ કામને દીપાવી અને સફળ બનાવી શકે. ગિ.

ઉપાય શો ?

એક ભાઈ પોતાના બાળક વિષે નીચેની મુશ્કેલીઓ રજૂ કરે છે: —

"મારા બાળકનું ધ્યાન રમતમાં ઘણું જ છે. ખાતાં પીતાં ઊઠતાં બેસતાં ચાળા જ કર્યા કરે છે. જમતાં રમતમાં એટલો ખ્યાલ રાખે છે કે ભાગ્યે જ પૂરું ખાય છે પુષ્કળ વખત લેતાં પણ પૂરતું જમતો નથી. અને ચાલુ ટોકયા કરીએ ત્યારે જ થોડું ઘણું ખાઈ શકે છે. સવારે ઊઠતાં ઘણી મહેનતે બેસાડી દૂધ પાઈએ; દાતણ કરતાં પણ ચાલુ રમત કરશે અને દાતણ મોઢામાં જ પડયું હશે. તેની પાછળ સવારે ચાલુ માથાફોડ કરીએ ત્યારે દોઢ કલાકે દાતણપાણી કરી નાહી જમીને સ્કૂલે જવા પામે. જો ધ્યાન ન આપીએ તો તે ખાવા પણ ન માગે. બપોરે અને રાત્રે જમતાં પણ તેની જ માથાફોડ કરવી પડે છે. નવરાવવો પણ

અમારે જોઈએ. કપડાં પણ અમે પહે-રાવીએ, નહિતર પોતાના હાથે રમતાં રમતાં કલાકે કપડાં પહેરે એવો છે. ભણવામાં પણ ધ્યાન નથી આપી શકતો. માસ્તરોનું કહેવું છે કે મગજ સારું છે પણ ધ્યાન નથી આપતો. ઘેર માસ્તર ભણાવે છે ત્યારે જ ભણી શકે છે, કારણકે ગમે તેટલું થોડું લેસન ઘેર કરવા આપ્યું હોય તો તે પોતાની મેળે બેસી કરી નથી શકતો. માસ્તર પોતે બેસી તેને લેસન કરાવે. જેમ જેમ વખત જતો જાય છે તેમ તેમ માથાકૂટ વધતી જાય છે. ગમે તેટલું આપણું મન કાબૂમાં રાખીએ છીએ છતાં રોજ ગુસ્સો આવી જાય છે અને દરેક વખતે ઠપકો આપીને જ તેને ધ્યાન ઠેકાણે રાખવા કહેવું પડે છે. તેની ઉપર ૬૫ વરસની થઈ છે.

"રમતોમાં પણ એવી કોઈ રમત નથી જે તેને ગમતી હોય. તમારા ખ્યાલમાં કોઈ એવી રમતોનાં સાધન હોય તો કૃપા કરી જણાવશો, અને તે કયાં મળશે તે પણ જણાવશો."

* * *

આવાં બાળકો ઘણાં જોવામાં આવે છે. પણ તેથી માબાપોએ અકળાવાની જરૂર નથી. ખરી રીતે બાળકનો ઇતિહાસ જાણ્યા વિના અભિપ્રાય આપવાનું કામ અઘરું છે. બાળકની સાથે તેના કુટુંબમાં રહેવાથી બાળકની વૃત્તિ અને તેના ઉપાય વિષે વધારે કહી શકાય.

એક વાત સ્પષ્ટપણે તરી આવે છે કે બાળક રમતિયાળ બહુ છે. તે ખરી રીતે કોઈ બાબતમાં બહુ તલ્લીન થતું નથી. તેને મદદ આપીએ તો જ તેનું કામ ચાલે છે.' આનું કારણ શોધીએ કે વિચારીએ તે પહેલાં એક માર્ગ તો ગ્રહણ કરવો જ જોઈએ કે તેને અત્યારે જે બધી મદદો આપવામાં આવે છે તે ખેંચી લેવી જોઈએ. આપવામાં આવેલી મદદો તેને વ્યવસ્થિત બનાવવા માટે છે; તેને બીજાં કામો માં પ્રવૃત્ત કરવા માટે છે. પણ મદદથી તે પરાધીન બનેલ છે એટલું જ નહિ પણ મનમોજી બનેલ લાગે છે. તેને હવે તો બાતરી થઈ ગઈ છે કે કોઈક તેને ઉઠાડશે, આખરે કોઈકે તેને દૂધ પાશે, આખરે કોઈકે નવરાવશે, જમાડશે, કપડાં પહેરાવશે, ભણાવશે, વગેરે વગેરે કરશે. આ વૃત્તિમાં કાં તો ગુલામી માનસ છે અથવા તો મહાત્મા'નું માનસ છે. આ તપાસવા માટે આપણે મદદ પાછી ખેંચી લેવી. મદદ પાછી ખેંચી લેતાં તે દુઃખ દર્શાવશે, દુઃખી પણ થશે, પણ આખરે સ્વાધીન થશે જ.

ઘરનું કામકાજ વગેરે બધું વ્યવસ્થિત અને સમયસરનું રાખવું. બાળક વાત સમજી શકે તેટલી ઉંમરનું છે એટલે તેને ઘરનાં સમયપત્રકો કરી દેવાં. પછી તેને જોઈતી સામગ્રી પૂરી પાડવી, જોઈતી જ મદદ આપવી, અને બાકીનું કામ જાતે કરી લેવા તેને કહેવું. તે ચાદૂધ પર વખતસર ન પહોંચે તો ભલે તે ચાદૂધ વિના રહે; તે ભોજન વખતે ન પહોંચે તો ભલે તે ભૂખ્યું રહે. તેને તુરત જ ભાન થશે કે સમાજ વ્યવસ્થિત છે અને પોતે વ્યવસ્થિત રહેવું જોઈએ. અત્યારે તો તે જેમ વર્તે છે તેને માબાપ અનુકૂળ વર્તે છે; ઠપકો આપ્યા પછી પણ જો બાળકનું જ ધાર્યું થતું હોય તો બાળકે શા માટે ઠપકો બાજુને પણ પોતાની ઇચ્છા પ્રમાણે ન વર્તવું? એક વાર ઠપકો બાવોથી બાળક રીઢું થઈ ગયું પછી

તો ઠપકો તેને મન નકામી વસ્તુ લાગે છે. માબાપે અને બાળકે બન્નેએ કડાકૂટ અને ઠપકામાંથી છૂટવા માટે સામાજિક વ્યવસ્થાનો દૃઢપણે સ્વીકાર કરવો અને કરાવવો જોઈએ.

બીજી વાત. બાળક રમતે ચડી જાય છે અને પોતાને જે કરવાનું છે તે ભૂલી જાય છે અગર તેમાં મંદ બને છે. બાળક કાંઈ આ બધું જાણી જોઈને નથી જ કરતું; તેનો આ અવગુણ પણ નથી. પણ તેના મનની આ એક સહજ પ્રકૃતિ છે. આ બહારથી આવેલ નથી તેની ખાતરી જ્યારે તેની આજુબાજુથી મદદ ખેંચી લેવામાં આવશે ત્યારે સ્પષ્ટ રીતે દેખાઈ આવશે. જો તે બહિર્જગતને કારણે અવ્યવસ્થિત બન્યું હશે તો તે પોતાની કુટેવ-અવ્યવસ્થાને છોડીને ઠેકાણે આવશે. પણ જો તેની આ અત્યારની પ્રકૃતિ હશે તો તે વિષે જુદો વિચાર કરવો પડશે. બાળકને જ્યારે પોતાની આસપાસના જગતમાં રસ નથી હોતો પણ જ્યારે તેનું મન પોતાના મનોગત જગતમાં હોય છે ત્યારે તે વારંવાર બહિર્જગતના નિયમો, લાભો, વ્યવસ્થા, વગેરેને ભૂલી જાય છે. તેને ગમે તેટલું ટોકો પણ તેને તેનો અર્થ સમજાતો નથી. તેને લાગે છે કે આ લોકો આમ શા માટે કહે છે? તેને પોતાની સ્થિતિ સમજાવતાં આવડતી નથી અને વારંવાર સામાજિક જીવનના નિયમોથી તે વિમુખ બને છે. માબાપોએ આવાં બાળકોને ધીરજથી અવલોકવાનું છે. જો તેનો શિક્ષક કહે છે કે તે બુદ્ધિશાળી છે તો એટલું જ શોધવાનું રહે છે કે તેનું મન ક્યાં રહે છે જેથી બહારની કોઈ બાબતોમાં તે ચોંટતું નથી? અથવા તો એવું શા કારણથી સંભવિત છે તે શોધવું જોઈએ. એમ બને છે કે બાળકને જે પ્રવૃત્તિ જોઈએ તે ન જ મળે તો તેનું મન વ્યગ્ર બને છે. અનેક પ્રવૃત્તિઓ બાળક પાસે ધરી આપણે જાણવાનું રહ્યું કે તેનું મન કયે ઠેકાણે એકાગ્ર થાય છે. એમ પણ બને છે કે બાલ્યાવસ્થામાં બાળકના અનુભવો એવા તીવ્ર અને સમાજ વિરુદ્ધ લાગણી ઉશ્કેરાય તેવા હોય તો તે અસામાજિક બને છે; તેથી તેને સમાજનું કોઈ પણ કામ કરવું ગમતું નથી અને તેથી હરેક કામમાં આડું ચાલે છે, અને પોતાના લોકો પ્રત્યે તે અણગમો બતાવે છે. એટલું જ નહિ પણ નાનપણમાં થયેલ દબાણનો તે પ્રત્યાઘાત કરી એક પ્રકારનું વેર વાળે છે. એમ પણ બને છે કે જો બાળકને એક બાજુથી લાડ લડાવવામાં આવે અને તે જ વખતે બીજી બાજુથી તેને દબાવવામાં આવે તો તે ક્રિયારહિત અને વિરુદ્ધ પ્રકૃતિનું બની જાય છે. હરેક ઠેકાણે તે નિષ્ક્રિયતા અને વિરોધ બતાવે છે. અતિશય લાડ બાળકને પરાધીન બનાવે છે અને અતિશય દબાણ, ડર, વગેરે તેને નામર્દ બનાવે છે. પરાધીન અને નામર્દ બાળક બુદ્ધિવાળું હોય તોપણ તે નકામું જેવું બને છે, અને લાગે છે. બાળકમાં બુદ્ધિ હોય તોપણ તેને સાંત્વન ન મળવાથી તે ઊલટી ચાલે છે; તેનામાં લાગણી હોય તો તે ઠાલવવાનું સ્થાન મળતું નથી. આવું બાળક મૂંઝવે તેવું બને છે. બાળકના ભૂતકાળમાં એવાં તત્ત્વો કયાં છે તે શોધવાં અને જાણવાં રહ્યાં. અને એ હાથ આવે ત્યાં સુધીમાં બાળકને એક બાજુથી પ્રેમપૂર્વક તેને અપાતી મદદમાંથી

મુક્ત રાખવું જોઈએ, અને બીજી બાજુથી તેને માટેની ચિંતાઓ અને ટોકણીમાંથી મા-બાપ અને બાળક બંને મુક્ત જોઈએ.

બાળકને ઘેર ભણાવવા રાખવાની જરૂર નથી. જેમ જેમ તેને ભણાવવા કરશું તેમ તે ભણશે નહિ. જેમ જેમ તેને તૈયાર મળશે તેમ તે પરાધીન બની જશે. તેને પોતાને જીવવાની મજા આવે તેવું વાતાવરણ રચવું જોઈએ. એમાં મુખ્ય વાત તેને સાચા હૃદયથી કોઈ ચાહનાર જોઈએ. તેના પ્રત્યે આવતા પ્રેમ વચ્ચે કોઈએ આડા આવવું ન જોઈએ; તેનું કદી અપમાન પણ ન થવું જોઈએ. તેના ઉપર ગુસ્સો કરવાની કશી જરૂર નથી.

બીજું, બાળક રમે કે રમતમાં ધ્યાન આપે તેમાં કંઈ બોટું નથી. ભણવામાં કંઈ એવું નથી કે તે જરા મોડું વહેલું ભણે તો દુનિયામાં તે રહી જશે. તેની પ્રકૃતિને નિર્મળ અને સ્પષ્ટ થવા દો. તે કંઈ જ ન કરે તો ભલે ન કરે; તેની વચ્ચે નહિ પડવાથી તે વહેલામાં વહેલી તકે બરાબર દેખાશે.

બાળકના આંતરમનોવિહારને આપણે જાણતા નથી. તેનામાં કઈ વૃત્તિ–શોધકની કે વૈરાગ્યની કે મંદ બુદ્ધિની છે તે આપણે જાણતાં નથી. તેથી દુનિયાની બેચાર ચીજો ભણાવવા ગણાવવા આપણે એનું અને આપણું માથું ફોડવું નહિ એટલું જ નહિ પણ શાંતિ રાખવી.

એક વાત બહુ સાચી છે કે બાળકને પ્રેમ અને સહાનુભૂતિના વાતાવરણમાં મૂકો; તેને જે સારું કરવું હોય તે કરવાની છૂટ મૂકો; તેને ટોકો નહિ પરંતુ જોયા કરો; એટલે બાળકને આગળ વધારવાનું સૂઝશે.

ગિ.

શિક્ષણ સમાચાર

—કચ્છમાં બાલસંઘો. નીચેનાં સ્થળોએ બાલસંઘો ચાલે છેઃ—

ગામનું નામ	ચલાવનારનું નામ
વડજર	પોપટલાલ ઠાકર
રતડીઆ	વિશ્રામ ગો.
કુંભારડી	સાકરચંદભાઈ
ઉખરડા	વાઘજી કોટક
ભરૂડીઆ	મુળજી રાઘ
વરલી	સુંદરજીભાઈ
રતનાળ	શામજીભાઈ
કાદીઆપ	દયાશંકરભાઈ
ઉમૈયાં	દીપચંદભાઈ
લાખાપાદર	શિવશંકર
ઘોળાવીરા	વીરાજી
સંઘડ	હરિરામ ગંધા
કોટડા	ભાઈ દેવશંકર
કોજાચોરા	કલ્યાણરાય મહેતા
ઢોરી	પ્રાણલાલ ઘોળકિયા
ભુજપુર	ભાર્ગ સુંદરજી

આ સંઘો ઉપરાંત અગાઉ સ્થપાયેલા સંઘો હજી ચાલુ છે. કચ્છના બાલસંઘો તથા તેના સંચાલકો તથા તમામ કાર્યકર્તાઓને ધન્યવાદ ઘટે છે. હજી ઘણા સંઘો નીકળવાની જરૂર છે.

—ઈશ્વરનગર (કચ્છ). અહીં ઈશ્વરનગર ગુરુકુલનો વાર્ષિક ઉત્સવ ઉજવાયો. પહેલા દિવસના પ્રમુખ શ્રી. ગિજુભાઈ, બીજા

દિવસના પ્રમુખ કચ્છ રાજ્યના કેળવણી ખાતા ના ઉપરી અધિકારી શ્રી. માવજીભાઈ, અને ત્રીજા દિવસના પ્રમુખ શ્રી. ચંદ્રકાંતભાઈ વિદ્યાવાચસ્પતિ, સોનગઢ ગુરકુલવાળા હતા.

—આફ્રિકા, મોમ્બાસા

શ્રી. વસંત નાયક તથા શ્રીમતી કાંતાબેન નાયક મોમ્બાસા (કેનિયા)માં આવેલ શ્રી સંતોકબેન નાનજી કાન્નિદાસ મહેતા નર્સરી સ્કૂલમાં જોડાયાં છે. ભાઈ વસંત નાયક સંસ્થાના આચાર્ય તરીકે કામ કરે છે, અને કાંતાબેન નાયક તેનાં મદદનીશ તરીકે તે જ સંસ્થામાં કામ કરે છે તેમનું સરનામું પો. બો. નં. ૧૬૫. મોમ્બાસા (કેનિયા કોલોની)

—વાંકુ, કચ્છ

શ્રી કચ્છ લોહાણા કેળવણી ખાતાના શિક્ષકો માટે કચ્છ વાંકુમાં તા. ૧ લી એપ્રિલથી માસ એક માટે શિક્ષણ અભ્યાસવર્ગ શરૂ થયો. શ્રી. ગિજુભાઈએ આ વર્ગનું સંચાલન કર્યું. ખાતાના ૫૬ શિક્ષકોએ વર્ગનો લાભ લીધો. શ્રી. ગિજુભાઈ ઉપરાંત અન્ય વ્યાખ્યાતાઓએ પણ વર્ગમાં વ્યાખ્યાનો આપ્યાં જેમાં શ્રી નરેન્દ્ર બધેકા, શ્રી સોમાભાઈ ભાવસાર વગેરેનો સમાવેશ થાય છે. આજુબાજુનાં ગામો જેવાં કે નળિયા અને કોઠારાના શિક્ષકોએ પણ અવારનવાર આવી વર્ગનો લાભ લીધો.

—વાંકુ. શ્રી. ગિજુભાઈએ વાંકુ કન્યાશાળાની મુલાકાત લીધી.

બાલઅધ્યાપનમંદિર માટે અરજી કરવાનું ઠેકાણું:—

શ્રી. શિવરામભાઈ મંત્રી, બાલઅધ્યાપનમંદિર
c/o પી. એલ. ચુડગર
બાર. એટ લો
રાજકોટ

બાલઅધ્યાપનમંદિર

ગુજરાત અને બૃહત્ ગુજરાતમાં બાલશિક્ષણની થઈ રહેલી પ્રગતિથી આજે સહુ જાણીતું છે. જોશભેર આગળ વધતી બાળકોની કેળવણી વિષેના લોકવિચારો આજે સ્થળે સ્થળે બાલમંદિરો કાઢવા ઇંતેજારી બતાવે છે અને બાલશિક્ષકોની માગણીઓ આજુબાજુ થઈ રહેલ છે.

આ પ્રસંગે અમને આ મહત્ત્વનું કામ હાથ ધરતાં આનંદ થાય છે અને એ કાર્યનું યથાર્થ સંચાલન કરવા માટે બાલશિક્ષણશાસ્ત્રી શ્રી. ગિજુભાઈ બધેકાને રાજકોટને આંગણે અમે આમંત્રણ આપ્યું છે. અમારા એ આમંત્રણને માન આપીને હાલ તુરત એક વર્ષને માટે રાજકોટમાં એક બાલઅધ્યાપનમંદિર ચલાવવાનો એમણે સ્વીકાર કર્યો છે.

ઉપરની હકીકતે જાહેર કરવાનું કે જે ભાઈબેનોને આ અધ્યાપનમંદિરમાં દાખલ થઈ બાલશિક્ષકો થવાની ઉમેદ હોય તેઓએ જૂન ૧૯૩૮ ની આખર સુધીમાં પોતાની અરજીઓ મોકલી આપવી અને અમારી પાસેથી અધ્યાપનમંદિરના વિગતવાર નિયમો મંગાવી લેવા. [બાજુમાં વાંચો

વાર્ષિક લવાજમ એક રૂપિયો. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
આ શિક્ષણ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઈ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૧૩ મું
સંવત ૧૯૯૪

અંક ૪ થો
જ્યેષ્ઠ

:તંત્રીઓ:

ગિજુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

ગુનો એટલે રોગ. શરીરના રોગીને જેમ ગુનેગાર ગણીને મારવામાં કે સજા કરવામાં ન આવે, તેમ જ મનના રોગી માટે પણ દવા અપાય. દવા આપતા પહેલાં શરીરમાં અને મનમાં રોગ થવાનું કારણ શું છે તે શોધવું પ્રથમ અગત્યનું છે.

શિક્ષણ પત્રિકા

વર્ષ ૧૩] જ્યેષ્ઠ ૧૯૯૪ [અંક ૪

મ ન નો

જેમ જૂના વખતના લોકો પેટપીડને માટે ડામ દેતા અને હિસ્ટીરિયાના દર્દીને મરચાંનો ધુમાડો દેતા, તેમ હાલના શિક્ષકો છોકરાંઓને તોફાનને માટે સજા કરે છે અને અણઆવડત કે ઓછી બુદ્ધિને માટે ધમકાવે છે.

: ૨ :

કાયદાકાનૂન થયા પછી જે શિક્ષક પોતાની ફરજ બરાબર બજાવે છે તે શિક્ષક નથી પણ લશ્કરનો સિપાઈ છે.

: ૩ :

જ્યાં સુધી શાળામાં અને ઘરમાં બાળકોને શિક્ષા કરવામાં આવે છે ત્યાં સુધી પશુયુગ ચાલ્યો ગયો છે એમ કહેનારા પશુઓ સિવાય બીજા કોઈ હોઈ શકે નહિ.

: ૪ :

ભણવાના વિષયની ચર્ચા કરવાને બદલે વિદ્યાર્થીઓ જો ભણાવનારની ચર્ચામાં પડી જાય તો તે કયારે ભણશે ?

: ૫ :

જ્યારે શિક્ષક માણસાઈ ખોઈ પશુપણાને પામે છે ત્યારે તે વિદ્યાર્થીઓને મારવા ઊઠે છે.

: ૬ :

પ્રયોગ સિદ્ધ ન થાય ત્યારે જો વૈજ્ઞાનિક પ્રયોગશાળાનાં સાધનો ઉપર ચિડાઈ જઈ તેને તોડીફોડી નાખી શકે, તો જ જ્યારે વિદ્યાર્થી ને ન આવડે ત્યારે શિક્ષક તેના પર ચિડાઈને તેને મારવા માંડે.

: ૭ :

શિક્ષકના ધંધામાં જ્યારે કેવળ નાલાયક માણસો પેસે ત્યારે તે ધંધો ડૂબવા આવ્યો છે એમ સમજવું.

: ૮ :

ઘરનાં પાંચ જણાં પાંચ જુદા જુદા સિદ્ધાંતોને માને તો બાળકે કયા સિદ્ધાંતને અનુસરવું ?

: ૯ :

મોટા માણસોનાં બાળકો ઘણા શિક્ષકોના હાથમાંથી પસાર થાય છે, તેથી બાળકોનું અહિત જ છે.

: ૧૦ :

પાંચ શિક્ષકોનું કામ ધૂળ મેળવવું હોય તો એક અણસમજુ આયાના અગર એક અણઘડ નોકરના હાથમાં બાળકને મૂકવું.

: ૧૧ :

જેમ ઘણા નોકર તેમ પરતંત્રતાનો વધારો.

અ • નુ • ક્રે • મ

૫૦ મનનો . . . . . ગિ.
૫૧ ઘરમાં ન જોઈએ. . . ગિ.
૫૨ કેટલીક વાર કહેવું ? . . ગિ.
૫૪ બાલમંદિરોમાં આટલું તો જોઈએ જ. . . . . ગિ.
૫૫ રાજ્યને સોપાય તો . . ગિ.
૫૬ બાલમંદિરના આચાર્યને . ગિ.
૫૮ બાલમ દિરનાં સાધનો . ભો.
૬૦ નૂતન ગણિતશિક્ષણ . . શં.
૬૨ શિક્ષકનાં બાળકોની કેળવણી ...
૬૨ જ્ઞાનપ્રચાર યોજના . . ...
૬૩ બાળકને માટી આતું ભુલાવવાના ઉપાયો . . ...
૬૪ શિક્ષણ સમાચાર . . . ...

ઘરમાં ન જોઈએ.

એક સજ્જન મિત્રના ઘરમાં જઈને ઊભો રહ્યો તો મને કંઈક થવા લાગ્યું. જાણે થોડોક ગૂંગળાતો હોઉં એમ ભાળ્યું. મેં કારણ શોધવા યત્ન કર્યો. આજુબાજુ જોયું; વિચાર કર્યો. આખરે સમજાયું કે ઘરમાં અવકાશ નથી, પૂરતી જગા નથી. અગાસી હવા આવતી હતી, અજવાળું પણ ઠીક હતું, પણ પૂરતો અવકાશ ન હતો.

અવકાશના અભાવનું કારણ ઘરમાં ઘણું બધું ફરનીચર હતું. દીવાલો ફોટાઓથી ઢંકાયેલી હતી. ખૂણાઓમાં દીવાલો પાસે બધે ટેબલખુરશી, ફુલદાની, ચોપડીઓની અભરાઈ, વાસણની અભરાઈ, છત્રીઓ, દવાની બાટલીઓ, કંઈ કંઈ પડેલું હતું. ઘરમાં સૌથી કોઈનું વધારે રાજ્ય હોય તો આ બધી વસ્તુઓનું હતું.

માણસોને બેસવાની કે હરવાફરવાની કે લાંબા થવાની કે આળોટવાની જગા બહુ થોડી હતી. માણસોએ વસ્તુઓ પર એટલો બધો મોહ કર્યો હતો કે તે માણસોની પોતાની છૂટની આડે આવતો હતો.

સામાન્યતઃ ઝાડ પણ પૂરતી જગા ન હોય તો વધી શકતું નથી. શારીરિક, માનસિક અને આધ્યાત્મિક વિકાસને માટે અવકાશ એ પ્રથમ આવશ્યકતા છે. શરીરના અવકાશ માટે ઘર પહોળું જોઈએ. તેમાં પડેલું ફરનીચર માત્ર જોઈતું જ જોઈએ. બાળકો કે મોટાંઓને હરવાફરવા કે દોડવા માટે પૂરતી જગા ચારે કોર જોઈએ. જ્યાં ચાલીએ ત્યાં ફરનીચર અને તે પડી જવાનો ભય હોય એમાં શરીર છૂટથી ફરી શકે નહિ.

ફરનીચર વગેરે ઘરમાં ઘર પ્રમાણે હોઇ શકે. મોટા ઘરમાં થોડું પણ સુંદર ફરનીચર જોઈએ. દીવાલો પર બે ચિત્રો અને ઓરડાના પ્રમાણમાં ગાદી તકિયાઓ કે બે પાંચ ખુરશીઓ ઠીક છે; પણ જે દીઠું તે ઘરમાં લાવી મૂકી ઘરને દુકાન જેવું બનાવી મૂકવાનો કંઈ અર્થ નથી. દુકાનદારો દુકાનમાં અકડાઈ જાય છે; તેઓ તેને ઘર નથી માનતા. તેઓ પણ દુકાનની એક ચીજ જેવા બની રહે છે. એવી સ્થિતિ ઘરમાં ન થવી જોઈએ. દેખાદેખીથી ચીજો વસાવવાની આપણી ટેવ સારી નથી. મફત મળે તોપણ જે ચીજ ઘર રોકે અને અવકાશને ખાઈ જાય તેને નકામી સમજી કાઢી નાખવી. આ નિયમ છોકરાંવાળા ઘરને તેમ જ છોકરાં વિનાના ઘરને સરખો જ લાગુ કરવો જોઈએ, કેમકે શરીરને પ્રથમ અવકાશ આપ્યા પછી જ માનસિક અવકાશ શક્ય બનશે.

સામાન્યતઃ શરીરની અંદર રહેલ મન અને આત્મા શરીરમાં છે ત્યાં જ મૂળે તે મર્યાદામાં છે. તેમાં શરીર ઉપર પરિગ્રહોની મર્યાદા મૂકીએ એટલે મન અને આત્માની મર્યાદાઓ વધતી જાય છે. પુષ્કળ ફરનીચર વચ્ચે થોડી જગામાં રહેવાનું અને પક્ષઘાતપણું એમાં ઘણું નજીકપણું છે. એમ જ સ્થૂળ અવકાશ વિનાના શરીરમાં બેઠા બેઠા બહુ વિશાળ વિચારસૃષ્ટિમાં જતાં એક જાતના અપંગપણાનો અનુભવ સંભવિત છે.

ઉચ્ચ દુનિયાની સ્વતંત્રતા મેળવતા પહેલાં માનસિક સ્વતંત્રતા અર્થાત્ વિચારની વિશાળતા વગેરે મેળવવી જોઈએ. અને માનસિક સ્વતંત્રતા મેળવતા પહેલાં શરીરની સ્વતંત્રતા મેળવવી જોઈએ.

શરીરને પરતંત્ર રાખનાર ઘર અને તેનું ફરનીચર છે, એ વાત ધ્યાનમાં રાખવા જેવી છે અને અનુભવમાં મૂકવા જેવી છે. આપણને ખુલ્લું આકાશ, વિશાળ મૈદાન, ખુલ્લી જગા એટલા માટે ગમે છે કે આપણે નિરંતર ટૂંકી જગા અને ટૂંકી વૃત્તિમાં પડચા હોઈએ છીએ. શહેરી જીવન એક ટૂંકાણ છે, ઘરમાં વસવું બીજું ટૂંકાણ છે અને તેમાં ફરનીચરથી ઘર ભરી દઈ તેમાં વસવું એ ત્રીજું ટૂંકાણ છે. આ બધાં ટૂંકાણોને આપણે દૂર કરવાં જોઈએ.

ગિ.

કેટલીક વાર કહેવું?

"તને તે મારે કેટલીક વાર કહેવું?" આ વાક્ય ઘણાં ઘરોમાં સાંભળવામાં આવે છે.

મા કે બાપ બાળકને એક વાર કહે છે, બે વાર કહે છે, ત્રણચાર વાર કહે છે, અને જ્યારે બાળક માનતું નથી ત્યારે માબાપ કહે છેઃ "અરે! તને તે મારે કેટલીક વાર કહેવું?"

મા કે બાપના ત્રણચાર ભડાકા ખાલી જ જાય, અને પછી જ્યારે કડકાઈથી અને કંટાળાથી તે બોલે ત્યારે બાળક ઊભું થાય અને જે કરવાનું હોય તે કરે.

માબાપ કે બાળક બેમાંથી એકેય માટે આ સ્થિતિ સારી નથી. માબાપને ત્રાસ થાય છે અને બાળક વધારે ને વધારે નીંભરું બને છે.

આનો ઉપાય હોવો જોઈએ અને થવો જોઈએ. પ્રથમ તો મા કે બાપે હુકમ આપતી વખતે વિચારવું કે અમુક હુકમ કરવા જેવો છે કે નહિ. જો અશક્ય હુકમ હોય તો કરવો જ નહિ, અને તે પળાય તે માટે વારંવાર કહેવું જ નહિ.

થઈ શકે તેવો હુકમ કે કથન હોય તો સમય કે સ્થળ જોઈને તે કરવો. બાળક એવા જ કામમાં કે મનની સ્થિતિમાં હોય કે કહેલું નકામું જશે, તો જરા રાહ જોઈને કહેવું. ઘણી વાર બાળકોને આપણે માટે રાહ જોવી પડે છે, ધીરજ કેળવવી પડે છે; એમ જ આપણે પોતે પણ રાહ જોતાં અને ધીરજ કેળવતાં શીખવું જોઈએ.

સામાન્યતઃ આપણે એક જ હુકમે પતાવવું જોઈએ. બે વાર હુકમ કરવો જ નહિ. એક વારે ન પતે તો વિચારવા બેસવું કે શા માટે એમ બન્યું?

બાળકોનું તો એવું છે કે જેવું આપણે ચલવીએ તેવું તેઓ પણ ચલવે. જો બેચાર હુકમ પછી જ્યારે આપણે તાડુકીને બોલીએ ત્યારે જ કામ કરવું એવી ટેવ બાળકોમાં આવી, એટલે નિરાંતે બાળકો તેટલું તો ચલાવી લે.

આકળા થઈને અને અકળાઈને હુકમ કાઢવા જ નહિ. જે કામ માટે કહેવું હોય તે કામ વિવેકથી કરાવવું, અને જેમ આપણે બીજા મોટી ઉંમરના માણસો પાસેથી સરલતાથી કામ લઈએ દઈએ છીએ તેમ જ નાનાં બાળકો સાથે વર્તવું.

આપણી પોણી ભૂલ બાળકો નાનાં છે એટલે માનને પાત્ર નથી એમ માનવામાં રહેલી છે. બાળક વિષેનો આ નાનો ખ્યાલ આપણે કાંઢી નાખવો જોઈએ.

વળી જ્યારે બાળકો બેચાર હુકમો ન માને તેવી સ્થિતિ આવી લાગે ત્યારે આપણે તે બાબતની વાંતો બાળકો સમક્ષ ન કરવી; તેથી તો તેઓ વધારે નઠોર અને રીઢાં થાય છે. કદી પણ તેમને વિષે સારી કે નરસી વાતો તેમની હાજરીમાં ન કરો.

ઘરમાં બેચાર જણાં હોય અને એકબીજાંના મતો એકબીજાથી જુદા હોય ત્યાં બાળકો બહુ ફાંવી જાય છે. જે મત જે વખતે બાળકને ગમે તે વખતે તે તેના પક્ષમાં જાય છે. આથી બાળક એક વાર એકમાં તો બીજી વાર બીજામાં ભળીને સૌને બેવફા બને છે, અને બધાંને કેમ ઠગવાં તે શીખે છે. અંદર અંદર નાની બાબતો પર ઘરનાં માણસોમાં કદાચ મતભેદ હોય તોપણ બાળકો સામે એ મતભેદ જાહેર કરી બાળકોને ગોટાળામાં નાખવાં નહિ, પણ બાળકોને તો જે સર્વમાન્ય મત હોય તેની ભૂમિકા ઉપર તેમને રહેવા દેવાં એ સારું છે.

બરી રીતે બાળકોને ખેંચી ખેંચીને આપણા તરફ લેવાની જરૂર નથી. તેઓ પોતાને ગમશે ત્યાં સુધી તેમ રહેશે, પણ જ્યારે આપણા હુકમો પાળવશે નહિ ત્યારે તેઓ ખસી જશે.

બે ચાર પાંચ વાર કહ્યા છતાં બાળકો સાંભળતાં કે માનતાં નથી તેનો અર્થ એ છે કે બાળકોને માબાપ પ્રત્યે સન્માનની ભાવના નથી, તેમ જ માબાપનો તેમના પર બોજ પડતો નથી. માબાપો અંદર અંદર એવા ન પડે તેવી સ્થિતિ હશે ત્યાં બાળકો કોઈને ગણકારશે નહિ. ગિ.

બાલઅધ્યાપનમંદિર

રાજકોટ

તા. ૧ લી ઑગષ્ટ ૧૯૩૮ થી રાજકોટ મુકામે શ્રી ગિજુભાઈના આચાર્યપદે બાલઅધ્યાપનમંદિર ખૂલશે. ગુજરાત તેમ જ બૃહદ્ ગુજરાતનાં જે કોઈ ભાઈ બેનને દાખલ થવું હોય તેમણે તેના નિયમો તુરત મંગાવી લઈ તા. ૧૦ મી જુલાઈ સુધીમાં પોતાની અરજી નીચેને સરનામે મોકલી આપવી. અમુક ચોક્કસ જ સંખ્યા રાખવાની હોવાથી મોડા અરજદારોને પાછળથી લેવામાં આવશે નહિ.

રાજકોટ
તા. ૧-૬-૩૮

લિ.
ચોપટલાલ ચૂડગર
તલકશી આ. દોશી

અરજી કરવાનું સરનામું:—

શ્રી. શિવાભાઈ, મંત્રી: બાલ-અધ્યાપનમંદિર c/o પી. એલ. ચૂડગર, બાર. એટ-લો. રાજકોટ સદર (કાઠિયાવાડ)

શિક્ષકોને મદદ કરશો?

ઘણા જિજ્ઞાસુ શિક્ષકો પૈસાની તંગીને લઈ પત્રિકા વાંચ્યા વિના રહી જાય છે. શિક્ષકને પત્રિકા પહોંચાડવી અને બાળકોના અનેક આશીર્વાદ લેવા. આવો લાભ લેવા માટે શિક્ષકોને મફત પત્રિકા આપવા માટે શુભેચ્છકો પત્રિકા કાર્યાલયમાં પોતાની રકમ સત્વર મોકલી આપે એવી આમારી તેમને આગ્રહભરી વિનતિ છે.

બાલમંદિરોમાં આટલું તો જોઈએ જ.

સારું એવું ક્રીડાંગણ. આમાં બાળકો રમે, કૂદે, ખેલે અને શરીરનો વ્યાયામ મેળવે.

ખુશનુમા એવો નાનો કે મોટો એવો બાગ. આમાં બાળકો હરેફરે, પ્રકૃતિનું સૌંદર્ય જુએ, વનસ્પતિનો પરિચય સાધે ને ફૂલોનો આનંદ લૂંટે.

થોડાંએક પક્ષીઓ અને પશુઓનો ઉછેર. આમાં બાળકો પ્રાણીજીવનના જીવન્ત પરિચયમાં આવે, અને તેમને વિષેની સમજણ મેળવી પોતાની લાગણી અને જ્ઞાનનાં ક્ષેત્રો વિશાળ કરે.

નાનું એવું પણ બાલપુસ્તકાલય. આમાં બાળકોને ઉપયોગી એવાં સુંદર ભાતનાં પુસ્તકો હોય. બાળકોની વાચનની ભૂખને તે સંતોષે.

નાની એવી પણ હુન્નરઉદ્યોગની ઓરડી. આમાં બાળકો જ્ઞાનેન્દ્રિય કર્મેન્દ્રિયની કેળવણી પામે, ને તે દ્વારા હુન્નરઉદ્યોગના ક્ષેત્ર તરફ વળે.

નાનું એવું તો નાનું એવું એક કલામંદિર. આમાં બાળકોને કલાદૃષ્ટિ મળે એ હેતુથી સંગ્રહવામાં આવેલ કલાની સારી સારી ચીજો હોય.

એકાદ નાની એવી રંગભૂમિ (સ્ટેજ). અહીં બાળકો અવારનવાર નાટકો કરે, સંગીતના જલસા કરે અને નટવૃત્તિને પોષે તથા ખીલવે.

નાનું કે મોટું એક સ્નાનસ્થળ. આમાં નહાવાનો હોજ હોય. બાળકો તેમાં નહાય અને નહાવાનો આનંદ લે.

નાની કે મોટી (બની શકે તો) એક મોટર કે ખટારો. આમાં બાળકો પ્રવાસે જાય. પોતાનો દેશ જુએ, ભૌગોલિક ખ્યાલ લે, આજુબાજુના લોકોના અને બાળકોના પરિચયમાં આવે.

નાનું કે મોટું રમવાનું મેદાન. આમાં બાળકો છૂટથી દોડે અને રમે. દેશી રમતો બાળકો અહીં રમે. અહીં બાળકો તડકામાં લાંબાં થઈને આરામ લે.

નાની એવી પણ શાંતિની ઓરડી. આમાં થાકેલાં બાળકો આરામ લે, સૂઈ જાય, વિચારો કરે, ચિંતન કરે.

કચરો બાળવાનો એક કુંડ. આ કુંડમાં બાળકો કચરો એકઠો કરે અને તે બાળે. બાળકો પોતે જ કચરો જ્યાં ત્યાંથી ભેગો કરીને બાળી નાખે, અને બાલમંદિર અને તેની આજુબાજુ સ્વચ્છ રાખે.

થોડીએક બાલદીઓ, ઝારીઓ તેમ જ બોદવાનાં સાધનો. આમાં બાળકો ઝાડોને પાણી પાય, કચરો બોદે ને ગોડે; ઝાડોની સેવા કરે.

રેડિયો (બની શકે તો). બાળકો દેશ પરદેશનું સંગીત સાંભળે અને મજા કરે.

થોડાએક સાવરણા અને લૂગડાંના કટકા. બાળકો આ વડે શાળા તથા આંગણું વાળે અને તમામ ચીજો સ્વચ્છ કરે. ગિ.

અંત્યજોને મફત પત્રિકા

દર વર્ષે અંત્યજ જિજ્ઞાસુ વાચકોને મફત પત્રિકા પહોંચાડવા અનેક ભાઈબહેનો સહાય આપે છે. આ સહાય આ વર્ષે તેઓ આપે. ઉપરાંત ઘણા ભાઈઓ રહી જાય છે એટલે નવા દાતાઓ પણ તેમને મદદ કરે. તેમની આ મદદ જરૂર લેખે લાગશે.

મદદ મોકલવાનું સ્થળ:—

"શિક્ષણ પત્રિકા" કાર્યાલય, ભાવનગર

રાજ્યને સોંપાય તો

કોઈ બાલમંદિર રાજ્યને સોંપવામાં આવે તો તે નીચેની સરતે આપવું યોગ્ય ગણાય.

(૧) સૌ પહેલું મકાન દર વર્ષે યોગ્ય રીતે રિપેર થવું જોઈએ.

(૨) તેમાં કરવામાં આવેલ બાગબગીચા રાજ્યે બરાબર સંભાળી તે કાયમ રહે તેવો બંદોબસ્ત કરવો જોઈએ.

(૩) બાલમંદિર નવીન શિક્ષણપદ્ધતિથી ચાલવું જોઈએ.

(૪) તે ચલાવનાર આચાર્ય તથા બીજાં ભાઈબેન શિક્ષકો નવીન શિક્ષણપદ્ધતિમાં કેળવાયેલાં જ હોવાં જોઈએ.

(૫) નાનાં બાળકોને લઈ જવા મૂકવા માટે રાજ્યે તેડાગર બાઈ, અને સ્થળો દૂર હોય તો વાહનની સગવડ રાખવી જોઈએ.

(૬) બાલમંદિરમાં નવીન શિક્ષણપદ્ધતિથી કામ ચલવવા માટે—

ક શિક્ષણસાહિત્યો પૂરતાં રાખવાં જોઈએ.

ખ શિક્ષણસાહિત્યો તૂટીફૂટી જાય તો તેને બદલે નવાં વસાવવાં જોઈએ.

ગ બાલમંદિરને અંગે અખાડો, રમવાનું સારું મેદાન અને તેમાં લપસણાં, સીડી, હીંચકા વગેરે મુકાવવાં અને તે બરાબર થઈ જાય તો સરખાં કરાવવાં જોઈએ.

ઘ બાલમંદિરને અંગે માટીનાં રમકડાં બનાવવાં, પેપર કટીંગ, બાગકામ, ચિત્રકામ વગેરે કામો ચાલુ રાખવાં જોઈએ.

(૭) બાલમંદિરનો આદર્શ બાળકોને આદર્શ વિકાસને માર્ગે જવા દેવાનો કાયમ રહેવો જોઈએ. અને તેથી નવીન શિક્ષણના સઘળા સિદ્ધાંતો તેમાં ચાલતા રહેવા જોઈએ.

(૮) દર વર્ષે બાલમંદિરનું કામ બરાબર ચાલે છે કે નહિ તેની તપાસણી બાલશિક્ષણમાં નિષ્ણાત એવા પ્રમાણભૂત ગૃહસ્થ પાસે કરાવી તેનો રિપોર્ટ મેળવવો અને તે કમિટી પાસે મૂકવો જોઈએ.

(૯) સંખ્યા પ્રમાણે પૂરતા શિક્ષકો બાલમંદિરમાં રાખવા જોઈએ.

(૧૦) બાલમંદિરમાં મિત્ર શિક્ષકવર્ગ રાખી શકાશે.

(૧૧) બાલમંદિરના પ્રશ્નો વિચારવા એક કમિટી રાખવી, તેમાં નીચે પ્રમાણે ગૃહસ્થો જોઈએ:—

ક રાજ્યના કેળવણી ખાતાના વડા.

ખ બાળકેળવણીના નિષ્ણાત સદ્ગૃહસ્થ.

ગ મકાન આપનારાઓનો તેઓ નીમે તે એક પ્રતિનિધિ. ગિ.

મદદે આવો

તેરમા વર્ષમાં અમે તમારી મદદ માટે હાથ લંબાવીએ છીએ. આ માસમાં તમે ફક્ત એક જ ગ્રાહક વધારી આપો. તમે ધારો તો આ કામ લેશ પણ અઘરું નથી. ફક્ત એક જ રૂપિયો બાળકોની ખાતર કાઢી આપતાં કોઈ પણ સમજુ માબાપોને મુશ્કેલી નહિ પડે. આપ આજે જ એક માબાપને મળો, અને આપની પત્રિકા બતાવી ગ્રાહક બનાવો. અમારા ઉપર, પત્રિકા ઉપર અને પત્રિકા વાંચનારી દુનિયા ઉપર આપનો મોટો ઉપકાર થશે.—તંત્રીઓ.

બાલમંદિરના આચાર્યને

: ૧ :

પ્રિય ભાઈ,

તમે મને બાલમંદિર બતાવી એક વાર પૂછ્યું હતું કે કંઈ કહેવા જેવું હોય તો કહેજો. તમારી સરલતા મને ખૂબ ગમી હતી. માણસમાં પોતાની ભૂલો હોય તો તે નીકળી જાય તેમ ઇચ્છી બીજાની સલાહ માંગવાની નમ્રતા હોય તે જ આગળ વધે છે. તમારી એ નમ્રતા સદૈવ રહો.

જો તમે માત્ર વિવેક પૂરતું જ બોલ્યા હોત તો તે સારું ન થાત. ઘણા લોકો વિવેક પૂરતું બોલે છે જ્યારે મનમાં એમ હોય છે કે આપણામાં કશું કહેવા જેવું નથી. આ નમ્રતા ત્યાજ્ય છે.

મેં તમને કંઈ સૂચના રૂપે કર્યું ન હતું તે યાદ હશે. કારણ ? કારણ એ કે આપણે જાતે જ આપણી ખામીઓ શોધવાની છે. બાળકો પ્રત્યે, વાતાવરણમાં અને સદ્ગ્રંથો અને સત્સંગમાં નજર નાખતાં જ વગર કહ્યે આપણને જે સમજવું છે તે સમજાશે બીજાનો અભિપ્રાય માત્ર આપણને સુરક્ષિત બનાવે છે અને આત્મ-નિરીક્ષણ કરતાં અટકાવે છે. બીજાના અભિપ્રાય આગળ જ આપણે અટકી જઈએ છીએ. બીજાના અભિપ્રાય વિષે અનાદર ન રાખીએ, પણ ત્યાં જ આપણું ઠરવા ઠેકાણું ન સમજીએ. હજી પણ મારે કંઈ સૂચના કરવાનું નથી. એ તો બધું એની મેળાએ જ અંદરથી સૂઝે છે. પણ આ ગમ્મત સમજીને મનમાં હસજો કે સૂચના આપવાની ના પાડવા છતાં આ વાત તો તમને લખું છું.

મેં ઘણાં એક બે બાલમંદિરો જોયાં. મકાન નાનાં છે અને કમ્પાઉન્ડ નથી. આ વાત મને સાલી. બાલમંદિરની કે પ્રાથમિક શાળાની કે જીવનની પહેલી અગત્ય અવકાશ છે. બાલમંદિરમાં જિંદગીનો અગત્યનો ભાગ બાળકો ગાળે છે. એ ઉંમરે શરીરનો અને મનનો વિકાસ ખૂબ થાય છે. એવે વખતે બાળકોને ડાબલીમાં પૂર્યાં હોય તેમ રહેવું પડે તે બરાબ છે. વધતા જતા છોડને નાના કુંડામાં જ રાખ્યા કરીએ તો ? બાલમંદિરમાં બીજું બધું ભલે પછી આવે, પણ પૂરતી મોકળાશ તો જોઈએ જ. આ મોકળાશ કરવા માટે બાલમંદિરનું મોટું મોટું ફરનીચર સુદ્ધાંત ઓરડામાંથી કાઢી મૂકવું જોઈએ. સૌથી પહેલી જગા બાળકોને, પછી શિક્ષકને અને છેલ્લે ફરનીચરને મળવી જોઈએ. આપણી શાળામાં બાંકડાખુરશીઓ જગા રોકતાં હોય ત્યાંથી તેને હાંકી કાઢવાં જોઈએ. મહેતાજીનું ટેબલખુરશી પણ નકામી જગા રોકે છે. ઊંચે બેસે તે મહેતાજી એવું હવે ક્યાં છે ? જે બાળકો વચ્ચે બેસી તેમના વિકાસને અનુસરે છે તે શિક્ષક છે, એ આપણું સૂત્ર છે. ગમે તેટલી બુદ્ધિ ખર્ચીને બાળકોને જેટલી અને તેટલી વધારે છૂટ–મોકળાશ કરી આપવી જોઈએ. પક્ષી અવકાશ વિના ઊડી જ ન શકે. પાંજરું ઊડવા માટે નથી. શાળા પાંજરા જેવી હોય તો તે નકામી છે. ખૂબ દોડવાકૂદવાની અને આંટા મારવાની જગા હોય તો જ તે

શાળા છે. શાળા એટલે પક્ષીનું પાંજરું નથી, તેમ તે માત્ર દેવઘર પણ નથી.

બીજી એક વાત. દરેક બાળક પાસે રૂમાલ રખાવો જ રખાવો. દરેક માણસે રૂમાલ રાખવો ઘટે છે. હાથ ગંદા થાય અને જ્યાં ત્યાં તે ચોટાડવા એ ઠીક નથી. મોં લૂછવા માટે પેરણની બાંય કે ચાળ કે ધાબરી વાપરવી તે યોગ્ય નથી. નાહકનાં બીજાં કપડાં ગંદાં થાય છે ને ડાઘા પડે છે. દરેક બાળક પાસે રૂમાલ છે કે કેમ તેની રોજ તપાસ થવી જોઈએ. રૂમાલ કેમ વપરાય તેનો આપણે પાઠ આપીને બતાવવાનું છે જ. કેમ હાથ ધોઈ તે લૂછવા, કેમ નાક લૂછવું, વગેરે બાળકોને આપણે બતાવવાનું છે. એક વાર બાળકોને રૂમાલ વાપરવાની ટેવ થશે એટલે પછી તે જિંદગી સુધી ચાલશે, અને પછી ભવિષ્યમાં મારી જેમ સારા સમાજમાં ચા કે પાણી પીધા પછી શાલથી મોં લૂછવું નહિ પડે.

તમારા ગિજુભાઈના નમસ્કાર.

: ૨ :

પ્રિય ભાઈ,

તમને પત્ર લખતાં જરા મોડું થયું; બેર. આ વખતે એક વાત જે મારા મનમાં વારંવાર આવી જાય છે તે લખ્યા વિના રહીશ નહિ. આ વાત બાલમંદિરના શિક્ષણસાહિત્ય સંબંધે છે. મારા પર ઘણી વાર એવી ફરિયાદો આવે છે કે શિક્ષણસાહિત્યો બરાબર નથી, વગેરે વગેરે. આ ફરિયાદોના જવાબો હું અહીં નહિ આપું. અહીં હું શિક્ષણ પત્રિકામાં આની સાથે જ છપાયેલ એક લેખ તરફ તમારું ધ્યાન ખેંચું છે. દરેક બાલમંદિરની ફરજ છે કે તેણે બરાબર સાચાં સાધનોનો જ સ્વીકાર કરવો જોઈએ. સાધનો સસ્તાં મળે તે કારણે અશાસ્ત્રીય સાધનો તેમનાથી ચલવી શકાય જ નહિ. બાલમંદિરની પાસે ઓછા પૈસા હોય તે કારણે ન તો ઓછાં સાધનોથી ચલવાય, ન તો ગમે તેવાં સાધનોથી ચલવાય. જેમ વિજ્ઞાનની પ્રયોગશાળામાં જેવાં તેવાં પ્રયોગસાધનો ચાલી શકે નહિ તેમ જ બાલમંદિરમાં ગમે તેવાં સાધનો ચાલી શકે જ નહિ. દરેક આચાર્યે પોતાના બાલમંદિરને માટે શુદ્ધ સાધનોનો આગ્રહ રાખવો જ જોઈએ. તે માટે તેણે ગોટાં વાળવો ન જોઈએ. તે માટે તેણે બજેટને ભારે કરવું પડે તો કર્યે જ છૂટકો છે. એમ નહિ થાય તો બાલમંદિરો થોડા વખતમાં ધૂડી નિશાળો બની જવાનો ભય છે.

બાલમંદિરો સાચા અર્થમાં ચલવવાં હોય તો અવશ્ય આપણે સતાર, તંબૂરા અને તબલાં વસાવતા પહેલાં, નાટકના પડદા કરાવતા પહેલાં, દીવાલનાં ચિત્રો કરાવતા પહેલાં, કલાના સંગ્રહો કરતા પહેલાં શાસ્ત્રીય સાધનો ખરીદવાં જ જોઈએ.

બીજી વાત એ છે કે એક વાર શાસ્ત્રીય સાધનો વસાવ્યે પતે તેમ નથી. સાધનો જેટલાં શુદ્ધ જોઈએ તેટલાં જ તે સાજાં અને તાજાં જોઈએ. એકાદ દટ્ટા વિના, મિનારાના એકાદ દસમા ધન વિના, ચલવી લેવાય નહિ. સાધનો હમેશાં નવાં, સાફ થયેલાં, વારનીશ થયેલાં અને સંપૂર્ણ જોઈએ; તો જ તે પૂરો લાભ આપી શકે.

કોઈને સાધનો ન વસાવવાં હોય તો તે

જાણે; પણ જો તે વસાવે તો તેણે શાસ્ત્રીય અને સંપૂર્ણ રાખવાં જોઈએ જ.

જો સાધનો ખરીદવાવાળા કાળજી રાખશે તો તે બનાવવાવાળા સાવધાન થશે જ.

બસ, આ વખતે તો આટલું જ.

તમારા ગિજુભાઈના નમસ્કાર.

બાલમંદિરનાં સાધનો

બાલમંદિરનો ફેલાવો થયાની સાથે તેનાં સાહિત્યોની માગણી વધી છે. તેથી હાલ એક કરતાં વધારે વેપારીઓ એ સાહિત્યો બનાવી વેચે છે. તેઓની અંદર જે જાતની હરીફાઈ શરૂ થઈ છે તેને લીધે આ બાળકેળવણીની હિલચાલને મદદ થવા કરતાં નુકસાન વધારે થઈ રહ્યું છે. એ અટકાવવાના ઉપાય પણ આપણા હાથમાં છે.

મારે બાલમંદિર શરૂ કરવું હોય તો હું નૂતન શિક્ષણસંઘ પાસેથી બીજી બધી માહિતી મેળવી શકું છું, પણ ખાતરીલાયક સાધનો કયાંથી ખરીદવાં તેની નિર્ણયાત્મક સૂચના મને મળી શકતી નથી. તેથી જે ચારપાંચ નામો મને સૂચવવામાં આવે છે તેનાં સૂચિપત્રો મગાવું છું. જે સૂચિપત્ર સફાઈપૂર્વક અને ભભકાથી છપાવવામાં આવ્યું હોય તેના તરફ મારું વલણ થવાનો વધારે સંભવ રહે છે. બીજી ગણતરી સસ્તામાં ખરીદવાની પણ રહે છે. આવી આવી ગણતરીઓ કરીને હું સો પોણોસો રૂપિયાનાં સાધનો મગાવું છું. સાધનો જોઈને પણ સંતોષ થાય છે. પણ વાપરવા લાગતાં જ ખબર પડે છે કે ભૌમિતિક આકૃતિઓની પેટીના બાનામાં રહેલ। **સમ** પાજુ ત્રિકોણને ફેરવીને હું બીજી રીતે મુકવા જાઉં છું તો તે તેના ઘરામાં બરોબર બેસતો નથી. મન સવાલ કરે છે કે આ શાસ્ત્રીય સાધન કહેવાય ખરું? બીજું બાનાં તપાસું છું તો માલૂમ પડે છે કે લંબચોરસના પણ એ જ હાલ છે, લંબગોળની એ જ માથાકૂટ છે અને અષ્ટકોણ વિષે તો કહેવું જ શું? નિસાસો નાખી, થોડું ઘણું બીજાઈ પેટીને હું એક બાજુ મૂકી દઉં છું. "દેશી કારીગરોની જાત જ એવી!" એવા શબ્દો મારા મોંમાંથી સરી પડે છે.

મારી ફરિયાદ માત્ર ભૌમિતિક આકૃતિની પેટીએ જ અટકતી નથી. બાળકો લાંબી સીડીનો ભાવ બોલો જ પૂછે છે; તેમાં વળી આ એનો ભૂખ જેવો રંગ એ પણ સંતાપનો વિષય બને છે. રંગની તકતીઓ વિષે શું કહું? તુલના માટે તો ગોતી ગોતીને રંગે બરાબર મળતી આવતી તકતીઓ ગોઠવી ગાડું ચલાવું; પણ ક્રમિકતાને માટે તો મારે શાસ્ત્રીયતાના ખ્યાલને બગજમાંથી હદપાર કર્યા વિના છૂટકો જ નથી. અવાજની ડાબલીઓ વિષે પણ મારે એ જ કહેવું પડશે. વજન અંદાજની તકતીઓ બનાવવામાં ક્રમિકતા જાળવવા જેટલી બારીક ચોકસાઈ આવશ્યક નથી, છતાં તેમાં પણ કાળી તકતીઓ વધારે જાડી હોવા છતાં હોવી જોઈએ તેટલી વજનદાર નથી.

તમે મને સલાહ આપશો કે સાધનો પાછાં મોકલી દો. પણ એ કોને બરચે? અને વેચનાર ધણી તે પાછાં રાખે બરો? રાખે તો તે બનાવવાવાળા સાવધાન થશે જ.

પણ બીજા પાસેથી વધારે ચોક્કસાઈવાળાં સાધનો મળશે જ એની શી બાતરી ? તમે કહેશો, જાતે જઈ જોઈ તપાસીને સાધનો બરીદવાં. વારુ, વારુ. એક ગામ જઈ અમુક ચોક્કસ લાગ્યાં તેટલાં સાધનો બરીદ્યાં; બાકીનાં બરીદવા ભાડું બરચીને બીજે ગામ જઉં; ત્યાંથી વળી બાકી રહે તે બરીદવા ત્રીજે ગામ જઉં. આમ ૧૫–૨૦ રૂપિયા ભાડામાં બરચ્યું, અને દરેક શિક્ષક તેમ કરે, એ વ્યાજબી વ્યવસ્થા છે કે આપણા બધાની વતી આપણો સંઘ જ ચોક્કસાઈવાળાં સાધનો પૂરાં પાડવાની ગોઠવણ કરે એ વધારે વ્યાજબી વ્યવસ્થા છે?

ઘણાં વરસથી ચાલતા એક સારા બાલમંદિરમાં હું ગયો હતો. ત્યાંના અનુભવે ઘડાયેલા શિક્ષકે જરૂર પડતી ગર્ભ તેમ તેમ ફેરવી ફેરવીને ત્રણ સાધન બનાવનારા બજમાવી જોયા. એ ત્રણેની બનાવટની દટ્ટાપેટીઓના સટ તેમની પાસે હતા. તેમાં કૌતુક એ હતું કે એ જ નંબરનો દટ્ટો પોતાના 'મેકર' સિવાયના બીજા કોઈ દટ્ટાના એ જ નંબરના બાનામાં જવાની ના પાડતો હતો. હું તો એમ પણ બારું છું કે તેમણે એક જ કારીગરના ત્રણે સટ બરીદ્યા હોત તોપણ એવો જ અનુભવ થાત. આબા સટમાંથી અમુક નંગ ખોવાતાં તે જ બનાવનાર પાસેથી નવું બરીદવું પડે છે, ત્યારે બીજી શી દશા થાય છે?

આ બધી અનવસ્થાનો–પૈસાની બરબાદી, સાધનોની અશાસ્ત્રીયતા અને બાલમાનસ ઉપર તેની થતી બાઠી પ્રતિક્રિયાઓનો અંત ઝપાટાબંધ અને સરળતાથી આવી શકે તેમ છે. પણ આપણે બરા દિલથી ઇચ્છીએ તો.

અહીં ફિલિપ ટેસીની કહે. ઊભી કરવાનું હું નથી સૂચવતો. પહેલું તો ચાલતું હોય તેમ ચાલવા દો એ વૃત્તિને સંઘે ધરમૂળથી ફગાવી દેવી જોઈએ, તથા પ્રમાણભૂત સાધનો પૂરાં પાડવાની જવાબદારી સંઘે જાતે જ ઉપાડવી જોઈએ. આ પણ બાસ નવી વ્યવસ્થા ઊભી કર્યા વિના થઈ શકે તેમ છે. એને પરિણામે સાધનોની બનાવટમાં ચાલતી અરાજકતા બંધ થશે.

પ્રમાણભૂત સાધનો પૂરાં પાડવાનું સંઘ માથે લે છે, તેની પૂરી જાહેરાત શિક્ષણ પત્રિકા દ્વારા થતી રહે, અને આમ કરવાનું શા માટે આવશ્યક બન્યું છે તેની તથા બનાવનારા પાસેથી સીધાં સાધનો બરીદવામાં શું જોબમ છે તેની શિક્ષણ પત્રિકામાં સમજણ આપવામાં આવે, તો હું બારું છું કે સાધનો બનાવનારાને સાધનોની સીધી વરદી ભાગ્યે જ મળશે, અને લગભગ તમામ વરદી સંઘને જ મળશે. આ સંજોગોમાં મોટા ભાગના સાધન બનાવનારા સંઘ સાથે વાટાઘાટમાં ઊતરવા તૈયાર થશે અને સંઘ તેમનાં સાધનોની તપાસ કરી જેનું જે સાધન ઉત્તમ જણાય તે તેની જ પાસેથી નક્કી કરેલી કિંમતે બરીદવાનું માથે લેશે. આથી દરેક બનાવનારને પોતપોતાની લાયકાત પ્રમાણે કામ મળી રહેશે, તથા કિંમતની બાબતમાં પણ વ્યાજબીપણું જળવાઈ રહેશે. સંઘ જે સાધનોની બરીદી કરે તેનાં નાણાં દર માસે ચૂકવી આપે.

સંઘને જે સાધનની વરદી મળે તેનાં નાણાં તે વરદી સાથે જ મોકલી દે. વરદી મળે જે ગામથી જે સાધન મગાવવાનાં હોય

સાંના બાલમંદિરના શિક્ષકની મારફત વરદી અપાય અને તે શિક્ષક નક્કી કરેલા નમૂના પ્રમાણે દરેકેદરેક સાધન જાતે તપાસીને પેક કરાવી રવાના કરાવે. આમાં જે જૂજ ટપાલ-ખર્ચ કે વ્યવસ્થાખર્ચ થાય તે સાધનની કિંમતમાં ઉમેરી વસૂલ થઈ શકે.

પણ સંઘ આટલી વ્યવસ્થા કરવાનું કાર્ય ઉપાડી લે ત્યારે ખરું. પરંતુ દરમિયાનમાં આપણે સાધન ખરીદનારા આટલું તો જરૂર કરીએ. આજ સુધીમાં જે જે સાધનો ખરીદવામાં આવ્યાં હોય તેને વિષે નીચે પ્રમાણે હકીકત બનતી ઉતાવળે શિક્ષણપત્રિકા કાર્યાલયમાં 'સાધન વિભાગ' એવું મથાળું કરીને મોકલી આપવામાં આવે. મોકલવાની વિગત નીચે પ્રમાણેઃ—

(૧) સાધનનું નામ. (૨) બનાવનારનું નામ. (૩) સાધનમાં શી ખામી જણાઈ તે.

આપણે જડતા છોડી આટલું પણ સ્ફૂર્તિથી કરશું તો તેની પણ અદ્ભુત અસર થશે. જે હકીકત એકઠી થશે તેના પરિણામનું વર્ગીકરણ શિક્ષણ પત્રિકામાં પ્રસિદ્ધ થશે, એટલે જણાશે કે કયા કારીગર સામે અને કયા સાધન વિષે કેટલી ફરિયાદ છે. આથી સાધન બનાવનાર ભાવિ વિષે થોડું તો સમજી જ જશે અને ખરીદનાર પણ કયું સાધન કે.ની પાસેથી ન જ ખરીદવું તે સમજી લેશે. સાધનો બાબતની ફરિયાદ કેટલી વ્યાપક છે તેની સંઘને વધારે સારી રીતે જાણ થશે, અને પ્રમાણભૂત સાધનો પૂરાં પાડવાની જવાબદારી સંઘ જાતે જ ઉપાડી લેવાને વધારે તત્પર થશે.

તેથી હું દરેક સાધન ખરીદનારને ઉપર કહી છે તેની માહિતી શિક્ષણ પત્રિકાને તુરત મોકલી આપવા ખાસ વિનતિ કરું છું. તેમની તત્પરતા ઉપર ભાવિ યોજનાનો બધો આધાર છે. ભો.

નૂતન ગણિતશિક્ષણ

[અનુસંધાન ગતાંક ૩૧ પાનેથી]

હવે આપણે વીસથી સો સુધીના સંખ્યાજ્ઞાનનો વિચાર કરીએ. આની અંદર બાળકને વીસ પછી એકવીસ, બાવીસ એવી રીતે સંખ્યાઓનો પરિચય ન આપતાં સીધો દશકનો પાઠ આપવામાં આવે છે. અહીં પણ પરિભાષાનો ફેરફાર આવશ્યક બને છે. બાળકને વીશ, ત્રીશ, ચાળીશ, પસાસ, સાઠ, સિત્તેર, એંશી અને નેવુંને બદલે બે દશ, ત્રણ દશ, ચાર દશ, પાંચ દશ, છ દશ, સાત દશ, આઠ દશ, અને નવ દશ એમ પરિભાષા આપવામાં આવે છે. આથી કરીને બાળકનું કામ ઘણું જ સહેલું થઈ જાય છે. આની અંદર બાળકને એક પણ નવો શબ્દ યાદ રાખવાનો હોતો નથી. એ તો મોતીની પેટીમાંથી સળીઓ લઈને કકડાટ ગણાવે જાય છે. બાળક બે દશ માટે દશ દશની બે સળીઓ લે છે, ત્રણ દશ માટે દશની ત્રણ સળીઓ લે છે અને એમ નેવું સુધીની ગણતરી કરે છે. હવે એ સંખ્યાઓ માટેની સંજ્ઞાઓ આપવામાં આવે છે. આને માટે ૧૦, ૨૦, ૩૦, ૪૦, ૫૦, ૬૦, ૭૦, ૮૦ અને ૯૦ એમ લખેલું એક લંબું પાટિયું હોય છે. બાળક મોતીની સળીઓની

પેટીમાંથી એક દશની સળી ઉપાડીને ૧૦ ઉપર મૂકે છે. બે દશ માટે દશની બે સળીઓ લઈને ૨૦ ઉપર મૂકે છે. એમ ૯૦ સુધી ચાલે છે. આ રીતે સંખ્યા અને સંજ્ઞાનું જોડાણ પણ થાય છે. હવે બાકી રહ્યા ૨૦, ૩૦, વગેરેની વચમાં આવતા અંકો. આને માટે પણ સાધન તો મોતીની સળીઓની પેટી અને ૧૦, ૨૦, ૩૦, એમ લખેલું પાટિયું એ જ છે. માત્ર વધારામાં ૧, ૨, ૩ એમ ૯ સુધી લખેલાં નાનાં પાટિયાં– જેવાં ૧૦ થી ૧૯ સુધીના અંકો તૈયાર કરવામાં વાપરવામાં આવ્યાં હતાં તેવાં નાનાં પાટિયાંની પણ જરૂર રહે છે.

પહેલાં તો મોતીની સળીઓની પેટીમાંથી દશની બે સળી કાઢી તેની અંદર એકની સળીને નાખીને બાળક પાસે ધરવામાં આવે છે. આપણે બાળકને પૂછીએ કે આ કેટલા છે? એટલે બાળક પોતાની મેળાએ કહી શકે છે કે એ બે દશ ને એક છે. ખરી રીતે તો આ વચલા બધા જ અંકો બાળક પોતાની મેળાએ તૈયાર કરતું હોય છે, કેમકે એને માટેની બધી તૈયારીઓ થઈ ગઈ હોય છે. બે દશ ને એક, બે દશ ને બે, ત્રણ દશ ને એક, ત્રણ દશ ને બે, એવી રીતે નવ દશ ને નવ સુધીની બધી સંખ્યાઓની અંદર બાળકને કંઈ નવું લેવાપણું હોતું નથી. એને બે દશ, ત્રણ દશ, ચાર દશ, એમ નવ દશ સુધી આવડતા હોય છે. એ બન્નેનું જોડાણ કરીને બાળક બે દશ ને એકથી નવ દશ ને નવ સુધીનું સંખ્યાજ્ઞાન તેમ જ સંજ્ઞાજ્ઞાન મેળવી લે છે. પણ આની અંદર આપણે એ વસ્તુનો વિચાર કરી લઈએ કે પરિભાષાના ફેરફારની આવશ્યકતા છે ખરી? અમારો પોતાનો બાળકો સાથેનો અનુભવ તો એમ કહે છે કે આ ફેરફાર બાળકોના હિતમાં પૂરેપૂરો આવશ્યક છે. જે સો સુધીનું સંખ્યાજ્ઞાન આપવા માટે ઘણી મહેનત કરવી પડે છે અને લાંબો વખત લેવો પડે છે, તે આ પરિભાષાના ફેરફારથી બાળકો બહુ જ સહેલાઈથી લઈ શકે છે. ઘણીયે વખત અનુભવવામાં આવેલું છે કે બાળકને સંખ્યાનું જ્ઞાન તો હોય જ છે, પરંતુ આ નવા સો શબ્દો યાદ નહિ રહી શકવાથી ૫૪ ને ૬૪ લખતું હોય છે અને ૮૯ ને બદલે ૭૯ આપતું હોય છે. એક સામટા સો શબ્દો યાદ રાખવાની અંદર બાળકને સંખ્યાજ્ઞાનનો પૂરો ખ્યાલ પણ આવતો નથી. બાળકનું બધું ધ્યાન એ શબ્દો યાદ રાખવામાં જ રોકાઈ જાય છે, અને એને પરિણામે એનું સંખ્યાજ્ઞાન અધૂરું રહે છે. એટલે પરિભાષાનો આ ફેરફાર બાળકનું સંખ્યાનું જ્ઞાન બરાબર દૃઢ કરવા માટે ઉપયોગી છે.

ઉપરાંત પરિભાષાનો આ ફેરફાર બીજા દૃષ્ટિબિંદુથી પણ જરૂરી છે. પણ એનો વિચાર આપણે આવતે અંકે કરીશું. (અપૂર્ણ) શં.

હમણાં જ પ્રગટ થયેલ

પશ્ચિમના દેશોની કેળવણી ખંડ ૧-૨

પૃષ્ઠસંખ્યા ૫૨૦ : બે ભાગમાં : પાકું પૂંઠું.

કિંમત ૨-૮-૦ : ટપાલખર્ચ ૦-૬-૦

હા. ગ. શ્રી. બૅરેન્નતમાહેતી ઉપરથી મરાઠીમાં લખેલ

માહિતીપૂર્ણ પુસ્તકનું ગુજરાતી ભાષાંતર

ઉતારનાર ગોપાળરાવ ગ. વિદ્વાંસ

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર, ભાવનગર

શિક્ષકનાં બાળકોની કેળવણી

"મારે ચાર છોકરા છે. તેમની કેળવણી વિષે મને ચિંતા રહે એ સ્વાભાવિક છે. મેં તેના વિષે મારા પૂરતો નિર્ણય એકાદ વરસ પહેલાં કરી નાખ્યો છે.

"મારા બાળકોના મોસાળથી મળેલી રકમ લગભગ એક હજાર રૂપિયા છે. લગભગ તેટલી જ રકમ બીજી પણ થવા સંભવ છે, જે મારા દાદા મારફતે વ્યાજે ફરે છે. તે સિવાય બેએક હજારનાં ઘરેણાં છે. આજે રોકડ રકમના વ્યાજમાંથી અમારાં કપડાંલત્તાં તથા પરચુરણ બીજું ખર્ચ થાય છે.

"આ રકમોનો ઉપયોગ બાળકોની કેળવણી માટે કરવાનો મારો ઇરાદો છે. હું મારાથી બનશે ત્યાં સુધી કોઈ વહેવારિક ખર્ચ કરવા માગતો નથી. મોટી માંદગી અને બાળકોની કેળવણી એ બે ખર્ચ માટે ઉપલી રકમ છે. જરૂર પડે ઘરેણાંનો પણ ઉપયોગ કરીશ.

"ઉપલો ઇરાદો છે. ઉપરાંત દર મહિને બે રૂપિયા હું હવેથી જુદા રાખવા માગું છું. અને ચાલુ જીવન જીવવાને થતા ખર્ચ ઉપરાંત જે કાંઈ ખર્ચ મારે હાથે થશે તેના ઉપર અમુક કર લગાવીને તે રકમમાં વધારો કરીશ."

નોંધઃ એક ભાઈ પોતાનાં બાળકોની ભાવિ કેળવણી માટે કેવી રીતે બંદોબસ્ત કરવા માગે છે તે હકીકત તેના એક પત્રમાંથી ઉપર પ્રમાણે મળે છે.

પોતાનાં બાળકો માટે ચિંતા કરનાર શિક્ષકભાઈને ધન્યવાદ ઘટે છે. શિક્ષકોની સ્થિતિ ગરીબ છે છતાં ગરીબનાં બાળકો કેવળ માર્યાં ન જાય તેની ચિંતા મનમાં ધારણ કરી આ ભાઈ અગાઉથી કંઈક તૈયારી કરે છે. આ વિચાર વધાવીને દરેક શિક્ષકે પોતાની સ્થિતિ પ્રમાણે અમલમાં મૂકવા જેવો છે.

શિક્ષકોનાં બાળકોની કેળવણીનો વ્યાપક પ્રબંધ કરવા માટેની યોજના ઊભી થાય ત્યાં સુધી અને તે ઉપરાંત આવી વ્યક્તિગત યોજના દરેક શિક્ષકે કરી લેવા જેવી છે. —તંત્રી.

જ્ઞાનપ્રચાર યોજના

અમને જાણવા મળ્યું છે કે ભાઈ કરસનદાસ ચિતળિયા જેઓ હિંદ સેવક સમાજના જાણીતા આજીવનસભ્ય છે, તેઓએ ગોખલે જ્ઞાનમંદિર નામની એક જ્ઞાનપ્રચાર યોજના જનતા સમક્ષ રજૂ કરેલી છે.

તેનો ઉદ્દેશ 'કાઠિયાવાડ પ્રદેશનાં ગામડાંઓની જનતામાં વાચનાલયો, પુસ્તકાલયો, અભ્યાસવર્ગ, વ્યાખ્યાનમાળા અને પ્રકાશન, ઇત્યાદિ સાધનો દ્વારા 'જ્ઞાનપ્રચાર થાય' એ છે. તેનું મુખ્ય મથક 'ગોખલે જ્ઞાનમંદિર, અમરેલી' છે; કાર્યાલય હિંદ સેવક સમાજના મકાનમાં સેંડહર્સ્ટ રોડ ઉપર મુંબઈમાં છે. કાઠિયાવાડ જેવા હજી જ્ઞાનમાં વધારે પ્રગતિ માગતા પ્રદેશમાં આવી યોજના વધાવી લેવા યોગ્ય છે. એટલું જ નહિ પણ બુદ્ધિ અને સાધનસંપન્ન લોકોએ તેને સહાય આપવાની જરૂર છે. ઘણાં ભાઈબેનોએ આ યોજનાને સફળ કરવા સાથ આપ્યો છે અને તેથી તેમને અભિનંદન ઘટે છે.

અભ્યાસમંડળ આ યોજનાની સારી એવી

વિશિષ્ટતા છે. ગામેગામ એવાં અભ્યાસમંડળો સ્થિર થઈ જવાં જોઈએ. એ દ્વારા ગામની સંસ્કારિતા ઘડાવા સાથે જ્ઞાનની ભૂખ ભાંગશે.

શિષ્ટ વાચન વધારવાનો આ યોજનાનો ઉદ્દેશ રતુલ્ય છે, કેમકે વાચન એ દુનિયાની પ્રગતિની સાથે રહેવા માટે અંગત્યની વસ્તુ છે.

આ યોજનાનાં મદદગાર શ્રીમતી શાંતાબેન ભાલેરાવનો ટૂંક પરિચય એક પત્રિકા દ્વારા જ્ઞાનમંદિર તરફથી પ્રગટ થયેલો છે. તેમણે સ્થાપેલ ભારત સેવિકા સંઘ કાઠિયાવાડમાં બેનોના ઉદ્ધાર માટે મહત્ત્વનું કામ કરશે એવી અમને આશા છે.

આ ઉપરાંત ચલચિત્રો અને દીવાલચિત્રો મારફત પણ જ્ઞાનપ્રચાર મંદિર પોતાનું કામ આગળ ધપાવવા માગે છે. આ યુગમાં ચલચિત્રો અને દીવાલચિત્રો મનુષ્યને શિક્ષણ આપવાનાં પુસ્તકાલયો કરતાં પણ વધારે ઉપયોગી છે.

આ યોજનાને અમે સહર્ષ વધાવીએ છીએ.

યોજનાની વધારે માહિતી માટે લખોઃ—

કરસનદાસ જ. ચિતળિયા.

જ્ઞાનપ્રચાર મંદિર, અમરેલી, કાઠિયાવાડ

બાળકને માટી ખાતું છોડાવવાના ઉપાયો

નોંધઃ એક ભાઈ આ પ્રમાણે સૂચના કરે છે. અજમાવી જોવા જેવી છે. સૂચનાઓનો અમલ થયો હોય અને તેનાથી લાભ થયો હોય તેવી સૂચનાઓની હજી જરૂર છે.—તંત્રી.

૧ ઘરમાં પોપડા ન ઊખડે તેની તજવીજ રાખવી.

૨ તંદુરસ્તીને હાનિ ન પહોંચે તેવા બાદ્ય પદાર્થો જોઈતા પ્રમાણમાં આપવાની ટેવ રાખવી.

૩ માટીનાં ઢેફાં, પોપડા વગેરે દૃષ્ટિગોચર ન થાય તેવા સ્થાન પર રમવાનું અને બેસાડવાનું રાખવું.

૪ મોટું પાથરણું પાથરી તે ઉપર રમકડાં વગેરે આપી બાળકને રમતમાં રોકેલું રાખવું.

૫ બાળકને હાથે સહેજ ચુરત જાડા કપડાની કોથળીઓ પહેરાવવી.

૬ બનતાં સુધી બાળકને એકલું, છૂટું, બીજે રમવા દેવું નહિ.

૭ જે ઘરમાં પથ્થર જડેલા હોય, તે ઘરનાં છોકરાં માટી નહિ ખાતાં હોય એ બનવા જોગ છે. તો કોઈ શક્તિવાળાં માબાપ પથ્થર જડાવી કેટલીક હરકત દૂર કરી શકે છે.

શિક્ષણ સમાચાર

—ખાર. તા. ૧ લી જૂને બાલમંદિર ઊઘડયું. સંચાલક શ્રી. ધનલક્ષ્મી ઉપાધ્યાય.

—રાજકોટ. શ્રી બાલઅધ્યાપનમંદિર તા. ૧ લી ઑગસ્ટથી ઊઘડશે. આચાર્ય શ્રી. ગિજુભાઈ. અરજી કરવાનું સ્થળઃ શ્રી. શિવરામભાઈ c/o શ્રી. પોપટલાલ ચૂડગર, બારિસ્ટર ઍટ લૉ, રાજકોટ સિવિલ સ્ટેશન.

—કાનપુર. અખિલ હિંદ એજ્યુકેશનલ કૉન્ફરન્સનું ૧૪ મું અધિવેશન તા. ૨૭ થી ૩૦ ડિસેમ્બર ૧૯૩૮ના રોજ મુંબઈ મુકામે ભરાશે.

શિક્ષણ સમાચાર

— કચ્છ: વાંકુ. કચ્છ લોહાણા કેળવણી મંડળ તરફથી સંચાલિત શિક્ષણવર્ગ ૩૦-૪-૩૮ ના રોજ પૂરો થયો.

—અમદાવાદ. શ્રી બાલકુંજનાં બાળકોનાં સર્જનપ્રદર્શનનું ઉદ્‌ઘાટન. હસ્તે શ્રી. ગિજુભાઈ. તા. ૫-૫-૩૮

—વસો. તા. ૬-૫-૩૮થી વસો કેળવણી મંડળ તરફથી સંચાલિત શિક્ષણ અને સંસ્કાર-વર્ગની શરૂઆત. ઉદ્‌ઘાટનક્રિયા શ્રીમતી ભક્તિબેન ગોપાળદાસ દેસાઇના હસ્તે. વર્ગસંચાલક શ્રી. ગિજુભાઈ.

—અમદાવાદ. ધનવંતરી ભવન નામની આયુર્વેદની એક આદર્શ સંસ્થાની ઉદ્‌ઘાટન ક્રિયા તા. ૫-૫-૩૮ ના રોજ ડૉ. હરિપ્રસાદ વૃજરાય દેસાઈ હસ્તે થઈ. આ ભવનની એક વિશેષતા બાળકોને મફત દવા આપવાની છે.

—ગોધરા. બાલકુંજ અંક. બાલકુંજ નામની સંસ્થાનાં બાળકોનાં ગદ્યપદ્ય સર્જનોનો ગોધરાથી પ્રગટ થતા બાળક માસિકનો ખાસ અંક, શ્રી. ભીખાભાઈ પુરુષોત્તમદાસ વ્યાસે પ્રગટ કર્યો છે.

—ઈશ્વરનગર: કચ્છ. ઈશ્વરનગર ગુરુકુળમાં વાર્ષિક ઉત્સવ પ્રસંગે શ્રી. ગિજુભાઈએ તા. ૯-૪-૩૮ના રોજ પહેલા દિવસના કામકાજના પ્રમુખ તરીકે હાજરી આપી.

—વાંકુ: કચ્છ. વાંકુ વર્ગમાં અધ્યાપનઅર્થે કચ્છ લોહાણા કેળવણી મંદિરનાં કુલ ૨૩ ભાઈ બેનો હાજર હતાં. આ વર્ગમાં વ્યાખ્યાન આપવા માટે બાતાનાં આમંત્રણથી શ્રી. નરેન્દ્ર બધેકા, શ્રી. સોમાભાઈ ભાવસાર અને શ્રી. મનુબેન રામજી આવેલાં હતાં.

— અમદાવાદ. કાળુપુરમાં શ્રી. રાજનગર બાલમંદિર ઊઘડ્યું. સંચાલકો શ્રી. કાંતિભાઈ મહેતા તથા શ્રી. ચીનુભાઈ મહેતા.

—નડિયાદ. શ્રી ફૂલચંદ બાલમંદિર માટે સંગીત તેમ જ ચિત્રકામ જાણનાર એક શિક્ષકની જરૂર છે. લખો:—

પ્રમુખ, ફૂલચંદ બાલમંદિર, નડિયાદ.

—જામનગર. બાલસંઘ શરૂ થયો. પ્રેરક શ્રી. કમળાશંકર પંડિત. મંત્રીઓ શ્રી. અજયકુમાર તથા તેમના મિત્ર

—મુંબઈમાં ઊઘડશે, શ્રી નૂતન કેળવણી મંડળ, બીજી જૂન ૧૯૩૮ થી. પ્રિન્સીપાલ શ્રી. મણિલાલ ઠાકરશી શાહ.

—વસો. વસો શિક્ષણવર્ગે શિક્ષણ વિષયક પ્રવાસો નીચેની જગાએ કર્યા: (૧) ચાંચીભાનું રણ (૨) પીજ (૩) રામોલ અને (૪) વડતાલ.

—રામોલ. પેટલાદમાં હાલ આરોગ્યમંડળ તરફથી ચેાન્નયેલ (રામોલમાં) આરોગ્ય પ્રદર્શન શ્રી. ગિજુભાઈએ ખુલ્લું મૂકયું અને બાલસંમેલનમાં હાજરી આપી.

વાર્ષિક લવાજમ એક રૂપિયો. લખો: તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
આ શિક્ષણ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજબ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઈ ગોપાળજીએ છાપી

શિક્ષણ પત્રિકા

(મોન્ટેસોરી ગ્રંથ)

વર્ષ ૧૩ મું
સંવત ૧૯૯૪

અંક ૫ મો
આષાઢ

: તંત્રીઓ :

ગિજુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

શિક્ષકોએ એક વાર નિર્ણય કરવો જ પડશે કે આવી અણગમતી શાળામાં કામ કરવું કે નાસી છૂટવું.

વિદ્યાર્થીઓએ એક વાર તો નિર્ણય કરવો જ પડશે કે આવી શાળાઓમાં અને આવા શિક્ષકો નીચે ભણવું કે નાસી છૂટવું.

બાળકોએ એક વાર તો નિર્ણય કરવો જ પડશે કે આ જાતની ધૂળી શાળાઓ અને આવા શિક્ષકો વચ્ચે રહેવું કે નાસી છૂટવું.

શિક્ષણ પત્રિકા

વર્ષ ૧૩] આષાઢ ૧૯૯૪ [અંક ૫

મનનો

: ૧ :

માનવવૃક્ષઉછેર માટે ઘર એ માતાનો ખોળો છે અને શાળા એ પારણું છે.

: ૨ :

જ્યાં સુધી શાળાઓ ગંદી છે, હવા અને અજવાળા વિનાની છે, ઘોંઘાટ અને ધાંધલવાળી છે, ભય અને ત્રાસભરી છે, ત્યાં સુધી માનવજાતને આગળ વધારવાના પ્રયત્નો મિથ્યા છે.

: ૩ :

વ્યવસ્થા મહાન તત્ત્વજ્ઞાન આગળ નાની વાત છે, છતાં તત્ત્વજ્ઞાનને વ્યવસ્થિત કરવા માટે જ વ્યવસ્થાની જરૂર છે.

: ૪ :

વાતાવરણ એ એક બળ છે. વાતાવરણ રચવા માટે શાસ્ત્ર અને કળા બંનેના જ્ઞાનની આવશ્યકતા છે. વાતાવરણની સફળતા સહૃદયતા ઉપર છે.

: ૫ :

જ્યારે માણસ અંદરથી નિશ્ચય કરીને કોઈ પણ કામ આગ્રહ વડે સિદ્ધ કરવા બેસે છે ત્યારે તેની ક્રિયા સંયમન છે. પણ જ્યારે માણસને બહારથી કોઈ બેસાડે છે ત્યારે તેમાં શિસ્ત યાને નિયમનનો પ્રકાર છે. સંયમન માન્ય છે; નિયમન ત્યાજ્ય છે.

: ૬ :

શિક્ષણમાં બે વાત એક સાથે ચાલી શકશે નહિ! એક સહકાર અને બીજી સ્પર્ધા.

સહકાર વ્યક્તિ પાસેથી સૌને માટે કંઈક ફાળો માગે છે; સહકાર વ્યક્તિવિકાસને સંપૂર્ણ અવકાશ આપવા છતાં સમૂહનું હિત પ્રથમ ગણે છે.

સ્પર્ધા વ્યક્તિનું જ હિત આગળ ધરી વ્યક્તિને જ આગળ વધારવાનું સાધન છે. સ્પર્ધા સમૂહ સંગઠન અને જીવનનો વિરોધ છે.

: ૭ :

શિક્ષક પાઠ્યપુસ્તકો, બાલમાનસ, શાળાનાં બાળકો, શાળા અને પરિસ્થિતિ એટલામાં જ મર્યાદિત થઈ જાય એ સ્થિતિ ક્ષીણ થતા પ્રાણની નિશાની છે.

શિક્ષકે પોતાની મર્યાદા સાચવીને અને તેમાં રહીને વિશાળ વાચન, સમગ્ર લોકમાનસ, તમામ બાળકો, જગત અને તેની પરિસ્થિતિના સંપર્કમાં રહેવું જોઈએ.

તો જ શાળા અને શિક્ષક અચલાયતન થતાં અટકશે. ગિ.

અ • નુ • ક્રં • ઋ

૬૬ મનનો . . . . . ગિ.
૬૭ આચાર્યની જવાબદારી . ગિ.
૬૯ બાળકોના હકનું જાહેરનામું શં.
૭૨ દુઃખદ ખોટ . . . . ગિ.
૭૩ શુદ્ધ લેખન . . . . મો.
૭૫ બાલમંદિરો અને વૈદકીય મદદ . . ન.
૭૬ મારો બાલ્યકાળ . . પ્રા.
૭૮ નૂતન ગણિતશિક્ષણ . . શં.
૮૦ શિક્ષણ સમાચાર . . ૬૭

આચાર્યની જવાબદારી

જેમ આખી શાળા વ્યવસ્થિતપણે ચલાવવાની જવાબદારી આચાર્યને માથે છે, જેમ શાળાના ઉપરકર વગેરેને સંભાળવાની, મહેમાનોને સાચવવાની અને ઉપરીઓને સમજાવવાની જવાબદારી તેને માથે છે, તેમ અતિ મહત્ત્વની એક વધારે જવાબદારી તેને માથે છે.

આ જવાબદારી પોતાની નીચે કામ કરતા શિક્ષકોની છે. આચાર્ય બે જાતના થાય છે; એક પોતે કામ કરે નહિ અને બીજાની પાસે કામ કરાવ્યા કરે; બીજા પોતે કામ કરે અને બીજાની પાસે કરાવે. ત્રીજી જાત વિષે કહેવાનું નથી. એ જાત નોખી છે કેમકે તેનો ધર્મ કામ કરવું નહિ અને કામ કરાવવું નહિ એ છે.

પોતે કામ કરવું નહિ અને બીજા પાસે કરાવવું એ નીતિ હલકી છે. એ નીતિ મૂડીવાદીના જેવી છે. એથી કદાચ કામ થાય પણ અસંતોષ અને કચવાટ રહે છે. આચાર્ય કામ મેળવે છે પણ માણસનો પ્રેમ ખુએ છે. મોટે ભાગે મોટા કામદારોની આ સ્થિતિ છે. તેઓ કામ સામે જુએ છે ને માણસો સામે નથી જોતા. માણસો પણ સ્વાર્થ સામે જુએ છે, ઉપરી સામે નથી જોતા. આ સ્થિતિમાંથી આચાર્ય કે ઉપરીએ છૂટવું જોઈએ. એમ જો તે ન છૂટે તો તેને હંમેશ જાતજાતના નયનો પ્રયોગ કરવો પડે. તેણે કામદારોની અંદર અંદર બેદીલી ફેલાવવી જોઈએ; તેણે માંહોમાંહે લડાવીને બધા લોકોને નબળા કરી નબળા ઉપર પોતાની સત્તા સ્થાપવી જોઈએ. આમ કરવા જતાં શિક્ષણનું કામ બાજુ પર રહી જાય અને શિક્ષણમાં રાજનીતિ, મૂડીવાદીનીતિ, અવિશ્વાસની નીતિ, વગેરે અનીતિઓ પેસવા માંડે.

પણ અહીં તો બીજી જાતના આચાર્યની વાત છે. ઉપરની વાત તો વચ્ચે વચ્ચે કહેવાઈ ગઈ. જે આચાર્ય કે ઉપરી પોતાના શિક્ષકો અને કામદારોનો સાથ લઈ સૌની સાથે હળીમળીને જાતે પણ કામ કરીને આગળ વધે છે તેને ધન્યવાદ છે. તે પોતાની જાતને ચોરતો નથી, આળસ કરતો નથી, માત્ર હુકમ કરતો નથી, તે કારણે તેના શિક્ષકોમાં તેનું માન વધે છે; અને શિક્ષકો પણ તેને ધાર્યું કામ આપે છે એટલું જ નહિ પણ ધાર્યા કરતાં વધારે કામ આપે છે. આ સ્થિતિ સારી છે; નિંદાને પાત્ર નથી.

પણ આ વખતે આચાર્યે એક બાબતનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. શિક્ષકો રાજીખુશીથી કામ આપે તે બરાબર છે. પણ કામના લોભમાં, આગળ વધવાની ધૂનમાં, તેઓ વધારે પડતું કામ આપી ન બેસે તેમ તેમની પાસેથી વધારે પડતું કામ લેવાઈ ન જાય, તેની કાળજી રાખવી. ઘણી વ્યક્તિઓ એવી છે કે તે સ્વતઃ જ પ્રેરણારૂપ હોય છે. તેની આજુબાજુ લોકો કામ કરવાને તત્પર હોય છે. તેનો હુકમ છૂટે તે પહેલાં સૌ કામે લાગ્યા હોય છે. આવી પ્રાણવાન વ્યક્તિને જ પોતાની જવાબદારીનું ભાન હોવાની જરૂર છે. તે કદાચ બહુ શક્તિશાળી હોય તો ઘણું કામ કરી શકે. તેને

કામ લેતાં આવડતું હોય તો કદાચ બધા હોંશે હોંશે કામ આપે. પણ કામ આપનારની શક્તિનો તેણે હરઘડી વિચાર કરવો જોઈએ. જેટલું વહાલું આપણને કામ હોય તેટલું જ આપણને આપણા કામદારોનું આરોગ્ય વહાલું હોવું જોઈએ, બલકે તેથી વધારે હોવું જોઈએ. આચાર્ય અથવા ઉપરીએ એટલા માટે દરેક કામદારની શક્તિનું માપ ધ્યાનમાં રાખવું. માણસ યંત્ર નથી તે કદી ભૂલવું નહિ. ગમે તે કારણે માણસ હોંશેહોંશે કામ કરે તોપણ તેના ઉપર મર્યાદા મૂકવી, અને માપ બહાર કામ જાય તે પહેલાં કામ બંધ કરવું.

એવું બનતું આવ્યું છે કે હોંશેહોંશે કામ કરનારા પણ શરીરથી ઊથલી પડે છે. અને પછી આચાર્ય શું કરી શકે? સારો આચાર્ય અનેક જાતની સહાય કરી શકે, પણ વખતે તે પૂરેપૂરી પહોંચે નહિ.

લોકોમાં સારા દેખાવા કે કામ સારું કરવાનો સંતોષ લેવા કે સેવાનો ઢગલો રચવા પણ આચાર્યે જવાબદારીના ભાન સાથે આ-ગળ વધવું. સિપાઈઓના ઉપરીએ પળેપળે જેમ સિપાઈની કાળજી રાખવી ઘટે, તેથી વધારે કાળજી આચાર્યે રાખવાની છે. શિક્ષકની આર્થિક સ્થિતિ, શારીરિક સ્થિતિ, સામાજિક ઘટના વગેરેના તેણે માહેતગાર રહેવું જરૂરનું છે, અને તે પ્રમાણે તેના કામકાજનો ઉઠાવ કરવાનો છે.

દરેક શાળાના આચાર્યે શિક્ષકોની શારીરિક તપાસ દાખલ કરવી ઘટે છે. શિક્ષકોનાં વજન ઘટે તો તુરત જ તેણે તેની નોંધ લેવી જોઈએ, અને શાળામાં તેનું કારણ જે કાંઈ હોય તે તુરત દૂર કરવું જોઈએ. શાળાના શિક્ષકો હમેશાં હસતા અને આનંદિત રહે તેવું વાતાવરણ શાળામાં આચાર્યે રાખ્યે જવું જોઈએ. પોતે તો પ્રેરણા, ઉત્સાહ અને સ્ફૂર્તિનો આધાર થવું જોઈ એ. જો આચાર્ય હસશે તો સૌ હસશે, જો આચાર્ય ઘુવડ બનશે તો શિક્ષકો ઘુવડ થશે. આચાર્ય શાળાનો એક પ્રકારનો પ્રમુખ છે, અને શિક્ષકો તથા વિદ્યાર્થીઓ તેના રાષ્ટ્રની પ્રજા સમાન છે.

શાળામાં પૂરતી હવા અને અજવાળું છે તે જેમ બાળકોની દૃષ્ટિથી જોવાનું છે, તેમ જ શિક્ષકોની દૃષ્ટિથી પણ જોવાનું છે. ઉત્સાહથી કામ ખેંચનાર શિક્ષકોની આજુબાજુની પરિસ્થિતિ સ્ફૂર્તિદાયક અને શ્રમને સહેજે હરી લે તેવી જોઈએ. વળી દરેક શિક્ષકને માથે વ્યાયામ ફરજિયાત કરવો; અર્થાત્ સાંજે બધા શિક્ષકોએ ભેળા મળીને થોડામાં થોડો વખત પણ રમવું જ જોઈએ. રમતગમત વિના શિક્ષકોનો થાક ઊતરવો આકરો છે. જ્યાં બની શકે ત્યાં શાળામાં વિશ્રાંતિગૃહ એટલે સારા સ્ફૂર્તિદાયક નાસ્તા અને પીણાની વ્યવસ્થા હોય તો ઘણું સારું. પંદર મિનિટ એની પાછળ ગાળવામાં નુકસાન નથી જ.

ખાસ તો આચાર્યે એ ધ્યાન રાખવાનું છે કે પોતાની ગાડીના ડબ્બામાં કયાંઈ પણ ખોટકો માલૂમ પડે તો તુરત જ ડબ્બાને 'સીક' માં નાખી દેવો. માંદો માંદો શિક્ષક બધો વખત કામ આપે તેના કરતાં સાજો શિક્ષક કદાચ ઓછો વખત કામ આપે તોપણ સરવાળે લાભ જ થશે.

શિ.

બાળકોના હક્કનું જાહેરનામું

સને ૧૯૩૦ માં પ્રેસિડન્ટ હૂવરે બાળકો માટે એક ખાસ સંમેલન બોલાવ્યું અને તે સંમેલને નીચે પ્રમાણેનું અમેરિકાનાં બાળકોના હક્કોનું જાહેરનામું પસાર કર્યું હતું.

૧. જીવનના ધક્કાધુંમા સહન કરવા માટે અને એની વચમાં દૃઢતાથી ઊભા રહેવામાં મદદ મળે એ માટે દરેક બાળકને આધ્યાત્મિક અને નૈતિક કેળવણી મળવી જોઈએ.

૨. દરેક બાળકનું વ્યક્તિત્વ એ એનો પોતાનો વધારેમાં વધારે કિંમતી અધિકાર છે એમ ગણી એના વ્યક્તિત્વને બરાબર સમજવું અને એનું બરાબર રક્ષણ થવું જોઈએ.

૩. દરેક બાળકને માટે ઘર હોવું જોઈએ, અને ઘરની સાથેસાથે જ ઘર જે જાતનો પ્રેમ અને સહીસલામતી (રક્ષણ) આપે છે તે પણ મળવાં જોઈએ. અને જે બાળકને પારકાની સંભાળ નીચે ઊછરવું પડતું હોય તે બાળકને માટે પોતાના ઘરને બદલે જે કંઈ આપીએ તે, ઘરની એટલે કે ઘરમાં મળતા પ્રેમ અને રક્ષણની વધારેમાં વધારે નજીકની વસ્તુ હોવી જોઈએ; ઘરના બદલામાં ઘર જેવું જ મળવું જોઈએ.

૪. દરેક બાળકને માટે એના જન્મ માટેની પૂરેપૂરી તૈયારીઓ હોવી જોઈએ; એની માતાની સગર્ભા સ્થિતિમાં, સુવાવડ વખતે અને સુવાવડ પછી સંભાળ લેવાવી જોઈએ, અને એવા રક્ષણાત્મક કાયદા ઘડાવા જોઈએ કે પ્રસૂતિ વધારે સહીસલામત બને.

૫. દરેક બાળક જન્મે ત્યારથી તે પુખ્ત ઉંમરનું થાય ત્યાં સુધી એની તંદુરસ્તીનું રક્ષણ બરાબર થવું જોઈએ. આની અંદર અમુક અમુક વખતે બાળકના શરીરની દાક્તરી તપાસનો સમાવેશ થાય છે; ઉપરાંત જો બાળકને કોઈ ખાસ દર્દ હોય તો તેવા ખાસ ડૉક્ટરની મદદ એને મળવી જોઈએ. વળી હૉસ્પિતાલમાં દાખલ કરવાની જરૂર ઊભી થાય તો એને હૉસ્પિતાલમાં દાખલ થવાની સગવડ પણ હોવી જોઈએ. બાળકના દાંતની નિયમિત રીતે દાક્તરી તપાસ થવી જોઈએ અને તે પણ દાંતના ખાસ દાક્તર મારફત જ. બાળકના દાંતની પૂરેપૂરી સંભાળ લેવાવી જોઈએ. બાળક કોઈ જાતના ચેપી રોગનું ભોગ ન થઈ પડે તે માટે રક્ષણાત્મક અને પ્રતિબંધક કાયદાઓ થવા જોઈએ. બાળકને ચોખ્ખો ખોરાક, ચોખ્ખું દૂધ અને ચોખ્ખું પાણી મળે એ માટે બરાબર વ્યવસ્થા થવી જોઈએ.

૬. દરેક બાળક જન્મે ત્યારથી તે પુખ્ત ઉંમરનું થાય ત્યાં સુધી એનું શરીરસ્વાસ્થ્ય બરાબર સચવાઈ રહે અને એનું શરીર દિનપ્રતિદિન વધારે ને વધારે સારું થતું રહે એવી વ્યવસ્થા થવી જોઈએ. આને માટે શરીરસ્વાસ્થ્યનું એને રીતસરનું શિક્ષણ મળવું જોઈએ, અને શરીરસ્વાસ્થ્યના કાર્યક્રમો યોજવા જોઈએ. આમાં બાળકને માટે માનસિક અને શારીરિક બિનનુકસાનકારક રમતગમત અને આરામનો સમાવેશ થાય છે. અને એ બધું યોગ્ય રીતે કેળવાયેલા શિક્ષકો અને બુઢ્ઢીઓની દેખરેખ નીચે થવું જોઈએ.

૭. દરેક બાળકને રહેવાની જગ્યા મળવી જોઈએ; આ જગ્યા સહીસલામતીવાળી, આરોગ્યને બિનનુકસાનકારક અને બાળકની તબિયત વધારે ને વધારે સારી થતી જાય એવી હોવી જોઈએ. આ જગ્યામાં બાળકને માટે યોગ્ય એવું ખાનગીપણું સચવાવું જોઈએ; આ જગ્યામાં બાળકના વિકાસની આડે આવે એવી કોઈ જાતની પરિસ્થિતિ ન હોવી જોઈએ. આ બધા ઉપરાંત બાળક માટે ઘરનું વાતાવરણ એવું હોવું જોઈએ કે બાળકને એમાં સુમેળ લાગે, અને એને વધારે ને વધારે તાજગીવાળું બનાવતું રહે.

૮. દરેક બાળકને માટે શાળા હોવી જોઈએ; આ શાળા એવી જાતની હોવી જોઈએ કે એમાં અકસ્માતો ન થાય; ઉપરાંત એ આરોગ્યપ્રદ હોવી જોઈએ; એની અંદરનાં સાધનો અને ઉપસ્કરો બાળકને માટે યોગ્ય અને અનુકૂળ હોવાં જોઈએ; એની અંદર હવા-ઉજાસ બરાબર હોવાં જોઈએ. નાનાં નાનાં બાળકો માટે નર્સરી નિશાળો અને કિન્ડરગાર્ટન શાળાઓ હોવી જોઈએ; અને એવી જાતની નિશાળો, જે જાતની સંભાળ ઘરે લેવાતી હોય તેને પોષક હોવી જોઈએ.

૯. દરેક બાળકને માટે એક એવી જાતનો સમાજ હોવો જ જોઈએ કે જે એની જરૂરિયાતોનો સ્વીકાર કરે અને એને માટે યોજનાઓ ઘડે તથા આચારમાં મૂકે. આ સમાજે બાળકનું શારીરિક સંકટો સામે રક્ષણ કરવું જોઈએ, નૈતિક અધઃપતન સામે પણ બાળકને રક્ષણ આપવું જોઈએ, અને બધી જાતનાં દૂર્દોમાંથી બાળક મુક્ત રહે તે પ્રત્યે ખાસ લક્ષ આપવું જોઈએ. આ સમાજે બાળકને માટે નિર્દોષ અને ફાયદાકારક રમતગમતનાં અને આરામનાં સાધનો તથા સ્થળો ઊભાં કરવાં જોઈએ, અને બાળકને ઊંચી જાતના સંસ્કારો મળે એવું વાતાવરણ આપવું જોઈએ, તથા એની સામાજિક જરૂરિયાતો માટે પ્રબંધ કરવો જોઈએ.

૧૦. દરેક બાળકને એવી જાતની કેળવણી મળવી જોઈએ કે એની મારફત એની પોતાની વ્યક્તિગત શક્તિઓ માલૂમ પડી આવે, અને એ શક્તિઓનો વિકાસ થાય; અને એ શક્તિઓના વિકાસને પરિણામે બાળક જીવન-સંગ્રામ માટે તૈયાર થાય. આ ઉપરાંત બાળકને ધંધાદારી શિક્ષણની પણ કેળવણી અને દોરવણી મળવી જોઈએ, જેથી કરીને બાળક મોટપણે પોતાની આજીવિકા મેળવી શકે અને બાળકને જેટલો શક્ય હોય તેટલો સંતોષ મળી શકે.

૧૧. દરેક બાળકને એવી જાતનું શિક્ષણ મળવું જોઈએ કે એ પોતાના બાળકને સરસ રીતે ઉછેરી શકે, અને એ રીતે પોતાની માબાપ તરીકેની ફરજો કૃતેહમંદીથી અદા કરી શકે. ઉપરાંત દરેક બાળકને સરસમાં સરસ રીતે ઘર ચલાવતાં આવડી શકે, અને એક શહેરી તરીકેના બધા અધિકારો જાણી શકે એવી એને કેળવણી મળવી જોઈએ. આ ઉપરાંત હાલમાં જે માબાપ છે એમની સામે માબાપ તરીકેના જે પ્રશ્નો આવે તે બધાનો ડહાપણપૂર્વક ઉકેલ લાવવાની લાયકાત એમનામાં આવે એવું વધારાનું શિક્ષણ મળવું જોઈએ.

૧૨. દરેક બાળકને એવી જાતનું શિક્ષણ

મળવું જોઈએ કે જે લોકો આજની પરિસ્થિતિની અંદર જે કંઈ અકસ્માતો થાય છે તેની સાથે એને રક્ષણ મળે અને એ સહીસલામતીથી જીવી શકે. આ અકસ્માતોની અસર બે પ્રકારની હોઈ શકે; એક તો બાળક પોતે એનું સીધી રીતે ભોગ થઈ પડે અથવા તો એનાં માબાપ એવા અકસ્માતનાં ભોગ થઈ પડે, અથવા તો એમનો હાથપગ ભાંગી જઈને એ લોકો અપંગ બની જાય અને એની આડકતરી અસર બાળક ઉપર થાય. આ બંને પ્રકારના અકસ્માતો સામે બાળકને રક્ષણ મળવું જોઈએ.

૧૩. જે બાળકો આંધળાં, બહેરાં, અપંગ અથવા તો કોઈ પણ જાતની શારીરિક નબળાઈથી પીડાતાં હોય તેમ જ જે બાળકો માનસિક દર્દોથી પીડાતાં હોય તેવાં બધાં બાળકો માટે એવી જાતની વ્યવસ્થા હોવી જોઈએ કે એમની નબળાઈઓ જેમ બને તેમ જલદીથી જણાઈ આવે, અને એની ચિકિત્સા થાય. અને પછીથી સંભાળ લેવામાં આવે; એમનાં રીતસરનાં દવાદારૂ કરવામાં આવે. આવાં ખોડખાંપણવાળાં બાળકોને એવી રીતે કેળવણી આપવી જોઈએ કે જેથી કરીને તેઓ સમાજ ઉપર બોજારૂપ થવાને બદલે સમાજને મદદગાર થઈ પડે. આવાં બાળકો માટે જે કંઈ ખર્ચ થાય તે માબાપો સહન કરી જે કંઈ અકસ્માતોની શક્યતા એમ ન હોય તો એમને અંગેનો બધો ખર્ચ સમાજે ઉપાડી લેવો જોઈએ.

દુઃખદ ખોટ

સદનવાડી, કચ્છ

સરસ્વતી સદનના એક અનન્ય સેવક, ભાઈ પ્રભુલાલ ધોળકિયા અને તેના મિત્રોના સાચા સાથી અને દ.મૂ. અધ્યાપનમંદિરના એક સુંદર વિદ્યાર્થી ભાઈ મોતીલાલ સંઘવી ગયા પખવાડિયામાં ભૂજ-કચ્છમાં અવસાન પામ્યા.

સરસ્વતી સદન તથા અધ્યાપનમંદિરને તેની ભારે ખોટ પડી છે.

પ્રભુ તેના ગંભીર અને પ્રેમાળ આત્માને શાંતિ આપે.

તેમના બાળબચ્ચાં અને કુટુંબને અમારાં આશ્વાસન.

ભાવનગર
૨૩-૬-૩૮ } ગિજુભાઈ

૧૪. જો કોઈ બાળક સમાજવિરોધી કામ કરતું હોય તો તે બાળકની પ્રત્યે સમજણપૂર્વક વ્યવહાર કરવો જોઈએ. એવું બાળક સમાજના રક્ષણ હેઠળ રહેવું જોઈએ; નહિ કે એને સમાજમાંથી બહિષ્કૃત કરવું જોઈએ. આવા બાળકને જો ઘરે રાખવું જરૂરી લાગે તો ઘરે રાખવું; શાળામાં રાખવું જરૂરી લાગે ત્યારે શાળામાં રાખવું; ધર્મગુરુના હાથ નીચે મૂકવું જરૂરી લાગે તો ત્યાં રાખવું; કોર્ટમાં હાજર કરવું જરૂરી લાગે તો ત્યાં રાખવું, અને કોઈ પણ સંસ્થામાં મૂકવું જરૂરી લાગે તો તેવી વ્યવસ્થા કરવી. અને આ બધાં સાથે એવી રીતસરની સમજૂતી હોવી જોઈએ કે એનો એવી રીતે વિકાસ સાધવો કે જેથી કરીને જ્યારે શક્ય હોય ત્યારે એ સમધારણ જીવનપ્રવાહમાં દાખલ થઈ શકે.

૧૫. દરેક બાળકના કુટુંબ માટે અમુક નિશ્ચિત આવક હોવી જોઈએ કે જેથી કરીને

બાળકનો વિકાસ યોગ્ય રીતે થાય; ઉપરાંત દરેક બાળકના કુટુંબનું જીવનધોરણ પણ બાળકના વિકાસ માટે પૂરતું ઊંચું હોવું જોઈએ. આથી કરીને બાળકના વિકાસમાં કોઈ પણ જાતની સામાજિક ઊણપો આવે નહિ, અને એ રીતે આવી જાતની ઊણપો સામે બાળકને બાતરીબંધ રક્ષણ મળી શકે.

૧૬. દરેક બાળકને એના શારીરિક અથવા માનસિક વિકાસમાં આડે આવતી અથવા તો એનો વિકાસ રૂંધતી મજૂરીની સામે રક્ષણ મળવું જોઈએ; ઉપરાંત કોઈ પણ જાતની મજૂરી બાળકની કેળવણીની અથવા તો બાળકના આનંદ, રમતગમત અને એના મિત્રોની સોબતની આડે પણ આવવી જોઈએ નહિ.

૧૭. ગામડાંનાં બાળકોને પણ શહેરનાં બાળકોના જેટલી જ સંતોષકારક શાળાની અને આરોગ્યની સગવડો મળવી જોઈએ. ઉપરાંત ગામડાંમાં રહેતાં કુટુંબોને પણ શહેરમાં મળતી સામાજિક આરામ લેવાની અને સંસ્કારિતા વધારવાની સગવડો પૂરી પાડવી જોઈએ. જેથી કરીને બાળકોને પણ એવી જાતનો લાભ મળે.

૧૮. યુવાનોને ઘરે તથા શાળામાં જે કેળવણી મળે છે તેની પૂર્તિ તરીકે, અને આધુનિક જીવન બાળકોને જાતજાતનાં રસભર્યાં કામોમાંથી વંચિત રાખે છે તે તેમને મળી શકે તે માટે યુવાનોની સ્વયંપ્રેરિત સંસ્થાઓને ખૂબ વધારવી જોઈએ અને વિકસાવવી જોઈએ. આ બાબતમાં એવી સંસ્થાઓને જોઈએ તેટલી પ્રેરણા અને ઉત્તેજન આપવાં જોઈએ.

બાળકોનાં સુખશાંતિ અને આરોગ્યના રક્ષણ માટેની ઓછામાં ઓછી આ સગવડો બધી જ જગ્યાએ મળી શકે એ માટે આરોગ્ય, કેળવણી અને સુખશાંતિની દરેક તાલુકામાં, જિલ્લામાં અથવા તો સમાજમાં સંસ્થાઓ હોવી જોઈએ, અને એવી સંસ્થાઓમાં આખો વખત કામ કરનારા અધિકારીઓ હોવા જોઈએ.

૧૯. આ બધી સંસ્થાઓએ રાજ્ય તરફથી દેશભરમાં ઉપાડી લેવામાં આવેલા કાર્યક્રમની સાથે સાથે જ કામ કરવું. આ કાર્યક્રમ વૈજ્ઞાનિક શોધખોળ, આંકડાઓ અને સામાન્ય માહિતીના આખા દેશમાં પથરાયેલા બાતાને ધ્યાનમાં રાખીને રચાયેલો હોવો જોઈએ. આ બાતાની અંદર નીચેની વિગતોનો સમાવેશ કરવામાં આવેલો હોવો જોઈએ:—

ક જાહેર તંદુરસ્તીબાતાના કેળવાયેલા બધો વખત કામ કરનારા અધિકારીઓ અને એમની સાથે જાહેર તંદુરસ્તીબાતાની નર્સો પણ હોવી જોઈએ. જાહેર સ્વચ્છતાનું રીતસરનું નિરીક્ષણ થવું જોઈએ, અને એની સાથે સાથે જાહેર તંદુરસ્તીની સહીસલામતી કેવી રીતે રહી શકે તે માટે વિજ્ઞાનની પ્રયોગશાળાઓમાં કામ થવું જોઈએ.

ખ દર્દીઓ માટેની પૂરતી પથારીઓ બધી હૉસ્પિતાલોમાં હોવી જોઈએ.

૨૦. બાળકોને ગરીબાઈ, આરબાનીસુલતાનીને અંગે આવી પડતાં સંકટો અને એમની પોતાની વર્તણૂકને લીધે પડતી મુશ્કેલીઓને અંગે ઉત્પન્ન થતી બાસ જરૂરિયાતોમાં બાળકોને દોરવા માટે, મદદ કરવા માટે અને એમાંથી ઉગારવા માટે બધો વખત કામ કરનારા

અધિકારીએ વિાળું જાહેર હિતનું એકાખાતું બોલવું જોઈએ. અને એ લોકોએ બાળકોને મારપીટ અને ગાળાગાળીમાંથી, બાબાપો તથા વાલીઓ તરફની બેદરકારીમાંથી, એમનું શોષણ થતું હોય તેવી પરિસ્થિતિમાંથી તથા એમનું નૈતિક અધઃપતન થાય એવા વાતાવરણમાંથી બચાવવાં જોઈએ.

ઉપલા બધા અધિકારો અમેરિકામાં વસતો બધાં બાળકોને પ્રાપ્ત થાય છે. જ્યાં જ્યાં અમેરિકાનો વાવટો ફરકે છે અને એ વાવટાનું રક્ષણ મળે છે, ત્યાં ત્યાં વસતાં બધાં જ બાળકો આ અધિકારો ભોગવશે. આ અધિકારોના ભોગવટાની આડે જાતિભેદ, રંગભેદ કે વર્ગભેદ કે સ્થળભેદ આવી શકશે નહિ. બધાને આ અધિકારો સરખી રીતે મળશે.

શં.

શુદ્ધ લેખન

મનુષ્યની પરીક્ષા જેમ વાતચીતમાં ઉચ્ચારની શુદ્ધિ ઉપરથી થાય છે તેવી જ રીતે લખાણ કરવામાં જોડણીની શુદ્ધિ ઉપરથી પણ થઈ શકે છે. લાંબી મુદતની ટેવ પડેલી હોવાથી ઉચ્ચારની શુદ્ધિ કરવી એ કદાચ મુશ્કેલ કામ ગણાય; પરંતુ થોડા પ્રયત્નથી લખવામાં જોડણીની શુદ્ધિ તો લાવી શકાય; ફક્ત તે માટે સતત કાળજી રાખવી જોઈએ, અને તે તરફ લક્ષ દોરાવું જોઈએ. આજે તો સારાં સારાં ભણેલાંગણેલાં સ્ત્રીપુરુષોને પણ સાત વારનાં નામ અને માસિક, નીતિ, પરીક્ષા, અનુકૂળતા અને એવા શબ્દો શુદ્ધ રીતે લખતાં આવડતું નથી એ જ્યારે આપણે અનુભવીએ છીએ, ત્યારે શિક્ષકોની આગલી પેઢીની બેદરકારી માટે આપણને લાગણી થાય છે. પરંતુ શિક્ષકોની આ પેઢી આ સારા પણ મહત્ત્વના પ્રશ્ન તરફ થોડું જ વિશેષ લક્ષ આપે તો શુદ્ધ લખવાનું ઘણાંને આવડી જાય.

ગુજરાતી ભાષામાં સામાન્ય ભૂલો થાય તેવા ત્રણસોચારસોથી વધારે શબ્દો નહિ હોય. અને એક વખત પ્રયત્ન કરીને પ્રથમ શબ્દોમાં એકે પણ ભૂલ ન પડે એવી સ્થિતિ લાવી મૂકવામાં આવે તો પછી પાછળનું બધું કામ સહેલું થઈ જશે જ. માટે વસોમાં ભરાયેલા આ શિક્ષણવર્ગમાં આવેલાં બેનો અને ભાઈઓથી જ આ કામની સરસ શરૂઆત થઈ શકે તે હેતુથી આ નીચે આશરે બસો શબ્દોની સંખ્યા આપી છે. સર્વ ભાઈબેનો એ શબ્દો પોતપોતાની નોટોમાં ઉતારી લે અને બરાબર લખાવીને વા મોઢે પૂછીને એક અઠવાડિયાની અંદર પહેલા ૧૦૦ શબ્દોમાં એકે પણ ભૂલ ન પડે એવી તૈયારી કરે. બીજા અઠવાડિયાની શરૂઆતમાં દિવસ અને કલાક જાહેર કરી એ શબ્દો પૈકી ૨૫ શબ્દો લખાવવામાં આવશે; અને ત્યારે કોઈ ભાઈ વા બેનની એક પણ ભૂલ ન રહે એવી આશા રાખવામાં આવે છે. અને બીજા અઠવાડિયામાં બીજા ૧૦૦ શબ્દો એ જ પ્રમાણે લખાવવાની યોજના થશે, અને ત્રીજા અઠવાડિયામાં આ બધાય શબ્દોમાંથી ૫૦ શબ્દો

લખાવીને કેની પ્રગતિ થઈ છે એ જોવામાં આવશે. વર્ગમાંથી આપણે છૂટા પડીએ ત્યારે આ આપેલા શબ્દોમાંથી કોઈની એક પણ ભૂલ ન પડે એવી આપણી તૈયારી થઈ ગઈ હશે જ એવી આશા રાખવી એ વધારે પડતી ન ગણાય.

વસો
૧૩-૫-'૩૮

મોતીભાઈ ન. અમીન

* * *

અર્પણ	આશીર્વાદ	કૃષ્ણ	દંડવત (પ્રણામ)	પ્રત્યક્ષ	ભાનસિક
અગ્નિ	આશ્વાસન	ગણિત	દંડવત્ (અવ્યય)	પ્રતિકૂળ	ભાસિક
અતિથિ	ઇતિહાસ	ગુરુવાર	દીર્ઘ	પ્રવીણ	મીઠું
અદ્‌ભુત	ઈર્ષ્યા	ગ્રામોદ્ધાર	ધાર્મિક	પ્રવૃત્તિ	મુશ્કેલ
અદ્વિતીય	ઉત્પત્તિ	ગ્રામશાળા	ધૈર્ય	પ્રશંસા	મુહૂર્ત
અદૃશ્ય	ઉત્પન્ન	ગ્રામ્યભાષા	ન્યૂનતા	પ્રહ્લાદ	મૂર્તિ
અદ્યાપિ	ઉન્નતિ	ગ્રહશાન્તિ	નરક	પ્રસંગ	મંદિર
અધિપતિ	ઉપવાસ	ઘણું	નમ્રતા	પ્રસન્ન	યાવચ્ચંદ્રદિવાકરૌ
અધીન	ઊર્મિ	ચિહ્ન	નર્મદા	પુરુષ	રમણીય
અનુકૂળ	ઋગ્વેદ	ચારિત્ર	નવીન	પૃથક્કરણ	રવિવાર
અનુચિત	ઋણ	જગદીશ	નિમિત્ત	પૃથ્વી	રાજકીય
અનુસ્વાર	ઋતુ	જાગૃત	નિયમિત	પૃષ્ઠ	રાજમાન્ય
અપૂર્ણાંક	ઋષિ	જિજ્ઞાસા	નિરુપયોગી	પાશ્ચાત્ય	રાજ્યશ્રી
અમૃતલાલ	કઠિન	ઝીણું	નિરુદ્યમી	પાંચ ગણું	લખું
આકૃતિ	કવિતા	તત્ત્વ	નિરંતર	પ્રારબ્ધ	લૂગડાં
આશ્રમ	કન્યા	તાદૃશ	નિરીક્ષા	પાર્થના	વગેરે
આશ્રય	કાન્તિલાલ	તિથિ	નિર્દોષ	પૂજ્ય	વર્તણૂક
આજ્ઞાંકિત	કૃપા	તીર્થ	નિદ્રા	પોષ	વ્યાધિ
આભૂષણ	કીર્તિ	તીવ્ર	નિશાની	બહુ	વ્યાવહારિક
આશ્ચર્ય	કુળ (કુટુંબ)	તીક્ષ્ણ	નિશાળ	બ્રહ્મચર્ય	વ્રત (ઉપવાસાદિ)
આયુષ	કુલ (સરવાળો)	ત્રિકોણ	નીતિ	બિલકુલ	વૃત્ત (છંદ, રાગ)
આશિષ	ક્રૂર	દૃઢ	નૈઋર્ત્ય	બુદ્ધિ	વાયવ્ય

દરિદ્રતા	પતિપત્ની	ભિન્ન			
દર્શન	પતિવ્રતા	ભીતિ			
દૃષ્ટિ	પદ્ધતિ	ભૂગોળ			
દૃષ્ટાંત	પરિણામ	ભૂમિતિ			
દિન (દિવસ)	પરિષદ	મતિહીન			
દીન (ગરીબ)	પરિશિષ્ટ	મલિન			
દિનચર્યા	પરીક્ષા	મહાદેવ			
દ્વિપ (હાથી)	પસંદ પડવું	મહાન			
દ્વીપ (બેટ)	પહોંચ્યો	માનસિક			
દંડવત (પ્રણામ)	પ્રત્યક્ષ	માસિક			
દંડવત્ (અવ્યય)	પ્રતિકૂળ	મિતિ			
દીર્ઘ	પ્રવીણ	મીઠું			
ધાર્મિક	પ્રવૃત્તિ	મુશ્કેલ			
ધૈર્ય	પ્રશંસા	મુહૂર્ત			
ન્યૂનતા	પ્રહ્લાદ	મૂર્તિ			
નરક	પ્રસંગ	મંદિર			
નમ્રતા	પ્રસન્ન	યાવચ્ચંદ્રદિવાકરૌ			
નર્મદા	પુરુષ	રમણીય			
નવીન	પૃથક્કરણ	રવિવાર			
નિમિત્ત	પૃથ્વી	રાજકીય			
નિયમિત	પૃષ્ઠ	રાજમાન્ય			
નિરુપયોગી	પાશ્ચાત્ય	રાજ્યશ્રી			
નિરુદ્યમી	પાંચ ગણું	લખું			
નિરંતર	પ્રારબ્ધ	લૂગડાં			
નિરીક્ષા	પાર્થના	વગેરે			
નિર્દોષ	પૂજ્ય	વર્તણૂક			
નિદ્રા	પોષ	વ્યાધિ			
નિશાની	બહુ	વ્યાવહારિક			
નિશાળ	બ્રહ્મચર્ય	વ્રત (ઉપવાસાદિ)			
નીતિ	બિલકુલ	વૃત્ત (છંદ, રાગ)			
નૈઋર્ત્ય	બુદ્ધિ	વાયવ્ય			

વાર્ષિક	શાર્દૂલવિક્રીડિત	સૌન્દર્ય	વિસ્તીર્ણ	શ્રીમાન	સિવાય
વિકરાળ	શારીરિક	સ્વસ્તિ	વૈષ્ણવ	સતત	સૂચના
વિદ્યાર્થી	શાળોપયોગી	સ્વીકારશો	વીર્ય	સત્ત્વ	સૂચિપત્ર
વિદ્વાન	શાળાધિકારી	સર્વોત્તમ	વ્યાકરણ	સ્થિતિસ્થાપક	સૂક્ષ્મદર્શક
વિનંતિ	શાન્તિલાલ	સહસ્ર	વ્યાખ્યા	સદ્‌ગૃહસ્થ	સંતોષ
વિના	શિથિલ	સન્યસ્તાશ્રમ	શક્તિમાન	સદ્‌ગુણ	સંપત્તિ
વિશેષ	શિખરિણી	સહિત	શકુન્તલા	સમર્થ	સંશય
વિષ	શિરછત્ર	સાર્વજનિક	શનિવાર	સમાપ્ત	હૃદય
વિષે	શૂરવીર	સ્વાધીન	શશી	સમૂહ	હૃષિકેશ
વિષય	શેષ	સ્વાભાવિક	શાપ	સ્તુતિ	હ્રસ્વ
વિષ્ણુ	શ્રીયુત	સ્વાશ્રય			

બાલમંદિરો અને વૈદકીય મદદ

મારા છેલ્લા એક વર્ષના બાલમંદિરના અનુભવ ઉપરથી હું એક વાત સ્પષ્ટપણે જોઈ શકયો છું કે બાલમંદિર જેવી સંસ્થાને એક અંગભૂત રીતે જ વૈદકીય સલાહ અને મદદની જરૂર રહે છે.

બાલમંદિરમાં આવતાં બાળકો ઘરના, શેરીના અને ગામના રોગો લઈને આવે છે. અત્યારે તો બાલમંદિરોની ચાલુ પ્રથા એવી છે કે જે બાળકને કોઈ પણ જાતનો રોગ માલૂમ પડે છે તેમને ઘરે રહેવાનું સૂચન થાય છે. ચાલુ બાલમંદિરે તાવ કે એવો બીજો કોઈ રોગ માલૂમ પડે તો બાળકને તરત જ ઘરે મોકલી દેવામાં આવે છે. બાલમંદિરના દરરોજના કામમાં સ્વચ્છતાતપાસ સાથે થોડી થોડી આરોગ્યતપાસ જેવી કે આંખ, નાક, કાન, ગળું પણ જોડી દીધેલી છે.

પણ મારો અનુભવ મને એમ કહે છે કે આ ઉપરાંત બાલમંદિરોએ દર મહિને પંદર દિવસે બધાં જ બાળકોની સંપૂર્ણ વૈદકીય તપાસ કરાવવી જોઈએ, અને એના પરિણામ રૂપે માબાપોને તેઓનાં બાળકો વિષેની વૈદકીય સલાહ પહોંચાડવી જોઈએ.

આપણા વ્યવસાયી સમાજમાં બાળકો પ્રત્યે સહેજે લક્ષ ઓછું જ હોય છે. બાળકને તાવ આવે ત્યારે દવા થાય, અગર કોઈ પણ રોગનાં સ્પષ્ટ ચિહ્નો જણાય ત્યારે જ એને દવાખાને લઈ જવામાં આવે. પણ તેમની સામાન્ય તંદુરસ્તી, શરીરની શક્તિ, (Vitality) ખોરાકની ઊણપો અને પરિણામે શરીરની નબળાઈ, હાડકાંના બંધારણના દોષો (Ricketts) આંખના રોગો અને અસ્વચ્છતા, ગંદા દાંત, ગળાના કાકડા, ખસ ખુજલી અને ગૂમડાં વગેરે; આ બધા ઉપર માબાપોનું જરા પણ લક્ષ નથી હોતું. ઊલટું તદ્દન બેદરકારી હોય છે.

આ વૈદકીય સલાહ જુદી જુદી પરિસ્થિતિમાં

મુકાયેલાં બાલમંદિરો જુદી જુદી રીતે મેળવી શકે. રાજ્યો તરફથી ચાલતાં બાલમંદિરો રાજ્યના વૈદકીય ખાતા સાથે આ જાતની ગોઠવણ કરી લઈ શકે. મ્યુનિસિપાલિટી, લોકલ બોર્ડો મારફત ચાલતાં બાલમંદિરો મ્યુનિસિપાલિટીના હેલ્થઑફિસરો દ્વારા આ વસ્તુ કરાવી લઈ શકે. બાનગી અને સ્વતંત્ર બાલમંદિરોએ અથવા બીજી સંસ્થાઓ સાથે જોડાયેલાં બાલમંદિરોએ શરૂઆતમાં એકાદ વર્ષ પોતાને ખરચે વૈદકીય તપાસ કરાવવી, અને એ બાબતમાં લોકમત કેળવીને પછી બાળકોની ફીમાં કે ફંડના એક મુદ્દા રૂપે પ્રજા પાસેથી એનો ખરચ લેવો જોઈએ. આ તો સામાન્ય સૂચના છે. દરેક બાલમંદિરોએ પોતપોતાની પરિસ્થિતિ અનુસાર આ વસ્તુ કરી લેવી ઘટે.

આપણે જાણીએ છીએ કે જૂની પ્રાથમિક શાળાઓ તો જાણે બાળકોને માટે રોગો અરસપરસ બદલાવવાનાં ઘરો-exchange houses જેવી છે. બાલમંદિરોએ એમાંથી બચવું જોઈએ. અને વધુ આગળ જઈને બાલમંદિરમાં આવતાં બાળકોનાં માબાપોને આ બાબતમાં જાગૃત કરીને બાળ આરોગ્યને રસ્તે ચડાવવાં જોઈએ.

ન.

મારો બાલ્યકાળ

[ચાલુ]

દરબારી નિશાળમાં જે માસ્તરના કલાસમાં હું હતો, એ માસ્તર બહુ આકરો હતો. જરાક જે મોડા થઈ એ તો ઝૂડી જ નાખે. અને એની શિક્ષાના પ્રકાર પણ ઓર તરેહના હતા. ખુરશી પાસે બોલાવે અને જાણે કાંઈ ન હોય તેમ ખુરશીના હાથા પર છોકરાનો હાથ ઊંધો રાખી બથડાવે. કોઈ વાર વળી બે બાજુ ઝાલી પાંચ ડગલાંનો 'રન' લઈ દીવાલ સાથે છોકરાને ભટકાવે; સાથે કાંઈક ગાતો જાય. એને પૂછે એને ભગવાન પૂછે. અમે એનાથી બહુ બીતા. એ દિવસોમાં મારામાં કવિત્વ હશે એમ મને લાગે છે— આજે પણ જેને હું કવિતા કરી કહેતો—તેવી તે દિવસોની એક કવિતા યાદ છે. એ કવિતા અમારા એ માસ્તરના માનમાં મેં બનાવી હતી અને મારા કલાસના બધા છોકરાઓએ મોઢે કરી હતી. અને જ્યારે ગામમાં માસ્તરને જોઈએ ત્યારે ચોરી છૂપાઈને અમે બોલતા:—

વી પો વા ણિ યો.
આં બે ક્રા ણિ યો
સા મિ નાં ણિ યો
એનો બાપ નાણિયો

મારે કબૂલ કરવું જોઈએ કે આમાં બે જ વાત સાચી હતી. માસ્તરનું નામ વીરો (વીરપાળનું લાડકું) હતું અને એ વાણિયો હતો—એ સિવાયનું બધું તો કાવ્યમાં લેવાની સાહજિક છૂટ હતી. કારણકે એ કાણિયો ન હતો પણ એની આંખો મોટી ભમરડા જેવી હતી. એનો અમને ઘણી વાર અનુભવ થયો હતો—અમે ગમે ત્યાં છૂપાઈને બોલતા હોઈએ તોપણ એની ચકોર આંખ અમને પકડી જ પાડતી; અને બીજે દિવસે નિશા-

ળમાં એ અમારા હાલહવાલ કરી નાખતો. એ સ્વામીનારાયણ ધર્મનો નહિ પણ જૈન હતો. અને એનો બાપ કોણ હતો એ તો મને ખબર નથી; પણ મને યાદ છે કે એના બાપનું જે નામ જાણીતુ હતું તે નાણુયો તો ન જ હતું.

એના મારથી બચવા અમે વહેલા નિશાળે જઈને બેસતા અને કોઈ વાર મોડા થશું એવી બીક લાગે તો બાવળની તાજી પાલીનાં ત્રણ પાન બાઈ લેવાનું ચૂકતા નહિ. અમને બાતરી હતી કે જો બાવળની પાલીનાં ત્રણ પાન બાઈને દોડીએ તો ગમે તેટલા મોડા હોઈએ તોપણ વહેલા થઈ જઈએ. આમ બાવળની પાલી બારા છતાં જો મોડા પડતા તો અમને વાંક અમારો જ દેખાતો, અને થતું કે ત્રણને બદલે ભૂલભૂલમાં ચાર પાન બાધાં હશે.

અમે બધા ઘણી વાર આ માસ્તરને હનુમાન ભળાવતા; ઘણી વાર અમે ઘીના દીવાની પણ માનતા કરતા કે જો વીપો માસ્તર માંદો પડે કે એના સગામાં કોઈ મરી જાય ને એને આભડવા જવું પડે ને એ નિશાળે ન આવે તો ભગવાનને એક ઘીનો દીવો કરશું. પણ કોઈ વાર અમે બાધા રાખી હોય તે દિવસે એ માંદો પડવાથી કે બીજા કોઈ કારણે નિશાળે ન આવ્યો હોય તેવું બન્યું જ નહિ, એટલે ઘીનો દીવો કયા ભગવાનને કરવો એ પ્રશ્ને અમારા નાનકડા મગજને કદી પજવેલ નથી.

મને એક નુસ્ખો જડ્યો હતો. કોણે બતાવ્યો તે અત્યારે યાદ નથી. મારા ઘર પાસે એક પ્રખ્યાત વાવ છે. વાવમાં પેસતાં જ હનુમાન અને કાળભૈરવ આવે છે. એ હનુમાન એવા ચમત્કારી છે કે તેમની સામે કચ્છ બીડી ઊભા રહી સાથળ પર ત્રણ થપાટ મારી જો હનુમાનને કુરતીનું આમંત્રણ આપીએ તો હનુમાન જરૂર ગુસ્સે થાય, અને જો આપણે હાથમાં આવીએ તો મારી જ નાખે. પણ એમની દેરી બહાર ઊભા હોઈએ તો આપણને એ કાંઈ ન કરી શકે. પછી આપણે એટલું જ એમને કહી નાખવાનું કે બહુ ડોળ કરો છો તો પેલા વીપા વાણિયાને પહોંચોને! મેં આ પ્રયોગ કરી જોયેલો. પણ નથી હનુમાને મને પરચો બતાવ્યો કે નથી વીપા માસ્તરને એ નડ્યા. પણ પછી તો વીપા માસ્તરનો કલાસ વટાવી હું ઉપરના કલાસમાં ગયો. મારો રાગ નાનપણથી બહુ સારો હતો, તેથી માસ્તરો મારી પાસે કવિતાઓ ગવડાવતા અને બદલામાં તેઓ મને કોઈ દિવસ મારતા નહિ. પછી તો હું ભણવા લાગ્યો. હાઈસ્કૂલનાં ઘણાં સ્મરણો તાજાં થાય છે પણ એ અહીં નોંધવાનાં નથી એટલે વચ્ચે એક માસ્તરનું સ્મરણ કરીને આ લેખ પૂરો કરીશ. પહેલો પ્લેગ આવ્યો ત્યારે હું મારી બેનને ત્યાં બીજે ગામ ગયો. મારાં બાને તો પ્લેગની શી બીક હોય? હું જ બરો જેબમી-glass with care-made in Japan જેવો. એ ગામમાં હું સડક ઉપર આવેલી દરબારી નિશાળમાં પહેલી ચોપડીમાં દાખલ થયો. આ માસ્તર વળી વીપાને પણ વટી જાય એવો હતો. વીપો જેમ મોડા આવનારથી ખિજાતો તેમ આને વ્યવસ્થા વહાલી હતી. નંબર પૂરે ત્યારે બધા છોકરાઓએ પોતપોતાનો નંબર સ્લેટમાં મોટા અક્ષરે લખી રાખવો અને જ્યારે એનું નામ આવે ત્યારે તેણે બોલ્યા વિના સ્લેટ

ઊંચી કરીને બતાવવી; મોઢે બોલવું નહિ અને જો બોલ્યા તો માસ્તર આંકણીનો છૂટો ઘા કરે. મને આ ટેવ કેમેય કરતાં પડે જ નહિ. આખો દિવસ ગોખી રાખું, સાંજે સ્લેટમાં નંબર લખું પણ ખરો, પણ જ્યાં મારું નામ આવે ત્યાં સ્લેટ ઊંચી કરવી ભૂલી જઉં અને મોઢેથી જ બોલી જવાય; અને સણસણતી આંકણી આવે! કોઈવાર હું લોંચી ખાઈ જતો તેથી, અગર તો માસ્તર વાણિયાભાઈ હોવાથી નિશાન ચૂકી જતા તેથી, મારા બદલે બીજા કોઈ છોકરાને આંકણી લાગતી, અને તેથી વધારાનો માર ખાવો પડતો. આખરે હું થાકયો બહેનને કહું કે નિશાળે જવું નથી ગમતું તો બહેન માને નહિ. મને ભણાવવો એવું બાપા મરતાં મરતાં કહી ગયેલા, એટલે નિશાળે મોકલવાના આગ્રહમાં તો બધાં જ એકમત હતાં. એટલે ન છૂટકે રોજ જવું પડતું અને રોજ માર ખાવો પડતો. આખરે મારે અમારે ગામ જવાનું નક્કી થયું. છેલ્લે દિવસે વેર વાળવું એવો મેં નિશ્ચય કર્યો હતો. સાંજ પડી; નંબર પૂરવાનો વખત થયો. મેં મારી સ્લેટનાં જલોયાં કાઢી નાખ્યાં, સ્લેટમાં નંબર લખ્યો અને જ્યાં મારું નામ આવ્યું કે સ્લેટ ઊંચી કરી. માસ્તર ને એમ હશે કે હું સ્લેટ બતાવું છું, પણ ત્યાં તો મારા હાથમાંથી સ્લેટ છૂટી–માસ્તરની દિશામાં–અને હું મૂઠીઓ વાળીને નાઠો! એ માસ્તરને લાગ્યું કે નહિ તે ખબર નથી, એટલું જ નહિ પણ એ નિશાળ સામે પણ ફેટલાંય વરસો સુધી-ઘણી વાર એ ગામમાં જવાનું થયું છતાં જોયું નથી.

અને પછી તો ડાહ્યો થયો—એક દરજી જેના વિષે મહાત્માજીની આત્મકથામાં ઉલ્લેખ છે તેના સહવાસમાં આવ્યો. અને.....પછી તો બાલ્યાવસ્થા પણ પૂરી થઈ ગઈ, અને આજે તો એક વાર બાળક હતો તેની કડવીમીઠી કલ્પનાઓ જ રહી. મને ઘણી વાર નર્મદની પેઠી કાવ્યપંક્તિ ફેરવીને બોલવાનું મન થાય છેઃ "હરિ! તું બાલ્યકાળ ફરી આપે?" પ્રા.

નૂતન ગણિતશિક્ષણ

[ચાલુ]

હવે આપણે પરિભાષામાં ફેરફાર કરવાના બીજા દૃષ્ટિબિંદુનો વિચાર કરીએ. આપણે બાળકને સો સુધીની જે ૩૮ પરિભાષા આપીએ છીએ તેની અંદર બાળકને દશકનો સમૂળગો ખ્યાલ આવતો નથી; જ્યારે બરી રીતે ગણિતશિક્ષણમાં દશકનો ઉપયોગ વધારેમાં વધારે થાય છે. ગણિતશિક્ષણની અંદર દશકનો સ્પષ્ટ ખ્યાલ આવવો ખૂબ જ આવશ્યક છે. સરવાળા, બાદબાકી, વગેરેમાં જો દશકનો બરાબર ખ્યાલ ન હોય તો બાળક ખૂબ મૂંઝવણ અનુભવે છે, એટલે દશકનો ખ્યાલ જરૂરી છે. આપણે જે પરિભાષાનો ફેરફાર કરીએ છીએ તેની અંદર બાળકને દશકનો બરાબર ખ્યાલ આવે છે. બાળક જોઈ શકે છે કે ૨૧, ૨૫, ૯૯, એ સ્વતંત્ર સંખ્યાઓ નથી પણ એકવીસ એટલે બે દશક અને એક એકમ છે; પચીશ એટલે બે દશક ને પાંચ એકમ છે; નવ્વાણુંની અંદર નવ દશક ને નવ એકમ છે.

આ રીતે વિચાર કરતાં પણ પરિભાષાનો ફેર-ફાર તદ્દન આવશ્યક બને છે. પણ તો પછી આપણી પ્રચલિત અને રૂઢ પરિભાષાનું શું? શું એનો સંપૂર્ણપણે ત્યાગ કરવો? બાળકને એનાથી સાવ વંચિત રાખવું? તો પછી બાળકને જીવનવ્યવહારમાં મુશ્કેલી નહિ આવે? બાળક જ્યારે બહારની દુનિયામાં જશે ત્યારે એને જુદી પરિભાષાને લીધે મુશ્કેલી નહિ અનુભવવી પડે? આ વસ્તુ ઉપર વિચાર કરવો જેવું તો છે જ. પરિભાષાનો ફેરફાર બાળકને બહારની દુનિયાના જીવનમાં મુશ્કેલી તો જરૂર ઊભી કરે. કોઈ માણસ પચીશ કહે તો એને કંઈ સમજાય નહિ કેમકે એને આપણે પચીશ શીખવ્યા નથી, પરંતુ આપણે તો એને બે દશ ને પાંચ શીખવ્યું છે; એટલે બાળકની સ્થિતિ મૂંઝવણભરેલી થઈ પડે.

આને માટે પણ તોડ કાઢવામાં આવેલો છે. બાળકને આપણે ધીરે ધીરે ક્રમિક રીતે રૂઢ પરિભાષામાં પ્રવેશ કરાવીએ છીએ. શરૂઆતમાં બાળકને આપણે દશકનો ખ્યાલ આપે અને એને એક સામટા સો શબ્દો યાદ રાખવા ન પડે એટલા માટે એક દશક ને એક, એક દશક ને બે, એમ નવ દશક ને નવ સુધી રૂઢ પરિભાષાથી સાવ જુદી જ પરિભાષા આપીએ છીએ. પછી બાળક જેમ ગણિતમાં આગળ વધતું જાય છે એમ આપણે એને રૂઢ પરિભાષા તરફ લેતા જઈએ છીએ. આપણે એને માત્ર નવા નવ શબ્દો જ આપીએ છીએ. આપણે એને બે દશ એટલે વીશ, ત્રણ દશ એટલે ત્રીશ, ચાર દશ એટલે ચાળીશ, પાંચ દશ એટલે પચાસ, છ દશ એટલે સાઠ, સાત દશ એટલે સિત્તેર, આઠ દશ એટલે એંશી, અને નવ દશ એટલે નેવું, એમ બતાવીએ છીએ. આ નવા શબ્દો લેવામાં બાળકને કંઈ જ મુશ્કેલી આવતી નથી, કેમકે એને માત્ર આઠ જ શબ્દો યાદ રાખવાના હોય છે. પછી વચલી સંખ્યાઓ યાદ રાખવી સહેલી બને છે. વીશ ને એક, વીશ ને બે, એવી રીતે નેવું ને નવ, બાળકને કંઈ પણ મૂંઝવણ આપતાં નથી.

ત્યાર પછીનું પગથિયું એટલે બાળકને આપણી રૂઢ પરિભાષા આપવી. આ કામ બાળક થોડું મોટી ઉંમરનું થાય છે ત્યારે કરવામાં આવે છે. બાળકની સાતેક વર્ષની ઉંમર થાય તે વખતે બાળકને આપણી રૂઢ પરિભાષા આપવામાં આવે તો કાંઈ વાંધો નહિ.

આ ઉંમરે બાળકનો ભાષાવિકાસ એકંદરે ઠીક ઠીક થયેલો હોય છે; એનો ભાષા માટેનો રસ અને નવા નવા શબ્દો લેવાની ઇચ્છા જાગૃત થયેલાં હોય છે. એટલે આ કાળે બાળકને રૂઢ પરિભાષા લેવામાં કંઈ જ મુશ્કેલી આવતી નથી. ઉપરાંત વીશ ને એક, ત્રીશ ને પાંચ, એ વચલું પગથિયું તો થઈ ગયેલું હોય છે એટલે એકવીશ કે પાંત્રીશ સમજતાં અને યાદ રાખતાં એને બહુ મુશ્કેલી પડતી નથી. (અપૂર્ણ) શં.

સમાચાર

—પીંગળવાડા. બાલસંઘ સ્થપાયો. સંચાલક છોટાભાઈ ખુ. પટેલ.

—ડોલાઈ. ગામમાં લત્તાવાર બાલસંઘો સ્થપાય છે. સંચાલક કમળાશંકર પંડિત.

—કૂકડ. બાલસંઘ સ્થપાયો. સંચાલક ગુજરાતી શાળાના મુખ્ય શિક્ષક.

શિક્ષણ સમાચાર

—આંબલા. તા. ૧૨–૬–૩૮ ના દિવસે દક્ષિણામૂર્તિ વિદ્યાર્થિભવન તરફથી નવી ઢબની પ્રાથમિક શાળા શ્રી ગોપાળદાસ દરબાર સાહેબના પ્રમુખપણા નીચે ઊઘડી. મુખ્ય સંચાલક શ્રી. નાનાભાઈ, દક્ષિણામૂર્તિ.

—ભાવનગર. દ. મૂ. બાલમંદિર તથા વિનયમંદિર ઊઘડ્યાં. શ્રીદક્ષિણામૂર્તિ વિદ્યાર્થિ-સંમેલન સમાચાર પત્રિકા બીજી, જૂન ૧૯૩૮ની બહાર પડી.

—વસો. શ્રી. ગિજુભાઈ સંચાલિત શિક્ષણ અને સંસ્કારવર્ગની પૂર્ણાહુતિ શ્રી. ગોપાળદાસ દરબાર સાહેબના હાથે થઈ. તા. ૧૫–૬–૩૮

—દીવ. પાનબાઈ કન્યાશાળાનું પરીક્ષણ શ્રી. ગિજુભાઈને હાથે થઈ ગયું. ૧૪–૬–૩૮

—અમદાવાદ. ભારત બાલમંદિર શ્રી. રામનારાયણ વિશ્વનાથ પાઠકને હાથે ખુલ્લું મુકાયું, તા. ૧૫–૪–૧૯૩૮. સંચાલિકા શ્રી. ભાનુમતી ચોકસી, મામુ નાયકની પોળ, રીચી રોડ, અમદાવાદ. રમકડાં બનાવવાની રંગબેરંગી માટી આ બાલમંદિરમાંથી મળશે; રતલ એકની કિંમત ૭ આના.

—મુંબઈ. બારમાં શ્રી. તારાબેન મોડકના હાથે બાલમંદિર ઊઘડ્યું. સંચાલિકા શ્રી. ધનલક્ષ્મી ઉપાધ્યાય.

—સુણાવ. શિક્ષકોને અને બાળકોને ઉપયોગી નીચેનાં પુસ્તકો અને સાહિત્યો સોમાભાઈએ પ્રસિદ્ધ કર્યાં છે તે નીચેની કિંમતે નીચેના સરનામેથી મળશે:—

મોન્ટીસોરી સિદ્ધાંતોએ વ્યાકરણશિક્ષણ
૦–૮–૦ ટપાલખર્ચ સાથે.

મોન્ટીસોરી સિદ્ધાંતોએ પ્રાથમિક ગણિતશિક્ષણ
૦–૯–૦ ટપાલખર્ચ સાથે.

સંખ્યાજ્ઞાન માટે ઉપયોગી સંખ્યાઓ લખેલાં પત્તાંના ગંજીફા, ત્રણનો સેટ
૧–૦–૦ ટપાલ ખર્ચ સાથે.

બાલ ગણિત ૦–૩–૬ ,,
બાલ વ્યાકરણ ૦–૨–૦ ,,
બાલ વાચનમાળાનાં ૬ પુસ્તકોનો સેટ એક
૯–૧૨–૬ ટપાલખર્ચ સાથે

મંગાવવા માટે લખો:—
સોમાભાઈ કીશાભાઈ પટેલ
સુણાવ (વાયા આણંદ)

—મુંબઈ નૂતન કેળવણી મંડળ, પ્રિન્સિપાલ એમ. ટી. શાહ, સ્થળ ચોપાટી સીક્રેસ, મુંબઈ–૭. આ નવીન કેળવણીની શાળામાં પ્રિન્સિપાલ ઉપરાંત મણિબેન પારેખ તથા યશોમતીબેન કાપડિયા (દ. મૂ અધ્યાપનમંદિરનાં વિદ્યાર્થિનીઓ) કામ કરે છે. તેમાં મોન્ટીસોરી વિભાગ, પ્રાથમિક કેળવણી વિભાગ, અંગ્રેજી વિભાગ, શારીરિક શિક્ષણ, સંગીત, કલા, નૃત્ય તથા ચિત્રકામ વગેરે પ્રવૃત્તિઓ ચાલે છે. ચાલુ થયું તા. ૨ જુન ૧૯૩૮.

વાર્ષિક લવાજમ એક રૂપિયો. લખો: તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
આ શિક્ષણ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઈ ગોપાળજીએ છાપી

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૧૩ મું
સંવત ૧૯૯૪

અંક ૬ ઠ્ઠો
શ્રાવણ

: તંત્રીઓ :

ગિજુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

ધનવાન તે છે કે જે પોતાના પૈસા વડે બીજાને ધનવાન બનાવવાની યોજનાઓ રચે છે અને તેનો અમલ કરવા પાછળ પોતાનું દ્રવ્ય ખર્ચે છે.

* * *

વિદ્વાન તે છે કે જે પોતાની વિદ્યા વડે બીજાને વિદ્વાન કરવાની યોજનાઓ રચે છે અને તેનો અમલ કરવા પાછળ પોતાની વિદ્યા ખર્ચે છે.

શિક્ષણ પત્રિકા

વર્ષ ૧૩] શ્રાવણ ૧૯૯૪ [અંક ૬

મનનો

ફક્ત પોતાને જ વિષે વિચાર કરનાર આખરે ખૂબ જ કંટાળે છે; તેને પોતાની જ જિંદગી ભારરૂપ લાગે છે.

: ૨ :

માણસ કાં તો પોતાની જાતથી અથવા પોતાની સંપત્તિથી બીજાની સેવા કરી શકે છે. જે માણસ પોતાની જાતથી અગર સંપત્તિથી બીજાની સેવા કરી શકતો નથી, તેની જાત અને તેની સંપત્તિ બંને ફોકટ છે.

: ૩ :

ગવૈયો તાજો અને સફળ રહેવા માટે હમેશાં સવારે થોડું પણ ગાય છે.

ચિત્રકારે તાજા અને સફળ રહેવા માટે રોજ થોડું પણ આલેખન કરવાની ટેવ રાખવી પડે છે.

હરેક વિદ્યા અને કલા તાજી અને સફળ રાખવા માટે આવર્તન અને અભ્યાસ માગે છે.

શિક્ષકે તાજા અને સફળ રહેવા માટે હમેશાં અભ્યાસ અને શીખવવાનું ચાલુ રાખવું જોઈએ.

: ૪ :

શીખવવાનું કામ કોરે મૂકીને શિક્ષક લાંબો વખત શિક્ષક રહી શકશે નહિ.

લેખનનું કામ કોરે મૂકીને લેખક લાંબો વખત લેખક રહી શકશે નહિ.

લખીને અને શીખવીને શિક્ષક અને લેખક બની શકાય છે; વાતો કરવાથી તે બની શકતું નથી.

: ૫ :

શિક્ષકે એક સાથે અનેક પ્રયોગો હાથ ધરવામાં જોખમ છે. એક નિશ્ચિત પ્રયોગ હાથમાં લઈ તેને છેડે ગયા પછી બીજો પ્રયોગ હાથમાં લેવો.

જેમ જમતી વખતે ઘણું બધું આવતું હોય છે પણ તે બધું એકી સાથે જ બવાઈ શકાતું નથી પણ વારાફરતી લઈને બવાય છે, તેમ પ્રયોગમાં પણ ઘણા પ્રયોગો કરવાની ઇચ્છા હોવા છતાં એક પછી એક પ્રયોગો સિદ્ધ કરવામાં જ પ્રયોગ સિદ્ધ થઈ શકે છે.

આભાર

શ્રી. કસ્તુરચંદ દલીચંદ, કલ્યાણ, તરફથી રૂા. ૧૦) હરિજનોને મફત પત્રિકા મોકલવા મળ્યા છે. બીજા ભાઈઓ પણ આવી રીતે હરિજનો માટે પત્રિકા મોકલવાના કામમાં સહાય આપી આભારી કરશે એવી આશા રાખીએ છીએ. તંત્રીઓ.

અ • નુ • ક્રં • અ	
૮૨ મનનો	. . . . . ગિ.
૮૩ આવકાર	. . . . . ગિ.
૮૬ રબ્બર	. . . . . ગિ.
૮૭ રમતો રમાડતી વખતે	. ગિ.
૮૮ આચાર્યને પત્ર	. . . ગિ.
૯૦ શું કરવું ?	. . . .
૯૦ વ્યાકરણશિક્ષણ	. . . સો.
૯૪ નૂતન ગણિતશિક્ષણ	. . શં.
૯૫ ચર્ચાપત્ર	. . . . . ન.
૯૬ શિક્ષણ સમાચાર	. . . ...

આવકા ૨

શ્રી. ગિજુભાઈએ રાજકોટમાં બાલઅધ્યાપનમંદિરના ઉદ્‌ઘાટનપ્રસંગે આપેલું ભાષણ.

મારાં વહાલાં ભાઈબહેનો !

તમને આજે મારી સામે બેઠેલાં જોઈ હું રાજી થાઉં છું. જાણેઅજાણે આપણે એકબીજાની રાહ જોતાં જ હતાં. આજે આપણી રાહ પૂરી થાય છે, અને તેથી મને આનંદ ઊપજે છે.

નિવૃત્તિ લેતી વખતે મારા સ્વપ્નામાં પણ નહોતું કે મારી સામે હજી કેટલીયે પ્રવૃત્તિઓ પડેલી છે. વાંકુ વર્ગમાંથી વસો વર્ગમાં, અને ત્યાંથી અહીં આ વર્ગમાં હું આવી પડ્યો છું. જ્યારે ભાવિની આપણને ખબર પડતી નથી તો મિથ્યા કલ્પનાઓ શા માટે કરવી ? હમણાં તો આપણે આજે બે સત્ર માટે વળી પાછાં શિક્ષણની ઉપાસના ઉપર બેસીએ છીએ, અને એ જ આપણું અત્યારે અદ્વિતીય ધ્યેય હો.

જેવું મારી કલ્પનામાં બાલઅધ્યાપનમંદિર છે તેવું સંપૂર્ણ બાલઅધ્યાપનમંદિર તો કોણ જાણે કયારેય મૂર્ત થાય. છતાં આજે મેં જે અધ્યાપનમંદિરનું ચિત્ર દોર્યું છે અને જેમાં આપણે હવે રંગો પૂરવાના છે, તેમાં આપણે સૌ એક થઈને, પુરુષાર્થ કરીને, ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખીને આપણા કામ ઉપર ચડી જઈએ.

જુઓ, આપણે સરકાર નથી અને દરબાર પણ નથી; આપણે સમૃદ્ધિવાળા પણ નથી. આપણે અને ખાસ કરીને હું એવો સમર્થ જ્ઞાની પણ નથી. આપણે સૌ સામાન્ય ગણાતી શિક્ષક કોમના માણસો છીએ. અને છતાં કોમની જોખમદારી તો ઉપાડી જ છે. પણ મને તમારામાં વિશ્વાસ છે. જે વિશ્વાસ હું બાળકોમાં રાખવાનું તમને કહી રહ્યો છું અને વધારે કહેવાનો છું તે જ વિશ્વાસ હું તમારામાં રાખું છું. અને તેથી મારી શ્રદ્ધા છે કે તમે સૌ પોતપોતાનું કામ ઉપાડી લેશો અને આપણો નિશ્ચય પાર પાડશો.

હું કાંઈ તમારા મગજમાં જે બધું પુસ્તકોમાં છાપ્યું છે તે છાપવાનો નથી. હું તમને મોટા કેળવણીકારોના અને મારા વિચારોને જેવા ને તેવા તમારા ગળા નીચે ઉતરાવી દેવા ઇચ્છતો નથી. વળી હું કાંઈ તમે કેટલું યાદ રાખી શકો છો અને કેટલું મહામહેનત કર્યા છતાં ભૂલી જાઓ છો તેનું માપ કાઢવાનો પણ નથી. હું તો તમારી વચ્ચે બેસીને કેળવણી શું, શિક્ષણ શું, પદ્ધતિ શું, સાધન શું, વાતાવરણ શું, ભણનારનું અને ભણાવનારનું માનસ શું અને છેવટે જીવનનું ધ્યેય શું, તેના જાતજાતના વિચારો કરવાનો છું; અને તમારા અને મારા વિચારોને ગોઠવી બાળકોને અને તેમનાં માબાપોને આપણે કેમ મદદ કરીએ તેનો માર્ગ વિચારવાનો છું. મારે તમને કોઈ વિષયોનું જ્ઞાન આપવાનું નથી, પણ જ્ઞાનનો ઉપયોગ કેમ થાય તેની જે અલ્પ એવી દૃષ્ટિ મારી આગળ છે તે તમને બતાવવાની છે. મારો મોહ તમને અમુક પદ્ધતિના અચલાયતનો બનાવવાનો નથી. મારી અભિલાષા પદ્ધતિઓનું તમારી સમક્ષ આવડે છે તેવું પરોક્ષ અને પ્રત્યક્ષ નિરૂપણ કરવાની છે. મારે તમને

શિક્ષણના કોઈ મતપંથના દાસ કરવા નથી; પણ જીવન અને શિક્ષણમાં સ્વતંત્રપણે અને સમત્વપણે અને સમતોલપણે અનુભવતાં અને ચાલતાં કેમ થવાય તે વિષેનો મારો અનુભવ અને શ્રદ્ધા તમારી પાસે ધરવાનો છે. અલબત્ત આપણે માટે પાઠ્યપુસ્તકો છે, અભ્યાસ છે, પ્રયોગો છે, લખવાનું અને વાંચવાનું છે; એવું એવું ઘણુંઘણું કરવાનું છે. પણ તે બધું માત્ર એક જાતની વૃત્તિ કેળવવા અને દૃષ્ટિ મેળવવા માટે છે.

તમે બધાં એક વિવિધ મેળો છો. તમારામાં કોઈ ગ્રેજ્યુએટ છે તો કોઈ અભણ પણ હશે. તમારામાં કોઈ નિશાળની પાટલીથી ઊઠીને આવેલાં છે, તો કોઈ નિશાળિયાઓને પાટલી પર બેસારી બેસારીને તેમને થકવીને પણ આવેલાં છે. તમે સંગીત, ચિત્ર, સાહિત્ય, તરવું, રાંધવું, કાંતવું, ફોટોગ્રાફી એવી કેટલીયે બાબતોના જ્ઞાન અને શોખવાળાં છો. તમે જ્યાં ઊભાં છો ત્યાંથી એક ડગલું આગળ જવા માટેની આપણે મહેનત કરવાની છે. અભણ ભણવા માંડે, ભણેલો તેને ભણાવે; નિરાશિ જાણનાર નફોતોટો ભણે, વધારે જાણનાર તેને ભણાવે; તબલાંમાં માત્ર દાદરો અને હીંચ જાણનારાંઓ તાલ અને ઝપતાલ શીખે, અને કલ્યાણ જાણનાર ભૈરવી સુધીના રાગો શીખે. તમારે એકબીજાને નવરાશે શીખવવાનું છે. એકબીજાને શીખવીને કેમ શીખવાય તેના પ્રથમ પ્રયોગ કરવા માટે તમે બધાં એકબીજાનાં શિષ્યો અને શિક્ષકો છો. તમે બાલશિક્ષકો, ગૃહમાતાઓ, ગૃહશિક્ષિકાઓ, બાલસાહિત્યકારો વગેરે જાતની બાળકોને ઉપયોગી એવી પ્રવૃત્તિઓ માટે તૈયાર થવા આવેલાં છો. શિક્ષણ સમૂહગત હોય ત્યારે પણ તમારે તો તમારી વ્યક્તિને જોઈતું પોષણ તમારે પૂરેપૂરું લઈ લેવાનું છે. તમારે તમારો વિકાસ સમૂહમાં રહ્યે રહ્યે વ્યક્તિ રહીને જ કરવાનો છે. અને એટલે જ વિવિધરંગી એવું તમારું ટોળું એકીસાથે રહીને પણ પોતાના બે કાન અને પોતાની બુદ્ધિ વડે પોતાનું પોષણ મેળવી લેવા સંબંધે મને થોડા એવા અનુભવવાળી પણ શ્રદ્ધા છે.

દસ માસનો વખત આપણે માટે એક પર્વ જેવો છે. એમાં શિક્ષણના અનેક ઉત્સવો આપણે ઊજવવાનાં છીએ. નિરક્ષરોને અક્ષર આપવાના વર્ગો ચલાવવા, ગામડાંમાં જઈને થોડો વખત ગ્રામજનોને સમજવાનો પ્રયત્ન કરવો, શિક્ષણધામોની યાત્રા કરવી, વિદ્વજ્જનોનાં પ્રવચનો સાંભળવાં અને તેમનાં દર્શન કરવાં, આ બધા આપણા ઉત્સવો છે. અલબત્ત સંગીતના જલસા, પ્રદર્શનો, પ્રભાતગાન, પ્રાર્થનાઓ, રમતગમતો, નાચવુંકૂદવું, એ બધું પણ ઉત્સવોમાં જ સમજજો.

ગામ ગામથી અને પ્રાંતોથી પણ આવેલાં તમે સૌ દસ માસ સુધી હળવાં થઈ જજો. તમારી નોકરીની અને બીજી ચિંતાઓ અહીં સુધી કદાચ લાગ્યાં હો તો આજની પહેલી ટપાલ કે ગાડીમાં પાછી મોકલી દેજો. અહીં તમારું જ્ઞાનનું, પદવીનું, પૈસાનું, હરજાજનું, બધું ઘંટીના પડ જેવડું ભારણ કોરે મૂકજો તમે બે બાળકોનાં માવતર હો તેનો બોજો અહીં ન સમજતાં. અહીં તો તમારે પ્રસન્ન મનથી તમારું કામ પાર પાડવાનું છે.

જ્ઞાનમાં તો તમારાથી જે લેવાય તેટલું તમે લેજો. સાત પરીક્ષાઓ તે માપી શકશે નહિ, અને હું તેવું માપ કાઢું તો તેમાં ફાવું પણ નહિ. પણ થોડીક આવડતો અહીંથી લઈ જવાય તો જરૂર લઈ જજો. એ આવડતો તમારે રાષ્ટ્રનાં બાળકોને ભેટ ધરવાની છે. કાંતવું વગેરે ઉદ્યોગો, હિંદીનું બને તેટલું જ્ઞાન, સીવણભરત, રાંગોળીની આવડત, સાચા શણગાર-શોભાની દૃષ્ટિ, આરોગ્ય માટે ઘટતા વ્યાયામની ટેવ, વગેરે જેની સગવડ થઈ શકે તે તમારે પોતાને હાથ કરવાનું છે. હાથપગ હલાવ્યા વિના એ સિદ્ધ નહિ થાય.

આજનો શિક્ષક માત્ર ભણાવનાર નથી. તે શું છે અને તેની જવાબદારી કેટલી ગંભીર છે તે, કાંઈ નહિ તો તમે જાણો તો છો જ એટલે એનું વર્ણન નહિ કરું. હવે તમારે એ જ્ઞાનમાં ક્રિયા આણવાની છે ને ક્રિયા વડે જ્ઞાનને વિજ્ઞાન કરી શિક્ષકપદ સાચું કરવાનું રહે છે. હું તમારી ભેળો છું. આ આપણા ગૃહપતિ, ગૃહમાતા, શિક્ષકો, તમામ કાર્યવાહકો, સૌ આપણા સાથીઓ છે. આપણે સૌ પ્રવાસી છીએ. કોઈ વાર હું તો કોઈ વાર તમે, કોઈ વાર શાંતાબેન તો કોઈ વાર શિવચરણભાઈ, કોઈ વાર નંદરામ તો કોઈ વાર મનોરમાબેન, કોઈ વાર રામભાઈ તો કોઈ વાર શિવરામ, સ્થળે સ્થળે આપણી આગળ ચાલશે, અને એકબીજાના સાથ દ્વારા આપણે આગળ વધશું. બાળકો તો આપણી સાથે છે જ. આપણા યજમાન તો આપણી સાથે હોય જ.

તમે સૌ જે કાર્ય માટે આવ્યાં છો તે દૃષ્ટિ સમીપ રાખવાની હું તમને ભલામણ અને વિનતિ કરીશ. અહીં પાણીનો વહેતો નળો ન હોય, રસોડાની ભવ્ય પખતાશ ન હોય, સુંદર વ્યાખ્યાનમંડપને બદલે પતરાનું છાપરું હોય, વિશાળ આવાસોને બદલે ઓરડાઓ હોય અને વખતે સંકડાશ પણ હોય, તો તે બધું આપણે નિભાવી લઈએ. જ્યાં સુધી આપણું લક્ષ વિદ્યા છે ત્યાં સુધી આ બધું આપણે માટે આ બધી બહિર્ સામગ્રી-સાધનમાત્ર છે. સિદ્ધિ માટે આપણે તે જેવી છે તેવી વાપરી લેવાની છે; એટલું જ નહિ પણ એમાં પણ જીવનને કસવાની અને ચડાવવાની કળા સાધવાની છે. હું અને તમે સૌ આપણા યજમાનના મહેમાનો છીએ. ભાઈ પોપટભાઈ અને તક્ષકશીભાઈ આપણી પ્રગતિમાં એક નિમિત્ત બન્યા છે. તેઓએ થઈ શકે તેવી સગવડો તમારે માટે યોજી છે; હું અને તમે સૌ તેમની આ શુભ નેમને પાર પાડી તેમને યશ આપીએ. દસ માસને આખરે તમે તમારે સ્થાને જશો અને હું વળી જ્યાં પ્રારબ્ધ ઉડાડશે ત્યાં ઊડીશ. પણ હમણાં તો રાજકોટને આંગણે અને આ આપણા શુભાશયી યજમાનોની મહેમાનગતીનો લાભ ઉઠાવીએ.

ખાસ કરીને કેળવણીના ક્ષેત્રના આપણા અહીં ઘણા મિત્રો છે. તેઓની પણ આપણને ફૂંફ છે. જ્યાંથી જ્ઞાન મળે ત્યાંથી લઈ લેવાનો જે આપણો આશય હોય તો તેમની પાસેથી પણ આપણે લીધા વિના નહિ જઈએ. જે નમ્રતાથી આપણે બાળકો પાસેથી માનસશાસ્ત્ર, શિક્ષણશાસ્ત્ર અને જીવનશાસ્ત્ર શીખવાનું છે, તે જ નમ્રતા જો આપણી વ્યાપક હશે તો સૌનું જ્ઞાન આપણી તરફ ઢળવા માંડશે એવી

મારી દૃઢ આસ્થા છે.

તમને સૌને મારે ખરે જ અભિનંદન આપવાં ઘટે છે. તમે આજે આટલાં બધાં એકઠાં થઈ બાલશિક્ષણના વિચારને ઊંચે ચડાવો છો, બાલશિક્ષણને વધારે ગતિમાન કરો છો અને શિક્ષણના ધંધાને ઉત્સાહિત કરો છો. તમે કેટલાંક તો સન્નેડ છો, કેટલાંક તો બાળકોને લઈ ને આવ્યાં છો, કેટલાંકે આવવા માટે દેવું કર્યું છે, તો કેટલાંકે વળી ભણવા માટે બંધણી· ખત કરાવી આપ્યાં છે. છતાં કપાતે કે ચડતે પગારે જેમ બન્યું તેમ અગર તો ધંધો છોડી દઈ ને તમે અત્રે આવ્યાં છો તે અભિનંદનને પાત્ર નહિ તો શું ? તમારી આ મનકામનાઓ પાર પડો.

જેમ તમને અભિનંદન આપું છું તેમ તમને અનેક જાતની મદદ કરીને ભણવા મોકલનાર વ્યક્તિઓ તથા રાજ્યો અને સંસ્થાઓને પણ ધન્યવાદ આપું છું. જે વ્યક્તિઓએ શિક્ષકોને આગળ વધારવા પ્રયત્નો કર્યા છે તે સૌને મારાં હાર્દિક અભિનંદન પહોંચજો.

આજે આપણું અધ્યાપનમંદિર ઊઘડે છે. પણ ઉદ્‌ઘાટન કોને હોય ? અધ્યાપનમંદિરનું ઉદ્‌ઘાટન તો બહુ પુરાતન કાળમાં થઈ ગયું છે. વડના વૃક્ષ નીચે શ્રીદક્ષિણામૂર્તિ દેવે સનકાદિ ઋષિઓને મૌન ઉપદેશ આપી પરમ દર્શન કરાવ્યું ત્યારથી અધ્યાપનમંદિર ઊઘડયું છે. એ દક્ષિણામૂર્તિ દેવને હું નમું છું અને એની પ્રેરણાએ ઉદ્‌ઘાટન થયું સમજું છું.

वटविटपिसमीपे भूमिभागे निषण्णम्,
सकलमुनिजनानाम् ज्ञानदातारमारात्।
त्रिभुवनगुरुमीशम् दाक्षिणामूर्तिदेवम्,
जननमरणदुःखच्छेददक्षम् नमामि ॥

છેવટે આપણને સૌને રાજકોટની સંસ્કારી અને અસંસ્કારી, અભણ અને જ્ઞાની, સર્વ જનતાનો સાથ હો; રાજકોટની સમગ્ર કેળવણીની સૃષ્ટિનો સાથ હો; રાજકોટનાં હવાપ્રકાશ અને અનુકૂળ ઋતુઓનો સાથ હો. અને અંતે જેની પ્રેરણાથી આ બધું શક્ય છે તેની આપણા પર પરમ દયા હો! ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ ગિ.

૨ બબ્બુ ૨

આવી નાની બાબત પર પણ લખવાની જરૂર તો ખરી જ. બાલમંદિરના પડેલા દિવસથી જ અમે તો રબ્બરને રજા આપી દીધી. એને કદી ઓરડામાં પેસવા ન દીધું. બાળકો ચિત્રો કાઢે કે લખે અને તેમાં ભૂલો થાય તો તે રબ્બરથી છેકીને સુધારવાની નહિ. કાં તો ભૂલો ન જ કરવી અગર થઈ જાય તો કાગળ બદલવો પણ રબ્બર ન વાપરવું. કોઈ બાળકે રબ્બર માગી પણ જોયું, પણ તેને અમે આપ્યું નહિ. તેને કહ્યું: "કાગળ બગડે તો ભલે બગડે; બીજો લો પણ રબ્બર તો નહિ મળે." બાળક પોતે કાળજીવાળું બન્યું અને ધીરે ધીરે તેના કાગળો ઓછા બગડવા લાગ્યા. આખરે તેનું કામ છેકયા વગર પહેલેથી જ સુંદર થવા લાગ્યું.

રબ્બર એક જાતનું મોટું રક્ષણ, મોટો ટેકો છે. "ભૂલ પડશે તો રબ્બરથી સુધારી લઈશું; ચાલો ગમે તેમ ચીતરીએ કે લખીએ." આ વૃત્તિ જ્યાં સુધી રબ્બર છે ત્યાં સુધી છે.

પણ જ્યારે રબ્બરની મના થઈ એટલે તો બાળક જાગ્યું. તેને થયું, બેદરકારી નહિ ચાલે અથવા ભૂલોને સુધારવાનું તો નહિ મળે માટે પ્રથમથી કાબૂ રાખી કામ કરીએ. એમ છતાં કાબૂ છટકી જાય ત્યાં બીજો કાગળ વાપરવાની સંપૂર્ણ છૂટ તો હતી જ. પણ જ્યારે રબ્બર ન મળ્યું ત્યારે બાળકોને પોતાની મેળાએ જ સ્વાધીનપણે ચાલવાનું રહ્યું, અને તેનાં ફળ સારાં આવ્યાં.

ભણતરમાં આપણે બાળકોને જરૂર પડે ત્યાં અલબત્ત મદદ આપીએ ખરા, પણ તેમને એવી મદદ ન આપીએ કે જેથી મદદનાં તેઓ દાસ બની જાય. રબ્બરથી છેકભૂંસ કરેલું ચિત્ર આખરે સારું થાય એ ખરું, પણ રબ્બરની રાહત હોવાથી ચિત્રકાર કે લખનારો પોતાના અવલોકન વિષે અને કામ વિષે બેદરકાર પડવા રહે છે. એક જ વાર હાથ વાપરવાથી કામ સીધું ચાલે એ શક્તિ કદાચ મોડી આવે તોપણ તેની કિંમત ખરી છે. બાકી આધાર વડે કદાચ કામ ઝટ ચાલે તોપણ આધાર એટલે આધાર, અને એટલી પરાધીનતા.

બાલમંદિરનાં ચિત્રો અને લેખનનું કામ જોવાથી ખાતરી થઈ શકે તેમ છે કે રબ્બર વિના કામ ચોખ્ખું થઈ શકે છે. રબ્બર વિના ચાલી જ શકે છે. પ્રથમથી રબ્બર વિના ટેવાયેલાં બાળકોને રબ્બર વિના કામ ચલાવવાની ટેવ પાડવાનું રહેતું નથી, પણ જેઓને રબ્બરની બૂરી ટેવ પડી હોય તેમને તે ટેવ છોડાવવી આવશ્યક છે. અને તેવી ટેવ છોડતાં તેમને વાર લાગશે. પણ જો ચિત્ર અને ચિત્રકારને પરાધીન બનાવવાં ન હોય તો શાળા ને ઘરમાંથી રબ્બરને રજા આપવી જોઈએ. ગિ.

રમતો રમાડતી વખતે

આપણે બાળકોને જાતજાતની રમતો તો રમાડીએ છીએ પણ તે વખતે જે જાતની કાળજી રાખવી જોઈએ તે રાખતા નથી, અને તેથી બાળકો વ્યવસ્થિતપણે રમતો રમી શકતાં નથી, ને તેમને વ્યાયામનો પૂરો લાભ અને આનંદ મળતાં નથી; અને રમતને અંતે જે સહકાર અને પ્રેમ વધવાં જોઈએ તે વધતાં નથી.

રમતો રમાડનારે કેટલાક નિયમો ખાસ ધ્યાનમાં રાખવાઃ—

(૧) રમવાનું મેદાન નક્કી જ જોઈએ. તે સ્વચ્છ અને આજુબાજુની ઉપાધિ વિનાનું જોઈએ.

(૨) રમત રમવા માટેનું મેદાન લીંટા પાડેલું કે જાણી નાખેલું કે જેવી જાતનું જોઈએ તેવું જ બરાબર અને માપસરનું જોઈએ.

(૩) રમતના નિયમો ચોક્કસ જોઈએ. એક જણ આમ કહે અને બીજાનો અભિપ્રાય બીજું કહે, તેવા નિયમો ન જોઈએ. બધા વિદ્યાર્થીઓ—રમનારાઓએ એ નિયમો જાણી લેવા જોઈએ. નિયમોના અજ્ઞાનને લીધે મતભેદ ઊભો થાય છે અને ત્યાંથી વિખવાદ થાય છે.

(૪) રમનારાઓએ જરા પણ અવાજ કે ગડબડ ન કરવી જોઈએ. નકામું કે વચ્ચે બોલે તેને 'બહાર' એટલે કે 'આઉટ' કરવો જોઈએ.

(૫) દરેક રમત રમતી વખતે એક 'ન્યાયા-

ધીશ' નિમાઈ જવો જોઈએ. આ ન્યાયાધીશ કહે તે સૌએ કબૂલ કરવું જોઈએ. ન્યાયાધીશ બદલી શકાય પણ તેનો ચુકાદો બદલી ન શકાય. ન્યાયાધીશ, મધ્યસ્થ, તટસ્થ, એમ્પાયર પ્રામાણિક ઉપરાંત રમતનો રસિયો તથા જાણકાર જોઈએ.

(૬) રમતમાં સ્પર્ધાનું નામનિશાન ન જોઈએ. રમતોમાં બે પક્ષ હોઈ શકે પણ તે તો રમવા ખાતર; બે પક્ષોમાં ગમે તે જીતે કે હારે તેની સાથે રમતને લેવાદેવા નથી. બરી રીતે બન્ને પક્ષોએ મળીને રમતને સફળ કરવાની છે. બાળકોને જિતાડવાનો કે હરાવવાનો વિચાર રમતમાં ન હોય. હારજીતનો પ્રશ્ન ન હોય, એટલે ઇનામનો પ્રશ્ન પણ ન જ હોય. રમતનો આનંદ એ જ ઇનામ છે. જીતનારને ઇનામ આપી રમતમાં અભિમાન, નિરાશા અને વેરઝેર દાખલ થવાં ન જોઈએ.

અત્યારની રમતોમાં ઇનામતત્ત્વ બહુ પેસી ગયું છે તેને હાંકી કાઢવું જોઈએ. એથી રમનારા એકબીજાના દ્વેષી બને છે. ઉપરથી સૌ રાજી થાય છે; હારનાર વ્યક્તિ કે સંસ્થા કુટાય છે; પણ તે માણસની અવનતિકારક છે. આજે તો સ્પર્ધા નહિ પણ સહકાર સાધવાનો છે. અને રમતો દ્વારા પણ સહકાર સાધી શકાય.

(૭) રમત રમનારાઓની કાયમને માટે મંડળીઓ કે પક્ષો ન પડી જાય તે માટે મંડળીઓ કે પાર્ટીઓ બદલી નાખવી જોઈએ, રમત ધ્યેય છે, પાર્ટી નહિ, તે વિચાર વારંવાર આગળ મૂકવો જોઈએ.

(૮) રમતને અંતે સૌને આનંદ મળવો જોઈએ. પક્ષાપક્ષી ન હોય, સ્પર્ધા ન હોય, તો જ આનંદ મળી શકે.

(૯) અતિ વ્યાયામ કે અતિ થાક રમત દ્વારા ન થાય તે ખાસ જોવું.

(૧૦) રમતનાં તમામ સાધનો સુંદર, સાજાંતાજાં અને પૂરતાં જોઈએ. ગિ.

આચાર્યને પત્ર

પ્રિય ભાઈ,

વરસાદ વરસી રહ્યો અને તમારાં બાલમંદિરનાં બાળકો તેનો આનંદ લૂંટી રહ્યાં છે. પણ આ આનંદ અધૂરો છે, અરધો બનાવટી છે. બાળકોને સાચો આનંદ તો ત્યારે આવે કે તમે બાળકોને વરસતા વરસાદમાં નહાવા જવા દેવાની રજા આપો. પણ એ તમારાથી શી રીતે બને? તમને માબાપો ઠપકો જ આપે, અને તમારે તે સહન કરવો પડે. કોઈનું બાળક માંદું પડી જાય તો વળી તમારે શરમાવું પડે અને ચિંતા પણ કરવી પડે. એ તો ઠીક, પણ તમે માબાપને કહી શકો કે કોઈ વખતે તો બાળકોને પહેલા વરસાદમાં નહાવા દેજો. બાળકો વરસાદમાં નહાવા માટે એટલાં બધાં ઉત્સુક હોય છે. દરેક માતપિતા પોતાનું બાલજીવન સંભારશે તો તે પોતાના બાળક પ્રત્યે ઉદાર થયા વિના નહિ રહે. જે પોતાને એક કાળે જોઈતું હતું તે મોટાંઓએ ન આપ્યું તે વખતે તેમને દુઃખ થયેલું; એ જ દુઃખ યાદ લાવી મોટાંઓ બાળકો તરફ વરતે તો બાળકોની અરધીથી વધારે મુશ્કેલીઓ દૂર થઈ જાય.

અત્યારે ચોમાસું છે. બાલમંદિરને તો

આપણે જ્ઞાનવિજ્ઞાનની ભૂમિ પણ બનાવવી છે. પ્રારંભનું જેટલું શક્ય તેટલું જ્ઞાન બાળકોને મળે તેવી યોજના આપણે કરવી જોઈએ. તમે બાલમંદિરના આંગણામાં વરસાદ માપવાનું ગોઠવી ન શકો ? હું તો ઇચ્છું કે દરેકેકદરેક બાલમંદિર તથા દરેકેકદરેક શાળામાં વરસાદ માપવાનું હોય તો બહુ સારું. આપણે બોલીએ છીએ કે એક ઇંચ, બે ઇંચ વરસાદ પડ્યો પણ થોડા લોકો તેનો અર્થ સમજે છે. છાપામાં વરસાદના આંકડા આવે છે, અને આપણે છાપાની ભાષા વાંચીએ છીએ તેમ બોલીએ છીએ; પરંતુ તેનો બરાબર અર્થ મોટાંઓ પણ સમજતાં નથી. બાળકોને ઇંચ વરસાદ એટલે શું એ ન સમજાય, તો ચેરાપૂંજીમાં હિંદમાં સૌથી વધારે ઇંચ વરસાદ પડે છે, કચ્છમાં સરેરાશ ૧૦–૧૨ ઇંચ પડે છે એ બધું બાળકો ભણે પણ કંઈ સમજે નહિ.

એવી જ રીતે ગરમીના આંકડા સંબંધે છે. આજે ગરમી ૧૦૧ હતી, દેહરાદૂનમાં આટલી હતી, હૈદરાબાદ–સિંધમાં આટલી હતી, મહાબળેશ્વરમાં આટલી હતી, એનો અર્થ પણ જ્યાં સુધી બાળકોને થરમામિટર વાપરતાં ન આવડે ત્યાં સુધી તેઓ શી રીતે સમજે ? તેઓ આવી ભાષામાં નાનપણથી ટેવાય ખરાં, પણ તેઓ અર્થ વિના ચલવી લેવામાં પણ ટેવાય.

મેં કેટલાક પર્વતો પરની શાળાઓમાં ઠંડી-ગરમી માપવાનાં મોટાં થરમામિટરો શાળાની ઓસરીમાં જ જોયેલાં છે. ઉપરાંત હવા કઈ દિશામાં વહે છે તે બતાવનારું યંત્ર પણ ત્યાં જ જોયેલું છે. ચોપડીઓમાંથી ભણતાં બાળકોને જે મુશ્કેલીથી સમજાય છે અગર નથી સમજાતું, તે આવાં સાધનો વડે તુરત સમજાઈ જાય છે. આવાં સાધનો તૈયાર મળે છે; માત્ર તે મંગાવીને મૂકવાની જ જરૂર છે. બાલમંદિર અગર શાળા જો જ્ઞાનની ભૂમિકા છે, તો આવું જ્ઞાન રમતરમતમાં બાળકો લઈ લે તેવી રચના અવશ્ય થવી જોઈએ.

એવી જ રીતે તાવ આવે ત્યારે તાવ માપવાનું થરમામિટર પણ કેમ જોવું તે બાળકોને શીખવી શકાય. થરમામિટર ઘણાં મોટાંઓને પણ જોતાં નથી આવડતું. એમાં કંઈ ખાસ અઘરું નથી; માત્ર તે બતાવી દેવાની જ જરૂર હોય છે. બાળકોની તબિયત માપવા માટે તો દરેક બાલમંદિરમાં થરમામિટર જોઈએ જ. એનો બીજો ઉપયોગ તે કેમ જોવું તે શીખવવામાં થઈ શકે.

આવી વસ્તુઓ તો જેમની પાસે બજેટમાં પૈસા હોય તેમણે તુરત મંગાવી લેવી; અને ન હોય તેમણે તેવું બજેટ મેળવવા પ્રયત્ન કર્યા કરવો. એ જ લે.

ગિજુભાઈ.

જે હરિજન ભાઈ બહેનો તેમ જ સંસ્થાઓને મફત શિક્ષણપત્રિકા જોઈતી હોય તે નીચેને સરનામે જણાવે.

શ્રી. ગિજુભાઈ
શિક્ષણ પત્રિકા કાર્યાલય,
શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર,
ભાવનગર

શું કરવું ?

મુશ્કેલી	ઉપાય
૧ બાળક મોંમાં આંગળાં નાખે છે તો ?	૧ આંગળાં વારંવાર ધોવરાવો.
૨ બાળક મોંમાં રૂમાલ ચાવે છે તો ?	૨ તેને રૂમાલ ન આપો અથવા ગળામાં એવી રીતે બાંધો કે મોં સુધી પહોંચે નહિ.
૩ બાળક હારમાંથી બસી જઈ મરજી પ્રમાણે ઊભું રહે છે તો ?	૩ બાળકને હારમાંથી જુદું પાડી દો.
૪ બાળક જ્યાં ત્યાં પેસાબ કરે છે તો ?	૪ પેસાબ કરવા જવાની જગા નક્કી કરી તેને બતાવો.
૫ બાળક જ્યાં ત્યાં થૂંકે છે તો ?	૫ થૂંકવાની જગા નક્કી કરી તેને બતાવો, અને વારેવારે તેને તે જગા બતાવવા લઈ જાઓ.
૬ બાળક ધૂમબરાડા પાડે છે તો ?	૬ શાંતિની રમતમાં વારંવાર જોડો.
૭ બાળક બીજાનો પ્યાલો લઈ પાણી પીએ છે તો ?	૭ તેનો પ્યાલો તેના હાથમાં જ રખાવો; બીજાને પ્યાલે પાણી પીવા આવે ત્યારે અટકાવો.
૮ બાળક પોતાની ચીજો જ્યાં ત્યાં ફેંકી દે છે તો ?	૮ દરેક ચીજ મૂકવાની જગા નક્કી કરીને તે બાળકને બતાવો.
૯ બાળક પોતાની ચીજો સાચવતું નથી તો ?	૯ બાળકને કબાટ અથવા પેટી આપો.
૧૦ બાળક બીજાની પાસેથી કંઈ પડાવી લે તો ?	૧૦ બાળકને જોઈતું પહેલેથી જ આપો. ગિ.

વ્યાકરણશિક્ષણ

પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના અભ્યાસક્રમમાં વ્યાકરણના વિષયને સ્થાન આપવામાં આવ્યું છે. અભ્યાસક્રમ રચનારાઓએ કયા હેતુએ એ વિષયને અભ્યાસક્રમમાં સ્થાન આપ્યું હશે તેની મને ખબર નથી; પણ એટલું તો હું જાણું છું જ કે જે રીતે આજે વ્યાકરણનું શિક્ષણ આપણી શાળાઓમાં અપાય છે એ સંબંધી ઘણું કહેવાય એમ છે. વાત એમ છે કે વ્યાકરણનો વિષય ભાષાના વિષયની અંદર સમાઈ જતો પેટાવિષય હોવાથી એના શિક્ષણ ઉપર શિક્ષકો બહુ જ ઓછું ધ્યાન આપે છે. વળી વ્યાકરણ બિલકુલ ના આવડે તોપણ વિદ્યાર્થીને પરીક્ષા પાસ કરવામાં વાંધો આવતો નથી, એટલે વિદ્યાર્થીઓને મન વ્યાકરણ એ મહત્ત્વનો વિષય નથી. શિક્ષકોમાંથી પણ સારી રીતે વ્યાકરણ જાણનાર શિક્ષકોની સંખ્યા બહુ ઓછી જ છે એમ મારું માનવું છે. અને વ્યાકરણ શીખવવાની પદ્ધતિ અશા-

સ્રીય અને ખામીભરેલી હોવાથી વિદ્યાર્થીઓને પણ તેના અભ્યાસમાં રસ આવતો નથી.

આ પરિસ્થિતિ ઇચ્છવા યોગ્ય નથી જ; અને તેથી એમાં શા ફેરફાર કરવા જેવા છે તે સંબંધી થોડાક વિચારો આ લેખ દ્વારા દર્શાવવા માગું છું.

પહેલું તો અભ્યાસક્રમમાં વ્યાકરણના શિક્ષણને સ્થાન આપવાની જરૂર શી છે તેનો વિચાર કરવો જોઈએ. કેટલાક લોકો એમ માને છે કે વ્યાકરણ વગર ભાષાજ્ઞાન સારું થાય નહિ. આ વિચાર મને ભૂલભરેલો લાગે છે, કારણકે ભાષા પહેલી હોય છે અને ત્યાર પછી ભાષા ઉપરથી વ્યાકરણશાસ્ત્ર નિર્માણ થાય છે. ત્યારે વ્યાકરણના શિક્ષણનો હેતુ શો ? વ્યાકરણશિક્ષણનો એક મુખ્ય ઉદ્દેશ તો એ જ છે કે વ્યાકરણ બુદ્ધિની ખિલવણી કરે છે. વળી જો આપણે માતૃભાષા સિવાયની બીજી કોઈ ભાષાનો અભ્યાસ કરવો હોય તો તેનું વ્યાકરણ ભણવાથી તે ભાષાનો અભ્યાસ સરળતાથી થઈ શકે છે તેમ જ તે શુદ્ધ લખતાં-બોલતાં આવડે છે. એક દાખલો આપી આ વાત સ્પષ્ટ કરું છું. દાખલા તરીકે આપણે અંગ્રેજી ભાષાનું એક પુસ્તક વાંચીએ છીએ; એમાં walked, talked, died, married વગેરે શબ્દો આવે છે. આ પહેલાં આપણે to walk, to talk, to die, to marry વગેરેના અર્થ જાણતા હોઈએ છીએ, છતાં પણ આ પાઠ વખતે આપણે walked, talked વગેરે બધા જ શબ્દોના અર્થ જાણવા પડે છે. પરંતુ આપણે જો ક્રિયાપદનો ભૂતકાળ ed પ્રત્યય લગાડવાથી થાય છે એટલું એ ભાષાના વ્યાકરણનું જ્ઞાન ધરાવતા હોઈએ તો આપણને walked, talked વગેરે શબ્દોના અર્થ તરત જ આવડશે; પરંતુ માતૃભાષાના વ્યાકરણનું તમને કંઈ જ જ્ઞાન ન હોય અને ભૂતકાળ, ભવિષ્યકાળ કે વર્તમાનકાળ એ શું છે એ જ તમે ના જાણતા હો, તો બીજી ભાષાનું વ્યાકરણ ભણવું તમને અઘરું પડે. આટલા માટે ભાષાના ક્ષેત્રમાં ઠીકઠીક આગળ વધ્યા પછી બાળકની આગળ વ્યાકરણનો વિષય કુશળ શિક્ષકની દેખરેખ નીચે શાસ્ત્રીય પદ્ધતિએ બાળકોને શીખવાય તો તેના અભ્યાસમાં તેમને સ્વતંત્ર રસ પડશે અને તેઓ એ વિષયનો અભ્યાસ કરી પોતાથી બુદ્ધિ બીલવશે અને પરભાષાનો અભ્યાસ કરતા પહેલાં જરૂરી એટલું વ્યાકરણનું જ્ઞાન મેળવશે. વળી બુદ્ધિની ખિલવણી માટે જ જો વ્યાકરણનું શિક્ષણ હોય તો તો બાળકોએ જાતે બુદ્ધિ વાપરીને વ્યાકરણના નિયમો તારવી કાઢવા જોઈએ, અને તે નિયમાનુસાર થતાં રૂપાખ્યાનો જાતે શોધી કાઢવાં જોઈએ. આમ વિદ્યાર્થીઓ જાતે જ્ઞાન મેળવે એ રીતે વ્યાકરણનું શિક્ષણ શિક્ષકની ઓછામાં ઓછી દરમિયાનગીરીથી અપાય તો વ્યાકરણશિક્ષણનો હેતુ સફળ થયો ગણાય. આજે તો શાળાઓમાં વ્યાકરણની વ્યાખ્યાઓ ગોખાવાય છે, અને તેથી એના શિક્ષણનો આખો હેતુ તો માર્યો જાય છે, એટલું જ નહિ પણ વ્યાકરણનો વિષય બાળકોને અઘરો અને કંટાળાભરેલો લાગે છે, એટલે એ શીખવામાં એમને રસ પડતો નથી. રસ વગરના વિદ્યાર્થીઓને ભણાવવાના હોવાથી શિક્ષકો પણ કંટાળે છે અને પછી તો અભ્યાસક્રમમાં એને સ્થાન છે

માટે જેમ તેમ વેઠ ઉતારતા હોય તે રીતે વ્યાકરણનું શિક્ષણ આજની મોટા ભાગની શાળાઓમાં અપાય છે.

આટલું વ્યાકરણના શિક્ષણ સંબંધી લખ્યા પછી ગુજરાતી ભાષાના વ્યાકરણનું હું જે થોડુંક જ્ઞાન ધરાવું છું તે મેં કેમ મેળવ્યું તે સંબંધી થોડુંક લખવું યોગ્ય માનું છું.

ગુજરાતી ચાર ધોરણ અને અંગ્રેજી સાત ધોરણમાં ગુજરાતી ભાષાનું વ્યાકરણ હું કંઈ ખાસ શીખ્યો હોઉં એમ મને યાદ આવતું નથી. અંગ્રેજી અને સંસ્કૃત ભાષાઓ જે એ વરસો દરમિયાનમાં હું ભણ્યો તેમાં એ ભાષાઓનું થોડું ઘણું વ્યાકરણ જેવું કે કાળ, વિભક્તિઓ, જાતિ, વચન વગેરે હું શીખેલો. નૂતન બાલશિક્ષણના અભ્યાસ દરમિયાન મૅડમ મોન્ટીસોરી રચિત ઍડવાન્સ્ડ મોન્ટીસોરી પદ્ધતિ ભાગ બીજો મેં વાંચ્યો. એ પુસ્તકમાં વ્યાકરણના વિષયનું સ્વયંશિક્ષણ ત્યાંનાં બાળકો કેવી રીતે મેળવે છે એનું વર્ણન છે. એમાં બાળકો કેટલા બધા રસથી વ્યાકરણ શીખે છે અને અગિયાર વર્ષની ઉંમર સુધીમાં ઘણું બધું વ્યાકરણનું જ્ઞાન સહેલાઈથી પોતાની જાતે ને રસપૂર્વક કામ કરીને મેળવે છે, તેના હેવાલો વાંચીને મને આશ્ચર્ય થયું. બાલશિક્ષણના ક્ષેત્રમાં પ્રાથમિક શિક્ષણનું કાર્ય નવી દૃષ્ટિએ કરવું, મતલબ કે ૭ થી ૧૧ વર્ષનાં બાળકો સ્વયંશિક્ષણનાં સાધનોથી જુદા જુદા વિષયો જાતે શીખે એમ થાય તેમ હું ઇચ્છું છું. વળી જે બાળકોને સ્વાતંત્ર્ય આપવું હોય અને તેઓ સ્વયંશિક્ષણ પામે એમ આપણે ઇચ્છતા હોઈએ તો અને તેટલા વધારે વિષયોના જ્ઞાન માટે સાધનો અને વાતાવરણ હોવું જોઈએ. કારણકે કોઈને વ્યાકરણનું કામ ગમે છે તો કોઈને ગણિતનું કામ ગમે છે; એમ વિદ્યાર્થીઓને જુદા જુદા વિષયોમાં વધારે ઓછો રસ હોય છે એ હકીકત છે. તેથી મને થયું કે ગુજરાતી ભાષાના વ્યાકરણના સ્વયંશિક્ષણનું કાર્ય કરવા માટે કેવું સાધન જોઈએ એની યોજના મારે વિચારવી. એ યોજના વિચારી સાધન યોજવું હોય તો ગુજરાતી ભાષાના વ્યાકરણનું ઠીકઠીક જ્ઞાન મારામાં હોવું જોઈએ. એટલે છેક ૨૫ વરસની ઉંમરે મેં સ્વ. કમળાશંકરનું મધ્યમ વ્યાકરણ વાંચીને એનો અભ્યાસ કર્યો અને ત્યાર બાદ વ્યાકરણના સ્વયંશિક્ષણને માટે કેવું સાધન હોય અને તે વિષયનું સ્વયંશિક્ષણ શક્ય બને તે માટે શું કરવું જોઈએ, એ માટે મેં એક પુસ્તક લખીને છપાવ્યું. એ પુસ્તકનું નામ 'મોન્ટીસોરી સિદ્ધાંતોએ વ્યાકરણ શિક્ષણ.' એ પુસ્તક તો વ્યાકરણના સ્વયંશિક્ષણ કરનાર માટે લખાયું છે. પરંતુ વ્યાકરણનું શિક્ષણ સારી રીતે આપવા ઇચ્છનાર ભાઈબહેનો એ પુસ્તકના પ્રકાશમાં પોતાનું કામ કેવી રીતે કરી શકે એ સંબંધી દિશાસૂચન કરાવવા આ લેખ લખવામાં આવ્યો છે.

કૃત અને તદ્ધિત પ્રત્યયો.

મોન્ટીસોરી સિદ્ધાંતોએ વ્યાકરણશિક્ષણના પુસ્તકમાં પહેલું પ્રકરણ કૃત અને તદ્ધિત પ્રત્યયોનું છે. આપણી ભાષામાં કેટલાક શબ્દો એવા છે કે જેના પહેલાં કે પછી એક શબ્દ મૂકવાથી તે શબ્દનો અર્થ બીજો થાય છે. આવા લગભગ બધા જ પ્રત્યયો વગેરે ઉપરથી બનતા નવા શબ્દો જથ્થાવાર તે પુસ્તકમાં

આપ્યા છે. શાળાઓમાં વ્યાકરણ શીખવનાર પરિચિત શબ્દો ઉપરથી ભાષાના ઉપર વર્ણવેલા નિયમ તરફ બાળકનું ધ્યાન ખેંચી શકે. દાખલા તરીકે 'સુવાક્યથી સ્નેહ સદૈવ સાધે, કુવાક્યથી કલેશ હમેશ વાધે.' આ કવિતા ભણેલાં બાળકો એ શબ્દોના અર્થો જાણે છે. એટલે શિક્ષક બાળકોનું ધ્યાન મૂળ શબ્દ અને તેને લાગેલા પૂર્વગ અને તેથી તે શબ્દનો અર્થ બદલાઈ ગયો છે એ બિના તરફ ખેંચી એવા બીજા શબ્દો શોધવાને માર્ગે તેમને ચડાવે તો બાળકોને પોતાની બુદ્ધિનો ઉપયોગ કરવાનું કામ મળશે. આવી જ રીતે બીજા પણ પૂર્વગો અને કૃત તથા તદ્ધિત પ્રત્યયો લાગવાથી થતા શબ્દો શોધવાને માર્ગે બાળકોને ચડાવવામાં આવે તો તેમને એ રીતે ભાષાના આંતર રહસ્યને એટલે કે વ્યાકરણના અભ્યાસને માર્ગે ચડાવ્યાં ગણાય. વ્યાકરણશિક્ષણના પુસ્તકમાં ભાષામાં જે જે પ્રત્યયો વગેરે લાગવાથી નવા શબ્દો બને છે તે તે બધા જ પ્રત્યયોથી બનતા શબ્દોના જથ્થાઓ મૂકયા છે. આ રીતે પ્રત્યયો લાગવાથી નવા અર્થના શબ્દો બને છે, એટલું જ નાની ઉંમરે બાળકના ધ્યાનમાં આવે એટલું બસ છે; તેથી એવી રીતે બનતા બધા શબ્દોના અર્થ તે ઉંમરે ગોખાવીને ભણાવી દેવાની જરૂર નથી.

એકવચન અને બહુવચન

કોઈ પણ વસ્તુ એક હોય ત્યારે એ સંબંધી બોલતાં જે શબ્દ વપરાય છે તેમાં અને તે જ વસ્તુ એકથી વધારેની સંખ્યામાં હોય ત્યારે તેને માટે આપણે જે શબ્દ વાપરીએ છીએ તેમાં થોડોક ફેર હોય છે. એનો અર્થ એટલો કે વસ્તુના એકવચનના અને બહુવચનના રૂપમાં થોડોક ફેર હોય છે. શબ્દોનાં બહુવચનનાં રૂપ બનાવતાં તેમાં કયી કયી રીતે ફેરફારો થાય છે તે દર્શાવતા જથ્થા મારા વ્યાકરણના પુસ્તકમાં આપ્યા છે. શિક્ષકે પહેલાં બાળકને એક દાખલો આપીને શબ્દના બહુવચનનાં રૂપો જુદાં થાય છે તેનો ખ્યાલ આપવો. દાખલા તરીકે બાળકને એક ચોપડી બતાવી પૂછવું કે આ શું છે? પછી બે ત્રણ ચોપડીઓ ભેગી રાખીને પૂછવું કે આ શું છે? તો તે કહેશે કે ચોપડીઓ. આ ઉપરથી તેના લક્ષમાં લાવવું કે એક જ વસ્તુ જો વધારે હોય છે તો તેને માટે બહુવચનનું રૂપ બોલવામાં વપરાય છે. પછીથી પાટિયા ઉપર એકવચન અને બહુવચનનાં બે ખાનાં પાડવાં, અને એકવચનના ખાનામાં એકવચનનાં રૂપો લખવાં અને બાળકોને નામ દઈદઈને વર્ગમાંથી બોલાવીને તેની સામે બહુવચનનાં રૂપ લખવાનું કહેવું. આ કામ બાળકો સહેલાઈથી કરી શકશે. વળી વર્ગના વિદ્યાર્થીઓને હારબંધ નહિ ઉઠાડતાં ગમે ત્યાંથી ઉઠાડવાથી બધાને ધ્યાન આપવું પડશે. આ જ રીતે નરજાતિનાં રૂપ લખવાં, નારીજાતિનાં રૂપ લખવાં તથા નાન્યતરજાતિનાં રૂપ લખવાનું કામ કરાવી શકાય. આ રીતે ચોપડીમાં આપેલ બધા જથ્થાઓના શબ્દોનાં રૂપો બાળકો પોતે વિચાર કરીને લખે તે રીતે કામ લેવું.

હવે પછીનું વ્યાકરણ શીખવવા સંબંધી આ લેખમાળાના આગળના હપ્તામાં લખીશ.

સો.

નૂતન ગણિતશિક્ષણ

[અનુસંધાન અંક ૫ મો પાનું ૭૬ થી]

આ પરિભાષાના ફેરફારને અંગે આપણે ત્રણ જાતના પૂંઠાના સેટ તૈયાર કરવાના હોય છે. ત્રણે જાતના પૂંઠાના સેટની અંદર ૧ એક, ૨ બે, એમ ૧૦ દશ સુધી તો સરખું લખેલું જ હોય છે. ત્યાર પછી બીજા પૂંઠામાં ફેરફાર શરૂ થાય છે. પૂંઠાના પહેલા સેટની અંદર બીજા પૂંઠા ઉપર ૧૧ એક દશ ને એક, ૧૨ એક દશ ને બે.....૨૦ બે દશ, એમ લખેલું હોય છે. બીજા સેટમાં પહેલા સેટની માફક જ ૧૧ એક દશ ને એક, ૧૨ એક દશ ને બે.....૧૯ એક દશ ને નવ, એમ લખેલું હોય છે. ફેર માત્ર ૨૦ ની અંદર હોય છે. પહેલા સેટમાં ૨૦ બે દશ, એમ લખેલું હોય છે જ્યારે બીજા સેટમાં ૨૦ વીશ, લખેલું હોય છે. ત્રીજા સેટના બીજા પૂંઠા ઉપર આપણી ૩૮ પરિભાષા ૧૧ અગિયાર, ૧૨ બાર,.....૨૦ વીશ, એમ લખેલું હોય છે. પહેલા સેટના ત્રીજા પૂંઠામાં ૨૧ બે દશ ને એક, ૨૨ બે દશ ને બે,.....૩૦ ત્રણ દશ, એમ લખેલું હોય છે; બીજા સેટના ત્રીજા પૂંઠામાં ૨૧ વીશ ને એક, ૨૨ વીશ ને બે, ૩૦ ત્રીશ, એમ લખેલું હોય છે; અને ત્રીજા સેટના ત્રીજા પૂંઠા ઉપર ૨૧ એકવીશ, ૨૨ બાવીશ...૩૦ ત્રીશ, એમ લખેલું હોય છે. આ રીતે દરેક સેટમાં દશ પૂંઠાં હોય છે. પહેલા સેટનાં દશ પૂંઠાંમાં ફેરવેલી પરિભાષા ૧ એક, ૨ બે...૧૧ એક દશને એક,...૯૯ નવ દશ ને નવ, લખેલી હોય છે; બીજા સેટનાં દશ પૂંઠાંમાં ૧ એક, ૨ બે,...૧૧ એક દશ ને એક,...૧૯ ૨૨ વીશ ને બે...૯૯ નેવું ને નવ, એમ લખેલું હોય છે; અને ત્રીજા સેટનાં દશ પૂંઠાંમાં આપણી ૩૮ પરિભાષા ૧ એક, ૨ બે, ૧૧ અગિયાર, ૧૨ બાર.....૯૯ નવ્વાણું, એમ લખેલું હોય છે. આ પ્રમાણેનાં પૂંઠાં તૈયાર કરવાથી બંને હેતુ સધાય છે; બાળક પાસે નવી પરિભાષા આવે છે અને એ ૩૮ પરિભાષાથી તે વંચિત રહેતું નથી.

સો સુધીના પુનરાવર્તન માટે આપણે જુદી જુદી રીતો યોજી શકીએ; દાખલા તરીકે પૂંઠાં, કાપલીઓ વગેરેનો આપણે ઉપયોગ કરી શકીએ. પરંતુ એનો વિચાર આપણે છેવટે જ્યારે ગણિત માટેની બધી કાપલીઓનો વિચાર કરીશું ત્યારે થશે.

હવે આપણે સોની આગળની સંખ્યાઓ લઈએ. આને માટે સાધન દશકની મોતીની સળીઓની પેટી છે. આ પેટીમાંની દરેક સળીમાં દશ દશ મોતી હોય છે. આ પેટીમાં આવી સો સળીઓ હોય છે. એ પેટીમાંથી દશ સળીઓ લઈને સોનો પાઠ આપવામાં આવે છે. પછી બે સો, ત્રણ સો, એમ હજાર સુધી મોતીની સળીઓ વડે સંખ્યાજ્ઞાન આપવામાં આવે છે. આ પછી હજાર સુધીનું સંખ્યાજ્ઞાન આપવા માટે ૧૦૦, ૨૦૦, ૩૦૦, એમ ૧૦૦૦ સુધી લખેલાં લાંબાં પૂંઠાં હોય છે. બાળક ૧૦૦ ના પૂંઠા ઉપર દશ સળીઓ મૂકે છે; ૨૦૦ ના પૂંઠા ઉપર બે દશ સળીઓ મૂકે

છે; એમ આગળ કામકાજ ચાલે છે. ૧૦૦૦ ના પૂંઠા ઉપર સોએ સો સળીઓ મૂકી દે છે.

આની અંદર આપણે બાળકને બે નવા શબ્દો આપવાના હોય છે. દશ દશ એટલે સો અને દશ સો એટલે હજાર. બાળક સામે હજાર મોતી રીતસર હોવાથી અને એ બધાં એ પોતાની મેળાએ ગણી શકે એમ હોવાથી હજાર સુધીનો બરાબર ખ્યાલ આવે છે. છતાં યે આ ખ્યાલ પૂરેપૂરો સ્પષ્ટ થાય અને એક, દશ, સો અને હજારનો એકબીજા સાથે શો સંબંધ છે તેની સમજણ આવે એ માટે બાળકને એક પાઠ આપવામાં આવે છે. આ પાઠ માટેનાં સાધનો એક મોતી, દશ મોતીની સળી, સો મોતીની સાંકળ અને હજાર મોતીની સાંકળ છે. પહેલાં બાળકને સોની અને હજારની સાંકળનો પરિચય આપવામાં આવે છે. બાળકોને આ સાંકળો વાપરવી ખૂબ ગમે છે. એના ઉપર ગણતરી કરવામાં એમને મજા આવે છે. ઘણી વખત તો બેચાર બાળકો ભેગાં થઈને હજારની સાંકળની ગણતરી કરતાં હોય છે. શરૂઆતમાં બાળકોને ગણવામાં સગવડ થાય એ માટે બાળકોને ચોકનો એક કટકો આપવામાં આવે છે. બાળકો હજારની સાંકળમાંની દશની દશ સળીઓ ગણીને એટલે કે સો ગણીને એની પાસે એક લીંટો કરે છે. આવી રીતે દરેક સો પાસે એક એક લીંટો કરતાં જાય છે, અને જ્યારે આખી સાંકળનાં મોતી ગણાઈ જાય છે એટલે પછી પોતે કરેલા ચોકના લીંટા ગણે છે, અને એ રીતે હજારનો પરિચય મેળવે છે. સોની સાંકળ ગણવામાં તો બાળકોને કંઈજ વાંધો આવતો નથી. આ પ્રમાણે હજારની સાંકળનો બાળકને બરાબર પરિચય થયા પછી હજારનો પાઠ આપવામાં આવે છે. પણ એનો વિચાર હવે પછી.

શં.

ચર્ચાપત્ર

શ્રી. તંત્રી, શિક્ષણ પત્રિકા,

આપના માસિકના આષાઢ ૧૯૯૪ ના અંકમાં મારો લેખ 'બાલમંદિરો અને વૈદકીય મદદ' આવેલો છે.

એ જ લેખના અનુસંધાનમાં નીચેની પ્રશ્નાવલિ છાપવા મહેરબાની કરશો. બાળકોના સ્વાસ્થ્યમાં રસ લેતા બધા જ ડૉકટરો, શિક્ષકો અને માબાપો એના જવાબો મને નીચેને સરનામે મોકલી આપશે તો હું ઘણો આભારી થઈશ.

નરેન્દ્ર બધેકા, આચાર્ય, બાલમંદિર,
જામનગર (કાઠિયાવાડ)

પ્રશ્નાવલિ

શિક્ષકો માટે

૧ આપના બાલમંદિરમાં આવતાં બાળકોમાં કઈ જાતની માંદગી વિશેષ દેખાય છે?

૨ એવી જાતની માંદગીમાંથી ચેપી અને ન ચેપી એવી માંદગીવાળાં બાળકોની તમે શી વ્યવસ્થા કરો છે?

૩ કોઈ જાતની વૈદકીય મદદ અથવા એની સારવાર કરવાની સગવડ આપને ત્યાં છે? હોય તો કેવા પ્રકારની છે?

૪ બાલમંદિરમાંથી અપાતી સ્વાસ્થ્યની સૂચનાઓનો માબાપો કેટલે અંશે અમલ કરતાં

માલૂમ પડ્યાં છે?

૫ આપના બાલમંદિરમાં સમાજના કયા વર્ગનાં (ગરીબ, પૈસાદાર ને મધ્યમ વર્ગનાં) બાળકો આવે છે? શકય હોય તો એના ટકા આપો.

૬ જુદાજુદા વર્ગનાં બાળકોમાં જુદા જુદા રોગોનું ઓછાવધતું પ્રમાણ તમારા ધ્યાનમાં આવેલું છે?

૭ બાલમંદિર દ્વારા બાળકોના અમુક રોગો દૂર કરી શકાય એવું તમને લાગ્યું છે? તમારો સામાન્ય અનુભવ શો છે?

બાબાપો માટે

૧ આપના બાળકની બાંદગીનું પ્રમાણ કેટલું છે?

૨ ઘરના ચાલુ ખોરાક ઉપરાંત બાળકોની દૃષ્ટિએ ખોરાકમાં તમે કાંઈ ફેરફાર કર્યા છે?

૩ બાળકોનાં સામાન્ય દરદોમાં તમે દવા કરો છો? કરો છો તો દેશી વૈદની કે દાકતરની? તમારા મત પ્રમાણે કોની દવા વધુ સારી લાગે છે? એ બાબતમાં દૃષ્ટાંતો સાથે તમારો અનુભવ જણાવશો?

૪ બાળકોના ચાલુ રોગોની ઘરગથ્થુ અથવા એવી બાસ (સ્પેશિયલ) દવાઓ જે તમારા ધ્યાનમાં હોય તો જણાવશો, અને તમારો એ વિષે અનુભવ જણાવશો. નીચેના રોગો બાળકોના ચાલુ રોગો ગણાવી શકાયઃ—

ક મોટી ઊધરસ.
ખ સાદી ઊધરસ-સળેખમ.
ગ બસ, ખુજલી, ગૂમડાં.
ઘ આંખો ઊઠવી.
ચ કાન વહેવો.
છ હાડકાંનો નબળો બાંધો (હાથપગ દોરડી, પેટ ગાગરડી).
જ કાકડા-ચોળિયા. (Tonsillitis, Adenoids.)

શિક્ષણ સમાચાર

—અણહતુ. બાલસંધ ઊઘડ્યો, તા. ૧૦-૭-૩૮. સંચાલક શ્રી. ડાહ્યાભાઈ રામશંકર.

—મહેળાવ. કુમારિકા બાલસંધ ઊઘડ્યો, તા. ૧૫-૭-૩૮. મંત્રી બેન ધનલક્ષ્મીબેન તથા ભાઈ બાબુભાઈ.

—લીંબડી. મૂળચંદ જીવરાજ કન્યાશાળાનું નિરીક્ષણ-પરીક્ષણ થઈ ગયું; કરનાર શ્રી. ગિજુભાઈ, તા. ૧૪-૭-૩૮.

—રાજકોટ. તા. ૩૦-૭-૩૮ ના રોજ સવારે નવ વાગે બાલઅધ્યાપનમંદિર ખૂલ્યું. આચાર્ય શ્રી. ગિજુભાઈ; વ્યવસ્થાપકો ભાઈ ચુડગર અને તબકશી દોશી. અધ્યાપનમંદિર માટે એક બાલમંદિર પણ થોડા જ વખતમાં ઊઘડશે.

—મુંબઈ. શ્રીમતી તારાબેન મોડકે શિશુવિહાર, દાદર સાથે મરાઠી વિભાગનું એક બાલઅધ્યાપનમંદિર ચાલુ કર્યું. ભાઈ એસ. એમ. નામલે શ્રી. તારાબેન મોડક સાથે કાર્યકર્તા તરીકે જોડાયા.

—રાજકોટ શ્રી. ગિજુભાઈનું હાલનું સરનામું નીચે મુજબ છેઃ—

શ્રી. ગિજુભાઈ બધેકા,
સેવાસદન, જગનાથ પ્લૉટ, રાજકોટ

વાર્ષિક લવાજમ એક રૂપિયો. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
આ શિક્ષણ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઈ ગોપાળજીએ છાપી

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૧૩ મું
સંવત ૧૯૯૪

અંક ૭ મો
ભાદ્રપદ

: તંત્રીઓ :

ગિજુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

પ્રયોગ કરનારે પ્રયોગ શાનો કરે છે, શાના ઉપર કરે છે, કયાં સાધનો વડે કરે છે અને કયા પરિણામની આશાએ કરે છે તે અગાઉથી જાણવું જોઈએ. ગમે તે કરીએ અને ગમે તે રીતે કરીએ તો તે પ્રયોગ થતો નથી. પ્રયોગની દિશા સ્પષ્ટ કર્યા વિના ચાલી નીકળનાર માણસ, ગામ અને રસ્તો નક્કી કર્યા વિના કોઈ અજાણ્યે ગામ ચાલી નીકળનાર પ્રવાસી જેવો છે.

બીજા બધા વિજ્ઞાનના પ્રયોગમાં જે કંઈ નુકસાન થાય છે તે પ્રયોગની નિષ્ફળતાપૂરતું તેમ જ દ્રવ્યોના વ્યયપૂરતું જ થાય છે. પરંતુ બાળકો ઉપરના પ્રયોગોમાં તો આ બે નુકસાનો ઉપરાંત બાળકોની જિંદગી બગડે છે એ સૌથી વધારે ભયંકર અને મહત્ત્વનું નુકસાન છે.

શિક્ષણ પત્રિકા

વર્ષ ૧૩] ભાદ્રપદ ૧૯૯૪ [અંક ૭

મનનો

વિદ્યાર્થીઓને કહેવું કે "જાઓ, લેસન કરી લાવો. અમે બીજે દિવસ જોશું કે તમે લેસન બરાબર કર્યાં છે કે નહિ." એ કાંઈ સ્વયંશિક્ષણનો સ્વાધ્યાય નથી. એ તો શિક્ષકને ભણાવવું નથી તેથી વિદ્યાર્થીને માથે બોજો નાખી દેવાનો અધ્યાય છે. વિદ્યાર્થીઓ શિક્ષકની બીક પાઠો તૈયાર કરી જાય તેમાં સ્વયંશિક્ષણ નથી. પોતાની સ્ફુરણાથી વિદ્યાર્થીઓ જ્ઞાન લે તેમાં સ્વયંશિક્ષણ છે.

બાળસુ શિક્ષકોના સ્વયંશિક્ષણથી વિદ્યાર્થીઓ ન છેતરાય તો સારું.

: ૨ :

શિક્ષકોને હલકા કહેનારા અને તેની હાંસી કરનારા લાજતા નથી પણ ગાજે છે. એવા લોકોને લીધે તો શિક્ષક નીચી કોટીમાં રહ્યો છે. એને એવી સ્થિતિમાં રાખનારાઓ એને હસી કેમ જ શકે?

પણ ધન, સત્તા, સમાજ, પદવી વગેરે કેફ છે. એ કેફમાં ચકચૂર લોકો શિક્ષકોને હસે તો શિક્ષકોએ શા માટે દુભાવું? તેમણે ચકચૂર લોકોને ઉગારવાનો રસ્તો ખોળી કાઢવો જોઈએ.

: ૩ :

જેઓ ભાવિને સુધારવા માગતા હોય છે તેઓ વર્તમાનમાં કામ કરતા હોય છે.

જેઓ વર્તમાનમાં માત્ર ઘોડા ઘડતા હોય છે તેઓ ભાવિને બગાડતા હોય છે.

વાવવાની ઋતુ વર્તમાન કાળ છે; લણવાની ઋતુ ભવિષ્ય કાળ છે; ભૂતકાળ એ તો માત્ર કોઠાર છે.

જેઓ નવો વધારો નથી કરતા તેમના ગમે તેટલા ભર્યા કોઠારો પણ ખલાસ થઈ જાય છે.

: ૪ :

સાગરમાં જેમણે ડૂબકી મારી હોય તેવાઓ પોતાની ડૂબકી વિષે કહી શકે; તેઓ સાગરની ઊંડાઈ વિષે ન કહી શકે.

: ૫ :

માન, એ માન મેળવનારની મોટાઈની નિશાની નથી; એ તો આપનારની મોટાઈની નિશાની છે.

: ૬ :

પોતાના ધંધાથી કંટાળેલાં માબાપો પોતાનાં બાળકોને એ ધંધામાં અણછૂટકે જ નાખે છે. છોકરાંઓની પ્રવૃત્તિઓમાંથી માબાપોની વૃત્તિની શોધ કરી શકાય.

અ . નુ . ક્રં . અ	
૯૮	મનનો . . . . . ગિ.
૯૯	બાળકો અને ઝઘડા . . ગિ.
૧૦૧	ક્રીડાંગણમાં . . . . ગિ.
૧૦૨	સૂચના કરનારાઓને . . ગિ.
૧૦૩	ભાંગફોડ શા માટે? . . ગિ.
૧૦૬	ઉંમર બડી કે અક્કલ બડી? ગિ.
૧૦૭	છેલ્લો નંબર . . . . ગિ.
૧૦૮	બાલમંદિર વિષે કંઈક . ન.
૧૧૦	બાલ૦ આચાર્યને પત્ર . ગિ.
૧૧૧	રાજપીપળાના બાલમંદિરમાં...
૧૧૨	રાજકોટ-બાલવ્યવ્યાપનમંદિર .
૧૧૪	અંબાણી સ્મારક યોજના . ...
૧૧૬	ગિજુભાઈ સન્માન સ૦ નિવેદન
૧૨૦	શિક્ષણ સમાચાર . . . ...

બાળકો અને ઝડપ

આ યુગ ઝડપનો કહેવાય છે. માનસશાસ્ત્રીઓ કહે છે કે ઝડપ એ બુદ્ધિનું પ્રથમ લક્ષણ છે. કોઈ માણસ મોટરનું ભૂંગળું સાંભળી ઝટ ખસી જાય અને બીજો ખસવામાં વાર કરે; એક માણસ એક વાત ઝટ સમજી જાય અને બીજાને તે વાત સમજવામાં વાર લાગે. આ અને આવા પ્રસંગોએ જે વાર લાગવાપણું છે તે મંદતાનું કારણ છે; આ મંદતા શરીરના સ્નાયુઓની, ઇંદ્રિયોની અને તેના ઉપરી મનની છે.

થીજી ગયેલું મન મંદ છે. ઓગળેલું એટલે કે પારા જેવું હલતું ચલતું મન ત્વરિત છે. ઝડપી મોટર વધારે ઉપયોગી છે. રગશિયું ગાડું આજના યુગમાં નકામું પડતું જાય છે.

જે બાળકના શરીર પરત્વે, ઇંદ્રિયો પરત્વે અને મન પરત્વે આઘાતપ્રત્યાઘાતો ત્વરિત થાય તે બાળક બધું ઝટઝટ સમજે છે અને સમજ્યા પછી તે પરત્વે ઝટઝટ વર્તે છે. ગતિથી જવું, ઝટ સમજવું, ઝટ કામ પતાવવું, ઝટ નિર્ણય કરવો, ઝટઝટ તમામ કામ કરવું, તેની પાછળ તેજસ્વી બુદ્ધિ છે. એમાંયે જે કામો મનનાં છે–જેવાં કે સમજવું, વિચારવું, તોળી જોવું, નિશ્ચય કરવો, નિર્ણય કરવો, હુકમ કરવો વગેરે અનેક કામો કે જેમાં મનનો વપરાશ છે–તે બધાં કામો ઝટ થતાં હોય તો તેની પાછળ જીવંત તેજસ્વી ચટકથી ચાલતી બુદ્ધિ છે, ને બધાં કામો ધીમે ધીમે થતાં હોય તો તેની પાછળ બુદ્ધિ મંદ છે. જે બુદ્ધિ માત્ર સારી પેઠે સમજે તે સંપૂર્ણ બુદ્ધિ નથી, પણ જે બુદ્ધિ ઝડપથી સારી પેઠે સમજે તે બુદ્ધિ સંપૂર્ણ છે. બુદ્ધિમાં ત્વરિતપણું એ બુદ્ધિનું એક અંગ છે અને લક્ષણ પણ છે.

આવી બુદ્ધિનો વિકાસ બાળપણથી થવો જોઈએ. સમજવું એટલે કે બીજાની દલીલો સમજવી, પોતે જાતે કાર્યકારણનો વિચાર કરવો, વિવેચન કરવું, બીજાને સમજાવવું, આ બધાં અંગો બુદ્ધિનાં છે. ત્વરા પણ અંગ છે. અહીં માત્ર ત્વરાનો વિચાર કરવામાં આવ્યો છે.

બાળકની ત્વરાબુદ્ધિ માપવાનું સાધન સમજણપૂર્વકનું ત્વરાથી કામ એ જ છે. ઊલટું ત્વરાથી કામ કરવાથી આ બુદ્ધિને વ્યાયામ અને તાજગી મળે છે. એટલા માટે દરેક શાળા અને ઘરમાં આ બુદ્ધિ ખીલવવી જોઈએ.

મોટરો, સાઇકલો અને આજની દોડધામે બીજાં નુકસાન કર્યાં છે, પણ તેની સાથે માણસના શરીર અને તેના જ્ઞાનતંતુઓને સચેત બનાવ્યા છે. ભેંશ કે રોઝ મોટર સામે જોઈ રહે છે ત્યારે આપણે તેને કમઅક્કલ કહીએ છીએ. માણસ સમજતો નથી ત્યારે તેને રોઝ જેવો કહીએ છીએ, કેમકે તે સામે જોઈ રહે છે. નવા યુગે અને તેની સાથે આવેલ નવી પરિસ્થિતિએ માણસને રોઝપણામાંથી ઘણો હટાવ્યો છે. છતાં શરીર અને મનથી માણસને વધારે ને વધારે ત્વરિત થવાની જરૂર છે.

શિક્ષક ઊભા થવાનું કહે ત્યારે ધીરે ધીરે બાળકો ઊભાં થાય, એક ઓરડામાંથી પચીશ બાળકોને બહાર નીકળી જવામાં કેટલીયે વાર લાગે, પાટિયા પાસે આવતાંયે બાળક કેટલીયે

સેકંડો ગુમાવે, આ મંદતા શરીરના પ્રદેશ ઉપરની થઈ. એ જ રીતે તે શ્રુતલેખન સાંભળવામાં, પ્રશ્ન સમજવામાં, દાખલો સમજ્યા છતાં ઝટઝટ ગણવામાં વાર લગાડે છે; આ વારને હટાવી કાઢવી જોઈએ.

એટલા માટે દરેક શાળામાં ગતિની ઝડપની કસરતો સારા પ્રમાણમાં થવી જોઈએ. "ભીમસેન કહે છે, બેસી જાઓ; ભીમસેન કહે છે, ઊભા થાઓ." તથા "ચકલી ઊડે, બગલું ઊડે, ગાય ઊડે." એ રમત ને આવી ઘણી રમતો ત્વરા લાવનારી છે. શિક્ષકે બધે ઠેકાણે પ્રવર્તી રહેલી મંદતા ખોળી કાઢવી જોઈએ અને તેને બદલે ઝડપ દાખલ કરવી જોઈએ. વીજળીની ગાડી બટન દબાવતાં જ ચાલવા માંડે છે, તેમ 'ઓરડો ખાલી' એમ બોલતાંની સાથે જ બાળકો એક પછી એક ચાલવા જ માંડે અને થોડી જ વારમાં ઓરડો ખાલી થઈ જાય કે ભરાઈ જાય તેવી રમતો બતાવવી જોઈએ. માત્ર સ્પર્ધાની કસરતો કરાવવી હોય ત્યારે જ સ્પર્ધાને લક્ષમાં રાખી 'રેઈસીઝ-સરતો' કરાવવાથી આ શક્તિ નથી ખીલતી. પણ શોધના બળ વડે જેમ યંત્રોમાં ગતિ વધારવામાં આવે છે, તેવી ગતિ માણસના શરીર-મનના યંત્રમાં પણ વધારી મૂકવી જોઈએ. શરીરની ગતિ વધવાની એટલે કે ઇંદ્રિયોના ધર્મોની ગતિ વધવાની રમતો દાખલ થવી જોઈએ. એક સેકંડમાં વગાડવામાં આવેલા ઘંટ કેટલા ગણ્યા, બતાવવામાં આવેલાં ચિત્રો કેટલાં જોયાં, કેટલી વાર અમુક શબ્દો બોલી શકાયા, કેટલા પદાર્થો ન ગણી શકાયા, એ બધાની રમતો બતાવવી જોઈએ. બાળકને ઝટ સાંભળીને. ઝટ સૂંઘીને, ઝટ સ્પર્શીને, ઝટ બોલીને પરિણામો જાહેર કરવાની ટેવ પાડવી જોઈએ. દાખલા તરીકે એક મિનિટમાં કેટલી ચાવી ગણી કાઢી, એક મિનિટમાં કેટલા શબ્દો લખી નાખ્યા; એક મિનિટમાં કેટલાં ચિત્રો દોરી કાઢ્યાં, એક મિનિટમાં કેટલાં પગલાં ભર્યાં, વગેરે અનેક કામો જ્ઞાનેન્દ્રિયો અને કર્મેન્દ્રિયો વડે કરાવવાં જ. આમ કરાવવાથી શરીરનું લોહી, સ્નાયુઓ, જ્ઞાનતંતુઓ અને મન બધાંયે જાગૃત થશે અને તે ચાલવા-દોડવા લાગશે.

બુદ્ધિની કસરતો પણ ઉપર પ્રમાણે જ આપવી. બાળકો એક ક્ષણમાં વધારે સાંભળે ને સમજે, વધારે દેખે ને તેની નોંધ કરે, વધારે પ્રશ્નો કાઢે, વધારે દાખલા જાણે, વધારે ઝડપથી લખી જાય, વગેરે બધું વધારે કરે તેની ટેવ પણ વર્ગમાં જ વધારી શકાય. શિક્ષક જાતજાતના કોયડા ઉકેલવા આપે ને વિદ્યાર્થી તે ઝડપથી ઉકેલે તે જરૂરનું છે. લેખોમાં પણ ઝડપ કેળવી શકાય; 'વહેલો તે પહેલો' એવી રમત (વહેલાપહેલા આપવાનું નહિ, સ્પર્ધા કરાવવાનું નહિ જ.) પણ રમાડી શકાય. સ્પર્ધા કરાવીને ઉતાવળ કરાવતાં તો બકરું કાઢતાં ઊંટ પેસવા જેવું થાય છે. સ્પર્ધા ખરાબ વસ્તુ છે; તે વેરઝેર પેદા કરે છે. એવા ખરાબ સાધન વડે ગતિ ઉપજાવીને ક્યાં જવું?

શિક્ષક અને શાળાનું આખું વાતાવરણ તેજ-ઝડપી હોય તો જ ઝડપ વડે બુદ્ધિ બીજવવાનું શક્ય છે આવું વાતાવરણ ત્વરા માગે તો જ બુદ્ધિનું યંત્ર ધારદાર થાય. માત્ર દાખલા ગણતી વખતે ઝડપ અને વળી પાછી મંદતા, એને લીધે તો દાખલાઝડપ આવે પણ બુદ્ધિ-

ઝડપ ન આવે. દાખલા કે લેખાંઓ કે અનેક કસરતો બુદ્ધિત્વરાનાં સાધનો છે; સાધ્ય તો સંચને ત્વરિત કરવાનું છે. એટલે અમુક વિશિષ્ટ આપ્તતની ત્વરા વ્યાપક ત્વરાને આપતી નથી. વ્યાપક ત્વરાને કેળવવા માટે ત્વરામાં આનંદ ખીલવવાનો છે, અને સ્પર્ધા તત્ત્વ કાઢી નાખવાનું છે.

ગિ.

ક્રીડાંગણમાં

ક્રીડાંગણમાં બાળકો રમતાં હતાં. ખૂબ ઉત્સાહ અને આનંદથી રમતાં હતાં.

ત્યાં કોઈ શિક્ષક કે શિક્ષિકા ન હતાં. તેઓ શરીર અને મનને છૂટાં મૂકી પૂરેપૂરી મજા માણી રહ્યાં હતાં.

ચોમાસાનાં વાદળાં હતાં તેથી તડકો તપાવતો ન હતો. પવન મંદ, મધુર હતો. આજુબાજુ લીલું ઘાસ ઊગેલું હતું.

ઊંધે માથે લટકવાના સળિયા ઉપર ગોઠણથી પગ ભરાવી વડવાંગડી જેમ કેટલાંક બાળકો લટકતાં હતાં. થાકેલા પગને તેઓ આરામ આપતાં હતાં; ઊંધે માથે લટકી તેઓ આખા શરીરમાં લોહીને દોડાવતાં હતાં; રમતગમતમાં તેઓ વ્યાયામ કરતાં હતાં અને પ્રસન્ન થતાં હતાં.

બે બાજુએ દોરડાંથી લટકતી રીંગોમાં બે બાળકો અરધા શરીર સુધી પોતાને ગોઠવીને ચક્કર લેતાં હતાં. બીજા બાળકો આ ચક્કરને ફેરવતાં હતાં. તેઓ ખૂબ જોરથી ફેરવતાં હતાં, અને ફરનારાં ના પાડતાં હતાં ત્યારે તેઓ ચક્કર ફેરવવું બંધ રાખતાં હતાં. આપણી નજરે ભારે જોખમભરેલી રમત બાળકો રમતાં હતાં. એમાંથી બાળક છૂટી પડે તો તેનું માથું તૂટીફૂટી જાય તેમ હતું. ગોળ ગોળ ફરવાથી તેમને ફેર આવવા જોઈએ છતાં ફેર આવતા ન હતા. તેઓના જ્ઞાનતંતુઓ મજબૂત હતા અને તેમની હિંમત અજબ જેવી હતી. તેઓ ચક્કર ફરવામાં મશગૂલ હતાં.

બે હીંચકા ઉપર બે બાળકો હીંચકતાં હતાં. ત્યાં તેમનાં માબાપ હોત તો તેનાથી તે જોયું જાત નહિ. એટલે ઊંચે સુધી હીંચકા ચલાવનાર બાળકો હમણાં જ પડીને મરી જશે એવું જ તેમને લાગત, અને ખૂબ પાડીને તેઓએ તેમને નીચે ઉતાર્યાં હોત. સદ્‌ભાગ્યે અહીં તેમનાં માબાપ ન હતાં. બાળકો હીંચકા ખૂબ ઊંચે ચડાવતાં હતાં.

એમાંના એક બાળકના હાથમાંથી દોરડું છટકયું અને તે ભફાંગ દઈને નીચે પડયું. તે વાંસાભેર પડયું; અવાજ બોદો થયો. એક શિક્ષકભાઈ દોડી આવ્યા અને તેને ખંખેર્યું તથા પંપાળ્યું. બાળકને કોઈ એ એમ ન કહ્યું કે "શું કામ ત્યાં ગયું હતું? ત્યાં શું દાટયું હતું? માથું ભાંગી જાત તો શું થાત? ચાલ હવે હીંચકે નથી ચડવું." પણ બાળકને જરા થાબડીને છૂટું મૂકયું. પછાડ તો કદાચ ઠીકઠીક લાગી હતી, પણ થોડી જ મિનિટમાં તો બાળક કૂદતું દોડતું આવ્યું અને વળી પાછું હીંચકે હીંચકવા લાગ્યું. કોઈ શિક્ષકે વચ્ચે પડી ડહાપણ ન કર્યું કે "હવે તમે હીંચકશો નહિ; હવે સંભાળીને દોરડું પકડશો." જાણે કાંઈ બન્યું જ નથી એમ પૂર્વવત્

હીંચકા ચાલ્યા.

એક બાજુથી ચડી શકાય અને બીજી બાજુથી લપસી શકાય એવા લપસણા પર બાળકો ચડી ચડીને લપસતાં હતાં. તેમનો ક્રમ નક્કી કરવાની કશી જરૂર પડતી નહોતી. બળવાન છોકરા કદાચ વહેલા દોડીને આગળ જઈ લપસી લેતા હતા તો નાનાં બાળકોને તેમાં ખોટું લાગતું ન હતું. અલબત્ત મોટાં અને બળવાન બાળકો નાનાં બાળકોની સંભાળ રાખીને ચડતાં અને લપસતાં હતાં. લપસી લપસીને તેઓ આનંદ લેતાં હતાં. એક બાળક લપસણાથી જ ઉપર ચડી જતું હતું ફેમફે તેમ કરતાં તેને આવડતું હતું. તે તેની રીતે લપસીને હસતું હતું અને તેની સામે કોઈનો વિરોધ ન હતો. તે ઊલટું પોતાના આનંદમાં બીજાં બાળકોને આનંદ આપતું હતું, અને બીજાં બાળકો તેની તરફ બેદરકાર ન હતાં.

કેટલાંક બાળકો આ બધું બહુ જ શાંતિથી અને ધ્યાનપૂર્વક જોતાં હતાં. કેટલાંક પોતાનો વારો આવે ત્યારે હીંચકા પર કે ચક્કર પર જવાની રાહ જોતાં હતાં.

ક્રીડાંગણનું આ દૃશ્ય ક્રિયાપ્રધાન હતું, વ્યાયામપ્રધાન હતું, મનને અને તનને તાજગી આપતું હતું. કુદરતનાં બળો વચ્ચે ઊભું ઊભું બાળકોના બળને વધારતું હતું.

બાળકો સ્વયંપ્રેરણાથી બાલમંદિરના ઓરડાનું કામ છોડીને રમવા આવ્યાં હતાં. તેમને જ્યારે ગમે ત્યારે ક્રીડાંગણમાં જવાની છૂટ હતી. હવા અને વાદળાંથી થયેલા ઝાંખા વાતાવરણે તેમને રમવાને માટે બોલાવ્યાં હતાં. શિક્ષક વિના તેઓ રમતાં હતાં, અને સુખી તેમ જ ખુશનુમા હતાં. ગિ.

સૂચના કરનારાઓને

શાળા જોવા આવનારને એક પ્રકારનો શોખ થઈ આવે છે, મન થઈ આવે છે, કે તેણે એકબે સૂચના કરવી જ જોઈએ.

આવી સૂચના કરનારાઓને એકાદ સૂચના આપવાથી બોટું નહિ જ લાગે.

શાળા કેમ ચાલે છે, તેની મુશ્કેલીઓ શી છે, તેની સાધનસામગ્રી શી છે, તેના શિક્ષકની શક્તિ કેટલી છે, માબાપોનો સહકાર કેટલો છે, બાળકોની અભિમુખતા કેટલી છે, એમાંનું કંઈ જ જાણ્યા વિના કોઈએ સૂચના કરવી એ ઠીક નથી.

સૂચના કરનારનું માન તો જાળવવું જ જોઈએ. તેને એમ ન કહેવાય કે સૂચના ન કરો. પણ સૂચના અમલમાં મૂકનારની સ્થિતિ કફોડી થાય છે. સૂચના અમલમાં મૂકનાર શિક્ષક હોય છે; તેના ઉપરીઓ અને તેના સંચાલકોને સૂચનાનો અમલ કરવાનો હોતો નથી. ઊલટું તેઓ તો સૂચના કરનારની સૂચનાનો અમલ થવો જોઈએ એમ માને છે, અને તેમ કરવા શિક્ષકોને કહે છે. શિક્ષકની મુશ્કેલી વધે છે. શિક્ષક એવો નિર્ભય નથી કે તે કહી શકે કે અમુક સૂચનાનો અમલ થઈ શકશે નહિ. તેનામાં આજે એવી શક્તિ નથી. આવા સંજોગોમાં જોવા આવનારે સૂચનાઓ બહુ સંભાળીને કરવી. બને ત્યાં સુધી તો તે ન જ કરવી. સંચાલકો ઘણી વાર સૂચનાઓ કરાવવા ખાતર જ સારા

માણસોને મુલાકાતે લાવે છે; અને સારા માણસો જો ભલા હોય તો તેઓ સ્થિતિસંજોગો જોયા વિના સૂચના કરી નાખે, અગર આવનાર માણસને પોતાની શક્તિ અને બુદ્ધિ બતાવવાની ઇચ્છા હોય તો તેઓ સંચાલકોને સૂચનાથી નવરાવી નાખે.

વાત તો એમ જોઈએ કે શિક્ષક પોતાની મૂંઝવણો પોતે રજૂ કરી બુઝાસો આગે નહિ ત્યાં સુધી મૌન જ રાખવું જોઈએ. એથીયે વધારે સારું તો એ છે કે શિક્ષક સૂચના માગે ત્યારે પણ તેની ખામીઓ કઈ કઈ છે તે બતાવવું નહિ પણ તે કેવી રીતે દૂર કરી શકાય તે બતાવવું. મતલબ સૂચના ટીકા રૂપ ન થવી જોઈએ; સૂચના રચનાત્મક થવી જોઈએ. ગિ.

ભાંગફોડ શા માટે?

ઘણી વાર માબાપો પૂછે છેઃ "અમારાં બાળકો સારામાં સારાં રમકડાં કજિયો કરીને પણ લેવડાવે છે અને છતાં થોડા જ વખતમાં તે તોડીફોડી નાખી અમારા પૈસા બરબાદ કરે છે. આનું કારણ શું? બાળકો આવાં તે કેવાં? એક વાર રમકડાં લેવરાવે છે અને વળી પાછાં તેઓ જ તેને તોડી નાખે છે અને એમ છતાં નવાં રમકડાં તો તેઓ માગે જ છે. અમારે આમાં શું સમજવું?"

માબાપોનો પ્રશ્ન અને તેમની મૂંઝવણ બરાબર છે. બાળકો દેખાદેખીથી રમકડાં ખરીદાવે છે. રમકડાંના રૂપરંગ આકર્ષક હોય છે તેથી પણ બાળકો રમકડાં લેવરાવે છે. માબાપો પોતે પણ બાળકોને રાજી કરવા માટે રમકડાં લે છે. કેટલાંક માણસો બાળકોને રમકડાં ભેટ આપે છે.

આ રીતે ઘરમાં રમકડાં આવે છે.

કેટલાંક માબાપો આસ્તેથી રમકડાંને 'કબાટમાં' રાખી દે છે. કેટલાંક માબાપો તો પાકી દેખરેખ રાખીને બાળકોને અમુક વખતે જ રમકડાં આપે છે. આવાં માબાપોને બાળકો સામે ફરિયાદ કરવાનું ઉત્પન્ન થતું નથી પણ બાળકોને માબાપો સામે ફરિયાદ કરવાનું કારણ મળે છે. નારાજીથી તેઓ કહે છે કે રમકડાંથી અમને રમવા કેમ દેતાં નથી? રમવા નં જ દેવું અગર અમારા પર સખતાઈ રાખવી હતી તો પછી રમકડાં લાવવાં જ ન હતાં. એ વાત સાચી છે કે આવાં બાળકો કરતાં જે બાળકોને રમકડાં મળતાં જ નથી તેઓ વધારે સુખી છે, કેમકે તેમને રમકડાં ન હોવાનું દુઃખ છે જ્યારે આવાં બાળકોને તો બેવડું દુઃખ છે.

જે માબાપો બાળકોને રમકડાં રમવા આપે છે તેમનો બાળકોએ ઉપકાર માનવો ઘટે, ને જેમનાં બાળકો રમકડાં ભાંગીફોડી નાખે તેમણે રમકડાંની ખરીદી સાર્થક થઈ એમ સમજવું ઘટે. બાળકોને રમકડાં સાથે કંઈ વેર તો નથી જ. તેઓ અલબત્ત રમકડાંને તોડે છે તેનાં કારણો છે, પણ તેમાં કોઈ જાતની વેરની ભાવના નથી. બાળકોનો સ્વભાવ જિજ્ઞાસુ છે. તેઓ જન્મથી જ "આ શું? આ શા માટે?" તેવા પ્રશ્નો વાણીથી અગર મૌનથી પૂછે છે. તેઓ જેમ વાણીથી પૂછે છે અને જવાબથી જાણવા માગે છે, તેમ જ તેઓ પોતાની ઇંદ્રિયો વડે પણ પોતાની જાતે જ જાણવા માગે છે.

તેમની જાણવાની ઇચ્છા-જિજ્ઞાસા ઘણી તીવ્ર છે. રમકડાંના રૂપરંગ વગેરે તેઓ જોઈ જાણી લે છે, એટલે પછી તેઓ તેની અંદર શું છે તે પણ જાણવા ચાહે છે. એ વૃત્તિને પોષવા માટે તેઓ રમકડાંને તોડે છે. ખરી રીતે બાળકની ઇચ્છા કાંઈ તોડવું ને નુકસાન કરવું એવી નથી હોતી; તેનો આશય વિનાશનો નથી; તેની દૃષ્ટિમાં નુકસાન નથી. તેની દૃષ્ટિમાં જિજ્ઞાસા તૃપ્ત કરવાનું છે; તેની નજર જ્ઞાન ઉપર છે. તેની આવી ક્રિયા નિર્દોષ છે. બીજું બાળકને મન રચના અને વિનાશ, સર્જન અને ભંજન, એ બે ત્યાં સુધી સરખાં છે જ્યાં સુધી તેનો આશય તે વડે જિજ્ઞાસા તૃપ્ત કરવાનો છે. તેને મન તોડવું તોડવું નથી; સાંધવું તેને મન જેવું છે કે હોય, તેવું જ તેને મન તોડવું છે. આ વાત વિચાર કરવાથી સમજાશે. આ વિચાર સમજીએ તો આપણે બાળકો રમકડાં જ્ઞાન ખાતર તોડે તેમાં નારાજ ન થઈએ, બાળક ભંજકવૃત્તિનું છે એમ ન કહીએ, અને તેમ કહીને તેનામાં અસામાજિક વૃત્તિનું કે કોઈ વેરનું આરોપણ ન કરીએ. અલબત્ત એવા કિસ્સાઓ બની શકે છે કે જેમાં બાળક માબાપ કે ભાઈબાંડુઓ પરનો રોષ રમકડાં પર કાઢે છે, અગર તો દબાયેલી વૃત્તિનો પ્રત્યાઘાત રમકડાં પર અથડાવા દે છે. એ વાત કબૂલ રાખીને પણ કહી શકીએ કે બાળકની જિજ્ઞાસાવૃત્તિ પણ રમકડાંના ભંજનનું કારણ છે.

બીજું બાળકો રમકડાંથી ઘણી વાર કંટાળે છે. તેનાં કારણોમાં એક કારણ એ હોય છે કે રમકડાં માલ વિનાનાં હોય છે; તેમાંથી કંઈ જ્ઞાન મળતું નથી, તેમાંથી કાંઈ આનંદ જડતો નથી. આ વખતે તેઓ રમકડાંને નાખી દે છે અગર તોડીફોડી નાખે છે. આની સાથે જ તેઓ રમકડાં આપનાર પર પણ ખિજાઈ શકે છે. તેમના મનમાં થાય છે કે આવાં અર્થહીન રમકડાં તેમને શા માટે આપવામાં આવતાં હશે? આમાંથી તો કાંઈ બનતું નથી; નવું જોવા જાણવાનું મળતું નથી. વાત એમ છે કે બાળકો પળે પળે પોતાની શક્તિનો વિકાસ નવા નવા જ્ઞાન વડે કરવા માગે છે. એ કામ જ્યારે અટકી પડે છે ત્યારે રમકડાં તો રમકડાંને તે તોડી નાખે છે. વળી તેઓ એમ વિચારીને રમકડાં તોડે છે કે બાબાપાએ રમકડાં તો આપ્યાં છે, ખરીદીને આપ્યાં છે, પણ તેની ઉપર તો કંઈ નથી માટે જરૂર તેની અંદર કંઈક હોવું જોઈએ. એ અંદર શું હશે તેની શોધમાં પણ બાળકો રમકડાંને તોડે છે અહીં પણ તેમની એક જાતની જિજ્ઞાસાવૃત્તિ જ છે. ખરી રીતે તો બાળકો હમેશાં કંઈ ને કંઈ કરવા ચાહે છે. તેમને જો સર્જનાત્મક કામ મળે તો તેઓ બહુ સંતોષ પામે છે. સર્જનાત્મક કામ એટલે કંઈ ને કંઈક ઉપજાવવું. પણ રમકડાંમાં તેમને કંઈ સર્જન કરવાનું નથી મળતું ત્યારે તે તોડે છે, અને તે પણ સર્જનાત્મક વૃત્તિના એક ભાગ તરીકે જ, કેમકે સર્જનની પહેલાં તોડવાનું તો ઊભું જ હોય છે. અગર તો બાળકો માટે આવી જાતનું તોડવું એ ભંજન નથી પણ સર્જન શોધવાની એક ગડમથલ છે. બાળકોને તોડવાફોડવાનું સ્વતઃ નથી ગમતું એમાં શક નથી.

સર્જનનાં કામો મળે ત્યાં સુધી બાળકો

રમકડાંને હાથમાં પણ નહિ લે. રમકડાંથી જે-મૂને રમવું પડે છે તેઓને બહુ કંટાળો આવે છે. રમકડાં ભાંગીને તેઓ છૂટવા પ્રયત્ન કરે તોપણ સર્જનાત્મક પ્રવૃત્તિ વિના તેમને સડવું જ પડે. જેમાંથી રચના થાય તે રમત સારી અને તેવું રમકડું સારું. એવાં રમકડાં પણ બાળકોને સર્જનાત્મક કામ આપી શકતાં નથી, કે જે રમકડાંને ચાવી દેવાથી દોડે કે ચૂંચું કરે. તેમાં તેમને પોતાને કંઈ કર્યાનો સંતોષ થતો નથી. તેમાં એ ઘડી ગમ્મત લઈ બાળકો તેને રઝળતાં નાખી દે છે. રમકડાં આપનારાં એમ માને છે કે બાળકનો એટલો વખત રમવામાં ગયો, પણ ખરી રીતે બાળકોએ તેટલો વખત વૃથા ગુમાવ્યો હોય છે. પ્રયોગ કરી શકાય તેવાં રમકડાં બાળકોને ગમે છે. તેવાં રમકડાં ભલે આપણે મન રમકડાં હોય તોપણ બાળકોને મન તે રમકડાં નથી હોતાં; બાળકો તો તેને વિકાસનાં સાધનો ગણી તેનો ઉપયોગ કરે છે.

બાળકો જ્યારે રમકડાંથી રમતાં જોવામાં આવે છે ત્યાં ખરી રીતે તેઓ રાજીખુશીથી રમતાં નથી, પણ તેમને બીજું કશું કરવાનું ક્રિયા-મળતી નથી તેથી તે રમકડાંથી ચલવી લે છે. બાળકો રમવાને નવરાં જ હોતાં નથી; તેઓ તો આગળ વધવા માગે છે. નાનો છોડ, પશુ કે પક્ષીનું બચ્ચું રમવા નવરું હોતું નથી. તેમને જીવનની ચિંતા નથી હોતી, પણ તેમનામાં વિકાસની સહજ ભૂખ હોય છે. આ ભૂખ તૃપ્ત કરવા માટે બાળકો આખો દિવસ કંઈ ને કંઈ કામ માગે છે અને કરે છે. તેની કોઈ હિલચાલ રમત નથી. આપણે તેને રમત લેખીએ તો આપણી ભૂલ છે. રમકડાં તેને માત્ર રમવા આપીએ તો આપણે બાળકોનું અપમાન કરીએ છીએ. જે વસ્તુ તેની તૃષા અને ક્ષુધા (શારીરિક, માનસિક અને આત્મિક) શાંત પાડે તે આપણે અને તેને મન રમકડાં હોય તો વાંધો નથી. પણ ત્યાં તો રમકડાંનો અર્થ બદલાઈ જાય છે. માટે જ આ કહેવાતાં રમકડાં બાળકોને ગમે નહિ, તેને થોડી વાર જોઈને નાખી દે અગર તેની ભાંગફોડ કરે તો તેમાં નવાઈ નથી. બાળકોની પ્રવૃત્તિ નકામી રમત નથી. તે ખરેખર ગંભીરપણે જીવનમાં આગળ ધપે છે. તે સમજ્યા વિના તેને રમાડવા કે રાજી રાખવા જે આપણે તેની સમક્ષ રમકડાં નાખીએ તો તેના હાલ કેવા થાય? આપણે હરેક વખતે બાળકોનો તથા બિચારાં રમકડાંનો પણ વિચાર કરવો જોઈએ.

બાળકોનાં રમકડાં કહીને આપણા ખોળામાં નકામો માલ નાખી જનારથી આપણે હવેથી જાગવું જોઈએ. માત્ર આપણા શોખ ખાતર રમકડાં ખરીદી બાળકો ઉપર આપણે લાદવાં ન જોઈએ. લોકો બાળકો માટે રમકડાં ખરીદે છે તેથી આપણે ખરીદવાં જોઈએ એવું કંઈ નથી. ઘણી વાર બાળકો એ રમકડાંથી રમે છે ત્યારે તેને જે આનંદ થાય છે તેનાથી વધારે આનંદ તેઓ તોડીફોડીને નક્કી કરે છે કે આમાં તો આટલું સુખ છે ત્યારે, અગર તેનો ભડકો કરે છે ત્યારે થાય છે. આ વાત ઝીણી નજરે જોવી જોઈએ. ગિ.

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો ગ્રાહક નંબર જરૂર લખશો.

ઉંમર બડી કે અક્કલ બડી ?

કહેવત તો એવી છે કે ' અક્કલ બડી કે ભેંશ. '

આ કહેવત ઉપરથી એક નવી કહેવત કાઢવાની જરૂર પડી છે. એ કહેવત ' ઉંમર બડી કે અક્કલ બડી ' ની છે.

માબાપ એમ માને છે કે જે છોકરું ઉંમરે મોટું તે હોશિયાર.

મોટાં બાળકો એમ માને છે કે પોતે ઉંમરે મોટાં છે તેથી પોતે હોશિયાર.

નાનાં બાળકો એમ ધારે છે કે પોતે નાનાં છે એટલે મોટાં બાળકોથી ઓછાં હોશિયાર.

શિક્ષક એમ માને છે કે વર્ગમાં મોટા છોકરા-છોકરીઓ હોય તે હોશિયાર; બાકી નાનાં નાનાં ટાબરિયાં તો જાણે ઠીક.

પરીક્ષકને મન મોટા મોટા આગળ ઊભા રહેતા અને પહેલેથીજ નંબરે દેખાતા છોકરાઓ હોશિયાર લાગે છે.

એ વાત ખરી છે કે જે બાળકો મોટી ઉંમરનાં છે એટલે કે નાનાં બાળકોથી વહેલાં જન્મેલાં છે તેઓની માહિતી અને અનુભવ કંઈક વધારે હોય છે. પણ તેઓમાં વધારે બુદ્ધિ હોય છે એમ માનવાને કાંઈ કારણ નથી. બુદ્ધિ માહિતી અને અનુભવથી જુદી વસ્તુ છે. જેમ બુદ્ધિ કોઈના બાપની નથી તેમ બુદ્ધિ કોઈ ઉંમરની પણ નથી.

ઘરમાં, સમાજમાં અને નિશાળમાં આવી ભૂલ થતી હોવાથી નાનાં બાળકોને મોટાં બાળકોની તુલનામાં નીચાં અને ઓછાં અક્કલવાળાં ગણવામાં આવે છે. પરિણામે નાનાં બાળકોને મોટાં જેટલું અને જેવું કરી શકે, તથા મોટાં જેવી શક્તિ બતાવી શકે તેવી શક્તિ બતાવવાની તક જ મળતી નથી. કદાચ નાનાં બાળકો માથું મારી પોતાની બુદ્ધિશક્તિ બતાવી દે છે, તોપણ તેનો સ્વીકાર કરતાં બહુ વાર લાગે છે. સામાન્યતઃ મોટાં બાળકો એટલે હોશિયાર; તેમનાથી થઈ શકશે અને નાનાંથી નહિ થઈ શકે એવો ખ્યાલ લોકોના મોટા ભાગનો છે.

પણ વાત તો જુદી છે. મોટાં અને નાનાં બાળકોનો જેમને સરખો એક સાથેનો અનુભવ છે, તેઓને હમેશાં ઉંમર અને કદ વિસારવાં પડે છે; તેમને તેમની શક્તિની સામે જ નજર માંડવી પડે છે. તેઓની નજર ઊઘડી ગઈ હોવાથી તેઓ નાનાંને નાનાં જાણી મોટાં કામકાજે અને મોટી સમજણમાંથી દૂર રાખતાં નથી, પણ શક્તિ હોય તો સૌને સમાન વાતાવરણ અને હક્કો આપે છે.

નિશાળમાં અને ઘરમાં આ વાત સમજવી જોઈએ. ઘરમાં આ વાત સમજાય તો માબાપના વર્તનમાં ઘણો ફેર પડી જાય. માબાપમાં પોતાનામાં પણ ઘણી બુદ્ધિ વધવા લાગે અને પ્રથમથી જ તેમનું દૃષ્ટિબિંદુ ચોખ્ખું રહે. જેને પરિણામે આગળ જતાં માબાપને એમ કહેવું ન પડે કે આવડો મોટો ઢાંઢો થયા છતાં આ અક્કલમાં ઓછો કેમ છે ? અત્યારે તો આપણામાં જેમ મોટો ભાઈ ન પરણે ત્યાં સુધી નાનાથી ન પરણાય, તેમ જ મોટો ભાઈ તો ઉપલા ધોરણમાં હોય અને નાનો ભાઈ નીચલા ધોરણમાં જ હોય એવું છે.

પણ બે ભાઈઓ સરખા અક્કલવાળા હોય કે નાનો ભાઈ અક્કલમાં ચડે તેવો હોય, તો તેને આગળ જવા દેવામાં શી હરકત છે? એટલું જ નહિ, પણ તેને આપણે આગળ વધવાની બધી અનુકૂળતા શા માટે કરી ન આપવી? નાની છોકરી કે છોકરાને આખરે મોટા તો થવાનું જ છે, તો પછી શા માટે તેને પહેલેથી મોટાં થવા ન દેવાં?

નિશાળમાં પણ નાનો છોકરો કે છોકરી મોટાના વર્ગમાં ભણે તે હિસાબમાં નથી; ઊલટું તેને તેમાં દબાવું પડે છે. ખરી રીતે તો મોટાના વર્ગમાં આ નાનું બાળક અક્કલ વિના પેસે જ શી રીતે એ વિચાર કરી તેના તરફ ધ્યાન આપવું જોઈએ, એટલું જ નહિ પણ તેનું વાજબી રક્ષણ કરવું જોઈએ. મોટા છોકરા-છોકરીઓ પોતે જ એમ ધારે છે કે નાનાં બાળકોને કંઈ ન આવડે, તેઓ તેનાથી પાછળ જ હોય; એમાં વળી જો શિક્ષક ભળે તો મોટાંનું મિથ્યાભિમાન અને મૂર્ખાઈ પોષાય અને નાનાની વિના કારણ પ્રગતિ અટકે અને તેઓ લઘુતાગ્રંથિના ભોગ થઈ પડે.

પરીક્ષકોનું તો કામ જ છે કે બુદ્ધિશાળી ભેજું ક્યાં છે તે શોધી કાઢવું. આપણે મોટાં શરીરોને નહિ, રૂપાળા ચહેરાઓને નહિ, સારા શણગારોને નહિ, પણ ભેજાંને શોધવાનાં છે. આપણો મોહ ભેજા ઉપર થવાની જરૂર છે. ભેજાવાળું બાળક નાનું હોય કે ચીંથરેહાલ હોય કે કરૂપ હોય પણ તે દીવામાં સાચું તેલ છે અને તે દીવો બળશે એમ સમજવું; અને બીજા દીવાની હાંડીઓ સુંદર છે પણ જો તેમાં તેલ ઓછું છે તો તેઓ બળવામાં પાછળ પડશે.

દરેક શિક્ષકે શાળાનાં તમામ બાળકોની બુદ્ધિની ઉંમર શોધી કાઢવી જોઈએ, અને તે ઉપર ધ્યાન આપીને તેમની સાથે કામ લેવું જોઈએ.

ગિ.

છેલ્લો નંબર

મોટે ભાગે એમ ધારવામાં આવે છે કે વર્ગમાં જે છેલ્લો નંબર હોય તે ઠોઠ હોય છે. નિશાળની ભાષામાં છેલ્લો એટલે ઠોઠ. કોઈ વિદ્યાર્થી કંઈ ગુનો કરે તો તેને છેલ્લો નંબર કાઢવામાં આવે છે. જેના ખોટા પડે તે બધાને છેલ્લે જવાનું હોય છે. આ છેલ્લા નંબરનું માન હોતું નથી; તે ભણતરમાં અને બીજી બધી રીતે પછાત હોય છે એમ માનવામાં આવે છે. શિક્ષકનો હિસાબ નંબર ઉપર હોય છે ને માબાપ પણ એમ જ પૂછે છે કે "તારો નંબર કેટલામો આવ્યો?"

આવા છેલ્લા નંબરો કાં તો ઊંઘતા હોય છે, કાં તો મરતી કરતા હોય છે, કાં તો માસ્તર બીજી બાજુએ જુએ ત્યારે તેના ચાળા પાડતા હોય છે અને કાં તો કોઈના ઉપર કાંકરા કે કાગળના ડૂચા ફેંકતા હોય છે. જેટલી વાર માસ્તર તેનું અપમાન કરે છે તેથી વધારેગણી વાર તે માસ્તરને મનમાં ધિક્કારે છે અને ગાળો દે છે. જેટલી વાર માસ્તર તેને મારે છે તેથી વધારે વાર તે બહાર નીકળી બીજા છોકરાને મારે છે.

આવા ઠોઠ છોકરાને કાંઈ આવડતું નથી એમ જ માનવામાં આવે છે. પછી તો તેને

શીખવવાની માસ્તર દરકાર કરતા નથી; છોકરો પણ શીખવાની દરકાર અને ચિંતામાંથી મુક્ત થાય છે. અને ધીરે ધીરે તે રીઢો થાય છે.

પરીક્ષા આવે છે ત્યારે તે નાપાસ જ થાય છે, કેમકે છેલ્લો નંબર પાસ કેવી રીતે થઈ શકે? પરીક્ષક પણ હવે એમ જ ધારે છે કે પહેલા નંબરનો હોશિયાર હોય છે અને છેલ્લા નંબરનો ઠોઠ હોય છે. પરીક્ષકો પોતે તે વખતે ભૂલી ગયેલા હોય છે કે પોતે વળી કેવા કેવા નંબરે રહેતા હતા અને કેટલી વાર પાસ નાપાસ થયેલા હતા.

આ છેલ્લા નંબરો બીજે વર્ષે જૂના બને છે. તેઓ પહેલા બેન્ચ ઉપર આવી જાય છે. તેઓ અનુભવી હોવાથી વ્યવસ્થા સારી કરે છે. તેઓને નવા આવનાર કરતાં વધારે આવડતું હોય છે. તેઓ પહેલા નંબરોમાં ગણાવા લાગે છે. તે વખતે વળી બીજા છોકરાઓ છેલ્લા અને ઠોઠ ગણાવા લાગે છે. અલબત્ત આ જૂના છોકરાઓ એ દરસિયા કહેવાય છે એટલું જ.

આ એક વિચિત્ર ઘટના છે. કોણ જાણે કોનીયે ભૂલથી અને કયા ક્રમનસીબ ચોઘડિયે છોકરો છેલ્લો આવી જાય છે અને ઠોઠમાં નોંધાઈ જાય છે. ખરી રીતે તો તે ઠોઠ પણ નથી હોતો અને હોશિયાર પણ નથી હોતો. સામાન્યતઃ બધા ભણનારા સમધારણ હોય છે; પણ શિક્ષક ઘણી વાર અસાધારણ બની જાય છે ત્યારે આખો વર્ગ વિચિત્ર ઘટનામાં આવી પડે છે. છેલ્લા છોકરાઓ આ એક વિચિત્રતાનું પરિણામ છે. આ વિચિત્રતા ટાળવી જોઈએ. સમભાવથી ભણાવનાર શિક્ષક તે ટાળી શકે. ગિ.

બાલમંદિર વિષે કંઈક

જામનગરના શ્રી જામ સિલ્વર જ્યુબીલી બાલમંદિરના આચાર્ય શ્રી નરેન્દ્ર ગિજુભાઈ બધેકાએ રાજકોટ બાલઅધ્યાપનમંદિર સમક્ષ આપેલું ભાષણ

ભાઈઓ અને બહેનો,

તમારી સમક્ષ એમ કહેવામાં આવ્યું છે કે એ બાલમંદિરના આચાર્ય પોતાનો બાલમંદિરોનો પરિચય આપશે. ખરેખર કહું તો પોતાના બાલમંદિરનો પરિચય આપવા જેવું અઘરું કામ મેં આ પહેલાં કદી કર્યું નથી. પોતાના બાલમંદિરનાં વખાણ યા ટીકા પોતાને મોઢે કરવાં અઘરાં છે. પહેલું કરવા માટે શાણસમાં ધૃષ્ટતા હોવી જોઈએ, બીજું કરવા માટે અતિશય શુદ્ધ બુદ્ધિ અને પ્રામાણિકતા હોવી જોઈએ. એ બંને ગારામાં કેટલાં છે તે હું જાણતો નથી. માત્ર એટલું જાણું છું કે મને તમારી સમક્ષ બાલમંદિર વિષે કંઈક કહેવાની આજ્ઞા થઈ છે, અને તે કામ હું એક ત્રીજી વ્યકિત તરીકે બાલમંદિરના આચાર્યના આત્મરંગી ચશ્માંથી પર જઈ ને કહેવા માગું છું.

છેલ્લા દોઢ વર્ષથી આ બાલમંદિરમાં હું કામ કરી રહ્યો છું. છેલ્લા દોઢ વર્ષમાં મને ઘણી જુદી જુદી જાતના અનુભવો થયા છે. એમાંના ઘણા અનુભવોમાં માનસશાસ્ત્રની ઘણી ઝીણવટો સમાયેલી છે. એ બધી તમારી આગળ મૂકવાનો આ સમય પ્રાસંગિક ન ગણાય. તેમ

છતાં બાળકોના મારા પરિચયમાંથી હું જે કાંઈ શીખ્યો છું, જે કાંઈ મેં અનુભવ્યું છે, એમાંનું કાંઈક જેટલું વાણીથી બતાવી શકાય તેટલું બતાવવાનો પ્રયત્ન કરીશ.

કોઈ મોટા વીજળીના કારખાનામાં તમે ગયાં છો? બધાં યંત્રો વ્યવસ્થિતપણે નિયમિત રીતે એકબીજાના કામની અંદર દખલગીરી કર્યા વિના ચાલતાં જોયાં છે? એ જોઈને માણસને જેવો આનંદ થાય, એવો આનંદ મને હંમેશાં મારા બાલમંદિરનાં બાળકોનું કામ જોઈને થાય છે. હવા, પાણી, ખાતર અને અનુકૂળ વાતાવરણ તૈયાર કરીને માળી એક બીજ જમીનમાં વાવી દે છે. પછી એ બીજને ઉગાડવાનું કામ એનું નથી; એનું કામ બીજને ઊગતું જોવાનું છે. એવું કામ મારે નસીબે લખાયેલું છે. હું અનુકૂળ પાણી તથા ખાતર તૈયાર કરી દઉં છું ને પછી દૂર ઊભોઊભો બાળકોના કામનો ફાલ જોયા કરું છું, મનમાં રાજી થાઉં છું. કોઈ બાળકને મારે કહેવું નથી પડતું કે તમે આજ પચાસ ચિત્રો કાઢી લાવજો કે બીજા કોઈ બાળકને એમ પણ નથી કહેવું પડતું કે સાડાત્રણ કલાક સુધી નવા શીખેલા અક્ષરોનું તમે પુનરાવર્તન કરજો. એ બધું એની મેળે જ બન્યે જાય છે. અમે આચાર્ય અને શિક્ષકો તો માત્ર એના મૂંગા સાક્ષીઓ છીએ. આ તો થઈ કામની બાજુ. પણ એના કરતાં પણ ઘણી મહત્ત્વની બીજી એક બાજુ જે મારા ધ્યાન ઉપર હમેશાં આવે છે અને મારા ચિત્તને પ્રફુલ્લિત કરે છે, તે બાલમંદિરની સામાજિક બાજુ છે. ખરી રીતે હું તો એને સામાજિક કરતાં આધ્યાત્મિક બાજુ કહેવાનું વધારે પસંદ કરું છું. શબ્દ જરા મોટો છે; પણ મારા મનમાં જે હકીકતો છે તેને વ્યક્ત કરવા માટે બીજો કોઈ શબ્દ જડતો નથી. શહેરના એક મોટા અમલદારની છોકરી જેને ઘેર ઘણા નોકરચાકર છે, જેના પિતાના હાથમાં સત્તા છે, જેનાં રમકડાંમાં તલવાર અને બંદૂકો છે, એવી છોકરી કોઈ નાના બાળકને આંગળીએ પકડીને મારી પાસે લઈ આવે છે અને કહે છેઃ "બચુભાઈ! આને લોહી નીકળ્યું છે, દવા ચોપડી દો." મારા મનમાં તે વખતે પ્રકાશનો ચમકારો થાય છે. દુનિયાની શાંતિનાં પગરણ તો અહીંથી નથી મંડાતાં ને? સત્તા, તલવાર અને બંદૂક નીચે રહેલું છૂપું પણ જોરદાર મનુષ્યત્વ અહીં ઝળકી ઊઠે છે, અને મને ઊંડા આધ્યાત્મિક અનુભવમાં ઉતારી દે છે. બાલમંદિરના વાતાવરણમાં જ નાત, જાત, ઊંચ, નીચ, કાળું, ગોરું, એ ભેદભાવ રહેતો નથી. રાજકુટુંબના નબીરાઓ ગરીબની છોકરી સાથે એટલી જ હોંશથી રમે છે, એટલું જ ઐક્ય અનુભવી શકે છે. કહેવા બેસીએ તો ઘણું કહી શકાય. બાળકોની સ્વયંસ્ફુરિત પ્રવૃત્તિઓ આપણને આશ્ચર્યમુગ્ધ કરી દે છે. એકાદ કામની પાછળ બાળકો એવાં પડી જાય છે કે સમયના બંધનનું ભાન એમને રહેતું નથી. એક વાર બાળનાટકો (જે બાળકો પોતે જ કરતાં હતાં) કરવાનું વાતાવરણ જામી ગયું. પંદર દિવસ સુધી બાળકોએ બીજું કાંઈ કામ કર્યું નહિ. પંદર દિવસ સુધી ઉપરાઉપર નાટકો કર્યા કર્યાં. નાટકો કરવાનો જાણે પાતાળકૂવો ફૂટ્યો. પણ આવા તો અનેક અનુભવો મારી પાસે પડ્યા છે. એમાંથી અત્યારે

હું તમને ઝાઝા અર્પી શકીશ નહિ. બાલ-મંદિરનું વાતાવરણ અમારે શિક્ષકોને મને બાળકોને માટે જ છે એમ નહિ, એ વાતાવરણ શિક્ષકો અને અભણ કામદારો સુધી પહોંચેલું છે. બાઈ, પટાવાળો, માળી, ડ્રાઈવર, બધાં જ બાલમંદિરના કામનો અંતરથ હેતુ સમજે છે. તેમને ઊંચે સાદે બોલાવીને હુકમો કરવા પડતા નથી એ વાતાવરણની અસર છે. અને એ વાતાવરણ ઉત્પન્ન કરવામાં આચાર્ય ને શિક્ષકોનો સમાન ફાળો છે. વખત પૂરો થયો છે. ઘડિયાળના કાંટા મારી સામે આંખો કાઢે છે. તમને મારી વાત સાંભળવામાં કેટલો રસ આવ્યો એ તો તમે જાણો, પણ મારી વાત કહેવામાં મને તો ખરેખર ઘણો જ આનંદ આવ્યો છે. કારણકે આ બધી અનુભવોની વાતો છે. સાકરનો ગાંગડો મોઢામાં રાખીને હું તમને સાકરના ગુણોનું ઝીણામાં ઝીણું વર્ણન આપું, તોપણ જે અનુભવ મને થાય છે, તે તમને ન થઈ શકે; એ માટે તો પોતે જ સાકર ખાવી જોઈએ. એટલું કહીને હું વિરમીશ.

ન.

બાલમંદિરના આચાર્યને પત્ર

પ્રિય ભાઈ,

જ્યારે તમને એમ લાગે છે કે મારે તમને પત્ર લખ્યા જ કરવા જોઈએ ત્યારે મારે પત્ર લખવાની ઢીલ શા માટે કરવી? જ્યાં સુધી તમને રસ છે ત્યાં સુધી હું મારો રસ તમારા તરફ રેડ્યા કરીશ. તમે થાકો ત્યારે કહેજો.

ઠીક, જુઓ. મારા છેલ્લા પ્રવાસમાં હું જોઈ રહ્યો છું કે દરેક બાલમંદિરે સંગીત ને નાસ્તો તો અવશ્ય રાખેલ છે. સ્વતંત્ર પ્રવૃત્તિ પણ વિધવિધ રીતે ચાલે છે. પણ મુખ્ય વાત ઉપર ધૂળ વળતી જાય છે. આ વાત તે બાળકોએ જાતે કામ કરવાની.

ધીરે ધીરે બાલમંદિર બાળકોની દેહપૂજા કરવાનું સ્થાન બની જશે ને મંદિરના દેવો પેઠે બાળકો પૂતળાં જેવાં થઈ જશે, અર્થાત્ તેઓ અપંગ થઈ જશે. બધા કાર્યક્રમો ભલે ચાલે પણ બાળકોએ જાતે વાળવું, રૂમાલો ધોવા, નાસ્તો ગોઠવવો અને પીરસવો, જમ્યા પછી સાફસૂફ, વાસણો માંજવાં અને ગોઠવવાં, જોડા ગોઠવવા, વખતોવખત સાધનો ધોવામાં સાથ આપવો, આ અને આવાં કામો કે જેમાં બાળકોએ જાતે કામ કરવાનું છે, તે દિન પ્રતિદિન ઓછાં થતાં જાય છે તે તરફ તમારું ધ્યાન ખેંચું છું.

ક્રિયાશક્તિ ખીલવવાનો આધાર આ બધાં કામો ઉપર છે અને સ્વાતંત્ર્યમાં સૌથી મહત્ત્વની વસ્તુ ક્રિયાશક્તિ છે. ક્રિયાશક્તિ વિના બુદ્ધિશક્તિ કે કલ્પનાશક્તિ પણ નકામી જાય છે–જવાનાં.

બીજું બાળકોને રમવા માટે અખાડો હોય ત્યાં બાળકો ભલે રમે. પણ રમતગમત એ એક વસ્તુ છે અને બાગકામ કરવું, તકલી કાંતવી, માટીનાં રમકડાં બનાવવાં, એ બીજી વસ્તુ છે. રમતગમતમાં આરામ અને તાજગી

મળે છે, પણ તેમાં કંઈ સર્જન નથી થતું. હાથપગ અર્થાત્ પ્રધાનતઃ કર્મેન્દ્રિયોના વાપર વડે કંઈક ઉપજાવવું અગત્યનું છે કેમકે તેમાં પણ ક્રિયાશક્તિની ખિલવણી રહેલી છે.

જેમ પોતાની મેળે દટ્ટા વગેરે કરવાનું છે, તેમ બાલમંદિરમાં જેટલાં કામો કરવાનાં છે તેમાંથી પોતાની મેળે જેટલાં બધાં થઈ શકે તે બધાં જ કરવાને બાળકોને અનુકૂળતા કરી આપવી જોઈએ.

આપણે કહીએ કે એ બધાંને કયારે પહોંચાય ? સમય તો થોડો છે. આપણને માબાપો કહે છે કે અમારાથી કેવી રીતે પહોંચાય ? અમારી પાસે સમય થોડો છે. મારું એમ કહેવું છે કે આપણી પાસે જે સમય ઓછો પડતો હોય તો તે વધારવો જોઈએ. ને બાલમંદિર ગામ બહાર દૂર છે તેનો વખત તો જવાઆવવામાં થોડો જાય છે; પણ શહેર વચ્ચે પડેલાં બાલમંદિરો પણ પોતાનો સમય વધારી ન શકે તે ઠીક નથી. ૧૨ થી ૪ નો સમય કાયમ રાખવો એ તો બાળકોની અનુકૂળતા ખાતર આપણે કરેલ છે. એ સમયમાં બાળકોની ખાતર વધારે કરવો ઘટે ત્યાં કરવો જ જોઈએ ના ? બાળકો તો બધો વખત બાલમંદિરમાં રહેવા ચાહે છે. માત્ર આપણને તે બાબતમાં બીજી બધી બાબતો ધ્યાનમાં લેતાં અનુકૂળતા જોઈએ.

આ તો એક સૂચન છે. પણ તેનો અર્થ એ છે કે બાળકોને સર્જનાત્મક કામ માટે પુષ્કળ સમય મળવો જોઈએ, અને બીજાં–લેખન, વાચન, ગણિત અને સંગીતમાં આ વાત ભુલાઈ જવી ન જોઈએ, એ વસ્તુ મુખ્ય છે.

લી૦ તમારો ગિજુભાઈ

રાજપીપળાના બાલમંદિરમાં

બાળકોને પ્રિય થઈ પડેલાં ગીતોઃ—

(૧) યે શિર જાવે, (૨) લીમડા ડાળે, (૩) સા'બ ટોપીવાળા, (૪) મારો છે મોર, (૫) કોયલરાણી, (૬) કૂકડેકૂક, (૭) અસ્તરાની ધાર, (૮) મેં એક બિલાડી, (૯) ભાઈબંધ કાળિયા કૂતરા, (૧૦) કૂતરું બેઠું હુજ્જમત કરવાને, (૧૧) કાંગ લ્યો, (૧૨) બાર વાગ્યા ને બાલમંદિરિયે, (૧૩) ટીણુકીએ, (૧૪) એક એક હીંચકે બેસીને ચડિયાં, (૧૫) ભરતભાઈ ફરવા જાય, (૧૬) ચાંદા રાણા, (૧૭) વરઘોડાનાં વાજાં, (૧૮) બા, ઓ બા, (૧૯) વા'ણે ચડે, (૨૦) દમડી લઈને, (૨૧) માગું હું ના; (૨૨) સૈનિકો કયાં લઈ ચાલ્યા, (૨૩) બાલમંદિરિયું, (૨૪) આવ રે મેહુલા.

બાળકોને પ્રિય થયેલી વાર્તાઓઃ—

(૧) મિયાં ફુસકી, (૨) મોટર ઘોડાગાડી (નીલપદ્ધતિ) (૩) શિયાળભાઈ, બોર પાક્યાં છે. (૪) સસોભાઈ સાંકળિયા, (૫) દીકરીને ઘેર જવા દે, (૬) ટશુકભાઈ, (૭) ભટુરિયાં, (૮) કચેરીમાં જઉંગા, (૯) પોપટ ને કાગડો, (૧૦) કાગડો ને કોઠીમું, (૧૧) સાત પૂંછડિયો ઉંદર, (૧૨) દડો તરવાડી, (૧૩) રાજા સૂપડકન્નો, (૧૪) બડબડ બડબડ બોદત હે, (૧૫) આવરે વડવાંદરી.

બાલઅધ્યાપનમંદિર રાજકોટ, ૧૯૩૮

(૧) અધ્યાપનમંદિરમાં આવેલા વિદ્યાર્થીઓ ૬૫
(૨) ,, ,, ,, બહેનો ૪૨
કુલ સંખ્યા ૧૦૭
(૩) વિદ્યાર્થીઓ જેઓ ગૃહમાં રહે છે ૩૨
(૪) બહેનો જેઓ ગૃહમાં રહે છે ૧૬
(૫) ભાગ્યબહેનો જેઓ ગૃહની બહાર રહે છે ૫૬
(૬) આવેલ વિદ્યાર્થીઓની ગામવારીઃ—

રાજકોટ, જેતપુર, બીલખા, સરસિયા, વાવડી, બાબરા, લાઠી, વળા, ભૂજ, ખારોઈ, બગથડા, મૂળી, લીલાપુર, વઢવાણ, સરસ્વતીસદન (કચ્છ), ભડીયાદ, ધોલેરા, સૂરત, ભરૂચ, ઉમરગામ, ડભોઈ, વડોદરા, જબુગામ, લુણાવાડા, મધવાસ, સિદ્ધપુર, ઊંઝા, મહેસાણા, લાડોલ, વિજાપુર, રૂપાલ, વીરમગામ, અમદાવાદ, વાસણા, બહિયલ, દહેગામ, કપડવંજ, નડિયાદ, રૂદણ, ગાલોદ, ડાકોર, બોરસદ, બોદાલ, આંકલાવ, ગારેલા, ભાદરણ

બૃહદ્ ગુજરાતમાંથી આવેલાઃ—

ડેરાગાઝીખાન (પંજાબ); વર્ધા, રાયપુર (સી. પી); ઇન્દોર (મધ્ય હિન્દ); કોટા (રાજપૂતાના) અને દીવ (પોર્ટુગલ)

(૭) વિદ્યાર્થીઓની જાતવારીઃ—

હરિજન	૧	પરમાર	૧
બ્રહ્મક્ષત્રિય	૧	આર્યસમાજિસ્ટ	૩
દરજી	૧	નાગર	૨
કડિયાક્ષત્રિય	૩	સલાટ	૨
પાટીદાર	૨૬	વાણિયા	૬૬
વાળદ	૧	લુહાણા	૪
બ્રાહ્મણ	૪૩	ખ્રિસ્તી	૧
કનોજીઆભૂજવા	૧	સોની	૧
		કુલ એકંદર	૧૦૭

(૮) અભ્યાસપત્રકઃ—(એક માસ દરમિયાન થયેલાં વ્યાખ્યાનોની સૂચિ)

શ્રી આચાર્ય તરફથી થયેલાં ભાષણો

વાતાવરણ અને સર્જન, પ્રશ્નોત્તરી, નિબંધ-લેખન, પ્રશ્નપત્રો, બોધિસત્ત્વ, ઉદ્યોગ દ્વારા કેળવણી, તહેવારો (રક્ષાબંધન, જનોઈ, તથા શિતળા સાતમ), કચ્છની કેળવણી, રજા, ગ્રાફ વિષે સમજણ; નૈરોબી અને મોંબાસા, શાંતિનું સૂત્ર, સિનેમા, બાળ કેળવણીમાં નાટ્યપ્રયોગોનું સ્થાન, ડૉ. મોન્ટીસોરી, મુસોલોની, આધ્યાત્મિક જીવન, વળાનો ઇતિહાસ, પ્રાર્થના, કુદરતનું અવલોકન, માનસશાસ્ત્ર, આદર્શ વાચન, ઉદ્યોગ સાથે વાચન, પુસ્તકાલય અને તેની વ્યવસ્થા, ઇનામ, શિક્ષણમાં શિક્ષાનુ સ્થાન, કલાસર્જન.

અન્ય તરફથીઃ—

શ્રી. નરેન્દ્ર બબેકાનાંઃ--બાલમંદિરનો અનુભવ, શાંતિનિકેતનના ઉત્સવો, પક્ષીઓ વિષે.

શ્રી. ધનશ્યામભાઈ તથા યાજ્ઞિકઃ—બાલમંદિરના અનુભવો.

શ્રી. શિવચરણભાઈઃ—હિમાલયનો પ્રવાસ, હિન્દનાંયાત્રા ધામો, જંગલનાં પ્રાણીઓ, યુ. પી. નાં પક્ષીઓ, શિકાર, હિંદી ભાષાશિક્ષણ, વાયવ્ય સરહદના પ્રાંતોની સામાજિક અને રાજકીય સ્થિતિ, હિંદનું ભૌગોલિક જ્ઞાન.

શ્રી પ્રતાપરાય પારેખઃ—વિજ્ઞાન દૃષ્ટિએ બાળઉછેર

શ્રી. પુરુષોતમ ચૌહાણઃ—ઝરિયાની કોલસાની ખાણો, ગુજરાતી સાહિત્ય.

શ્રી કાંતિલાલ કારીઆઃ-યુદ્ધ પછીનું એમીસિનેયા

દરબાર સાહેબ ગોપાળદાસઃ—ગિજુભાઈનો બાળ-કેળવણીમાં ફાળો
શ્રી પોપટલાલ અંબાણીઃ—કેળવણીમાં શિક્ષાનું સ્થાન
શ્રી ભોગીલાલ ઠાકરઃ—કેળવણીમાં શિક્ષકનું સ્થાન
શ્રી છગનલાલ જોષીઃ—હરિજન સેવા
શ્રી ચંપકલાલ વોરાઃ—શ્રી ગિજુભાઈ અને શિક્ષણ
શ્રી બળવંતરાય મહેતાઃ દેશી રાજ્યોના પ્રશ્નો

*પરીક્ષા પ્રશ્નપત્ર પહેલો

તા. ૭-૮-૧૯૩૮.

[સામાન્ય જ્ઞાન]

પ્ર. ૧ રાજકોટ આવતાં તમે કઈ કઈ કંપનીની રેલ્વેમાં બેઠા? અને રસ્તે રેલ્વે બાતાની શી અગવડો નડી?

પ્ર. ૨ નીચેના શું, અગર કોણ છે અને કયાં છે? સીકર, શ્રી. કિશોરલાલભાઈ મશરૂવાળા, સોલેરિયમ, સક્કરબોરો, સથવારો, નાઘેર, જુહુ, શત્રુંજય, અબ્દુલ કરીમ.

પ્ર. ૩ આપનું પ્રિય પુસ્તક, પ્રિય ફૂલ, પ્રિય પક્ષી, પ્રિય પ્રદેશ, પ્રિય પીણું, પ્રિય દર્શન, પ્રિય કાર્યક્રમ કયાં છે?

પ્ર. ૪ અ પ્રાર્થનાની રચના શી છે? બ ફૂંક મારવાથી દીવો કેમ ઓલાઈ જાય છે? ક ઘઉંનું પાછલે પગે પાડુ શા માટે મારે છે?

પ્ર. ૫ સોટીના કેટલા સારા અને નઠારા ઉપયોગો છે?

પ્ર. ૬ નીચેના પ્રશ્નોનો જવાબ આપોઃ—
ક ઘરનાં બારીબારણાં કેમ બંધ કરવાં? ખ રસ્તે કેમ અને કઈ બાજુએ ચાલવું? ગ બૂટ, જોડા, ચંપલ વગેરે કયાં ઉતારવાં? ઘ થૂંકવું કયાં? ચ ઘરના કચરાનું શું કરવું?

પ્રશ્નપત્ર બીજો

તા. ૧૫-૮-૩૮

[સામાન્ય વિવિધ જ્ઞાન અને વિચાર]

પ્ર. ૧ બાળકોની તંદુરસ્તી વધારવાની બાબતમાં શાળાઓ શું કરી શકે?

પ્ર. ૨ અનુભવી, ઘરડા નિવૃત્ત થયેલા શિક્ષકોનું સ્થાન પ્રાથમિક શાળાઓમાં કેટલું?

* અધ્યાપનમંદિરમાં વારંવાર પરીક્ષા લેવામાં આવે છે. આ તેના પેપરો છે. પરીક્ષા લેવાના સમય પહેલાં પેપરો—ચારપાંચ દિવસ આગળથી— ભણનારને આપી દેવામાં આવે છે. ત્યાર બાદ તેઓ વાંચીને, વિચારીને, બીજાને પૂછીને તેના જવાબો લખે છે. પેપરો જોવાયા બાદ તેના ઉપર માર્ક કે નંબર કે એવું કશું આપવામાં આવતું નથી. સમગ્ર પેપરો ઉપર પેપર જોનારાઓ વિવેચનાત્મક દૃષ્ટિપાત નાખી જાય છે, એથી બીજી વાર કેમ અભ્યાસ કરવો તથા પેપર કેમ લખવો તે સમજાય. પેપર તપાસવા માટે વિદ્યાર્થીઓની કમિટીઓ નિમાય છે. છેવટે આચાર્ય પોતે પેપરના ઉત્તરો આપે છે અને પેપર પ્રત્યુત્તર કામ પૂરું થાય છે.

પ્ર. ૩ બૈનો બાળકોની શાળામાં વધારે લાયક છે એમ લોકો કહે છે, તે વાત સાચી છે ?

પ્ર. ૪ છોકરીઓ કે છોકરાઓ, કોને ભણાવવા માટે માબાપે વધારે ખર્ચ કરવો જોઈએ ?

પ્ર. ૫ અ. શાળાનાં સાહિત્યોમાં ન જ ચાલે એવાં સાહિત્ય કયાં ગણવાં ? બ સોટીને ડેડસ્ટોકમાં કયા વિભાગમાં મૂકવી ? ક. પ્રાથમિક શાળાઓમાં કેટલી જાતની શિક્ષાઓ હાલ ચાલે છે તેની યાદી આપો.

પ્ર. ૬ શિક્ષક કે માબાપ છોકરાંને મારે તો તેના ઉપર કેસ કોર્ટમાં ચાલી શકે કે નહિ ?

પ્ર. ૭ કાઠિયાવાડનો નકશો, તેના પર્વતો અને નદીઓ સાથે ચીતરી લાવો.

પ્ર. ૮ કચ્છનું રણ કેવી રીતે બન્યું ?

પ્ર. ૯ કાઠિયાવાડનાં નીચેના સ્થળો વિષે ટૂંકમાં લખોઃ— ગોપનાથ, ધેડ્ડા સોમનાથ, વલ્લભિપુર, પીપાવાવ, માંડવરો, શીલેશ્વર, નિષ્કલંક, લાઠીની સૂળી, છાલિયું તળાવ, દરબાર સાહેબનું ઢસા.

અથવા

વડતાલ, ભાલેજની વાવ, દાદા હરિની વાવ, ચરોતર કેળવણી મંડળ, ચીચીબાઈની ઋણ, માણેકરાવનો અખાડો, કાનમ વ્યાસખેટ, વેડછી આશ્રમ, હીરાભાગોળ.

પ્ર ૧૦ નીચેનાં વૃક્ષો વિષે લખોઃ—ગુલમહોર, રામબાવળ, સાગ, બોરસલ્લી, બાબરો, વસંત, હોકો, રૂખડો, બેર, પારસપીપળો.

શ્રી અંબાણી સ્મારક યોજના

શ્રી. પોપટલાલ જેચંદ અંબાણી આવતા ઑક્ટોબર માસની આખરે આડત્રીશ વર્ષની એકધારી કેળવણી બાતાની સેવા પછી નિવૃત્ત થવાના છે. આ પ્રસંગે તેમના શિષ્યમંડળ, મિત્રો અને પ્રશંસકો તરફથી સ્મારક કરવાનું નક્કી થયું છે અને તે માટે એક કમિટી પણ નિમાઈ છે, જે કમિટીનાં મંત્રીઓ તરીકે બે બહેનો છે.

શ્રી. અંબાણી હાલ છેલ્લાં બાર વર્ષથી રાજકોટ બાતેની આર્ટન ફ્રિમેલ ટ્રેનિંગ કૉલેજના હેડમાસ્તર તરીકે કામ કરે છે. આ કૉલેજમાં તેઓ 'મોટાભાઈ' ના માનનીય નામથી સંબોધાય છે.

આપણા ગુજરાત પ્રાંતમાં ભૂગોળનાં પુસ્તકોના લેખક તરીકે તેઓ પ્રખ્યાતી પામ્યા છે. તેમણે ભૂગોળ સંબંધે લગભગ છ પુસ્તકો લખ્યાં છે, જેમાંના કેટલાંક પુસ્તકો પાઠ્યપુસ્તક તરીકે સ્વીકારાયાં છે.

જુદાં જુદાં માસિકોમાં આવતાં તેમનાં પ્રવાસવર્ણનો વાચકોને ખૂબ ગમ્યાં છે. 'સૌરાષ્ટ્ર શિક્ષક' 'મહેતાજી' 'શાળાપત્ર' 'કેળવણી' અને 'કિશોર' વગેરે માસિક પત્રોમાં તેમના શિક્ષણ વિષયક તથા ભૂગોળના લેખો લોકપ્રિય થયા છે.

તેઓ નવવિચારક અને નવમતપ્રતિપાદક પણ છે. તેઓ નૂતન શિક્ષણના સિદ્ધાંતોને

માનનારા અને અમલમાં મૂકનારા છે.

તેમણે ગામડામાં, શહેરમાં, પ્રાથમિક શાળા તથા કૉલેજમાં તેમ જ રાજકુમારોની કૉલેજમાં પણ કામ કર્યું છે. કેળવણી વિષયક તેમનો અનુભવ લાંબો અને સંગીન છે.

તેઓ ભૂગોળના નિષ્ણાત તો છે જ; ઉપરાંત સંસ્કૃત અને ગુજરાતી સાહિત્યના સારા અભ્યાસી છે. કોઈ પણ વિષય પરનો તેમની સાથેનો વાર્તાલાપ એટલો જ માહિતીથી પૂર્ણ અને રસપ્રદ હોય છે.

તેમની યશસ્વી કારકિર્દી પછી તેઓ જીવનની શાંતિ અને આરામ મેળવો અને તેમની બાકી રહેલી શિક્ષણસેવાની ભાવનાઓ પૂર્ણ થાઓ એમ અમે અંતઃકરણથી માગીએ છીએ. તેઓ આપણા એક મિત્ર હોવાથી તેમને અભિનંદન આપતાં અમને આનંદ થાય છે.

૩૮ વર્ષ સુધી કેળવણી ખાતાની એકધારી સેવા કરનાર શિક્ષકની આ રીતે સ્મારક માટે થયેલી યોજનાને અમે વધાવીએ છીએ, અને આશા રાખીએ છીએ કે શિક્ષણપ્રેમી સજ્જનો પોતાનો યોગ્ય ફાળો તે સ્મારકની યોજનામાં આપશે જ. ગિ.

પત્રિકા ૧ લી

વિજ્ઞપ્તિ

બહેન શ્રી,

આપણા માનવંતા મોટાભાઈ (પૂ. પોપટલાલ જેચંદ અંબાણી) સપ્ટેમ્બર ૧૯૩૮ની આખરે બાર્ટન ટ્રેનિંગ કૉલેજના હેડમાસ્તર પદેથી વાનપ્રસ્થ (રિટાયર) થાય છે, તેથી તેમના શિષ્યમંડળ, મિત્રો અને પ્રશંસકો તરફથી તેમનું સુયોગ્ય સ્મારક કરવાનું નક્કી થયું છે.

પૂ. મોટાભાઈએ ચાળીશ વર્ષ જેટલો લાંબો સમય કેળવણી ખાતાની સેવા કરી છે. અને તેમાં પણ પચીશ વર્ષથી તો ટ્રેનિંગ કૉલેજને જ પોતાના ઉત્તમ જ્ઞાનનો લાભ આપ્યો છે. છેલ્લાં સોળ વર્ષથી તેઓ આપણી કૉલેજમાં (બાર્ટન ટ્રેનિંગ કૉલેજ ફૉર વિમેનમાં) છે. તે દરમિયાન પોતાના વિશાળ જ્ઞાન, ઊંડો અનુભવ, પ્રેમાળ વર્તન અને ઉત્તમ ચારિત્ર્યથી આપણા જીવનમાં પ્રાણ પૂરી આપણને ઋણી બનાવ્યાં છે. એટલે એમના સ્મારકમાં યથાશક્તિ સહકાર આપવાની તેમનાં સૌ કોઈ વિદ્યાર્થિનીની ઇચ્છા હોય તે સ્વાભાવિક છે. તો આપ આપનો ફાળો નીચેને શિરનામે મોકલી આપવા મહેરબાની કરશોજી.

આ ફાળો બિલકુલ ફરજિયાત નથી, છતાં શિષ્યોએ ગુરુ તરફની ભાવના બતાવવાનો આ પ્રસંગ છે, તે તરફ આપનું ધ્યાન ખેંચીએ છીએ.

નાણાના પ્રમાણમાં આ ફાળાનો ઉપયોગ નીચે પ્રમાણે કરવા વિચાર છે.

૧ પૂ. મોટાભાઈનું ઑઇલ પેઈન્ટીંગ અથવા એનલાર્જ તૈયાર કરાવી મૂકવું.

૨ અંબાણી ભૂગોળચંદ્રકની યોજના કરવી.

૩ અંબાણી પ્રાઇઝ કે અંબાણી સ્કોલરશીપની યોજના કરવી.

નાણાં મોકલવાનું સ્થળઃ—

ગંગાબેન રામજી રાવળ

રજપુતપરા, રાજકોટ.

નિવેદકો,

ગંગાબેન રામજી રાવળ

ભાગીરથીબેન વાલજી ગણાત્રા

શ્રી અંબાણી સ્મારકનાં મંત્રીઓ.

શિક્ષણ પત્રિકાનાં વર્ષ આરમાની જમા ખર્ચની તારીજ

જમા		ઉધાર	
૩૨૯૨.૧૨.૦	આજીવનસભ્યના લવાજમ ખાતે	૪૯.૧૨.૯	ભા. દ. સેવિંગ્ઝ બેન્ક ખાતે
૪૮૩-૦-૦	અગિયારમા વર્ષના લવાજમ ખાતે	૧૧૯૪૦-૦-૦	ભા. દ. ફિક્સ્ડ ડિપોઝીટ ખાતે
૩૮૬૩-૯-૬	બારમા વરસના લવાજમ ખાતે	૨૦૦૭-૧-૦	છપામણી ખરચ ખાતે ઉધાર
૮૨૩-૮-૦	તેરમા વરસના લવાજમ ખાતે	૮૬.૧૨.૬	પરચુરણ ખરચ ખાતે
૫૮-૦-૦	જૂના અંકોના વેચાણ ખાતે	૧૩૯૩.૧૪.૦	પોસ્ટેજ કન્ટીજન્ટ ખાતે
૧૦૫૯૮.૧૫.૫	શ્રી નફા ખાતે જમા	૬૭૮-૦-૦	પગાર ખરચ ખાતે ઉધાર
૨૧-૧-૦	ચૌદમા વરસના લવાજમ ખાતે	૬૩.૧૪.૬	કમિશન ખાતે ઉધાર
૭-૦-૦	પંદરમા વરસના લવાજમ ખાતે	૪૨.૧૨.૬	પ્રવાસ ખર્ચ ખાતે
૩-૮-૦	સોળમા વરસના લવાજમ ખાતે	૬૮-૦-૦	દિવાસ્વપ્ન ખાતે ઉધાર
૨-૦-૦	સત્તરમા વરસના લવાજમ ખાતે	૧૬૩૬-૬-૯	હિંદી શિક્ષણ પત્રિકા ખાતે
૨૯૦-૯-૩	વ્યાજવટાવ ખાતે જમા	૭૧૩.૧૪.૬	મરાઠી શિક્ષણ પત્રિકા ખાતે
૦.૧૨.૦	દિવાસ્વપ્નના વેચાણ ખાતે જમા	૨.૧૨.૦	સાહિત્ય ખર્ચ ખાતે ઉધાર
૧૭.૧૩.૦	હિંદી શિક્ષણ પત્રિકા ખાતે જમા	૪૯૦-૨-૦	ભા. દ. બેન્ક ઉઘરાણ ખાતે
૧-૦-૦	મરાઠી શિક્ષણ પત્રિકા ખાતે જમા	૩૩૪.૧૨.૦	શ્રી. ગિજુભાઈ બધેકાને ખાતે
૨૪-૨-૬	મોન્ટીસોરી પ્રચારમાળા ખાતે	૨૪૧.૧૧.૦	મોન્ટીસોરી પ્રચારમાળા ખાતે
૧૫૦-૦-૦	ભેટ અંક મદદ ખાતે જમા	૭૨-૮-૦	ન્યાલચંદ દુર્લભજીને ખાતે
૧-૦-૦	કેશુભાઈ દોશીને ખાતે જમા	૦-૬-૬	હરમાનભાઈ એલ.પટેલને ખાતે
૧૦૦-૦-૦	રામદાસ કાશીદાસ કોચીનવાળાને ખાતે જમા	૧૦-૦-૦	કામવાળી જમનાબાઈ મકોડને
૧૦-૦-૦	કાંતિલાલ કારીઆને ખાતે જમા	૫૦-૦-૦	મોંઘીબેન મણીશંકરને ખાતે
૧-૬-૦	એસ. બી. જોશીને ખાતે જમા	૨ ૯-૦	જામનગર બાલમંદિરને ખાતે
૪૯૫-૦-૦	ટ્રસ્ટી વસંતમાળાને ખાતે જમા	૧-૪-૦	બાબુભાઈ શિલ્પીને ખાતે ઉધાર
૨.૧૨.૯	મોહનલાલ ભૂતાને ખાતે જમા	૨૫-૦-૦	બસવા પુટ્ટાને ખાતે ઉધાર
૧-૩-૦	બોન્ડ અલીભાઈ મનજીને ખાતે	૧૩૧-૯-૦	પુસ્તકખરીદી ખાતે ઉધાર
૧-૦-૦	ઈશ્વરલાલ આચાર્યને ખાતે જમા	૯.૧૨.૯	પ્રચાર ખરચ ખાતે ઉધાર
૦.૧૦.૦	ગૌરીશંકર હીરજી રાવળને ખાતે		
૨-૦-૦	ત્રિવેણીબેન રામજીને ખાતે જમા		
૨૦૨૫૨-૧૦-૫		૨૦૦૫૨-૧૪ ૯	
		૧૯૯.૧૧.૮	શ્રી સિલિક
		૨૦૨૫૨-૧૦-૫	

શિક્ષણ પત્રિકાનાં વર્ષ બારમાનું સરવૈયું

જ

૪૪૦૪-૯-૬ શ્રી લવાજમ ખાતે જમા

૪૮૩-૦-૦ અગિયારમા વર્ષના
૮૬૩-૯-૬ બારમા વર્ષનાં
૫૮-૦-૦ જૂનાં અંકોના વેચાણ ખાતે

૪૪૦૪-૯-૬

૧૫૦-૦-૦ ભેટ અંક મદદ ખાતે જમા

૨૯૦-૯-૩ વ્યાજ ખાતે જમા

૪૮૪૫-૨-૯

ઉ

૪૪૧૬-૮-૩ શ્રી ખરચ ખાતે ઉધાર

૨૦૮૭-૧-૦ છપામણી ખરચ
૮૬·૧૨ ૬ પરચુરણ ખરચ
૧૩૮૩·૧૪·૦ પોસ્ટેજ કન્ટીજન્ટ
૬૭૮-૦-૦ પગાર ખરચ
૬૩·૨૪·૬ કમીશન ખરચ
૪૨·૧૨·૬ પ્રવાસ ખરચ
૨ ૧૨·૦ સાહિત્ય ખરચ
૧૩૧-૯-૦ પુસ્તકખરીદી
૯·૧૨ ૯ પ્રચાર ખરચ

૪૪૧૬-૮-૩

૪૨૮-૧૮-૬ શ્રી નફા ખાતે

૪૮૪૫-૨-૯

એક સુંદર તક

શિક્ષણ પત્રિકાની જૂની ફાઈલો

આ પહેલાં અપાયેલી જાહેર ખબરનો ઘણાં ભાઈબહેનોએ લાભ લીધો હોવાથી વર્ષ ૯ માની બધી ફાઈલો વેચાઈ ગઈ છે.

એટલે વર્ષ ૬-૭-૮-૧૦ ની ચાર ફાઈલો ખરીદનારને વર્ષ બીજાની પૂરી ફાઈલ અને વર્ષ ૩-૪-૫ નાં જેટલા અંક હશે તેટલા છૂટક અંકો મફત આપવામાં આવશે.

વર્ષ ૬-૭-૮-૧૦ ની ચાર ફાઈલોની કિંમત રૂા. ૬-૦-૦ (પોસ્ટેજ માફ)

વર્ષ ૧૧-૧૨ ની ફાઈલોની કિંમત દરેક ફાઈલનો રૂા. ૧-૦-૦ (પોસ્ટેજ માફ)

શિક્ષકોને મદદ કરશો?

ઘણા જિજ્ઞાસુ શિક્ષકો પૈસાની તંગીને લઈ પત્રિકા વાંચ્યા વિના રહી જાય છે. શિક્ષકને પત્રિકા પહોંચાડવી એટલે અનેક બાળકોના આશીર્વાદ લેવા. આવો લાભ લેવા માટે શિક્ષકોને મફત પત્રિકા આપવા માટે શુભેચ્છકો પત્રિકા કાર્યાલયમાં પોતાની રકમ સત્વર મોકલી આપે. —તંત્રીઓ

આ યોજનાનો લાભ ફાઈલો હશે ત્યાં સુધી જ મળશે.

પરદેશનું વધારાનું પોસ્ટેજ લેવામાં આવશે.

લખોઃ વ્યવસ્થાપક, શિક્ષણ પત્રિકા
શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર

શ્રી. ગિજુભાઈ સન્માન સમારંભ અને થેલી પ્રકરણ

હિસાબી નિવેદન

આભારવચન

ગયા વર્ષના જૂન–જુલાઈમાં શરૂ કરેલી આ પ્રવૃત્તિનું હિસાબી નિવેદન આ સાથે પ્રગટ કરવામાં આવે છે. સમારંભ થઈ ગયા પછી લાંબા ગાળે આ નિવેદન પ્રગટ કરી શકાયું છે તે માટે માફી ચાહું છું. આ પ્રસંગે સલાહકાર સમિતિ, ખજાનચી શ્રી. ભોગીલાલ ઠાકર, માનદ્ અન્વેષક શ્રી. રમણલાલ શાહ અને શ્રી. ગિજુભાઈના વિદ્યાર્થીઓ, મિત્રો તથા બાળકેળવણીપ્રેમીઓ તરફથી માગ્યા કરતાં વધુ સહકાર અને સૌજન્યપૂર્વક મદદ મળી તે માટે અંતઃકરણથી આભાર માનું છું.

આ થેલીની વ્યવસ્થા હવે શ્રી. ગિજુભાઈ ને હસ્તક રહે છે. આ હિસાબી નિવેદન સૌના હાથમાં મૂકીને સમિતિ અને તેના મંત્રી તરીકે અમે આપોઆપ વિખરાઈ જઈ એ છીએ. આપણે એવી આશા રાખીએ કે આ થેલી બાળજીવનના વિકાસને અનેરી છત્રછાયા મળી રહે તેવા કોઈ મહાન કબીરવડના પ્રારંભની એક કલમ તરીકે થઈ રહેવા તેવી પ્રાર્થના છે.

આ આખીયે પ્રવૃત્તિના જનક અને તેને યશભાગી બનાવનાર પ્રિય મિત્ર વજુભાઈ દવેના સ્થાને એટલે આ નિવેદનની નીચે મારું નામ મૂકવાનું સુભાગ્ય મળ્યું છે તે માટે તેમનું અને સમિતિનાં સભ્ય ભાઈ બેનોનું હું જાહેરમાં ઋણ સ્વીકારું છું.

અમદાવાદ
તા. ૨૫–૮–૩૮

ઇન્દુપ્રસાદ ભટ્ટ
મંત્રી, શ્રી. ગિજુભાઈ સ્મા સ.

શ્રી ગિજુભાઈ સન્માન સમારંભ અને થેલી

[તા. ૨૦–૮–૩૮ સુધીનો હિસાબ]

આવક ખર્ચની તારીજ

આવક વિગત		ખર્ચ વિગત	
૧૨૫૬૧-૧૪-૬	શ્રી થેલીમાં ભરાયેલા.	૬૯૧-૧૨-૯	શ્રી થેલી ખર્ચ. (તાર, ટપાલ, પ્રવાસ, પ્રચાર, પ્રકાશન વગેરે, થેલીમાં નાણાં ભરાવતાં અને વસૂલ કરતાં થયેલ ખર્ચ.)
૧૦-૧૧-૦	શ્રી વ્યાજ ખાતે જમા.		
૬-૧૧-૬	શ્રી પરચુરણ આવક.		
૧૨,૫૭૬–૫–૦			

૮૦૧-૧-૦	શ્રી સમારંભ ખર્ચ. (સરભરા, મંડપ, પ્રદર્શન, દીવાબત્તી, પ્રવાસ, છપામણી, ટપાલ વગેરેના સમારંભના ખર્ચના.)
૧૭૧-૪-૬	શ્રી રૌપ્ય પાત્રોના.
૧૮૫-૯-૦	શ્રી માંડવાળ ખાતે ઉધાર. (સલાહકારક સમિતિની સંમતિથી.)
૧૦૧૦૧-૦-૦	શ્રી થેલી અર્પણ.
૬૨૯-૨-૯	ઊપજખર્ચનો વધારો.
૧૨૫૭૯-૫-૦	

સરવૈયું.

દેવું		લહેણું	
૬૨૯-૨-૯	ઊપજખર્ચનો વધારો	૪૦-૧-૦	શ્રી બાબુભાઈ શિલ્પી પાસે (મુંબઈ કમિટીના મંત્રી)
		૪૭૬.૧૪-૩	અમદાવાદની બૅંક ઑફ ઇન્ડિયાના સેવિંગ ખાતા નં.૧૩૩૨૭ માં જમા.
		૧૧૨-૩-૬	શ્રી સિલક (મંત્રી પાસે)
૬૨૯-૨-૯		૬૨૯-૨-૯	

ઉપરનો હિસાબ તપાસ્યો છે અને બરાબર માલૂમ પડ્યો છે. અમદાવાદ. તા. ૨૫-૮-૩૮

(સહી) રમણલાલ ગોવિંદલાલ શાહ.
રજીસ્ટર્ડ એકાઉન્ટન્ટ માનદ્ અન્વેષક.
ઇન્દુપ્રસાદ ભટ્ટ.
મંત્રી, શ્રી. ગિ. સ. સ. સમિતિ.

શિક્ષણ સમાચાર

—રંગુન. નવીન બાળપોથી પ્રસિદ્ધ થઈ. લેખકો અને પ્રકાશકોઃ જીવનલાલ લ. પટેલ, અને જગજીવન ન. ઓઝા.

—રાજકોટ. રાજકોટ અધ્યાપનમંદિરમાં કુલ ૧૦૭ વિદ્યાર્થી ભાઈબહેનો આવી ગયાં છે.

જન્માષ્ટમીના તહેવારોના પ્રસંગે અધ્યાપનમંદિરનાં ભાઈબહેનોએ નાટ્યપ્રયોગો તથા સંગીતનો કાર્યક્રમ ગોઠવ્યો હતો.

રાજકોટ આર્ટ્સ કોલેજની સાહિત્યસભા તરફથી મળેલા આમંત્રણ મુજબ શ્રી. ગિજુભાઈએ બાલસાહિત્ય ઉપર ભાષણ આપ્યું હતું.

—મુંબઈ. ધી બૉમ્બે સેકન્ડરી ટીચર્સ એસોસીએશનના માનદ મંત્રી શ્રી. સી. એ. ફીરટી જણાવે છે કે અખિલ હિંદ કેળવણી પરિષદનું ૧૪મું અધિવેશન સને ૧૯૩૮ના ડિસેમ્બર માસમાં મુંબઈમાં ભરાવાનું છે. આ પરિષદનું અધિવેશન મુંબઈમાં સને ૧૯૨૮માં ભરાયું હતું. તેઓ આશા રાખે છે કે મુંબઈ ઇલાકામાં કેળવણીમાં રસ લેતાં બધાં જ ભાઈબહેનો આ અધિવેશનને સફળ બનાવવા માટે સાથ આપશે.

આ અધિવેશનની સ્વાગત સમિતિના સભ્ય થવા માટે ઓછામાં ઓછી ફી રૂા. ૫) રાખવામાં આવી છે, જ્યારે પ્રતિનિધિ તરીકેની ફી રૂા. ૨) રાખવામાં આવેલી છે. આને અંગે નાનામાં નાની રકમ પણ આભારપૂર્વક સ્વીકારવામાં આવશે. મુંબઈ યુનિવર્સિટીએ રૂા. ૩૦૦)ની સુંદર દેણગી આપવાનો ઠરાવ કરીને આ પરિષદના કાર્યમાં મદદ કરવાની શુભ શરૂઆત કરી છે.

મુંબઈ શહેર અને ઇલાકામાં વસતાં ભાઈબહેન સ્વાગત સમિતિનાં સભ્ય બની શકે છે. પત્રવ્યવહારનું સરનામું :—

શ્રી. સી. એ. કીર્સ્ટી
માનદ મંત્રી
ધી બૉમ્બે સેકન્ડરી ટીચર્સ એસોસીએશન
સેબર્ટ મની સ્કુલ, મુંબઈ-૭

—અમેરિકા. યુનાઇટેડ સ્ટેટ્સ અમેરિકામાં 'પેરન્ટસ મેગેઝીન' તરફથી 'વધારે સારા માતૃત્વ તથા પિતૃત્વ'નું અઠવાડિયું તા. ૧લી મેથી તા. ૮મી મે સુધી ઊજવવામાં આવ્યું. એનો પહેલો દિવસ બાળકોના 'સ્વાસ્થ્યદિન' તરીકે ઊજવવામાં આવ્યો હતો; છેલ્લો દિવસ 'માતાઓના દિવસ' તરીકે રાખવામાં આવ્યો હતો.

અમેરિકાના ડો. ડેફોની સંભાળ નીચે ડીઓના શહેરમાં ઊછરતી એક સાથે જન્મેલી પાંચ બહેનોએ તા. ૨૮મી મેને દિવસે ચાર વર્ષ પૂરાં કરી પાંચમા વર્ષમાં પ્રવેશ કર્યો.

—રાજકોટ. નરોત્તમ બાલગ્રંથાવલિ પુસ્તકો ૧૨; લવાજમ વાર્ષિક રૂા. ૨) સંપાદક શ્રી વલ્લભજી સુંદરજી કવિ

—સુણાવ. બાલવાચનમાળા પુસ્તક ૧ થી ૮ પ્રગટ થયાં છે. લેખકઃ સોમાભાઈ કિશાભાઈ પટેલ.

વાર્ષિક લવાજમ એક રૂપિયો. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
ઓ શિક્ષણ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઈ ગોપાળજીએ છાપી

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૧૩ મું
સંવત ૧૯૯૪

અંક ૮ મો
આશ્વિન

: તંત્રીઓ :

ગિજુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

બાળકને મોઢેમોઢ કહેવું કે 'આ બાળક મંદ છે.' અગર 'આને બરાબર નથી આવડતું.' અગર 'આ ચાલી શકે તેમ નથી.' તેમાં અલબત્ત બાળકનું તો અપમાન છે જ, પણ તેમાં આપણી જાતનું પણ અપમાન છે.

આપણી જાતનું અપમાન એટલા માટે છે કે આપણામાં જે મહત્તા અને ઉદારતા જોઈએ તે છોડીને આપણે નીચે ઊતરીને મંદને મંદ કહીએ છીએ.

આપણે સાચે જ મહાન હોઈએ તો આ આપણી વાણી અને વર્તન વડે અલ્પને ઊંચે ચડાવી શકીએ. પણ જો આપણે ક્ષુદ્ર હોઈએ તો આપણે આપણા સમગ્ર વર્તન વડે અલ્પની હદે પહોંચીએ એટલું જ નહિ, પણ તેથીયે નીચે જઈએ.

શિક્ષણ પત્રિકા

વર્ષ ૧૩] આશ્વિન ૧૯૯૪ [અંક ૮

મ ન ને

બાળશાળામાં તો સૌથી ઓછાબોલો શિક્ષક ઉત્તમ.

: ૨ :

મદદની જરૂર પડે તે પહેલાં મદદ આપનાર મદદ દઈને સામાને અપંગ બનાવે છે.

: ૩ :

માનસશાસ્ત્રી એકલે માનવ માનસના ધર્મો અને તેની ક્રિયાને જાણનાર માણસ; શિક્ષક એટલે શિષ્યને શિક્ષણ આપનાર માણસ.

શિક્ષકે માનસશાસ્ત્ર જાણવું જોઈએ, જેમ તેણે શીખવવાનો વિષય જાણવો જોઈએ.

શીખનારને જાણવા માટેનું એક સાધન માનસશાસ્ત્ર છે.

શિક્ષકે માનસશાસ્ત્રી થવાનું નથી, પણ તેણે માનસશાસ્ત્રનો શિક્ષણમાં ઉપયોગ કરવાનો છે.

શિક્ષકે ભૂગોળનું જ્ઞાન સંગ્રહવાનું છે; તેણે ભૂગોળનું પૃષ્ઠ શોધવા જવાનું નથી. ભૂગોળના શોધકોનો વર્ગ નોખો છે.

: ૪ :

બીજાના હકનો બીજે જ ઉપયોગ કરે તેની સામે આપણને આપણી દૃષ્ટિએ વાંધો હોય તોપણ આપણે તેની દૃષ્ટિએ જોતાં અને તેની ક્રિયા તરફ સમદૃષ્ટિ રાખતાં શીખવું ઘટે છે.

: ૫ :

લોકો કાંઈ પોતાનું જીવન આપણી દૃષ્ટિએ ન ગાળે; અને આપણે પણ એમ જ આપણા માટે ચાહીએ. આપણે આપણા માટે જેટલું ચાહીએ, તેટલું તો ઓછામાં ઓછું આપણે બીજા માટે ચાહવું જ જોઈએ.

: ૬ :

કર્મ પોતે ફળ આપે છે તેના કરતાં તેની પાછળની બુદ્ધિ સારાં-માઠાં ફળ આપે છે.

શુભ કર્મ સ્વતઃ શુભ નથી, તેમ જ અશુભ કર્મ સ્વતઃ અશુભ નથી. તેની પાછળની કર્તાની શુભઅશુભ વૃત્તિ કર્મને તે તે ગુણ આપે છે.

: ૭ :

કામ કરવાની નાગડદાઈ ભયંકર વસ્તુ છે. નાગડદો માણસ કામ નથી કરતો એટલું જ નહિ, પણ કામ કરાવનાર અને કામ બંનેમાં દોષ ભાળે છે. નાગડદો માણસ આ રીતે નવી જ ફિલસૂફી રચી પોતાને બચાવવા બીજાને છળે છે.

અ • નુ • ક્રં • ઞ

૧૨૨ મનનો . . . . . ગિ.
૧૨૩ બાળકોનાં વજન અને ઊંચાઈ . . . . ગિ.
૧૨૬ સામાન્ય જ્ઞાન . . . ગિ.
૧૨૮ આ ચોરી કહેવાય ? . તા.
૧૩૧ કેમ બેસાડવાં . . . ગિ.
૧૩૨ નૂતન ગણિતશિક્ષણ . શં.
૧૩૪ બાલઅધ્યાપનમંદિર, રાજકોટના સમાચાર . ...
૧૩૬ શિક્ષણ સમાચાર . . ...

બાળકોનાં વજન અને ઊંચાઈ

શાળાઓનો ટૂંકો કાર્યપ્રદેશ ભણાવી દેવાનો છે. બાલમંદિરનો કાર્યપ્રદેશ અનેકવિધ વિકાસના માર્ગો ઉઘાડવાનો છે. એની સાથે જ બાલમંદિરો અને બીજી શાળાઓ બાળકોના શરીરના વિકાસની યોજના કરે, ઉપરાંત તે સંબંધે સામાન્ય દફ્તર પણ રાખે. આવું એક દફ્તર બાળકોનાં વજન અને ઊંચાઈનું રાખવું જોઈએ.

બાળકોમાં વજન તો છે જ, ને તેમને ઊંચાઈ પણ છે. બાળકોનાં વજનની વધઘટ થાય છે, અને ઊંચાં વધ્યા કરે છે, તો પછી એની નોંધ રાખવાની શી જરૂર છે? એમાં બાળકોને કે રાખનારાને શો ફાયદો છે?

જવાબ આ છે કે દરેક બાળક જેમ જેમ મોટું થતું જાય તેમ તેમ તે વજન અને ઊંચાઈએ વધવું જ જોઈએ. જો તે ન વધે તો તેનું કંઈ કારણ હોય જ. ઉંમર વધે તેની સાથે શરીર મોટું થાય અને તેની સાથે તેનું વજન વધવું જ જોઈએ. પણ જો વજન ન વધે તો સહેજે પ્રશ્ન થાય છે, આ બાળકનું વજન કેમ વધતું નથી? એક છોડને રોપ્યા પછી તે પાંદડાં કાઢે જ નહિ, તેનાં ડાળ થડ જાડાં થાય જ નહિ, તો તેની ચિંતા તેના માળીને થાય છે; તેમ જ બાળકો વજને અને ઊંચાઈએ વધે છે કે નહિ તેની ચિંતા બાળકનાં માબાપને તથા શિક્ષકને થવી જોઈએ. આ ચિંતા થાય તે માટે અને જીવતીજાગતી રહે તે માટે વજન અને ઊંચાઈની નોંધો આવશ્યક છે.

સરખી ઉંમરનાં બાળકોમાં વજન-ઊંચાઈના તફાવત આવશે. જેની ઊંચાઈ અને વજન વધારે હોય તેના તરફ આપણું ધ્યાન ખેંચાય જ; જેની ઊંચાઈ અને વજન ઓછું તે તરફ પણ આપણું ધ્યાન જવાનું. આનાં કારણો આપણે ખોળવાં જોઈએ જ. ખોરાકનો અભાવ, હવાઅજવાળાનો અભાવ, વ્યાયામનો અભાવ, વગેરે કંઈ કંઈ બાબતો એવી છે કે જે વજન-ઊંચાઈને પોષતાં નથી, ઉપરાંત કંઈ કંઈ બાબતો ખાસ એવી છે કે જે વજન-ઊંચાઈને પોષક છે, તે આપણે જાણવું જોઈએ. આ જાણવા માટે પ્રથમતઃ આપણી આગળ કેટલાંયે બાળકોની વજન-ઊંચાઈની નોંધો જોઈએ, કેમકે તે ઉપરથી આપણે તફાવત જોઈ શકીએ અને તે ઉપરથી આપણે કારણોમાં ઊતરી શકીએ. એટલા માટે પણ વજન-ઊંચાઈના આંકડા રાખવાની જરૂર છે.

યૂરોપમાં તો હજારો બાળકોનાં ઊંચાઈ-વજન ઉપરથી કઈ ઉંમરે કેટલી ઊંચાઈ તથા વજન હોય જ, અને સમધારણ રીતે હોવાં જોઈએ તે લગભગ નક્કી થયું છે. તે પરથી તેઓ હરકોઈ બાળકનાં વજન-ઊંચાઈ લઈ તે વજન-ઊંચાઈ સમધારણ પ્રમાણથી નીચે છે કે ઊંચે તે જોઈ બાળકનો વિકાસ બરાબર છે કે નહિ તે નક્કી કરી શકે છે. અને તે ઉપરથી જે બાળકોનાં વજન-ઊંચાઈ સ્વાભાવિકથી એક યા બીજી બાજુ વિરુદ્ધ હોય છે તેની તપાસ કરવામાં આવે છે, અને તેનાં કારણો શોધી તે દૂર કરી બાળકને શરીરથી સમધારણ બનાવે છે. આને પરિણામે દરેક બાળક જોઈતું વજન અને પૂરતી ઊંચાઈ મેળવે છે, અને તેથી તે

શરીરથી તંદુરસ્ત રહે છે. એવું આપણે ત્યાં નથી. આપણે ત્યાં તો કોઈ બાળક ઠીંગણું તો કોઈ ખૂબ જાડું તો કોઈ કેવળ પાતળું હોય છે. આવાં સરખી ઉંમરનાં છતાં વિવિધ વજન-ઊંચાઈનાં બાળકો આપણી શાળામાં પૂરેપૂરી સંખ્યામાં દેખાશે. આ સ્થિતિ શરીરના અલ્પ કે અતિ વિકાસને લીધે હોય છે. ખોરાક ન મળવાથી બાળક જેમ વજને ઓછું થાય, તેમ ખોરાકમાં વધારે પડતા ચરબીવાળા પદાર્થો લેવાથી વજને વધી જાય છે. આ બંને સ્થિતિ ત્યાજ્ય છે. જો એક વાર આપણે જાણી શકીએ કે ઊંચાઈ અને વજનનું ધોરણ અમુક ઉંમરે આવું હોય, એટલે કે દરેક વર્ષે બાળક આટલું વજને ને ઊંચાઈએ વધવું જોઈએ એ આપણે નક્કી કરીએ, તો જ આપણે આપણાં બાળકોના શારીરિક આરોગ્ય વિષે કાળજી કરીએ. સુધરેલા દેશો બાળકોનાં વજન-ઊંચાઈ સપ્રમાણ રાખવા માટે ખોરાક, હવા, અજવાળું, કામનું પ્રમાણ, અભ્યાસનું પ્રમાણ, વગેરે ઉપર દેખરેખ રાખે છે. આ બધું કરવા માટે પ્રથમ તો આપણે અત્યારનાં બધાં બાળકોના મહિનાવાર, છમાસ વાર, વર્ષવાર વજન-ઊંચાઈના આંકડા રાખવા જોઈએ. નાનાં બાળકોના આંકડા ઉપરથી આપણે વજન-ઊંચાઈના ઉંમર સાથેના સમધારણપણાના ધોરણને શોધી કાઢીશું. એટલા માટે આપણને વજન-ઊંચાઈના આંકડા રાખવાની જરૂર છે.

દરેક બાલમંદિર આવા આંકડા સહેલાઈથી રાખી શકે છે. એક ચોપડીમાં પાને પાને બાળકનું નામ લખવું. જન્મતારીખ તથા આંકડા શરૂ કરવાના મહિનાનું નામ લખવું. એ પાનામાં બીજે માંસનાં બાનાં અને તેની સામે વજન અને ઊંચાઈ મૂકવાનાં બાનાં દોરવાં. આમ કર્યા પછી વજનને કાંટે બાળકને નક્કી કરેલ તારીખે તોળવું અને ઊંચાઈ લેવી. આ વજન-ઊંચાઈના આંકડા બાળકદીઠ આંકડાવાળી ચોપડીમાં નોંધવા.

તોળવાનો કાંટો સાચો જોઈએ. બાળકોને તેના ઉપર ઊભા રહેવાનું સગવડવાળું અને ગમ્મત પડે તેવું જોઈએ. ઊંચાઈ માટે શાળાની દીવાલ ઉપર ફૂટપટ્ટી દોરી શકાય. પાંચ ફીટ સુધી એક કાળો કે લાલ ૦।।। કે ૧ ઈંચનો પટ્ટો દોરવો, અને તેને ધોળા સફેદાથી ફૂટ અને ઈંચના આંકા વડે નિશાનીવાળો કરવો. બાળક તે પટ્ટા પાસે ઊભું રહે (ભીંતને અઢેલીને) અને શિક્ષક તેના માથા સુધી થતી ઊંચાઈ નોંધી લે. એક પછી એક બાળક પોતાની ઊંચાઈ માપાવવા પોતાની મેળે આવીને ઊભું રહેશે; તેને તેમાં ગમ્મત પણ પડશે.

વજન–ઊંચાઈના આંકડા લેવાયા બાદ શિક્ષકે તેનો અભ્યાસ કરવાનો છે. તુરત જ શિક્ષકને ખબર પડશે કે આઠ વર્ષની ઉંમરનાં બાળકોનું સરેરાશ વજન આટલું છે અને તેમની સરેરાશ ઊંચાઈ આટલી છે. તુરત જ તે જાણશે કે અમુક વર્ષની ઉંમરનાં બાળકોની ઊંચાઈ આટલી છે. આથી તેને તુરત જ જણાશે કે અમુક બાળક બાસ તેની ઉંમરના પ્રમાણમાં નીચું છે ને અમુક ઊંચું છે, અગર તો વજનમાં વધારે છે કે ઓછું છે. આમાંથી શિક્ષક બાળકોના આરોગ્યના પ્રશ્નમાં ઊતરશે.

વજન અને ઊંચાઈ વધારવા માટે શાળા અને માબાપ બંનેનો સહકાર જરૂરનો છે. તે

બરાબર ન હોય તો બંને જવાબદાર છે. શાળા જે બાળકોને હરવાફરવાની, કૂદવાની, નાચવાની, ટીંગાવાની અને આળોટવાની છૂટ આપે તો તેણે સારી મદદ કરી કહેવાય. શાળાની સાથે ક્રીડાંગણ હોવું જ જોઈએ. તેમાં રમત રમનારાં બાળકોનાં વજન અને ઊંચાઈ જોઈશે તેટલા પ્રમાણમાં એની ગેળાએ વધશે. ઉપરાંત ટીંગાવાનાં સાધનો ખાસ કરીને જોઈએ. બાળકો ટીંગાતાં ટીંગાતાં ચક્કરો મારે, ફાવે તેમ લટકે, લાંબાં થઈને પડે, એ બધું તેમને ઉપયોગી છે. ઉપરાંત શાળામાં બધો વખત બેસી જ રહેવું પડે, અને તે પણ ખરાબ બાંકડા કે બેઠક ઉપર અથવા કઢંગી રીતે, તો તેમના શરીરને નુકસાન થાય છે. એટલે શાળાનું કામ વારંવાર હીલચાલવાળું થયું હોવું જોઈએ. ચાલતા વર્ગમાં બાળકોને ઊભાં કે બેઠાં થવાની કસરત મળવી જોઈએ; અને વિષયો પણ એક પછી એક એવા આવવા જોઈએ કે બાળકોને બેસીબેસીને અકળાઈ જવું ન પડે. ઊંચાઈ એ વધવા માટે બાળક છૂટું જોઈએ; તેના શરીરને સ્વતંત્રતા મળવી જોઈએ.

માબાપો તો આ બાબતમાં ઘણું જ કરી શકે. તેઓએ બાળકોને પૂરતી છૂટ આપવી જોઈએ. ઘરમાં દોડવા રમવાની જગાઓ ન હોય તો પોતાનાં ક્રીડાંગણો ઊભાં કરવાં જોઈએ. ગામડાંમાં તો ગામડાની ભાગોળે બાળકો છૂટથી દોડી શકે. વજનની બાબતમાં બાળકોને પૂરતો ખોરાક, પૂરતો આરામ અને પૂરતી પ્રસન્નતા મળવાં જોઈએ. આ ત્રણે વસ્તુ બરાબર દરેક ઘરમાં જળવાવી જોઈએ.

પૂરતો ખોરાક પોષક તો હોવો જ જોઈએ. માત્ર પૂરતું પેટ ભરવું એટલે પૂરતો ખોરાક મળી ગયો એમ નથી. માબાપોએ બાળકો માટેના ખોરાકો નક્કી કરી જાણવા જોઈએ અને વજનની દૃષ્ટિએ તે ફેરવી ફેરવીને આપવા જોઈએ. ખોરાકનું પ્રકરણ જુદી જ વિચારણા માગે છે. એટલે અત્યારે તો તેને માત્ર સ્પર્શવાનું જ રહે છે. વધવામાં વાંધો આવતી દરેક બાબત ઘરમાંથી જવી જોઈએ. જેમકે પથારી ટૂંકી હોય અને બાળક લાંબું હોય તો તે ટૂંટિયાં વાળીને સૂશે એટલે તેનું આખું શરીર લંબાશે નહિ અને ઊંચાઈ મેળવવાને અશક્ત રહેશે. બાળકો લાંબાં થઈને સૂવે, ટટ્ટાર બેસે, એ તરફ ઘરમાં પણ કાળજી લેવાવી જોઈએ જ. વધી ગયેલાં વજનવાળાં બાળકોનું વજન વ્યાયામ કે દવા કે ખોરાકના ફેરફારથી કેમ વધી ગયું તે બાબતમાં માબાપોએ ધ્યાન આપવું જોઈએ. કેટલાંક માબાપો ખૂબ ઘીદૂધ ખવરાવવામાં સમજે છે. બાળકોનાં શરીર ઉપર ચરબીનાં ગોદડાં વીંટળાય છે; બાળક જાડું લાગે છે, પણ વજનના વિષયની દૃષ્ટિએ તેનું વજન દોઢું કે બમણું હોય છે. એવી જ રીતે વજનની દૃષ્ટિએ કોઈ બાળક સાવ અરધું હોય છે અને માબાપો તેના વિષે બેદરકાર હોય છે. વજન અને ઊંચાઈ જે બાળકોમાં સપ્રમાણ હોય તે બાળકોનાં શરીરો સમધારણપણે તંદુરસ્ત અને સશક્ત રહેવાનાં, અને તે કારણે એ બાળકો રોગોના ભોગ ઝટ ન થઈ પડે, તેમ જ કદાચ રોગ આવી જાય તો તેનો સામનો સારી રીતે કરી શકે. વજન અને ઊંચાઈ સમધારણ રાખ્યા કરવાની ખાસ જરૂરિયાત આ કારણે છે.

શિક્ષકો શાળામાં રખાતાં પત્રકો ઉપરથી

માબાપોને માસિક રિપોર્ટ કરી શકે અને માબાપોનું ધ્યાન વજન-ઊંચાઈની બાબતમાં દેખાતી અસમધારણતા તરફ ખેંચી શકે. ઉપરાંત તેના અનુભવ અને જ્ઞાન પ્રમાણે તે માબાપોને સૂચના પણ આપી શકે.

દરેક શાળામાં વજન–ઊંચાઈના આંકડા તો રહેવા જ જોઈએ.

ગિ.

સામાન્ય જ્ઞાન

જેમ જેમ શિક્ષકો સાથેનો મારો પરિચય વધતો જાય છે તેમ તેમ મને સમજાતું જાય છે કે શિક્ષકોમાં સામાન્ય જ્ઞાન ઘણું જ થોડું છે, અને તે કારણે તેઓ સમાજમાં આગળ આવી શકતા નથી, પોતાની છાપ કોઈ સ્થળે પાડી શકતા નથી, પોતાની સાચી મહત્તાની ખાતરી આપી શકતા નથી.

શિક્ષકો જ્યાં સુધી શાળાની ચાર દીવાલની અંદર બેઠા બેઠા પાઠ્યપુસ્તકો ભણાવ્યા કરે, ને હાજરીપત્રકો અને બીજાં પત્રકો પૂર્યા કરે, ત્યાં સુધી સામાન્ય જ્ઞાન એની મેળાએ વધી જવાનું નથી.

આપણે તાજુબ થઈએ અને લોકો ન માને તેવી હાલત સામાન્ય જ્ઞાનના વિષયમાં શિક્ષકોની છે. એક શિક્ષક પૂછે છે કે "ગ્રહણ કેમ થાય છે?" બીજો શિક્ષક પૂછે છે કે "પનામા નહેરની બે બાજુએ દરિયો ઊંચાનીચો છે, તો આગબોટ કેમ જતી હશે?" વળી એક શિક્ષક જવાબ આપે છે કે સરોજીની નાયડુ યુરોપમાં જન્મ્યાં હતાં, ત્યારે બીજો શિક્ષક ગુજરાતના કેળવણીકાર શ્રીદક્ષિણામૂર્તિના નાનાભાઈ ને નાનાલાલ કવિ તરીકે ઓળખે છે. શિક્ષકોને પક્ષીઓ વિષે, પશુઓ વિષે, આકાશના તારાઓ વિષે, દેશ અને પરદેશ વિષે, કાયદા વિષે, સામાન્ય જ્ઞાનની કાંઈ પણ વાત વિષે પૂછો તો તેઓનું જ્ઞાન લગભગ શૂન્ય જેટલું હોય છે.

કૂવામાં હોય તો હવાડામાં આવે; શિક્ષકોમાં હોય તો વિદ્યાર્થીઓમાં આવે. સામાન્ય જ્ઞાન વિનાના આપણા શિક્ષકોની આવી સ્થિતિ હોય તો પછી વિદ્યાર્થીઓને શું પૂછવાનું રહે?

આ સ્થિતિ ટળવી જોઈએ. પ્રથમ તો આ સ્થિતિ શિક્ષકે પોતે ટાળવી જોઈએ. પોતાના વંચારાના વખતમાં તેણે અવશ્ય નવું નવું વાંચવું જોઈએ. ગામમાં પુસ્તકાલય હોય, અને પુસ્તકો તથા છાપાં હોય, છતાં જો શિક્ષક તેનો લાભ ન લેતો હોય તો તેને કેળવણીનો ગુનેગાર ગણવો જોઈએ. જેમ માણસ રાજ્યનો ગુનેગાર, સમાજનો ગુનેગાર, ધર્મનો ગુનેગાર હોઈ શકે, તેમ શિક્ષકને કેળવણીનો ગુનેગાર ગણતાં લોકોએ અને વિદ્યાર્થીઓએ શીખવું જોઈએ.

જ્યાં પુસ્તકો કે છાપાં જેવું કંઈ જ ન હોય ત્યાં પણ શિક્ષક મહેનત કરી, લાગવગ લગાવી, મૈત્રી કરી, વાચન મેળવી તો શકે ન મેળવી શકે તે શિક્ષક, કે જે પોતે આળસુ હોય અને સામાન્ય જ્ઞાનમાં ન માનતો હોય. કેમકે ઘણા શિક્ષકો એ દૃષ્ટિથી પણ દલીલ કરે છે કે "આપણે વાંચીને શું કરવું છે? પગાર કાંઈ થોડો વધે તેમ છે? વાંચ્યું તોયે શું ને ન

વાંચ્યું તોયે શું ?" આનો જવાબ તો શિક્ષકોના ઉપરી અધિકારીઓ આપી શકે, અને તે એક જ રીતે કે શિક્ષકને તેને કરવા પડતા આ કંટાળા-ભરેલા ધંધામાંથી છોડી મૂકવાની કૃપા કરીને.

જેમ શિક્ષકે જાગૃત થવાની જરૂર છે તેમ જ ખાતાએ પણ જાગૃત થવાની જરૂર છે. ચાહે તેવા શિક્ષકો હોય પણ પરીક્ષામાં પરિણામ લાવે એટલેથી સંતોષ માનનાર ખાતાની એ નીતિરીતિ શિક્ષકની પ્રગતિની આડે આવે છે; અને શિક્ષકની પ્રગતિની રુકાવટ એટલે ખાતાની પ્રગતિની રુકાવટ, વિદ્યાર્થીની પ્રગતિની રુકાવટ. શિક્ષકો એટલે ખાતું અને શાળા બંને છે. શિક્ષકો કાઢી લ્યો એટલે ખાતું અને શાળાઓ બંધ પડે. સારા શિક્ષકો રાખો એટલે શાળાઓ અને ખાતાની પડતી થવા લાગે. એકલા બુદ્ધિશાળી વિદ્યાર્થીઓ અને ખાતાના કુશળ અધિકારીઓથી વિદ્યા આપવાની પ્રવૃત્તિ સફળ ન નીવડે. અર્થાત્ આખા કારખાનાનું મોટું ચક્કર શિક્ષક છે. તેને જ્ઞાનથી સમૃદ્ધ રાખવો એ ખાતાનું કામ છે. ખાતાએ દરેક શાળામાં ઉપયોગી એવાં સામાન્ય જ્ઞાનનાં અને માહિતીનાં પુસ્તકો પૂરાં પાડવાં જોઈએ. એ પાછળ કરેલો ખર્ચ નકામો નહિ જાય. શિક્ષકો વાંચે જ વાંચે એટલા માટે સામાન્ય જ્ઞાનની પરીક્ષાઓ લેવરાવવી જોઈએ, તેમ જ શિક્ષકોને તેમના પરિશ્રમનો બદલો પણ આપવો જોઈએ. શિક્ષકોને આ સ્થિતિમાં સામાન્ય જ્ઞાન વધારવું જોઈશે.

ઉપરાંત શિક્ષણના વિષયોમાં સામાન્ય જ્ઞાનનો વિષય ઉમેરાવો જોઈએ, અને તેનું શિક્ષણ મહત્ત્વનું ગણાવું જોઈએ. ગણિત, ઇતિહાસ અને લેખનવાચન આજે મુખ્ય વિષય ગણાય છે, પણ તેથીયે મુખ્ય વિષય સામાન્ય જ્ઞાનનો વિષય ગણાવો જોઈએ. શિક્ષકોને સામાન્ય જ્ઞાનનો વિષય વિદ્યાર્થીઓને જે ભણાવવો પડશે તો તેની સાથે તેઓએ પણ તે જ્ઞાન પ્રાપ્ત કરવું પડશે.

વળી આપણે ત્યાં સામાન્ય જ્ઞાનના ખાસ રચાયેલાં પુસ્તકો નથી. આપણે તો 'ફરે તે ચરે' જેવું છે; બહુશ્રુત રહે તે જ્ઞાતા થાય. પણ એવી સગવડની જરૂર પણ ખરી જ કે જેને જે વિષય માટે કંઈ જાણવાની જિજ્ઞાસા થાય કે તુરત જ તે યોગ્ય પુસ્તકમાંથી મેળવી શકે. અંગ્રેજી ભાષામાં આવા જ્ઞાનકોષો ઘણી જાતના છે. આપણે તો હજી એટલું આવા વિષયમાં વધ્યા નથી તેથી આપણી આ મુશ્કેલી છે. પણ જેમ ખાતું શિક્ષકોની પરીક્ષા લઈને એક રીતે શિક્ષકોને જ્ઞાનસમૃદ્ધ કરી શકે છે, તેમ બીજી રીતે આવાં પુસ્તકો રચાવીને તથા પ્રગટ કરીને પણ શિક્ષકોને જ્ઞાનસમૃદ્ધ કરી શકે છે. બાકી તો શિક્ષકોના જ્ઞાનની સ્થિતિ ચોંકાવે તેવી છે. અને શિક્ષક, ખાતું તથા પુસ્તકો વડે જ્ઞાનપ્રચાર કરનાર સેવકો આ દિશામાં જોરથી કામ કરે નહિ ત્યાં સુધી શિક્ષકો એવા જવાબ આપવાના કે વર્ધા યોજના એટલે વર્ધામાં ચાલતી એક નિશાળ, અને દયાળભાગ એટલે દયાળ નામનું પક્ષી જે બાગમાં રહે તે; તેમ જ તેઓ મીરાંબેન એટલે મેવાડનાં મીરાંબાઈ કહેવાના, ને તારાબેન મોડકનો પરિચય ગિજુભાઈની દીકરી એવો આપવાના. ગિ.

આ ચોરી કહેવાય ?

સુમનને નિશાળમાં દાખલ થયાને બાસું ડબામાં મૂકી દેવી."

એક વર્ષ વીતી ગયું. તેને રંગીન પેનસિલો પોતાના પ્રાણ જેટલી પ્રિય હતી.

નિશાળમાં સૌથી પહેલું આવવું અને પેનસિલો પોતાના કબજામાં લેવી, કારણકે ચિત્ર કાઢતી વખતે એને જાતજાતના રંગો પૂરવાની ઘણી હોંશ હતી. એકલા રંગો જ નહિ, પણ એ રંગોની આછી છાયા જ માત્ર દેખાતી હોય એવી પેનસિલોનો એ ઉપયોગ કરતી. બધાં બાળકોને પેનસિલો વહેંચવામાં આવતી, તેથી જ્યારે જોઈએ ત્યારે ચોક્કસ જ રંગની પેનસિલ એને મળે જ એવું કંઈ ન હતું.

એમાંના એકાદ બે રંગો તો એને એટલા બધા પ્રિય હતા કે એ રંગોનો વિયોગ જ એને અસહ્ય થઈ પડતો.

કેટલાક દિવસો વીત્યા બાદ મારી પાસે ફરિયાદો આવવા લાગીઃ "મોટીબેન! જાંબુડા રંગની પેનસિલ દેખાતી નથી, અને ઘેરા ગુલાબી રંગની પણ ગુમ થઈ છે."

ધીમે ધીમે શિક્ષકોની ફરિયાદ આવવા લાગીઃ "મોટીબેન! સુમનના ટેબલના બાનામાંથી કાગળો અને નોટોની નીચેથી છુપાવેલી પેનસિલો નીકળે છે. અહીંથી ચોરાઈ થયેલી પેનસિલો એમાંથી નીકળી આવે છે."

મેં બાળકો કામે લાગ્યા પહેલાં એક સૂચના આપીઃ "જુઓ, પેનસિલ વગેરે કાંઈ પણ કોઈએ પોતાના ટેબલમાં મૂકવાનું નથી. પોતાને જે રંગની પેનસિલ જોઈએ તે તેણે ડબામાંથી લેવી, અને કામ થાય એટલે પાછી શિક્ષકોના કહેવા પ્રમાણે બીજી બે પેનસિલો નવી કાઢી મૂકો, અને બધાને પૂરી પેનસિલો મળે એમ કરો. સુમનને કઈ કઈ પેનસિલો ગમે છે, તે નક્કી કરીને એને ગમતી પેનસિલો એને મળે જ એમ કરો. ચિત્રકામ બલાસ થયા પછી સુમનને જોઈતી પેનસિલો એને એના ટેબલમાં મૂકવા દો. ચિત્રકામ પૂરું થયા પછી એ પેનસિલો તમારી પાસે લાવીને મૂકે એમ કહેજો. પણ ફક્ત એને ધીમે અવાજે એક બાજુ બોલાવીને આટલી સૂચના આપજો; કોઈના દેખતાં કાંઈ કહેશો નહિ."

ઉપાય બરાબર લાગુ પડી ગયો. સુમન આવ્યા બરાબર પોતાની પેનસિલો જોઈ ને લઈ લેતી, અને એ પેનસિલો એને જ્યારે જોઈએ ત્યારે નિયમિત મળે એવી વ્યવસ્થા કરવાથી પોતાને બીજે દિવસે તે મળશે કે નહિ એની ચિંતા ટળી ગઈ. ચિત્ર કાઢીને પૂરું થાય એટલે પોતાની પેનસિલો એ શિક્ષકને આપી આવતી; બીજે દિવસે આવે કે તરત પોતાની અણીદાર છોલેલી પેનસિલો જોઈને પ્રફુલ્લ વદને ઉઠાવી જતી.

શિક્ષકોના મનમાંથી પણ એના ટેબલના બાનામાં છુપાવેલી પેનસિલો જોઈ ને જે રોષ ઉત્પન્ન થયો હતો તે નીકળી ગયો.

કહી ન બતાવવા છતાં મનમાં તો હતું જ કે સુમન પેનસિલો ચોરે છે; પરંતુ એ ચોરી કરવામાં સુમનનું યોગ્ય કારણ હતું તે હવે ધ્યાનમાં આવ્યું, અને એ ચોરીનું કારણ દૂર

કરવાથી એ ચોર મટીને શાહુકાર બની ગઈ. એ જોઈ ને અમને ખૂબ આનંદ થયો, અને સુમનને તો જોઈતી વસ્તુ મળવાથી આનંદ હતો જ, એ સ્પષ્ટ જોઈ શકાતું હતું.

* * *

"મોટીબેન! આ ઉષાને શું કરવું છે તે સમજી શકાતું નથી. ફટફટલી વસ્તુઓ એ પોતાના ટેબલમાં ભરી મૂકે છે. નવી પેનસિલો હોય તો ટેબલમાં મૂકે. એ તો હજુ કાનામાત્રા-વાળા અક્ષરો પણ વાંચી શકતી નથી, છતાં ઇસપનીતિ જેવી ચોપડીઓ પણ ટેબલમાં મૂકે છે. ચોક, મોતી, પ્લેસ્ટીસીનની માટી એટલું જ નહિ, પણ ચિત્રોની આકૃતિઓ પણ ટેબલમાં મૂકે છે. મારી પાસેથી કોરી ચોપડીઓ પણ ધીમે રહીને લઈ જઈને ટેબલમાં છુપાવે છે. ફટલું કહી જોયું, સામાન્ય સૂચના આપી જોઈ, એક બાજુએ લઈ જઈને છાનુંમાનું કહી જોયું, અને રોજ પોતાનું ટેબલ મને બતાવવા કહ્યું, છતાં એનું જે છે તે જ છે. મને બતાવી રહે અને બાળકો જમવા જાય, ત્યારે જે નજરે ચડે, જે હાથમાં આવે, તે ફરી ટેબલમાં મૂકી દે છે. હવે એને શું કરવું?"

"સારું. હવે ઉષાનું ટેબલ મારા ઓરડામાં મૂકો, અને એને કહો કે તું આજથી મોટીબેનના ઓરડામાં જા."

ઉષા મારા ઓરડામાં આવી, એટલે એને આનંદ થયો હોય એમ જણાયું કારણકે અહીં મોટાં બાળકો હતાં. એમને કાગળો પોતાને હાથે લેવાના હતા; અહીં બધ્ધે બાળકો વચ્ચે એક એક ડઝન પેનસિલો બધા રંગની મળતી હતી; કાળી પેનસિલ દરેકને એક એક મળતી હતી અને એ પોતાના ટેબલમાં મૂકવાની છૂટ હતી; દરેકને બબ્બે નોટો મળતી હતી, એક ડિક્ટેશનની અને એક ગણિતની; પોતાને ગમતી ચોપડી વાંચીને પૂરી થાય, ત્યાં સુધી પોતાના ટેબલમાં મૂકી રાખવાની છૂટ હતી.

ઉષાને આટલા દિવસ આમાંનું કશું જ ને હતું, કારણ એ નાની હતી અને એ ચિત્રમાં લીંટા જ કરતી હતી. અમુક ચિત્રની અંદર અમુક જ રંગ લેવો જોઈએ, કારણ એમ કરવાથી ચિત્ર ખૂબ સુંદર દેખાશે એમ ચિત્ર-કારને લાગે છે. રંગનું સમતોલપણું જળવાય એવું એના ચિત્રમાં કંઈ જ ન હતું. કંઈ પણ આકૃતિ લેવી, અને એનું ચિત્ર કાઢવું ને લીંટો દોરવા એટલી જ એની પ્રગતિ થઈ હતી. હજી એકડો અને અક્ષરો શીખવાની શરૂઆત હોવાથી ચોપડીઓ વાંચવી એને માટે શક્ય નહોતી, એટલે વાંચવાની ચોપડી પાસે રાખ-વાનો સવાલ ન હતો; અને લખવું તો દૂર જ રહ્યું, તેથી નોટો પણ જરૂરની ન હતી. ટૂંકમાં ઉંમરના પ્રમાણમાં એની પ્રગતિ હતી, અને પ્રગતિના પ્રમાણમાં એને વસ્તુઓ મળતી હતી. એની ઉંમરનાં સૌને મળતી વસ્તુઓથી બધો પ્રસન્ન રહેતાં હતાં.

પરંતુ ઉષાને જરૂર ન હોવા છતાં મોટાં ભાઈનાં સાધનો પાસે બેસવાની એને ઇચ્છા થવા લાગી. ઉપયોગ ન હોવા છતાં પોતાની પાસે ઘણી બધી વસ્તુઓનો સંગ્રહ હોય તો ઠીક, એવું એને લાગવા માંડ્યું. ઘેર પણ એમ જ થાય છે, એમ એને લાગતું હોવું જોઈ એ કારણકે મોટાભાઈને બધી સારી સારી વસ્તુઓ મળે છે, અને આપણને કંઈ મળતું

આ ચોરી કહેવાય ?

સુમનને નિશાળમાં દાખલ થયાને બાસું ઽબામાં મૂકી દેવી."

એક વર્ષ વીતી ગયું. તેને રંગીન પેનસિલો પોતાના પ્રાણ જેટલી પ્રિય હતી.

નિશાળમાં સૌથી પહેલું આવવું અને પેનસિલો પોતાના કબજામાં લેવી, કારણકે ચિત્ર કાઢતી વખતે એને જાતજાતના રંગો પૂરવાની ઘણી હોંશ હતી. એકલા રંગો જ નહિ, પણ એ રંગોની આછી છાયા જ માત્ર દેખાતી હોય એવી પેનસિલોનો એ ઉપયોગ કરતી. બધાં બાળકોને પેનસિલો વહેંચવામાં આવતી, તેથી જ્યારે જોઈએ ત્યારે ચોક્કસ જ રંગની પેનસિલ એને મળે જ એવું કંઈ ન હતું.

એમાંના એકાદ બે રંગો તો એને એટલા બધા પ્રિય હતા કે એ રંગોનો વિયોગ જ એને અસહ્ય થઈ પડતો.

કેટલાક દિવસો વીત્યા બાદ મારી પાસે ફરિયાદો આવવા લાગીઃ "મોટીબેન! જાંબુડા રંગની પેનસિલ દેખાતી નથી, અને ઘેરા ગુલાબી રંગની પણ ગુમ થઈ છે."

ધીમે ધીમે શિક્ષકોની ફરિયાદ આવવા લાગીઃ "મોટીબેન! સુમનના ટેબલના ખાનામાંથી કાગળો અને નોટોની નીચેથી છુપાવેલી પેનસિલો નીકળે છે. અહીંથી ચોરી થયેલી પેનસિલો એમાંથી નીકળી આવે છે."

મેં બાળકો કામે લાગ્યા પહેલાં એક સૂચના આપીઃ "જુઓ, પેનસિલ વગેરે કાંઈ પણ કોઈએ પોતાના ટેબલમાં મૂકવાનું નથી. પોતાને જે રંગની પેનસિલ જોઈએ તે તેણે બાજીથી લેવી, અને કામ થાય એટલે બાજીમાં

શિક્ષકોને સૂચના આપીઃ "બીજી બે ડઝન પેનસિલો નવી કાઢી મૂકો, અને બધાને પૂરી પેનસિલો મળે એમ કરો. સુમનને કઈ કઈ પેનસિલો ગમે છે, તે નક્કી કરીને એને ગમતી પેનસિલો એને મળે જ એમ કરો. ચિત્રકામ બલાસ થયા પછી સુમનને જોઈતી પેનસિલો એને એના ટેબલમાં મૂકવા દો. ચિત્રકામ પૂરું થયા પછી એ પેનસિલો તમારી પાસે લાવીને મૂકે એમ કહેજો. પણ ફક્ત એને ધીમે અવાજે એક બાજુ બોલાવીને આટલી સૂચના આપજોઃ કોઈના દેખતાં કાંઈ કહેશો નહિ."

ઉપાય બરાબર લાગુ પડી ગયો. સુમન આવ્યા બરાબર પોતાની પેનસિલો જોઈ ને લઈ લેતી, અને એ પેનસિલો એને જ્યારે જોઈએ ત્યારે નિયમિત મળે એવી વ્યવસ્થા કરવાથી પોતાને બીજે દિવસે તે મળશે કે નહિ એની ચિંતા ટળી ગઈ. ચિત્ર કાઢીને પૂરું થાય એટલે પોતાની પેનસિલો એ શિક્ષકને આપી આવતી; બીજે દિવસે આવે કે તરત પોતાની અણીદાર છોલેલી પેનસિલો જોઈને પ્રફુલ્લ વદને ઉઠાવી જતી.

શિક્ષકોના મનમાંથી પણ એના ટેબલના ખાનામાં છુપાવેલી પેનસિલો જોઈને જે રોષ ઉત્પન્ન થયો હતો તે નીકળી ગયો.

કહી ન બતાવવા છતાં મનમાં તો હતું જ કે સુમન પેનસિલો ચોરે છે; પરંતુ એ ચોરી કરવામાં સુમનનું યોગ્ય કારણ હતું તે હવે ધ્યાનમાં આવ્યું, અને એ ચોરીનું કારણ દૂર

કરવાથી એ ચોર મટીને શાહુકાર બની ગઈ. એ જોઈને અમને ખૂબ આનંદ થયો, અને સુમનને તો જોઈતી વસ્તુ મળવાથી આનંદ હતો જ, એ સ્પષ્ટ જોઈ શકાતું હતું.

* * *

"મોટીબેન! આ ઉષાને શું કરવું છે તે સમજી શકાતું નથી. કેટકેટલી વસ્તુઓ એ પોતાના ટેબલમાં ભરી મૂકે છે. નવી પેનસિલો હોય તો ટેબલમાં મૂકે. એ તો હજુ કાનામાત્રા-વાળા અક્ષરો પણ વાંચી શકતી નથી, છતાં ઇસપનીતિ જેવી ચોપડીઓ પણ ટેબલમાં મૂકે છે. ચોક, મોતી, પ્લેસ્ટીસીનની માટી એટલું જ નહિ, પણ ચિત્રોની આકૃતિઓ પણ ટેબલમાં મૂકે છે. મારી પાસેથી કોરી ચોપડીઓ પણ ધીમે રહીને લઈ જઈને ટેબલમાં છુપાવે છે. કેટલું કહી જોયું, સામાન્ય સૂચના આપી જોઈ, એક બાજુએ લઈ જઈને છાનુંમાનું કહી જોયું, અને રોજ પોતાનું ટેબલ મને બતાવવા કહ્યું, છતાં એનું જે છે તે જ છે. મને બતાવી રહે અને બાળકો જમવા જાય, ત્યારે જે નજરે ચડે, જે હાથમાં આવે, તે ફરી ટેબલમાં મૂકી દે છે. હવે એને શું કરવું?"

"સારું. હવે ઉષાનું ટેબલ મારા ઓરડામાં મૂકો, અને એને કહો કે તું આજથી મોટીબેનના ઓરડામાં જા."

ઉષા મારા ઓરડામાં આવી, એટલે એને આનંદ થયો હોય એમ જણાયું કારણકે અહીં મોટાં બાળકો હતાં. એમને કાગળો પોતાને હાથે લેવાના હતા; અહીં બબ્બે બાળકો વચ્ચે એક એક ડઝન પેનસિલો બધા રંગની મળતી હતી; કાળી પેનસિલ દરેકને એક એક મળતી હતી અને એ પોતાના ટેબલમાં મૂકવાની છૂટ હતી; દરેકને બબ્બે નોટો મળતી હતી, એક ડિક્ટેશનની અને એક ગણિતની; પોતાને ગમતી ચોપડી વાંચીને પૂરી થાય, ત્યાં સુધી પોતાના ટેબલમાં મૂકી રાખવાની છૂટ હતી.

ઉષાને આટલા દિવસ આમાંનું કશું જ ન હતું, કારણ એ નાની હતી અને એ ચિત્રમાં લીંટા જ કરતી હતી. અમુક ચિત્રની અંદર અમુક જ રંગ લેવો જોઈએ, કારણ એમ કરવાથી ચિત્ર ખૂબ સુંદર દેખાશે એમ ચિત્ર-કારને લાગે છે. રંગનું સમતોલપણું જળવાય એવું એના ચિત્રમાં કંઈ જ ન હતું. કંઈ પણ આકૃતિ લેવી, અને એનું ચિત્ર કાઢવું ને લીંટા દોરવા એટલી જ એની પ્રગતિ થઈ હતી. હજી એકડો અને અક્ષરો શીખવાની શરૂઆત હોવાથી ચોપડીઓ વાંચવી એને માટે શક્ય નહોતી, એટલે વાંચવાની ચોપડી પાસે રાખ-વાનો સવાલ ન હતો; અને લખવું તો દૂર જ રહ્યું, તેથી નોટો પણ જરૂરની ન હતી. ટૂંકમાં ઉંમરના પ્રમાણમાં એની પ્રગતિ હતી, અને પ્રગતિના પ્રમાણમાં એને વસ્તુઓ મળતી હતી. એની ઉંમરનાં સૌને મળતી વસ્તુઓથી બધો પ્રસન્ન રહેતાં હતાં.

પરંતુ ઉષાને જરૂર ન હોવા છતાં મોટાં ભાઈનાં સાધનો પાસે બેસવાની એને ઇચ્છા થવા લાગી. ઉપયોગ ન હોવા છતાં પોતાની પાસે ઘણી બધી વસ્તુઓનો સંગ્રહ હોય તો ઠીક, એવું એને લાગવા માંડ્યું. ઘેર પણ એમ જ થાય છે, એમ એને લાગતું હોવું જોઈએ કારણકે મોટાભાઈને બધી સારી સારી વસ્તુઓ મળે છે, અને આપણને કંઈ મળતું

નથી. મોટા ભાઈનાં જૂનાં રમકડાં ઉપર જ એને ઘણી વખત નભાવવું પડતું, અને વસ્તુઓ પણ મોટા ભાઈ જેટલી એને મળતી ન હતી. કોઈ કોઈ વસ્તુ તો બંનેની ભેગી જ આવતી. પરંતુ ભાઈ મોટો, એટલે એ ઘણે ભાગે એની પાસે જ રહેતી; અને એની અંદર એનો ભાગ હોવા છતાં એ વસ્તુ ભાઈની માલેકીની થઈ પડતી. સારાંશ કે ઉષાને પોતાની પાસે વસ્તુઓનું સંગ્રહસ્થાન બનાવવાની લાલચ ઊભી થઈ. પરિણામે કંઈ પણ વસ્તુ એ જુએ કે પોતાના ટેબલમાં મૂકવા લાગી.

મેં એને કહ્યું: "ઉષા! તું આ ઓરડામાં આવી છે, તો આ પેનસિલો ગણીને સાચવીને મૂકવાનું કામ તારું. તું કરીશને? કામ કરતી વખતે બધાં તારી પાસેથી લઈ જાય અને કામ પૂરું થાય એટલે ફરી આપી જાય. એવી જ રીતે ચોપડીઓની વ્યવસ્થા પણ તને સોંપવામાં આવે છે. અહીંતહીં પડેલી ચોપડીઓને લઈને કબાટમાં મૂકીને કબાટને તાળું મારીને ચાવી તારા ટેબલના બાનામાં મૂકવી."

ઉષા એકદમ ખુશ થઈ ગઈ. તે જ દિવસથી એના ટેબલમાંથી સંગ્રહ ઓછો થઈ ગયો. સંભાળીને મૂકવા જેવી વસ્તુઓ એ કબાટમાં મૂકવા લાગી, અને ફક્ત ચાંવી પોતાના ટેબલનાં બાનામાં મૂકવા લાગી. મને એ સ્વાભાવિક જ જણાયું, કારણકે જરૂર ન હોય એવી વસ્તુઓનો સંગ્રહ દુઃખદાયક થાય છે. એ વસ્તુઓનો ઉપયોગ તો કશો નહિ અને વિના કારણ સાચવ્યા કરવું પડે છે. હવે એને ખુલ્લું ટેબલ પણ સાલતું ન હતું, કારણકે એને જોઈતી વસ્તુ જોઈએ ત્યારે મળશે જ એવી ખાતરી થઈ હતી. ચાવીના રૂપમાં બધી વસ્તુઓ પોતાના તાબામાં છે એની એને ખબર હતી.

* * *

બચુનું બીસું હમેશાં ભરેલું જ રહેતું. બીસું તપાસીએ તો અંદરથી કંઈ કંઈ નીકળી આવે: કાચના ટુકડા, લગોડીઓ, મોતી, ચોક અને પેનસિલના ટુકડા, પેનસિલની અણીઓ, દોરીના ટુકડા અને પથ્થર પણ નીકળે.

બચુ નિશાળે જવા લાગ્યો. નિશાળમાંથી કેટલીક વસ્તુઓ ધીમે ધીમે અલોપ થવા લાગી. મોતી હોય કે લાકડાના બંગલા બનાવવાનાં ચોકઠાં હોય, રંગીન અને સુંદર દેખાય એ બધું અલોપ. નિશાળમાંથી ઘેર પાછા જતાં બચુનું બીસું વધારે ભરેલું જણાવા લાગ્યું.

બેચાર વખત તો બચુને ત્યાંથી નોકર આવીને એ વસ્તુઓ પાછી આપી ગયો. તે કહેતો હતો: "બચુભાઈ આ બધું ચોરીને લાવે છે; એને જરા ધમકાવજો એમ ઘરેથી કહેવરાવ્યું છે." સમજાવવા માટેનો યોગ્ય વખત આવ્યો છે એમ જાણીને મેં એને મારી પાસે બોલાવીને પૂછ્યું: "બચુ! તારા બીસામાં શું શું છે?"

"કંઈ નથી." એમ કહીને એ બીસું સંતાડવા લાગ્યો.

"કંઈ નથી એમ શા માટે કહે છે? તને શું શું ગમે છે, તે જોવા તો દે! તું એ બધું ઘરે લઈ જજે, અને કાલે નિશાળે આવે ત્યારે પાછું લાવજે, એટલે થયું. પણ મને દેખાડ તો ખરો!"

બચુએ મારી સામું જોયું. એને મારા

બોલવામાં, મારી આંખોમાં અથવા મારા મોઢા ઉપર કયાંય ગુસ્સો દેખાયો નહિ.

મેં જરા મંદ હાસ્ય કર્યું. એણે સામું એમ જ કર્યું. ધીમે ધીમે જાદુગરના પોટલામાંથી જુદી જુદી વસ્તુઓ નીકળવા લાગી; તેમાંની ઘણી ખરી રંગબેરંગી હતી.

મેં બધું જોઈ ને ફરી એ એના ખીસામાં ભરવા માંડયું. એ 'ના ના' કહેવા લાગ્યો, કારણકે એના મનમાં એવી ભાવના ઉત્પન્ન થઈ હતી કે પોતે ગુનેગાર છે. મેં કહ્યું: "તને આ વસ્તુઓ બહુ ગમે છેને? તો લઈ જા. તારે ઘેર સાચવીને મૂકજે, હો! ને કાલે આવતી વખતે લઈ આવજે."

બચુ તે જ દિવસથી વસ્તુઓ લઈ જવાનું ભૂલી ગયો છે, અને લઈ જાય છે તો મને બતાવે છે.

તા.

કેમ બેસાડવાં

શાળામાં બાળકોને કેમ બેસાડવાં એનો વિચાર કર્યા વિના ચાલે એમ નથી. અત્યારની શાળામાં ઓરડાની ત્રણ દીવાલોને પડખે બાળકો પાટલી અગર ભોંય પર બેસે છે, અને ચોથી દીવાલ આગળ શિક્ષકનાં ખુરશી ટેબલ હોય છે. બેસાડવાની આ જૂની રીત ખોટી છે. ભણાવનારની નજર એકીસાથે બધાં બાળકો પર પડતી નથી. વારંવાર તેને જમણેથી ડાબે અને ડાબેથી જમણે અને વચ્ચે વચ્ચે સામે જોવું પડે છે. છોકરાઓ તોફાની હોય તો શિક્ષક જ્યારે એક બાજુ જુએ ત્યારે બીજી બાજુના છોકરાઓ તોફાન કરે છે, અગર શિક્ષકના ચાળા પાડે છે કે મોં દબાવીને હસે છે.

આ રીત બદલીને બધાં બાળકોને અર્ધ વર્તુળાકારે બેસારવાથી ઠીક પડશે; ને મોટા અર્ધ વર્તુળની અંદર નાનું અર્ધ વર્તુળ, અને તેની અંદર નાનું, એમ અર્ધ વર્તુળાકારે બાળકોને ગોઠવવાથી બધાં બાળકો શિક્ષકની દૃષ્ટિમાં એકીસાથે આવશે. આ ફેરફાર કરવામાં બાંકડાને રજા આપવી પડશે. પણ તેમ કરવામાં શો વાંધો છે? બરી રીતે બાંકડા કરતાં તો ભોંય પર બેસવું સારું છે. બેસી બેસીને થાકી જવાય એવા બાંકડા ઉપર બેસવું એ એક પ્રકારની શિક્ષા પણ છે. બાંકડા પર બેસવાથી શરીર ટટ્ટાર રહે અને મગજમાં સ્ફૂર્તિ આવે એ ભ્રમ છે. બાંકડા પર ટટ્ટાર બેસી રહેવાથી થાક અને કંટાળો આવે, અને તેથી છોકરાઓ બેચેન બને અને તેથી ધક્કાધક્કી કરે અગર કાગળના ડૂચા ફેંકે, તો તેમાં બહુ નવાઈ નથી. આપણા દેશમાં જમીન પર બેસવાનો રિવાજ છે. જમીન પર બેસાડવા એ સારું છે. અલબત્ત જમીન ચોખ્ખી, સ્વચ્છ જોઈએ. તેનાથી ભેજ ન લાગે તેવી જોઈએ. બહુ તપી જાય તેવી પણ ન જોઈએ. બાંકડાવાળી નિશાળમાં જમીનના અવગુણો ઢંકાઈ જાય છે, છતાં તેનાં બરાબર ફળ તો બાળકોને મળે જ છે. દાખલા તરીકે બાંકડાવાળી નિશાળમાં નીચે કચરો બરાબર ન વળાય તો ધૂળ અને ગંદકી ભેળાં થાય, અને એ આખરે નુકસાનકારક તો છે જ.

બેસાડવાની બાબતમાં એક બીજી વાત ધ્યાનમાં રાખવા જેવી છે. જે બાળકો-વિદ્યાર્થીઓ ટૂંકી નજરવાળા હોય, કાને ઓછું

સાંભળતા હોય, તેમને શિક્ષકની નજીક બેસાડવા જોઈએ. તેઓ પાટિયામાંથી વાંચી શકે અને શિક્ષકને સહેલાઈથી સાંભળી શકે તેમ બેસા-રવા જોઈએ. નાનાં છોકરાંને પોતાને પૂરે-પૂરી ખબર પણ પડતી નથી કે પોતે ઓછું સાંભળે છે કે કેમ, અગર પોતે જુએ છે તેટલું જ બસ છે કે કેમ. તેઓને કંઈક અગવડ તો લાગે છે પણ તે અગવડ સહજ ગણીને તેઓ ચલવી લેતાં હોય છે. એટલે તેમને એની ખબર પણ પડતી નથી કે પોતાનામાં કંઈક ખામી છે અને તેને લીધે તેમને મુશ્કેલી પડે છે. પણ સાંભળવામાં કે જોવામાં તેમનું કામ બરાબર નથી થતું તે તેઓ અનુભવે છે, અને ગોટવાય છે.

આવાં કઈક બેરાં તથા ટૂંકી નજરવાળાં બાળકોને શિક્ષક ધ્યાન રાખે તો શોધી કાઢી શકે છે. ઉપરાંત દાક્તરી તપાસથી આ બધી બાબતો તુરત જડી આવી શકે. દાક્તર અને શિક્ષકોના એકમતે બાળકની મુશ્કેલી સમજ્યા પછી બાળકને કેવી રીતે બેસાડવું કે તેને વધારે સગવડ મળે તથા તેની મુશ્કેલી દૂર થાય, તે જોવાનું કામ શિક્ષકનું છે.

કાને બહેરાં બાળકોના ચહેરા ઉપર ભાવ-રહિતપણું દેખાય છે. ટૂંકી નજરવાળાંનો દેખાવ જ પકડી શકાય તેવો છે; તેમને પડતા શ્રમને લીધે તેમના ચહેરા ઉપરની પ્રસન્નતા અને સમતોલતામાં તફાવત પડે છે. કુશળ શિક્ષક આ પારખીને તેનો ઉપાય કરી શકે છે.

બેઠક વિષે આટલું ઘણું છે. ગિ.

નૂતન ગણિતશિક્ષણ

(અનુસંધાન અંક ૬ પાને ૯૫ થી)

હજારની સાંકળ વડે આપવાનો પાઠ ખૂબ જ મહત્ત્વનો છે. આપણે બધા હજાર, લાખ, કરોડ, અબજ એ બધી સંખ્યાઓ બોલીએ છીએ ખરા, પરંતુ આપણી કલ્પનામાં એ વસ્તુ પ્રત્યક્ષ થતી નથી હોતી. આપણે મન હજાર અને અબજ એ માત્ર શબ્દો જ છે. હજાર મોતી લઈએ તો આટલાં થાય અને અબજ મોતી એટલે અધધ આટલાં બધાં, એનો આપ-ણને કોઈ દિવસ ખ્યાલ જ આવેલો હોતો નથી. આ બાબતમાં મોટેરાંઓની દશા પણ નાનાં બાળકોના જેવી જ હોય છે. નાનાં બાળકોને જેમ સંખ્યાનો ખ્યાલ હોતો નથી અને તેથી તેઓ જેવી રીતે લાખ, કરોડ એ શબ્દો જ વાપરે છે પણ એની પાછળની સંખ્યાની એમને કલ્પના પણ નથી હોતી, તેના જેવી મોટેરાંની દશા હોય છે. આથી કરીને આપણને ગણિતમાં જેવો જોઈએ તેવો રસ આવતો નથી; અને આપણે માટે ગણિતશિક્ષણ એ સંખ્યાઓનું શિક્ષણ હોવાને બદલે શબ્દોનું શિક્ષણ બની રહે છે.

આ પરિસ્થિતિ ટાળવા માટે આ હજા-રની સાંકળનો પાઠ હોય છે. એક મોતી, દસ મોતીની સળી, સોની સાંકળ અને હજારની સાંકળ, એ બધાં એક સાથે મૂકીને બાળકોને ગણવાનું કહેવું. બાળક એની સાથે ખૂબ રમેલું હોવાથી અને એને ગણતરી કરવામાં કંઈ જ મુશ્કેલી આવશે નહિ. જો બાળક ગણવા બેસે તો એને એ શાંતિથી ગણવા દેવું. પાઠ આપવા

માટે સહેજ પણ ઉતાવળ નહિ કરવી. બાળકના ખ્યાલમાં આ સાંકળની ગણતરી બરાબર આવી ગયેલી હોવી જોઈએ. બધી ગણતરી બરાબર થયા પછી એક મોતી અને હજારની સાંકળ રહેવા દેવી. પછી સોગઠનનાં ત્રણ પદ પ્રમાણે પાઠ આપવો. એક મોતી સામે આંગળી ચીંધી કહેવું, "એક." હજારની સાંકળ સામે આંગળી ચીંધી કહેવું, "હજાર." પછી પૂછવું: "એક બતાવો." "હજાર બતાવો." અને છેલ્લે કહેવું, "આ કેટલા?" "આ કેટલા?" આ પ્રમાણે બાળકના ખ્યાલમાં એક અને હજારની કલ્પના બરાબર આવશે. પણ એના કરતાંયે વધારે મહત્ત્વની વસ્તુ તો એ છે કે એક કરતાં હજાર કેટલા બધા છે, એ બેનો સંબંધ કેવો છે, એની કલ્પના પણ બાળકને આવશે. આવી જ રીતે દશની સળી અને હજારની સાંકળ પડખે પડખે મૂકી એનો પણ પાઠ આપવો. આમ કરીને બાળકને દશ અને હજારનો સંબંધ કેવો છે, એટલે હજાર દશ કરતાં સોગણા છે એનો ખ્યાલ આવશે. એવી જ રીતે સોની સાંકળ અને હજારની સાંકળ પડખે પડખે મૂકીને બાળકને એનો પાઠ આપવો. અને છેવટે એક, દશ, સો અને હજાર સાથે સાથે મૂકીને એ બધાનો પાઠ આપવો. આ રીતે બાળક પાસે એક, દશ, સો અને હજારનો પરસ્પર શો સંબંધ છે તેનો ખ્યાલ આવશે. આ વસ્તુ બાળકને પ્રત્યક્ષ થવાથી એના મગજમાં આ બધાની કલ્પના સ્પષ્ટપણે આવે છે. એને થાય છે કે હજાર એટલે કેટલા બધા! એક મોતી તો ઓશરીમાં બરાબર નજરમાં પણ આવતું નથી, જ્યારે હજાર મોતીની સાંકળ તો પોણી ઓશરી સુધી પહોંચી જાય છે, એ વસ્તુ એને બરાબર સમજાય છે.

હજારનો આ પ્રત્યક્ષ પાઠ બાળકને આગળની લાખ, કરોડ, અબજ વગેરે સંખ્યાઓની કલ્પના કરવા માટે ખૂબ જ મદદગાર બને છે. આ પાયા ઉપર બંધાયેલી કલ્પનાને વાસ્તવિકતાનો આધાર મળે છે. સાચી કલ્પના માટે આવા વાસ્તવિકતાના પાયાના આધારની જરૂર રહે છે. મેડમ મોન્ટીસોરી સાચી કલ્પનાની સમજણ આપતાં જણાવે છે કે કોઈ પણ સાચી કલ્પના માટે વાસ્તવિકતાના આધારની જરૂર છે. એને માટે એ એરોપ્લેનનો સુંદર દાખલો આપે છે. તે કહે છે કે કોઈ પણ એરોપ્લેનને હવામાં ઊડવું હશે તો એને પહેલાં જમીન ઉપર ચાલીને પછી જ હવામાં ઠેકડો મારવો પડે છે; તેવી જ રીતે કોઈ પણ કલ્પના વાસ્તવિકતાનો આધાર નથી હોતો તે તરંગ જ ગણી શકાય; એને કલ્પનાનું નામ આપી ન શકાય.

આ પ્રમાણે બાળકને મોટી મોટી સંખ્યાઓનો બરાબર ખ્યાલ આવે તે માટે આ હજારની સાંકળના પાઠની ખૂબ આવશ્યકતા છે. એના આધાર ઉપર જ બાળક આગળની સંખ્યાઓની કલ્પના કરી શકે. એમાં એક મોતી અને સોની સાંકળની વચ્ચે જે સંબંધ છે તે જ સંબંધ હજારની સાંકળ અને લાખ વચ્ચે છે. જેવી રીતે સોની સાંકળ એક કરતાં સોગણી છે, તેવી જ રીતે લાખ એ હજાર કરતાં સોગણાં છે. આ કલ્પના બાળકે પોતે એકનો અને સોનો સંબંધ પ્રત્યક્ષ જોવો હોય છે એટલે એ કરી શકે છે. એની પાસે જો એ સંબંધ પ્રત્યક્ષ થયો

ન હોય તો એની કલ્પના અધૂરી અથવા ભૂલ-ભરેલી જ રહેવાની છે. એવી જ રીતે બીજી સંખ્યાઓનો (કરોડનો અને અબજનો) એક-બીજા સાથે કેવો સંબંધ છે એની બાળક કલ્પના કરી શકે છે.

હવે આપણે આગળ ચાલીએ. બાળકને હવે ૧૦૦૦, ૨૦૦૦, ૩૦૦૦ વગેરેનો ખ્યાલ આપવાનો છે. આને માટે ૧૦૦૦, ૨૦૦૦ એમ ૯૦૦૦ હજાર સુધી લખેલાં લાંબાં પૂંઠાં હોય છે. જેવાં ૧૦૦, ૨૦૦, માટે લખેલાં પૂંઠાં હોય છે તેવાં જ આ પૂંઠાં હોય છે; એટલે આ પૂંઠાંનો આખો સેટ આ પ્રમાણે હોય છે. ૧૦૦૦ થી ૯૦૦૦ સુધીનાં લાંબાંમાં લાંબાં પૂંઠાં; ત્યાર પછી ૧૦૦ થી ૯૦૦ સુધીનાં એના કરતાં એટલાં ટૂંકાં પૂંઠાં કે આપણે ૧૦૦૦ ના પૂંઠા ઉપર ૧૦૦ નું પૂંઠું મૂકીએ તો ૧૧૦૦ એવી સંખ્યા બની રહે. ત્યાર પછી ૧૦ થી ૯૦ સુધીનાં પૂંઠાં એ ૧૦૦ના કરતાં એટલાં ટૂંકાં પૂંઠા કે આપણે હજાર અને સોના પૂંઠા ઉપર ૧૦નું પૂંઠું મૂકીએ તો ૧૧૧૦ એ પ્રમાણેની સંખ્યા બની રહે. અને ત્યાર પછી ૧ થી ૯૦ સુધીનાં એટલાં પૂંઠાં કે આપણે ૧૦ના પૂંઠા ઉપર ૧નું પૂંઠું મૂકીએ તો ૧૧૧૧ એવી સંખ્યા બને. આ પૂંઠાંની મદદથી આપણે ૯૯૯૯ સુધીની કોઈ પણ સંખ્યા બનાવી શકીએ.

આ પ્રમાણે બાળક પાસે ૯૯૯૯ સુધીની સંખ્યાનું જ્ઞાન આવે છે. પણ આ ૧૦૦૦ થી ૯૦૦૦ સુધીની સંખ્યા માટે આપણે બાળકને હજારની મોતીની ૯ સાંકળો આપવાની જરૂર છે ખરી? બાળકને આપણે કયાં સુધી પ્રત્યક્ષ વસ્તુઓ આપવી અને કઈ જગ્યાએથી સ્થૂળ-માંથી સૂક્ષ્મમાં લઈ જવું, આ વસ્તુ વધારે વિચારણા માગી લે છે, એટલે એને આગળ ઉપર રાખીએ. [અપૂર્ણ.] શ.

બાલઅધ્યાપનમંદિર સમાચાર, રાજકોટ

માસ સપ્ટેમ્બર ૧૯૩૮ના વ્યાખ્યાતાઓ

શ્રી. ગિજુભાઈ, આચાર્ય, બાલઅધ્યાપનમંદિર; શ્રી. શિવચરણદાસજી; શ્રી. સોમાભાઈ ભાવસાર; શ્રી. પ્રતાપરાય પારેખ; શ્રી કાંતિલાલ કારિયા; શ્રીમતી મૃદુલાબેન સારાભાઈ; શ્રી. નરેન્દ્ર અધેકા; શ્રી. વિષ્ણુદત્ત શર્મા; શ્રીમતી રાજકુમારી અમૃતકુંવરબેન; શ્રીમતી શાંતાબાઈ ભાલેરાવ; શ્રી. નાનાલાલભાઈ; શ્રી. પ્રભુલાલ ધોળકિયા; શ્રી આયરીશ મિશનના પાદરીસાહેબ.

બહારથી આવનારા માનનીય મહેમાનો

૧ રાજકુમારી અમૃતકુંવરબેન
પ્રમુખઃ અખિલ હિંદ મહિલામંડળ.

૨ શ્રી. શાન્તાબાઈ ભાલેરાવ
મંત્રીઃ અખિલ હિંદ મહિલામંડળ.

૩ શ્રી. પ્રભુલાલ જ. ધોળકિયા
નિયામક, સરસ્વતી સદન, સદનવાડી.

૪ શ્રીમતી મૃદુલાબેન સારાભાઈ
સંચાલકઃ જ્યોતિસંઘ.

૫ શ્રી આયરિશ મિશનના પાદરીસાહેબ.

પ્રશ્નપત્ર ત્રીજો

[વસંત બાલશિક્ષણ પ્રચારમાળા ગુચ્છ ૧લો.]

૧ નીચેનું સમજાવોઃ—પ્રબોધક સાહિત્યો, કિંડરગાર્ટન, માનસશાસ્ત્ર, વાસ્તવિકતા, કલ્પના, જિજ્ઞાસા, પ્રેરણા, શિક્ષણશાસ્ત્ર, વસંતબાલ-

શિક્ષણ પ્રચારમાળા.

૨ નીચેના શબ્દોના માત્ર અર્થ જ આપો:—
પદ્ધતિ, શાસ્ત્ર, અભિમુખતા, પરિચય, પરિસ્થિતિ, પ્રિય, પ્રવૃતિ, માન્યતા, દૃષ્ટિ, પ્રચલિત.

૩ નીચેનાં વાક્યો સમજાવો:—
ક માતા ધાવણ વાટે મનુષ્યપ્રેમને બાળકમાં ઉતાર્યા કરે છે. (બાળકોનો ખોરાક, પાનું ૨૨૫.)
ખ પ્રવૃત્તિ પછીનો આરામ એ આળસ નથી. (બાળકોની કુટેવો, પાનું ૨૬૩.)
ગ પ્રત્યેક પ્રેરણા સહેતુક છે ને બીકની પ્રેરણા જીવનરક્ષણ માટે છે. (બાળકોનું બીવું, પાનું ૧૩૫.)

૪ આ બાબત ઉપર વિવેચન લખો: —(પુસ્તક બાલજીવનમાં ડોકિયું. કૌંસના આંકડા પુસ્તકનું પાનું બતાવે છે.)
ક જમનાનો અખોટ (૨૧); ખ મંદિરનાં દર્શને (૧૮); ગ કીડીનું અવલોકન (૨૩); ઘ ભાનુ ને તેની બા (૨૨); ચ ઠોઠ સગુણ (૧૭).

૫ કોઈ પણ શિક્ષણના ત્રણ વહેમો વિષે ટૂંકી નોંધ લખો.

૬ નીચેની બાબતમાં તમે શું ધારો છો?:—
ક બાળકોને આયાના હાથમાં સોંપવા વિષે.
ખ નોકરોના હાથમાં સોંપવા વિષે.
ગ બળિયા કઢાવવા વિષે.
ઘ શીતળા માતાની શક્તિ વિષે.
ચ બાળકને માટે ખાસ એકાંત ઓરડા વિષે.

૭ તમે પોતે પોતાની દૃષ્ટિએ બાલજીવનમાં બેચાર ડોકિયાં લખો.

૮ કોઈ બાળકમાં કૂતરાની કે બિલાડીની બીક પેસી ગઈ હોય તો કેમ કાઢવી?

૯ તમે તમારા બાળકને કેવાં રમકડાં આપશો? અને બાલમંદિરમાં મોકલતી વખતે કેવાં કપડાં પહેરાવશો?

૧૦ આ લોકો કોણ છે અને તેમણે શું કર્યું છે તે ટૂંકામાં લખો:—
ક ફ્રોબેલ; ખ ડૉ. મોન્ટીસોરી.

નોંધ:—

૧ ઉપરના દસ પ્રશ્નોમાંથી ગમે તે પાંચ પ્રશ્નોના ઉત્તર આપો.

૨ પ્રશ્ન લખતી વખતે પાઠ્યપુસ્તક વાપરવું.

પ્રશ્નપત્ર ચોથો

[ભૂગોળ]

૧ શિક્ષણમાં નકશાનું મહત્ત્વ સમજાવો.

૨ તમે જે કોઈ ઠીક ઠીક મોટો એવો પ્રવાસ કર્યો હોય તે નકશાથી બતાવો.

૩ ભૂગોળના અભ્યાસમાં આજની દૃષ્ટિએ કઈ કઈ વસ્તુઓનો સમાવેશ કરવો?

૪ સમજાવો:—
સ્તૂપ, ગ્લેશિયર, મિનારો, નહેર, બીણ, જળધોધ, ભૂકંપ, રણ.

૫ ક્યાં છે અને શું છે?
ઇમામબારા, તાજમહાલ, રાક્ષસતાલ, નાયેર, ગિરનું જંગલ, બહુચરાજી, મણિકર્ણિકાઘાટ, હરકીપૌંડી, કનખલ, સરયુ, શૃંગેરીમઠ, પોંડીચેરી, શેગાંવ, ગુરગાંવ, મોગા, દક્ષિણામૂર્તિ, માધાવાવ.

૬ એમની જન્મભૂમિ ક્યાં છે?
દયાનંદ સરસ્વતી, સ્વામી રામકૃષ્ણ, નરસિંહ મહેતો, જયકૃષ્ણ ઇંદ્રજી, ઝંડુ ભટજી,

જેસલ તોરલ અને સહજાનંદ મહારાજ.

૭ ગમે તે એકાદ મોટી નદીની લંબાઈ, તે ઉપરનાં શહેરો, નદીની ઉપયોગિતા, નદીનાં જળ, નદીનું સૌંદર્ય ઉપર લખો.

૮ પનામા નહેર, સુએજ નહેર, પૂલ, સક્કર બરાજ, નાયગ્રા ધોધ, આમાઝોન નદી ઉપર ટૂંકી નોંધ લખો.

૯ નીચેના પત્રોનાં સ્થળો લખોઃ—
હરિજનબંધુ, સૌરાષ્ટ્ર શિક્ષક, ગુણસુંદરી, બાલમિત્ર, બાલજીવન, ગાંડીવ, બાલસભા, કુમાર, લોકવાણી, ચરોતર.

૧૦ પાળિયાદનો ધરતીકંપ, વલ્લભીનાં ખંડેરો, તળાજાની ટેકરી (તાલધ્વજગિરી)ની નોંધ લખો.

નોંધઃ—
દસમાંથી સાત પ્રશ્નોના જવાબો લખો. કોઈને પૂછીને અભ્યાસ કરીને પ્રશ્નપત્રના ઉત્તરો આપી શકાશે. ઉત્તરો લખનારે ઉત્તરનું સાધન શું છે તે લખવું.

શિક્ષણ સમાચાર

—ધર્મજ. બાલમંદિરના આચાર્યપદેથી શ્રી. આશાભાઈ પટેલ છૂટા થયા અને તેમને બદલે શ્રી. ચંદુભાઈ પાઠક નિમાયા.

—મુંબઈ. ઇંગ્લાંડનો ઇતિહાસ. લેખક, નાનુભાઈ કું. દેશાઈ; પ્રકાશક, લોંગમેન્સ ગ્રીન એન્ડ કુંપની.

—કરમસદ. શ્રી નૂતન બાલસંઘ ખૂલ્યો. સંચાલક શ્રી. આશાભાઈ પટેલ.

—રાજકોટ. શ્રી. પ્રેમજી ઠક્કરે રાજકોટ બાલઅધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓ સમક્ષ "શ્રી દક્ષિણામૂર્તિ બાલઅધ્યાપનમંદિરનો મારો અનુભવ" નામનું વ્યાખ્યાન આપ્યું.

—નડિયાદ. ભક્તનાં કાવ્યો; લેખક તથા પ્રકાશક, મુળજીભાઈ ભક્ત.

—અધ્યાપનમંદિર, રાજકોટ. પરીક્ષાઓઃ સપ્ટેમ્બરમાં બે પરીક્ષાઓ લેવાઈ ગઈ છે; બે નિબંધો પડી ચૂક્યા છે. ફરજિયાત નિબંધનો વિષય 'મારી ભાવિ યોજના' નક્કી કરવામાં આવ્યો છે. બાળનાટકો અને ઉત્સવો બે ઉજવાયા; નવરાત્રના ઉત્સવો પણ ઉજવાયા.

રાજકોટ બાલઅધ્યાપનમંદિર
એક દુઃખદ અવસાન

અધ્યાપનમંદિરનાં એક વિદ્યાર્થિની બેન દિવાળીબેન ગયા અઠવાડિયામાં ટાઇફોઇડની બીમારીથી ગુજરી ગયાં. તેમની પાછળ તેમણે એક બાળક મૂકેલું છે. દુઃખમાં જન્મ્યાં, દુઃખમાં મોટાં થયાં ને વૈધવ્યનું દુઃખ સહેતાં સહેતાં ગુજર્યાં. તેઓ કચ્છ લોહાણા કેળવણી ખાતામાં નોકરી કરતાં હતાં. તેમના આત્માને શાંતિ હો! ગિજુભાઈ.

વાર્ષિક લવાજમ એક રૂપિયો. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
આ શિક્ષણ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. બી ભાલાઈ ગોપાળજીએ છાપી,

શિક્ષણ પત્રિકા

(ગોન્દીગોથી સંઘ)

વર્ષ ૧૩ મું
સંવત ૧૯૯૫

અંક ૯ મો
કાર્તિક

:તંત્રીઓ:

ગિજુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

શિક્ષકોને તૈયાર કરવા એટલે પ્રથમતઃ તેમનામાં શ્રદ્ધા પેદા કરવી. જે શિક્ષકમાં શ્રદ્ધા હશે તે ઓછી બુદ્ધિવાળો હશે તોપણ તે શીખી શકશે.

ગમે તેટલી બુદ્ધિવાળો શિક્ષક શ્રદ્ધા-રહિત હશે, અને ગમે તેટલી તેની પાછળ મહેનત લેવામાં આવશે તોપણ તે વૃથા જશે.

અભ્યાસનો પ્રાણ શ્રદ્ધા છે. અભ્યાસની કરોડ શ્રમ છે.

શ્રમ અને શ્રદ્ધા વડે કઠિનમાં કઠિન અભ્યાસ સાધ્ય છે.

શિક્ષણ પત્રિકા

વર્ષ ૧૩] કાર્તિક ૧૯૯૫ [અંક ૯

અ ન ને।

પ્રમાણિક શિક્ષકનું સ્થાન ઘણું ઊંચું છે. પણ એકલા પ્રમાણિકપણાથી શિક્ષણનું કાર્ય શક્ય નથી. શિક્ષણશાસ્ત્રના જ્ઞાન અને કળાના ઉપાસક શિક્ષકમાં જ પ્રમાણિકપણાનું સાચું મહત્વ મૂલ્યવાન નીવડશે.

: ૨ :

જે જાણતો નથી તે શીખવી નહિ શકે.

: ૩ :

કહી બતાવવું અને કરી બતાવવું એમાં લાખ ગાડાંનો ફેર છે. શેઠ કહે અને નોકર કરી બતાવે. પણ શિક્ષક જ્યારે કરી બતાવે ત્યારે વિદ્યાર્થી કહી અને કરી બતાવી શકે.

: ૪ :

ચલાવી લેવું એ પણ એક પ્રકારની અનીતિ છે.

: ૫ :

ચાલ્યું જવા દેવું એ પણ અનીતિ જ છે.

: ૬ :

ખુશામત અને ખોટો જશ ખાટવાની બુરી આદતથી શિક્ષક હમેશ ઝાંખો પડી જાય છે.

: ૭ :

નાગડદા માણસને કદાચ કામ કરવાનું આવે છે તો થોડામાં થોડું કરી વધારેમાં વધારે કર્યાનો ડોળ કરે છે. વળી તે બીજા પાસે વધારે કામ કરાવી પોતે તે કામ કર્યાનો જશ લે છે.

નાગડદો માણસ પોતાની કુટિલ રીતિનીતિમાં પકડાય છે ત્યારે તે બચાવ શોધી ક્ષમા માગે છે અને રડે પણ છે.

કેમકે નાગડદો એક પ્રકારનો ગુંડો છે. અને દરેક ગુંડા પેઠે નાગડદો પણ આખરે ડરપોક જ હોય છે.

: ૮ :

કેળવણીકાર પ્રયોગશાસ્ત્રી અને ફિલસુફ છે. તે સ્વતંત્ર હોવો જોઈએ. તેના ઉપર સરકારનો અંકુશ તેની વિચારણા અને ક્રિયાને મર્યાદિત કરે છે.

: ૯ :

કેળવણીના કામને પરાધીનતામાં રાખવાની જ્યારથી શરુઆત થવા માંડે છે, ત્યારથી પરાધીન રાખનાર સરકાર કે પ્રજા ગુલામીની બેડીઓનું કારખાનું ઉઘાડે છે.

અ • નુ • ક્રે • મ

૧ મનનો . . . ગિ. ૧૩૮
૨ બાલમંદિરની ભાવિ . . ૧૩૯
આકાંક્ષા . . . ગિ.
૩ આભાર. . . . તં. ૧૩૯
૪ બાળકેળવણી-કેટલીક . .
મૂળભૂત વાતો . . ન. ૧૪૦
૫ મોપાટ . . . ગિ. ૧૪૧
૬ બાલમંદિરમાં . . શં ૧૪૩
૭ વ્યાકરણ શિક્ષણ . સો. ૧૪૪
૮ ફાલ આવ્યો . . શં. ૧૪૬
૯ બાલઅધ્યાપનમંદિર, .
રાજકોટ, સમાચાર . . ૧૪૭
૧૦ છેલ્લા અ.મં.માં પ્રમાણપત્ર માટે
લખાયેલાં પુસ્તકોની યાદી ૧૫૧
૧૧ હવે શું કરવું ? . ગિ. ૧૫૨
૧૨ શિક્ષણ સમાચાર . તં. ૧૫૨

બાલમંદિરની ભાવિ આકાંક્ષા

"બાલમંદિરની આકાશ જેટલી ઊંચી આકાંક્ષાઓ ઊભી જ છે. જ્યાં સુધી રાજાના કુંવરો યુરોપિયન આયાને ખોળે, પ્રજા જીવનની સાત ગાઉ દૂર મખમલના ગલીચા ઉપર પરભાષા અને પરદેશી આચારવિચારનું શિક્ષણ લે છે, અને અધિકારને પદેથી ગુલામીની કેળવણી લે છે, જ્યાં સુધી શ્રીમંતોના પુત્ર પુત્રીઓનું શિક્ષણ મોટા પગારના પણ ભાડુતી શિક્ષકોને હાથે અપાઇ બાળકોમાં મોટાઈ અને ખાનદાનીની અસ્પૃશ્યતા ઊભી કરે છે, અને શિષ્ટતાને નામે પોતાના જેટલા દંભી અને ડોળી બનાવવા માટે શિક્ષકો અને પૈસાને વાપરે છે ત્યાં સુધી આ બાલમંદિરના પ્રયોગો નિરર્થક છે.

જ્યાં સુધી મધ્યમ વર્ગનાં બાળકો આજની ક્ષયોત્પાદક, બુદ્ધિનાશક, પ્રાણહારક ને જીવનનાશક શિક્ષણપદ્ધતિમાંથી મુક્ત થાય નહિ, જ્યાં સુધી આજની શાળા, શિક્ષક, સત્તા અને માબાપ, ગુલામો ઉત્પન્ન કરવાનું મક્કમ, સર્વાંશે એકદિલ અને પરિણામથી સફળ કાવતું કરતાં અટકે નહિ; જ્યાં સુધી ખીલતાં બાળપુષ્પોનું, બાળસર્જનનું, જીવન હક્કનું ખૂન કરતી આજની શાળાઓ રાજાશ્રય, વિદ્વદાશ્રય અને પ્રજાશ્રય નીચે સત્યનો ઉપહાસ કરતી જહોજલાલી ભોગવતી અટકે નહિ, ત્યાં સુધી અહીંના પ્રયોગો નિષ્ફળ છે.

જ્યાં સુધી મીલ મજુરોનાં બાળકો કેળવણીના પૈસા વિના રેઢાં રખડતાં રસ્તે પડેલાં બીડીનાં ખોખાં પીએ છે; જ્યાં સુધી વાઘરી કોમનાં બાળકો ગાળાગાળી અને અસભ્ય વર્તનથી ભરેલાં છે; જ્યાંસુધી ગામડાનાં બાળકો અજ્ઞાન, આળસ અને ભૂખમરામાં સબડે છે અને વેપારીઓના પરંપરાગત ગુલામીખતમાં નામ નોંધાવી દારૂ અને દેવાદારીનું શિક્ષણ બચપણથી લે છે; અથવા આરોગ્ય, સાદાઈ અને ગ્રામસમૃદ્ધિના સંતોષના સ્વાભાવિક વારસાને છોડી શહેર શિક્ષણના આગિયા મોહમાં કારકુની શિક્ષણ લેવા દોડે છે, અને જ્યાંસુધી ઢેઢ ભંગીનાં બાળકો જનતાથી, મનુષ્ય જીવનથી અને કેળવણીથી દૂર પડી પશુજીવનની કક્ષાએ જીવે છે, ને એ રીતે શિષ્ટ મનુષ્ય જીવનના, ધર્મના અને ધનના શરમરૂપ ભંગીવાડામાં ઉત્તમ શાળાને અભાવે ઉછરે છે, ત્યાં સુધી અહીંના પ્રયોગ ઝાંખા છે, અહીંની શક્તિનો દુર્વ્યય છે, અહીંનો ધનવ્યય પાપરૂપ છે!"

ગિ.

આ ભા ર

શ્રી. મનોરદાસ નારણદાસ નાણીએરવાળા મુંબઈ, તરફથી રૂા. ૨૬) ધંધુકા તાલુકાની શાળાઓને મફત શિક્ષણ પત્રિકા મોકલવા મળ્યા છે.

બીજા ભાઈઓ પણ આવી રીતે શિક્ષકો માટે પત્રિકા મોકલવાના કામમાં સહાય આપી આભારી કરશે એવી આશા રાખીએ છીએ.

તંત્રીઓ.

બાળકેળવણી—કેટલીક મૂળભૂત વાતો

બાળકેળવણીના ક્ષેત્રમાં અત્યારે ઘણી જુદી જુદી જાતના વિચારો અને મંતવ્યો પ્રસરી રહ્યાં છે. દરેક માણસ એ વિષયનો મહાન જ્ઞાતા હોય એવી રીતે પોતાનો મત આપે છે. જુદા જુદા વિષયોમાં તો જે નિષ્ણાતો હોય તેઓ જ અભિપ્રાય આપી શકે છે. જેમ કે ડોકટરીની બાબતમાં રસ્તે ચાલતો માણસ જે સલાહ આપે તે આપણે ગ્રહણ કરતા નથી. માત્ર બાળકેળવણી જ એક એવો વિષય છે કે જેમાં બધા લોકો પોતાનું ગાથું મારી શકે છે. અને એને લીધે જ એ વિષયમાં ઘણી અંધાધૂંધી ફેલાયેલી છે.

એવી જ રીતે બાળકો વિષે ઘણી ગેરસમજ ફેલાયેલી છે. બાળકો નાનાં, નાજુક, અને નબળાં છે, અથવા તો તેમની ભાષા અસ્પષ્ટ અને કાલી છે, એવા બધા ખોટા ખ્યાલોથી મોટાંઓનાં મગજ ભરેલાં રહે છે. આવા ખોટા ખ્યાલોને મૂળભૂત પાયામાં રાખીને બાળકોને કેળવવાની ઘણી પદ્ધતિઓ, તરકીબો અને નુસ્ખાઓ શેધી કઢાયા છે. વળી બાળકના મન અને મનોવ્યાપારના અનર્થો કરીને એના પાયા ઉપર મોટી પદ્ધતિની ઈમારતો ચણાઈ છે.

બાળક બીએ છે, બીકથી આપણે તેની પાસે જે ધારીએ તે કઢાવી શકીએ છીએ; એ હકીકત ઉપરથી બાળકને ભણાવવામાં શિક્ષા (શારીરિક punishment) ની રીત આવી. અલબત્ત જરાક જ વધુ ધ્યાનપૂર્વક વિચાર કરવામાં આવે તો આપણને તરત જ ખ્યાલ પડે કે એ કેટલી ખરાબ વસ્તુ છે!

આવી બધી પરિસ્થિતિમાં બાળકો વિષે આપણે કાંઈ પણ ભલું કરવા માગતા હોઈએ તો આપણે આપણા જીવનમાં કેટલાક નક્કી સિદ્ધાંતો રાખવા જોઈએ. જેમાંના થોડા હું આજે તમારી સમક્ષ મૂકીશ.

૧. બાળકોને કદી કોઈ પણ પરિસ્થિતિમાં શારીરિક શિક્ષા ન કરવી જોઈએ. શારીરિક શિક્ષાથી બાળક કદી પણ સુધરતું નથી, ઊલટું બગડે છે. શરીર શિક્ષા કરવાથી જ્ઞાન કે બુદ્ધિમાં કાંઈ વધારો થતો નથી. એ થતું હોય તો તો બાળકને જન્મથી જ માર મારવા કરવો અને એનું પરિણામ જોવું. પરિણામે અલબત્ત બાળક બગડી જ જવાનું.

૨. બાળકને ભય કે લાલચ કદી ન બતાવવાં. ભય એ માણસ જાતની સુખાકારી અને આનંદનો મોટામાં મોટો શત્રુ છે. નાનપણમાં બિલાડી, ભૂત, પોલિસથી બીધેલ બાળક મોટપણે રાજા, ખોટા બાવા, સાધુ, ધર્માંધતા, અને એવી ઘણી બાબતોથી બીતો બને છે. એનું મન ગુલામી મન થઈ જાય છે. માણસની નિર્ભયતામાં જ એનું સર્વસ્વ રહેલું છે. લાલચ પણ એવી જ ખરાબ વસ્તુ છે. કોઈ પણ કામ અમુક બદલો મળશે એવી આશાથી કરનારને કામમાં રસ રહેતો નથી. કામનો બૌદ્ધિક કે આધ્યાત્મિક આનંદ એને માટે રહેતો નથી. નાનપણમાં સાકરના એક ટુકડા માટે જે બાળક જૂઠું બોલે છે તે મોટપણમાં જમીનના એક ટુકડા માટે પોતાનો દેશ, જાત,

સ્વમાન અને આત્મા વેચી શકે છે. લાલચ માણસના આત્માને હીન બનાવે છે.

૩. બાળકોનું સન્માન કરવું જોઈએ. તેમને માત્ર શરીરમાં નાનાં હોવાથી જ આપણે ઘણો અન્યાય કરી બેસીએ છીએ. પણ આપણે ભૂલવું ન જોઈએ કે એ નાનાં શરીરોમાં પણ આપણી જેવો જ આત્મા અને મન રહેલાં છે.

આપણા હમેશના વ્યવહારમાં આપણે બાળકો સાથે સભ્યતા અને શાંતિથી કામ પાડવું જોઈએ. તેમને નાનાં અને તોછડાઈભરેલાં નામોથી ન બોલાવવાં જોઈએ. ઘરમાં પણ બાળકોની જરૂરીયાતનાં સાધનો બાળકોના માપનાં હોવાં જોઈએ. આપણા માટે બનાવેલાં ટેબલ, ખુરશી, બાટલા, બાળકોને માટે ઘણું જ વિચિત્ર અને સગવડ વિનાનાં છે. આપણને કોઇ ૧૦-૧૫ ફૂટની ઊંચાઈવાળા માણસોના પ્રદેશમાં રાખે તો આપણી દશા કેવી થાય એનો વિચાર કરવાથી આપણાં બાળકોની દશા કેવી હશે એનો ખ્યાલ આપણને આવી શકે.

આપણે કદી બાળકોના દૃષ્ટિબિંદુથી વિચાર કરતા નથી. અને કરીએ છીએ તોપણ તે તદ્દન ખોટા. એટલે બાળકેળવણીના પાયારૂપ તો બાળકોનું અવલોકન અને તેમના દૃષ્ટિબિંદુનો વિચાર એ છે.

મેં આ ટૂંકા લેખમાં તો કાંઈક માર્ગદર્શનનો સહેજ પ્રયત્ન જ કર્યો છે.

આ વિષય તો ઘણો ઊંડો છે એટલે એમાં તો જેટલું લખીએ તેટલું ઓછું છે.

ન.

ભૂગોળ

મોપાટ લેવરાવવી કે નહિ એ પ્રશ્ન આજકાલ ચર્ચાય છે.

આગળના વખતમાં તો એવું હતું કે સાંજ પડે ને મોપાટ ન લેવાય તો તે શાળા જ ન કહેવાય. છોકરાઓને બે હારમાં ઊભા રાખવામાં આવે, વચ્ચે બહેનાજી સોટી લઈને ફરે; અને છોકરાઓ મોપાટ બોલે અને બોલાવે. સારા સારા છોકરા એક પછી એક મોપાટ લેવરાવે અને બીજા છોકરાઓ તે ઝીલતા.

સાંજની મોપાટ સૌ ઉત્સાહથી લેતા. ક્રમકે મોપાટ પછી ઘેર જવાનું-છૂટવાનું હોય. મોપાટ ઊભા રાખીને લેવરાવાતી એટલા માટે કે છોકરાઓમાં જાગૃતિ આવે. છોકરાઓનું ચિત્ત ગમે ત્યાં હોય તોપણ મોઢેથી તો તાણીને બોલવું જ જોઈએ. એમ કોઈ ન કરે તો તે શિક્ષકની સોટીનો સ્વાદ ચાખે.

મોપાટ એટલે મુખપાઠ. 'ગરથગાંઠે અને વિદ્યાપાઠે' એ કહેવતમાં મોપાટનો જન્મ છે. મોપાટ હજારોવાર થઈ જવાથી બાળકોને જે કાંઈ બોલાવાય તે મોઢે થઈ જાય. એટલું તો સજ્જડ મોઢે થંઇ જાય કે ભરઊંઘમાંથી ઉઠાડી તેને પૂછીએ તો તે સાચો જવાબ આપે. જેમ છુંદણાં ચામડીની સાથે એકરૂપતા પામે છે તેમ મોપાટ મગજની સાથે એકરૂપતા પામી જાય.

પણ આજે આની મોપાટ સામે વાંધો ઊઠ્યો છે અને તે વ્યાજબી છે.

મોપાટ એટલે મુખપાઠ. મોઢે પાઠ તો

પોપટ પણ કરી શકે. વગરસમજ્યે ઘણા લોકો ગીતા કે કુરાન બોલી જાય. માત્ર મોઢે બોલવાથી બુદ્ધિ કે સમજણ વધે નહિ.

પરિણામ એ આવે છે કે બાળકોને પટ-પટ મોઢે આવડે છે પણ તેની અક્કલમાં ઠેકાણું હોતું નથી. તેણે જે ગોખેલું હોય છે તેની પાછળ કશી સમજણ નથી હોતી. તે જવાબ તડતડ આપે છે પણ તેને બુદ્ધિથી પૂછીએ તો તે છમરડો વાળે છે. જુના લોકોને આ મોપાટ અને તડતડ જવાબ આપતું બાળક જોવાનું ગમે છે. તેઓ કહે છે કે નવી નિશાળે મોપાટને નાખી દઈ બધું બગાડી નાખ્યું છે. હવેના છોકરાંને કંઈ જ આવડતું નથી. આંક પૂછીએ છીએ તો મોઢે નથી બોલતાં. કવિતાનું પણ એમ. બધું ચોપડી-માંથી વાંચે પણ મોઢે થોડું.

નવી નિશાળો માત્ર ગોખાવવામાં માનતી નથી. નવી નિશાળો પ્રથમ સમજણ આપવા માગે છે. સમજણ આપવાનું કામ ગોખાવવા જેટલું સહેલું નથી. ગોખાવવાનું સૌને ગમે છે એટલા માટે કે તેમાં સમજણ આપવાની મહેનત બચે છે અને ઉપલક દેખાવ સારો થાય છે. પણ સમજણ વિનાનું ગોખાવેલું જ્ઞાન આખરે તૂટી પડે છે. આ વાતની બબર માબાપોને પડતી નથી. નીચલા ધોરણના શિક્ષકો તો ધ્યાન જ આવતા નથી કે ઉંચા ધોરણોમાં બાળકોનું શું થાય છે. સૌ પોત-પોતાની જવાબદારીમાંથી છૂટવા માગે છે. પરીક્ષકોએ તો ધોરણ પ્રમાણે પૂછવાનું અને પાસ નાપાસ કરવાનું હોય છે. નવી શાળા આ સ્થિતિનો સ્વીકાર કરતી નથી. તે પ્રથમ સમજણ આપે છે અને પછી યાદ રખાવે છે. પણ બાસ ગામડાનાં બાબાપો ધીરજ ધરી શકતાં નથી. તેઓ મોપાટના અવાજે નથી નીકળતા ત્યારે નિશાળમાં કંઈ છે જ નહિ એમ માને છે. તેઓને એ જાણવાની પડી નથી કે અવાજ વિનાની શાળામાં શું થઈ રહ્યું છે.

નવો શિક્ષક પણ કદાચ સફળતાથી સમ-જણ અને ગોખાવવામાં તફાવત બતાવી બા-બાપોને સમજાવી શકતો નથી. પણ એમ ન ચાલે. નવા શિક્ષકે પ્રથમ સમજણ આપીને બરાબર પુનરાવર્તન કરાવવા માટે મોપાટનો ઉપયોગ કરવો ઘટે છે. નવા શિક્ષણ સાથે મોપાટને વેર નથી. મોપાટ લેવાથી નવી શાળા જૂની ગણાશે એવી ભીતિ કોઈ નવો શિક્ષક ન જ રાખે. નવા શિક્ષકે મોપાટને આવકાર આપવાનો છે. પણ તે ક્યારે કે જ્યારે સમજણ વિભાગ પૂરો થઈ જાય. જો સમજ-ણથી અને જુદી જુદી રીતના પુનરાવર્તનથી પતી જતું હોય તો મોપાટના રાગડા તણાવ-વાની જરૂર નથી.

મોપાટનો હેતુ યાદદાસ્ત ઉપર મૂકવાનો છે સમજેલું પણ તુરત યાદ આવે તો ઝટ કામ લાગે છે. અને ગણિતમાં તો તુરત સ્મૃતિ બહુ જરૂરની છે. કેમકે તો જ ગણિતના કામને ઝટ પહોંચી વળાય. એટલે સમજણ થયા બાદ ઝડપી સ્મૃતિ તો થવી જોઈએ. તે બીજા સાધ-નોથી બને ત્યાં સુધી ઠીક છે નહિતર મુખ-પાઠ–મોપાટથી પણ થઈ શકે. સમજ્યા પછીની મોપાટ એ માત્ર યંત્રવત મંદ રાગડા નહિ રહેતાં આનંદદાયક પુનરાવર્તન રહેશે. ગિ.

બાલમંદિરમાં

: ૧ :

સંગીત શરૂ થયું હતું. જયાબેન ઓસરીમાં ઊભાં હતાં. વિનુબેન અને રસુબેન અખાડામાંથી ઉપર આવ્યાં. જયાબેન આજે નવી સાડી પહેરી લાવ્યાં હતાં. એની કિનારી સુંદર હતી.

વિનુબેનનું ધ્યાન એ તરફ ખેંચાયું. એમણે તો જયાબેનની સાડીનો છેડો હાથમાં લઈને, એની કિનારી સ્પર્શ કરીને ધ્યાનપૂર્વક જોવા માંડી. એમના મોં ઉપરના ભાવ ઉપરથી લાગતું હતું કે એ કિનારી એમને ખૂબ ગમતી હતી. ત્યાં તો રસુબેનનું ધ્યાન ખેંચાયું. એ પણ કિનારી જોવા લાગ્યાં. બરાબર જોઈ લીધા પછી બન્ને જણ સંગીતમાં આવ્યાં.

* * *

કૂચ શરૂ થઈ. નાનાં મોટાં કેટલાંક બાળકો એક પછી એક આવીને ઊભાં. પણ ત્યાં તો એક બાળક ઊભું થયું અને ધીરે ધીરે કૂચ માટે ઉભેલાં બાળકોની હાર તરફ જવા લાગ્યું. હું તો આશ્ચર્યમુગ્ધ થઈને જોઈ રહ્યો। આ બાળકને પગે ખોડ હોવાથી એ બરાબર ચાલી શકતું પણ ન હતું. અમે ફરવા જતાં ત્યારે અમારે એનું ખૂબ ધ્યાન આપવું પડતું અને પગની ખોડને લીધે વારંવાર પડી પણ જતું. એજ બાળક આજે હાથમાં દાંડીઓ લઈને કૂચ માટે જતું હતું. અને સાચે જ એણે કૂચ કરવી શરૂ કરી. પણ એટલેથી જ વાત અટકતી નથી. એણે તો કૂચમાં બધાં બાળકોની સાથે બરાબર કદમ ભરવા માંડ્યાં. હવે એ નહોતું પડતું કે આખડતું. એ તો બધાં બાળકોની સાથે બરાબર સામેલ રહેતું હતું અને તાલબદ્ધ પગ ઉપાડવાનો પ્રયત્ન કરતું હતું. અને મોટા ભાગે તાલ સચવાતો પણ હતો. કદાચ એ સહેજ પાછળ પડી જતું તો એની પાછળનાં બાળકો એની પાછળ જ રહેતાં હતાં. કોઈ બાળક આગળ નીકળવાનો પ્રયત્ન કરતું ન હતું. બધાં જ બાળકો આ બાળકના આ નવીન પ્રયત્ન તરફ માનભેર જોઈ રહ્યાં હતાં. ન હતું કોઇના મોઢા ઉપર હાસ્ય કે ન હતી કોઈની આંખમાં આ બાળકની મશ્કરી કરવાની ભાવના. જાણે કોઇ નવીન દર્શનને ઉત્સુકતાથી જોઇ રહેતાં હોય તેમ બધાં બાળકો જોઈ રહ્યાં હતાં.

મને તરત જ મારા નાનપણના દિવસો યાદ આવ્યા. અમારી શાળામાં એક આંધળો કાણો છોકરો હતો. અરે! આખી શાળા એને કેટલો હેરાન કરતી હતી? જો એ કંઇ કરવા જાય તો બધા ખડખડાટ હસી પડતા અને એ બિચારાને શરમાઈને બેસી જવું પડતું.

અહીં આ એક પગની ખોડવાળું બાળક કૂચ કરતું હતું છતાં ન હતું કોઈના મોઢા ઉપર હાસ્ય કે ન હતી કોઈ જાતની મશ્કરી. બધાં એક નવા ફૂટતા અંકૂરને જેટલાં માન અને અદબથી જુએ તેટલી માનવૃત્તિથી અને ઉત્સુકતાથી જોઈ રહ્યાં હતાં. પણ આ તો બાલ-મંદિર હતું. અમારી જૂની સરકારી ગુજરાતી શાળા ન હતી.

* * *

બીજે દિવસ થયો. એ જ બાળક ફરી પાછું કૂચ કરવા આવ્યું. આજે એક મોટું બાળક આગળ હતું. કૂચની ઝડપ વધી. મોટા બાળકે લાંબાં ડગલાં ભરવા માંડ્યાં. પેલા બાળકને સાથે રહેવું જરા મુશ્કેલ પડવા માંડ્યું. પણ તરત જ એણે પોતાની બુદ્ધિનો ઉપયોગ કર્યો. જ્યાં જ્યાં આગળ વળવાનું આવતું હતું ત્યાં ત્યાં એ લાંબો વળાક ન લેતાં નાનો વળાક લેતું હતું અને બધાંની સાથે થઈ જતું હતું.

શં.

વ્યાકરણ શિક્ષણ

[અનુસંધાન અંક છઠ્ઠો પાન ૯૩ થી]

નામ અને તેના પ્રકાર

જે સાધન દ્વારા વ્યાકરણનું સ્વયંશિક્ષણ શકય બને છે તે સાધનમાં મુખ્ય સિદ્ધાંત એ છે કે પરિચય દ્વારા બાળકો વ્યાકરણ શિક્ષણ મેળવે. આ માટે એ પદ્ધતિએ વ્યાકરણ શીખવવામાં પાઠો આપવામાં આવે છે અને ત્યાર પછી પરિચય દ્વારા તે જ્ઞાન દૃઢ થાય તેવી યોજના હોય છે. નામનો ખ્યાલ આપવા માટે જે રીતે પાઠ અપાય છે તે સંબંધી થોડુંક લખું છું.

બધાં બાળકોને સંબોધીને કહેવું કે લાવો, લાવોને, જલદી લાવો, હું કહું છું છતાં કેમ લાવતાં નથી? બાળકોની આતુરતા આવા હુકમોથી વધશે. તેઓના મનમાં થશે કે આ માસ્તર શું બોલ્યા કરે છે? શું લાવવું તે તો કહેતા નથી! મતલબ કે લાવવાની વસ્તુનું નામ તો કહેતા નથી અને લાવો લાવો એમ કેમ કહ્યા કરે છે! પછીથી કહેવું કે ચોપડી લાવો, સીસાપેન લાવો. ત્યાર પછી તો એમ પણ કહી શકાય કે જેને નામ છે અથવા જેનું કંઈ પણ નામ પડ્યું છે તેવી ચીજોમાંથી જેટલી લાવી શકાય તેટલી લાવો. આ પાઠ આપવાથી બાળકના મનમાં આપણે પ્રાણી કે પદાર્થને ઓળખવા માટે શબ્દ વાપરવો જરૂરી હોય છે એટલો ખ્યાલ દૃઢ કરીશું. આવા શબ્દોને નામ કહે છે, એટલું સૂચન કરવાથી તેઓ નામ એટલે શું તે સમજી જશે.

ત્યાર બાદ તેમને પોતાની નોટબૂકમાં જેટલાં લખી શકે તેટલાં બધાં નામો લખવા કહેવું. આ જ રીતે ક્રિયાપદ, વિશેષણ, વગેરેના પરિચય માટે પણ પાઠો અપાય છે. પરંતુ તે બધા સંબંધી પુસ્તકમાં લખવામાં આવ્યું છે. બાળકોને વાંચવા માટે વ્યાકરણપોથી હોય છે. તેમાં નામ, વિશેષણ, વગેરેનાં પાનામાં તે તે જાતના શબ્દો લખેલા હોય છે. તે વાંચીને બાળક તેવા શબ્દો શું છે તે પરિચયથી જાણી લે છે. વળી તે જાતે વ્યાકરણપોથીમાં નામો, વિશેષણો, વગેરે ભેળા ભેળીને લખે એ રીતે પણ તે તે પદોનું જ્ઞાન મેળવી શકે છે.

નામના પ્રકાર

નામના પ્રકારો ઓળખવા માટે જે રમતો રમવાની હોય છે તેમાં જુદી જુદી જાતનાં નામોને જુદા જુદા રંગનાં પત્તાંમાં લખેલાં હોય છે. તે પત્તાંનાં નામનાં પત્તાં મથાળે મૂકી, તેની નીચે બીજાં પત્તાંમાંથી તેવા રંગનાં પત્તાં ગોઠવવાનાં હોય. પછીથી તે બધાં પત્તાં બાળક વાંચી જાય અને લખી લે. આ રીતે

તેઓ જાતિવાચક નામ અને સંજ્ઞાવાચક નામ વગેરે પરિચયથી શીખી જાય છે. પત્તાં ન હોય ત્યાં શિક્ષક પાટિયા ઉપર એક પ્રકારનાં નામો મથાળે તે કયા પ્રકારનાં નામ છે તે લખી નીચે તે વર્ગનાં નામો લખે. બાળકો તે વાંચે અને લખે. અને આ રીતે પણ પરિચય મેળવે.

વ્યાકરણ પેટીઓ

બાળકો પદો ઓળખી શકે તે માટે મોન્ટીસોરી પદ્ધતિ અનુસાર બાળકો આગળ વ્યાકરણ પેટીઓનું સાધન હોય છે. પેટીમાં બે અને તેથી વધતી જતી સંખ્યાઓ મુજબનાં ૮ સુધીનાં ખાનાં હોય છે. દરેક ખાનાની સામે નામ, સર્વનામ, એમ જુદાં જુદાં નામ લખેલાં હોય છે, અને તે ખાનામાં તે જાતના શબ્દો લખેલાં પત્તાં હોય છે. ખાનામાં પત્તામાંથી અને તેવાં વાક્યો લખેલી ચિઠ્ઠીઓ પણ એક ખાનામાં હોય છે. આ ખાનામાંથી એક ચિઠ્ઠી લઈ બાળકે વાક્યો બનાવવાનાં હોય છે. 'લાલ ઘોડો દોડે છે' એવી ચિઠ્ઠી લે તો બાળકે પહેલો લાલ શબ્દ શોધી કાઢવો જોઇએ. આ શબ્દ તેને વિશેષણના ખાનામાંથી જડે છે. આ શબ્દ લેતી વખતે તેના ખ્યાલમાં એ રહે છે કે આ વિશેષણ લીધું. એવી જ રીતે ઘોડો શબ્દ એને 'નામના' અને દોડે છે શબ્દ એને 'ક્રિયાપદના' ખાનામાંથી જડે છે. આ રીતે વાક્યો ગોઠવી તે ધીમે ધીમે બધાં, ઘણાં પદો ઓળખતું થઈ જાય છે. પહેલાં નામ અને ક્રિયાપદ બે જ શબ્દોનાં વાક્યોવાળી અને બે જ ખાનાંની વ્યાકરણ પેટીઓ, પછી વિશેષણ, નામ અને ક્રિયાપદ એમ ત્રણ શબ્દોની; અને એમ વધતા વધતા ખાનાંની પેટીઓ વાપરવાની આવે છે. આ પેટીઓથી વ્યાકરણનું સ્વયંશિક્ષણ શક્ય બને છે. બાળક જ્યારે આ પેટીમાંથી શબ્દો લઈને વાક્ય ગોઠવતું હોય છે ત્યારે શિક્ષક કોઈ કોઈ વાર તેમાંથી એકાદ શબ્દ ઉઠાવી લઈને કે ફેરવી લઈને બાળકની આગળ કોઈ ચોક્કસ વ્યાકરણના નિયમનો ખ્યાલ આપે છે. આ કામ કુશળતા માગી લે છે. અને શિક્ષકનામાં વ્યાકરણનું પૂરું જ્ઞાન ન હોય તો તે શક્ય બનતું નથી. આ તો મેં તમને વ્યાકરણના સ્વયંશિક્ષણના સાધનની વાત કરી. પણ મને ડર છે કે આ વસ્તુ શિક્ષકોને ઉપયોગી નહિ થઈ પડે. કારણકે સ્વાતંત્ર્ય અને સ્વયંસ્ફૂર્તિના સિદ્ધાંત અનુસાર બાળકો સ્વયંશિક્ષણ પામતાં હોય એવી શાળાઓનો સુવર્ણ યુગ તો આપણા દેશમાં ક્યારે આવશે તેની આજે હું પોતે તો કલ્પના પણ કરી શકતો નથી. એટલે એ અને બીજા કોઈ પણ સાધનં વગર પણ પરિચય પદ્ધતિએ વ્યાકરણનાં પદો શીખવવા ઇચ્છનારે ખાસ રચેલા બાલવ્યાકરણ ભાગ-૧લામાંની જ પદ્ધતિને અનુસરવું. પહેલાં ભાષાનાં ચોક્કસ પદો વાંચે, ત્યાર બાદ તે પદના શબ્દો વાપરી વાક્યો બનાવે અને છેલ્લે એ પદને ઓળખે; એ રીતે કામ કરવાનું એમાં છે. વિસ્તારથી અત્રે એ સંબંધી વધારે નહિ લખતાં જીજ્ઞાસુઓને એ પુસ્તક રૂા. ૦-૨-૦ની ટિકિટ મોકલી લેખક પાસેથી મંગાવીને જોઈ લેવાની સૂચના કરવી બસ માનું છું.

પૃથક્કરણ

બાલવ્યાકરણમાં પણ પૃથક્કરણ શીખવવા

માટે પદ્ધચ્છેદના જેવી જ પદ્ધતિ અખત્યાર કરેલી છે. પરંતુ મોન્ટીસોરી પદ્ધતિમાં તો બાળકની આગળ વાક્યો લખેલી પટ્ટીઓમાંથી એક વાક્ય ફાડી, તેના વિચારપૂર્વક અમુક ચોક્કસ સવાલો કે જે એક પૂંઠા ઉપર લખેલા હોય છે તે પૂછીને જવાબરૂપે આવતો શબ્દો ફાડી તે પૂંઠા ઉપર તેના બાનામાં મૂકવાના હોય છે. આ બધું જાણવા જેવું છે. પણ આ લેખમાં તે સંબંધી વિસ્તારથી લખવું વ્યાજબી ગણાય નહિ. આ લેખ ઉપરથી જિજ્ઞાસા ઉત્પન્ન થાય તેમણે તો 'મોન્ટીસોરી સિદ્ધાંતોએ વ્યાકરણ શિક્ષણ' નામનું પુસ્તક લેખક પાસેથી રૂ. ૦-૮-૦ મોકલીને મંગાવી લઈ તે વાંચી જવું અને એ સંબંધી પછીથી કંઈ પૂછવા જેવું લાગે તો પૂછાવવું. અંતમાં શિક્ષક ભાઈ બહેનોને એટલી જ વિનંતિ કરવાની કે વ્યાકરણના વિષયને બાળકો સારી રીતે શીખે તે માટે કેમ કામ કરવું એ આપણે જાણવું જ જોઈએ. અને એ જાણવાની જિજ્ઞાસા કોઈક કોઈકમાં પણ આ લેખ વાંચવાથી ઉત્પન્ન થશે તો મારો શ્રમ સફળ થયો માની મને આનંદ થશે. સો.

'મોન્ટીસોરી સિદ્ધાંતોએ વ્યાકરણ શિક્ષણ' નામનું પુસ્તક નીચેને શિરનામે લખવાથી મળી શકશે. શ્રી. સોમાભાઇ કિશાભાઈ પટેલ
સુણાવ–વાયા આણંદ

ફોલ્લ આવ્યો

ગ્રામોફોન ચાલતું હતું. બધી જ જાણીતી રેકર્ડો વાગતી હતી. બાળકો ઘણા લાંબા વખતથી આ રેકર્ડો સાંભળતાં હતાં. અત્યાર સુધી એક બે બાળકો વચમાં વચમાં સાથ કરતાં હતાં. વિનુભાઈ કાયમ સાથ આપે. કાન્તાબેન વચમાં વચમાં ગણગણે. વળી ચંદુભાઈને શોખ થઇ આવે તો એકાદ બે શબ્દો સૂરમાં બોલે. પણ આખી રેકર્ડનો સાથ તો કોઇ કરતું જ ન હતું.

આજે એક પછી એક રેકર્ડો વાગવા માંડી. પૂજારીનની રેકર્ડ શરૂ થઈ. વિનુભાઇ એ પહેલેથી જ સાથ આપવાનું શરૂ કર્યું. કાન્તાબેન જોડાયાં. રામજીભાઇ પણ ગાવા લાગ્યા. અને પછી તો મોટા ભાગનાં બાળકો સાથે ગાવા લાગ્યાં. બધાં સૂરમાં ગાતાં હતાં. તાલની ભૂલ આવતી ન હતી. જેમ રેકર્ડ વાગતી હતી તેમજ એમનું ગીત ચાલતું હતું. રેકર્ડ પૂરી થઈ. ફરી પાછી એની માગણી થઈ. એ રેકર્ડ ફરી પાછી મૂકવામાં આવી. ફરી પાછો બરાબર સાથ થયો. પછી 'નદી કિનારે' વાગી. એનો પણ બરાબર સાથ થયો. 'પેલા ધુમ્મસતા સાગર' તો બાળકોએ જોસ જોસથી ગાયું. સૂરમાં પણ ફેર પડતો નહતો. આવી રીતે પાંચેક રેકર્ડોનો સાથ કર્યો.

આ બધું આવ્યું કયાંથી? અમે તો કોઇ બાળકને સાથ કરતાં સાંભળ્યાં ન હતાં. આજે આ કયાંથી ફૂટી નીકળ્યું? એ તો સાંભળતાં હતાં ને! ધ્યાનપૂર્વક સાંભળતાં હતાં, ગમે તેટલો વખત સાંભળતાં હતાં; એનો આજે ફાલ આવ્યો હતો. શ.

બાલઅધ્યાપનમંદિર, રાજકોટ, સુબાવ્યૂહ

૧ નવરાત્રિનો ઉત્સવ સુંદર રીતે ઉજવાયો હતો. વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા.

૨ સત્રને અંતે પ્રવાસ થયો હતો. આ રહ્યો પ્રવાસનો કાર્યક્રમ.

શિક્ષણ વિષયક પ્રવાસ

પ્રવાસીઓની સંખ્યા

ભાઈઓ ૬૪, બેનો ૪૦, બાળકો ૧૧, કામદારો ૮, મહેમાનો ૪. કુલ ૧૨૭.

સમય

તા. ૮–૧૦–૩૮થી ૧૮–૧૦–૩૮ સુધી. કુલ ૧૦ દિવસ.

પ્રવાસ દરમિયાન કયાં વાહનોનો ઉપયોગ કર્યો ?

૧ રેલ્વે. ૨ ટ્રામ. ૩ મોટર. ૪ ગાડાં.

કાર્યક્રમ

સ્થળ: વેરાવળ

તા ૮–૧૦–૩૮: પ્રભાસ પાટણની યાત્રા, સોમનાથ મહાદેવનાં દર્શને, સમુદ્રદર્શન, ત્રિવેણી સંગમદર્શન.

તા. ૯–૧૦–૩૮: વેરાવળ શહેર દર્શન, બંદર નિરીક્ષણ.

સ્થળ: પ્રાચી

બપોરે: તીર્થયાત્રા, અને સ્થળ દર્શન

સ્થળ કોડીનાર

રાત્રે: નદી કિનારે શરદોત્સવનો કાર્યક્રમ.

તા: ૧૦–૧૦–૩૮: વેલણ બંદરના પ્રવાસે. રાત્રે કોડીનારમાં જાહેર સભા. બાલશિક્ષણ ઉપર શીવચરણભાઇ, તિવારીજી અને શાંતાબેન તિવારીનાં ભાષણો. 'બાળકોને મારશો નહિ' એ વિષય ઉપર ગિજુભાઇએ ભાષણ કર્યું.

સ્થળ: તુલસીશ્યામ

તા. ૧૧–૧૦–૩૮: તીર્થધામનાં દર્શન. તા. ૧૨–૧૦–૩૮: કુદરતદર્શન. તા. ૧૩–૧૦–૩૮: પરિભ્રમણ.

તા. ૧૨–૧૩ના રોજ એક એક કલાક અભ્યાસ વર્ગ ચાલ્યો હતો.

સ્થળ: અમૃતપરા

તા. ૧૪–૧૦–૩૮: ગ્રામશાળા દર્શન. શાળાને લગતી શ્રી. રામજીભાઈ એ સમજણ આપી અને ગ્રામશાળાનો ઉદ્દેશ જણાવ્યો.

શાળાનાં બાળકો સાથે ગિજુભાઈ એ વાતચીત કરી. સોમાભાઈ ભાવસારે ગીતો ગાઈ સંભળાવ્યાં.

સ્થળ: ધારી

૧૪–૧૦–૩૮ની સાંજે રામબાગની મુલાકાતે. રાત્રે જાહેર સભા. ચાલુ પ્રવાસ અને બાલશિક્ષણ ઉપર પ્રતાપરાય પારેખ અને શીવચરણભાઈ એ ભાષણો કર્યાં. 'બાળકો પ્રત્યે માબાપો કેમ વર્તે છે ?' એ વિષય ઉપર ગિજુભાઇએ ભાષણ કર્યું.

તા. ૧૫–૧૦–૩૮ સવાર: ધારી ધોધદર્શન.

સ્થળ: અમરેલી

૧૫–૧૦–૩૮ની સાંજે બાળપુસ્તકાલય, મહિલા પુસ્તકાલયની મુલાકાતે.

૬–થી ૭–૩૦ બાળપુસ્તકાલયના ચોકમાં બેનોની ને બાળકોની જાહેર સભા. વાર્તાકથન ને ગીતો, તેમજ 'બાળકો પ્રત્યે માબાપોની ફરજ' એ વિષય પર ગિજુભાઈ એ ભાષણ કર્યું.

તા. ૧૬-૧૦-૩૮: જેસંગપુરા ગ્રામશાળાની

મુલાકાતે. શાળાના આચાર્ય શ્રી. ઈશ્વરલાલ જોષીએ સમજુતી આપી. બાદ ગ્રામશાળા નિરીક્ષણ.

સ્થળ: જુનાગઢ

તા. ૧૭–૧૦–૩૮: ગિરનાર યાત્રા. પરિભ્રમણ. શહેર દર્શન. મકરબો, વીલીંગ્ડનડેમ, સક્કર બાગ, ઉપરકોટ વિ. સ્થળ દર્શન.

તા. ૧૮ ૧૦–૩૮ ની બપોરે એક વાગે રાજકોટ પાછા.

પ્રવાસની અંતે એક પ્રવાસાંગી ઉત્સવ ભોજન યોજવામાં આવ્યું હતું. એની અંદર અધ્યાપનમંદિરનાં બધાં ભાઇબેનોએ ભાગ લીધો હતો. તે વખતે શ્રી. ગિજુભાઈ એ નીચે પ્રમાણે વ્યાખ્યાન આપ્યું હતું:—

વ્હાલાં ભાઈ બેનો,

આજે પ્રવાસાન્ત ઉત્સવ છે. આ ઉત્સવ આપણે ગિરનારને ચરણે ઉજવવા ધારેલો પણ સંજોગોએ આપણને અહીં આણી મૂક્યાં. બાકી એમાં સંકેત એવો પણ હશે કે નપ્રવાસીઓ પણ પ્રવાસના ઉત્સવમાં ભાગ લઈ શકે.

આપણો પ્રવાસ એકંદર, સુખરૂપ થયો. એમાં મારા જેવા એકાદ માણસે છેડે જતાં તબિયતની બાબતમાં બગાડયું તે કાંઇ મોટો વિક્ષેપક બનાવ નથી. મારી તબિયત ને લીધે મેં પ્રવાસને બનતાં લગી ધક્કો પહોંચવા નથી દીધો. અને છતાં પ્રવાસીઓને મારે લીધે તકલીફ પડી હોય તો હું લાચાર હતો એટલું જ મારે જણાવવું જોઇએ.

પ્રવાસ ભાઈ કારીઆના આધિપત્ય નીચે આલેખાયો અને તે આલેખપર ભાઈ પ્રતાપરાયની સરદારી નીચે એ આજે પૂર્ણ થાય છે. ભાઈ કારીઆ જાણીને રાજી થશે કે પ્રવાસ સુખરૂપ, જ્ઞાનરૂપ અને આનંદરૂપ બનેલો છે.

આપણે સૌએ પ્રવાસમાં મજા તો કરી છે. એ મજાનું હૃદય તો કુદરત હતી પણ એનું પેટ તો રસોડું હતું. ભોજન વિભાગે જે સંપૂર્ણ કાળજી આપણી સૌની લીધી છે, અને ન મળી શકે તેવા સ્થાને જે ભોજનસામગ્રી પૂરી પાડી છે; તેનો યશ તેમને છે એમ પ્રગટ ન કરીએ તો વિવેક ચૂકે એટલા માટે જ હું તેની નોંધ કરું છું.

આગળ ચાલનારી મંડળીએ નવા સ્થાનમાં આપણા માટે જે સામગ્રી, સગવડ, યોજના, કાર્યક્રમો ગોઠવ્યાં હતાં તેમાં તેમનો અવિશ્રાન્ત શ્રમ હતો, તેમની જવાબદારીનું પુરેપુરૂં તેમને સ્વયંભાન હતું.

ગૃહના ભાઇબેનોએ ગૃહપતિના વારંવારના હુકમોનો અમલ કરી આખી યાત્રાને સુંદર બનાવી છે. જુદા જુદા કાર્ય વિભાગના ભાઈબેનોએ ઉઠાવેલી પોતાની ફરજે આખો પ્રવાસ સફળ કરવામાં બહુ સારો ફાળો આપ્યો છે.

મારી સગવડો સાચવનાર બેનો અને બેદાલ મંડળને વિષે મારો સંતોષ વ્યક્ત કરવો એ તો મારા વખાણ કરવા બરોબર થાય. સાચેજ તેઓએ મને કશી બાબતમાં કંઈ તકલીફ આપી નથી.

ગૃહપતિ ભાઈ શિવચરણભાઈ ને તથા શાંતાબેનને તમે સા ભાઇબેનોએ તાલીમમાં રહી જે સહકાર આપ્યો છે તે મારી મગરૂબીની વાત છે. બહારનાં ભાઇબેનો તથા મહેમાનોએ પોતાની જાતને શિસ્તમાં મૂકી હતી તે હું

જોઇ શકયો હતો અને તે મારા આનંદની વાત હતી. ગૃહોની નીચે કામ કરતાં સૌ ભાઇ-બેનોએ પણ પ્રવાસની સફળતામાં ઉમેરો કર્યો છે એ ખુલ્લી વાત છે.

બચ્ચાંવાળી બેનોની મંડળીએ જેવાં સુખ સગવડ મળ્યાં તેવાં શાંતિથી ભોગવી લઇને બીજા પ્રવાસમાં પાસ મેળવવાની યોગ્યતા સિદ્ધ કરી છે એવું મારું માનવું છે.

આપણા સામાન્ય મંત્રી ભાઇશ્રી મજીભાઇએ નક્કી કરેલ પ્રવાસ કાર્યક્રમ જેવો ને તેવો રાખી અમે ચાલ્યા છીએ અને તેમાં આપણને સર્વત્ર જાણવા જોવાનું મળ્યું છે. કોડીનારનો કાર્યક્રમ આપણા ગિરના પ્રવાસનો એકડો હતો, અને તે સારો મંડાયો હતો એમ કહેવું જોઇએ. લોકોમાં વેલણના પ્રવાસ વિષે જે નજીવો મતભેદ હોય તેને માટે જો કોઇ જવાબદાર હોય તો ગિજુભાઇ અને પ્રતાપરાય છે. ખીમજીભાઇ તો નથી જ. ખીમજીભાઇએ કરેલ ટપાલનો તેમજ ઉતારાનો બંદોબસ્ત સંતોષકારક લાગ્યો છે.

પ્રવાસમાં દૈનિક ચલાવનાર ભાઇ દિનુભાઇએ રાતબૂઢા કામ કરવા ઉપરાંત દૈનિક નોંધો અને લેખો લખી પ્રવાસને પ્રવાસ, સાહિત્ય, અને અધ્યાપન મંદિરના ઇતિહાસની દૃષ્ટિએ મહત્વનો બનાવ્યો છે.

ફવાયતખાતાના ગાયકવાડ, તિજોરી અને હિસાબી અમલદારો ભાઇ પૌરાણા, રસિકલાલ અને ભાઇ સોમાભાઇ ભાવસાર, તથા બેનોના ચાખાતાના મેનેજર ભાઇ રામભાઇ ને ભૂલી જતો નથી. તેઓ અગત્યના કામદારો હતા એમાં શંકા નથી. અને તેમનું કામ ફતેહમંદ નીવડયું છે.

પ્રવાસ સફળ કરવામાં બીજા જે કોઇનાં નામ રહી જતાં હોય તેમને પણ ધન્યવાદ ઘટે છે.

જેઓએ આપણને આ પ્રવાસમાં મદદ કરી છે તેમનો ઘણો બધો ઉપકાર અત્રે હું માનું છું.

અલબત્ત આપણે બધાં વિનોદી તો છીએ જ અને તે રીતે આપણે કોઇએ ખીમજીભાઇનો વિનોદ ઉઠાવ્યો હોય તો માફ કરશે. તેમના ભાઇ ભાઇશંકરે પણ આપણે માટે ઠીક તકલીફ ઉઠાવી છે તે આપણે ભૂલવું ન જોઇએ.

નવા વર્ષે આમંત્રણ

રાજકોટમાં અત્યારે જે બાલઅધ્યાપનમંદિર ચાલે છે તેમાં ૧૧૫ ભાઇબેનો દાખલ થયેલ છે. હવે વધારે દાખલ કરવાનો સમાસ નથી. તેથી કેટલાંક ભાઇ બેનોની અરજીઓનો જવાબ એવો આપવો પડ્યો છે કે આવતે વર્ષે અધ્યાપનમંદિર જો પૂરતી સંખ્યા અને સગવડો હશે ને ઉઘડશે તો તેઓનો દાખલ થવાનો હક્ક પહેલો રહેશે.

જે જે ભાઇ બેનોને ૧૯૩૯-૪૦ ના અધ્યાપનમંદિરમાં દાખલ થવાની ઉમેદ હોય તેમણે અત્યારથી જ અરજી કરી પોતાનું નામ રજીસ્ટર્ડ કરાવવું. રજીસ્ટ્રેશન માટે ફક્ત એક જ આનાની ટિકિટ મોકલવી. તા. ૨૭-૧૦-૩૮

ગિજુભાઇ
આચાર્ય
રાજકોટ, બાલઅધ્યાપનમંદિર,
સેવાફલમ, જગનાથ પ્લોટ, રાજકોટ.

જેઓ બધાં મહેમાનો તરીકે હતાં તેમણે આપણને કશી તકલીફ આપી નથી તે માટે તેમનો ઉપકાર ઘટે છે.

જે ભાઇઓને પોતાનાં પત્ની અને બચ્ચાંની સારવારમાં પક્ષા રહેવું પડતું હતું તેઓ જાણીને ખુશી થયા હશે કે બાળકો અને બેનોને સાથે લાવવાં કેટલું આકરું છે? હવે પછીના પ્રવાસ વખતે તેઓ જાતે જ વિચાર કરશે.

દવાખાનાવાળાનો વેપાર બહુ જ થોડો ચાલ્યો છે તે તેમના ખાતાને અભિનંદન અપાવે તેવું છે. કોઈ નાની એવી ચોટ આવા મોટા પ્રવાસમાં તો સ્વભાવિક છે.

મેં પોતે તો અમરેલીના ડૉ. ભટ્ટ અને જુનાગઢના ડૉ. ચુનીભાઈને તકલીફ આપી છે તેની નોંધ અહીં કરવાની રજા લઉં છું.

નવદશ દિવસનો આવો લાંબો વિવિધ સ્થળો અને કાર્યક્રમવાળો અ. મં. ના ભાઈ-બેનો અને બાળકોવાળો આ પ્રથમ જ પ્રવાસ છે અને તે સફળ નીવડ્યો છે તે માટે તમોને પૂરો જશ છે. અને જે પરમાત્મા સર્વ સફળ પ્રવાસના નિયામક છે તેને ચરણે પ્રવાસની સફળતા માટે માથું નમાવું છું.

એક મોટા કુટુંબના વડીલ જેવો ગણાતો હું તમારી સાથે સર્વ રીતે સુખી થયો છું અને તમે સૌએ મને ખૂબ સાચવ્યો છે એમ જાહેર કરું છું.

આજે આપણે આ સત્રનું પ્રવાસાન્તનું ભાણું સાથે લઈએ છીએ. આવી હજી વધારે પ્રવાસોની સફળતા આપણે માટે હો. તેના ઉપર ઈશ્વરની દયા હો.

આજે સત્ર પૂરું થાય છે. સૌ એક બીજાની ફરીવાર વહેલાં વહેલાં મળવા માટે રજા લઈએ અને પુનઃ પાછા મળીએ. સત્ર દરમ્યાન થયેલી કોઈ એક બીજાની કસુરો, કોઈને પડેલી મુશ્કેલીઓ, માફ કરીને ભૂલી જઇએ. રજામાં તાજગી ભરી લાવીએ અને નવા સત્રને માટે આનંદ સાથે ભેળા ચઢીએ.

ૐ શાંતિ, શાંતિ, શાંતિ.

રાજકોટ બાલમંદિર

તા. ૨૬–૧૧–૩૮ના રોજ ખુલશે. દરેક વિદ્યાર્થીએ તા. ૨૪–૧૧–૩૮ની સાંજ સુધીમાં આવી જવું.

જાહેરાત

શિક્ષણ પત્રિકાના જુદા જુદા વર્ષોના છુટક અંકો નીચેના ભાવથી મળી શકશે.

૧૨ અંકો ... ... ૦–૪–૦ ૫૦ અંકો ૦.૧૦.૦

૨૫ અંકો ... ... ૦–૮–૦ ૧૦૦ અંકો ૯.૧૪.૦

પરદેશથી મંગાવનારે વધારાનું પોસ્ટેજ આપવું પડશે.

લખોઃ—શિક્ષણ પત્રિકા કાર્યાલય, પ્લોટ—ભાવનગર

છેલ્લા અ. મં. માં પ્રમાણપત્ર માટે લખાએલાં પુસ્તકોની યાદી

૧. ગુલામીના કારખાનાં.
૨. ભાવિ કેળવણીનું સ્વરૂપ.
૩. The Survey of the Child Life.
૪. How do Children manage to get daily habits and how to cure them.
૫. કેળવણીની દૃષ્ટિએ જીવનમાં ડોકિયું.
૬. નૂતન અંક ગણિત.
૭. સુમન માળા.
૮. ફૂલહાર.
૯. કન્યા કેળવણી.
૧૦. કન્યા કેળવણીની ભૂલો ભા. ૧
૧૧. ,, ,, ભા. ૨
૧૨. બાલ વિકાસમાં.
૧૩. પ્રાથમિક શાળામાં બગોળ.
૧૪. બાળ અભ્યાસ.
૧૫. આપણાં બાળકો.
૧૬. દેશનો અંધાપો અથવા હિંદની નિરક્ષરતા.
૧૭. બાળકોનાં ચિત્રો.
૧૮. શિક્ષકમાંથી વૈજ્ઞાનિક.
૧૯. બાળકનું સ્થાન ભા. ૧
૨૦. ,, ભા. ૨
૨૧. બાલમંદિરમાં ચિત્રકામ.
૨૨. મારવાડ કી સંસ્કૃતિ.
૨૩. રશિયામાં પ્રાથમિક શિક્ષણ.
૨૪. નિરંધો અને નૂતન અક્ષરશિક્ષણ.
૨૫. બાલ સાહિત્ય.
૨૬. બાલમંદિરમાં સામાજીક જીવનની તાલીમ.
૨૭. બાલમંદિરમાં કેળવણી.
૨૮. બાલપુસ્તકાલય.
૨૯. પ્રાથમિક શાળામાં એકશિક્ષકપદ્ધતિ.
૩૦. નવી પ્રાથમિક કેળવણી.
૩૧. ગરીબોમાં નૂતન કેળવણી.
૩૨. કચ્છમાં નવી કેળવણી કેમ શકય કરવી ?
૩૩. પ્રાથમિક શાળામાં આજે અને આવતી કાલે.
૩૪. નવી પ્રાથમિક શાળા.
૩૫. દુનિયાના કેળવણીકારોમાં ડો. મોન્ટી-સોરીનું સ્થાન.
૩૬. વર્તમાન સ્કુલો મેં સુધાર.
૩૭. મોન્ટીસોરી પદ્ધતિએ વાચન લેખન.
૩૮. નૃત્ય.
૩૯. નૂતન પ્રાથમિક શાળા.
૪૦. ઘરમાં બાલ વિકાસ.
૪૧. કિંડર ગાર્ટન પદ્ધતિ અને નવીન પદ્ધતિ.
૪૨. પ્રાથમિક શાળામાં કેટલાએક ફેરફારો.
૪૩. નૂતન કેળવણી.
૪૪. બાળકો પ્રત્યે માબાપોની ફરજ યાને સાચું જીવન.
૪૫. માબાપો ને બાળકો.
૪૬. ગણિત પ્રવેશ.
૪૭. કેળવણીની નૂતન ઇમારત.
૪૮. હું કેળવણીનો વડો હોઉં તો ?
૪૯. ગ્રામ્ય દૃષ્ટિએ નૂતન કેળવણીના મારા વિચારો.
૫૦. ગામડાનાં બાળકે'નું શું ?
૫૧. બાલમંદિરમાં બાગનું સ્થાન અથવા બાલમંદિરમાં બાગ શા માટે ?

૫૨. પ્રાથમિક શાળામાં નવીન કેળવણી.
૫૩. ભણ્યા કે ભૂલ્યા ?
૫૪. બાલ સાહિત્ય સર્જન.
૫૫. પ્રાથમિક કન્યા કેળવણી.
૫૬. પ્રાથમિક શાળામાં ગણિત.
૫૭. નવીન ચિત્ર શિક્ષણ.
૫૮. પરિવર્તન (કેળવણીમાં).
૫૯. કચ્છની કેળવણીમાં ક્રાંતિની જરૂર.
૬૦. નૂતન પ્રાથમિકશાળા.
૬૧. નૂતન બાલ કેળવણી.
૬૨. ગામડામાં નવીન કેળવણી.
૬૩. બાલમંદિર એ પ્રયોગ મંદિર છે.

હવે શું કરવું ?

ગિજુભાઈ સન્માન સમિતિ તરફથી શિક્ષણ પત્રિકાના આગળના અંકમાં સરવૈયું બહાર પડી ચૂકયું છે. હવે સમિતિનું કામ તો પૂરું થયું અને સમિતિ નિરાંતે બેઠી. પણ હવે જ ખરું કામ શરુ થાય છે. આ કામ તે રૂ. દસ હજારનું કરવું શું ? હું કેટલીક યોજનાઓ વિચારી રહ્યો છું. બાળપ્રેમી ભાઈ બેનો સ્વેચ્છાએ પોતાની સૂચનાઓ મોકલશે તો આભાર. હું તેનો થઈ શકતો ઘટતો ઉપયોગ કરીશ. ગિજુભાઈ.

અધ્યાપનમંદિરના ભાઈબેનોને

તમારી શિક્ષણ પત્રિકાની સેવા ઘણી છે પણ તેનો કદી અંત ન હોય. આ વર્ષે તમે શિક્ષણ પત્રિકાના નવા ગ્રાહકો કરીને વેલાસર મોકલશો જ.

જે ભાઈબેનો રજા પછી રાજકોટ આવનાર છે તેઓ તો શિક્ષણ પત્રિકા માટે ગ્રાહકોનો થાળ ભરતા આવે તો શિક્ષણ પત્રિકા કેટલી રાજી થાય ? ગિજુભાઈ.

શિક્ષણ સમાચાર

—ખાવડા (કચ્છ). બાલસંઘ રચ્યો. સંચાલક, શ્રી. હિરાલાલ ત્રિવેદી.

—અમદાવાદ. ભારત બાલમંદિરમાં શરદ પૂર્ણિમાની રળીઆમણી સાંજે દીપમાળ અને ચંદ્રિકા ઉત્સવ થયો હતો. તે પ્રસંગે બાળકો અને તેમની માતાઓએ બાલમંદિરની અગાશીમાં આનંદથી ભાગ લીધો હતો.

'શિશુ વિહાર' ઉઘડ્યું. ઉદ્‌ઘાટક શ્રી. જીવણલાલ હ. દિવાન. આચાર્ય, વજુભાઈ દવે.

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો ગ્રાહક નંબર જરૂર લખશો.

વાર્ષિક લવાજમ એક રૂપિયો. લખો: તંત્રી, શિક્ષણ પત્રિકા, શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
આ શિક્ષણ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજબ બિલ્ડીંગ[illegible]. ભીખાભાઈ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૧૩ મું
સંવત ૧૯૯૫

અંક ૧૦ મો
માર્ગશીર્ષ

: તંત્રીઓ :

ગિજુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

કેળવણી કંઈ મકાન નથી કે જે માત્ર નવા મકાન નથી નવી થાય. એ કંઈ ઉપસ્કર નથી કે શિક્ષણ સાહિત્યો કે પાઠ્યપુસ્તકો નથી કે તેના ફેરબદલાથી તે બદલાઈ જાય. કેળવણી કંઈ પદ્ધતિ નથી કે યોજના નથી કે પદ્ધતિ બદલવાથી કે નવી યોજના કરવાથી તે નવીનતાને પામે. એ કંઈ શિક્ષક નથી કે શિક્ષણશાસ્ત્ર કે માનસશાસ્ત્ર નથી કે શિક્ષકો અને માનસશાસ્ત્રો અને શિક્ષણશાસ્ત્રો બદલવાથી નવી થાય. કેળવણી માનવજાતને પ્રગતિને માર્ગે મદદ કરનાર એક દૃષ્ટિ છે. માનવજાતના અંતિમ જીવનધ્યેયને લક્ષમાં રાખી, તેને પાર પાડવા માટે ઊભી કરેલી સમજણ એનું નામ કેળવણીની દૃષ્ટિ.

શિક્ષણ પત્રિકા

વર્ષ ૧૩] માર્ગશીર્ષ ૧૯૯૫ [અંક ૧૦

અ ન નો

આપણે આપણામાં, આપણાં બાળકોમાં અને આપણાં માણસોમાં અનાસ્થા પેદા ન કરીએ.

: ૨ :

અનાસ્થા આપણી આત્મશક્તિનું દેવાળું છે.

: ૩ :

અનાસ્થા પ્રેરનાર માતાપિતા અને શિક્ષક, ઘર અને શાળાનું વાતાવરણ નિરુત્સાહિત અને નિર્બળ કરે છે.

: ૪ :

શિક્ષાથી નહિ, લાલચથી નહિ, અને ભેદ બુદ્ધિ ઉત્પન્ન કરીને પણ નહિ; આમાંના એકેય સાધન વડે બાળકને વશ કરશો નહિ.

: ૫ :

બે બાળકો લડે ત્યાં સુધી શિક્ષક આરામ લેશે તો જ્યારે તેઓ સંપશે ત્યારે તેનો આરામ પાયમાલ થઈ જશે.

: ૬ :

કેળવણીની સંસ્થાઓ કે ધર્મ મંદિરો, શિક્ષણ અને ધર્મનાં જુગારખાનાં કે રાજનીતિ ચલવવાનાં કારખાનાં નથી.

: ૭ :

પ્રત્યેક શિક્ષણસંસ્થામાંથી બારમાસે એકવાર ગ્રહણ કાઢવું જોઈએ. આ ગ્રહણ સંસ્થાની આંતરબાહ્ય સાફસુફી છે.

: ૮ :

જેમ જુની મુડી ઉપર વેપાર કરનાર શેઠના મુનીમો જાણી જાય છે કે શેઠ કેટલામાં છે, તેમજ એક વાર પ્રાપ્ત કરેલા જ્ઞાન ઉપર નભનાર શિક્ષક કેટલામાં છે તે તેના સાથીદારો અને નીચેના કામદારો જાણી જાય છે.

: ૯ :

જેમ તરવૈયાની કસોટી જમીન પર નથી પણ ઉંડા પાણીમાં છે, તેમજ શ્રદ્ધા અને હિંમતની કસોટી સુખમાં નથી પણ દુઃખમાં છે.

: ૧૦ :

વિરોધીઓ વિરોધ કરીને આપણા ઉપર ઉપકાર કરે છે, કેમકે વિરોધને પ્રેમથી જીતવાની આપણને એક અમુલ્ય તક મળે છે.

: ૧૧ :

સત્યની શય્યા કાંટાની છે. સત્યનો આહાર ભૂખમરો છે. સત્યનો શણગાર ઉઝરડા અને ઘારાં છે.

અ • નુ • ક્રં • મ

૧ મનનો . . . . ગિ. ૧૫૪
૨ બાલમંદિર–લક્ષણો . ગિ. ૧૫૫
૩ સામાજીક જીવનની તાલીમ ગિ. ૧૫૬
૪ બાલમંદિરના આચાર્યને ગિ. ૧૬૩
૫ પ્રસ્તાવના . . . ગિ. ૧૬૫
૬ નૂતન ગણિતશિક્ષણ . શં. ૧૬૬
૭ બાલઅધ્યાપનમંદિર રાજકોટ–પ્રશ્નપત્રો ૧૬૯
૮ આપણાં બાલમંદિરો ગિ. ૧૭૧
૯ રાજકોટ બાલઅધ્યાપનમંદિર પાઠયપુસ્તકોની યાદી . . ૧૭૨
૧૦ શિક્ષણ સમાચાર . . . ૧૭૨

બાલમંદિર—લક્ષણો

(બાળકોની ઉમર ૩ થી ૬)

૧ રમત ગમત માટે સ્વચ્છ સુંદર આંગણું અગર મેદાન.

૨. રમત ગમતનાં સાધનોઃ જેવાં કે રેતીના ઢગલા, લપસણાં વગેરે.'ક્રીડાંગણ'નાં સાધનોછેતે.

૩. પૃથ્વી, જળ, આકાશ, વાયુ અને તેજ તત્વોનો ખુલ્લો અને પુષ્કળ લાભ મળે તેવાં સાધનોઃ—

ખુલ્લું આંગણું, હવા અજવાળા અને પ્રકાશવાળા ઓરડા, તડકામાં આકાશ નીચે પડ્યા રહેવા માટેની જગાઓ, મંદમધુર પવન ખાવા માટેની સગવડ અને દોડવા કૂદવા માટે પૂરતો અવકાશ, પુષ્કળ છૂટી જગા.

૪. ગારાના, કાગળના અને બીજી ચીજોનાં રમકડાં બનાવવા માટેની જગા અને સાધનો.

૫. નાનો એવો પણ બાગ, ફૂલછોડ અને તેને સાચવવા તથા ઉછેરવાનાં સાધનો જેવાં કે પાણી, નાની ઝારીઓ, બાલદીઓ, ખોદવાનાં તથા વાવવાનાં સાધનો.

૬. પતંગિયાં અને જીણાં જીવડાંને અવલોકવા માટેના ફૂલછોડો અને વનસ્પતિ. તેમને ઉછેરવા માટેનાં સાધનો જેવાં કે બાટલીઓ, પીંજરાં, વગેરે.

૭. પક્ષીઓ તથા કૂતરાં, બિલાડાં, સસલાં, દેડકાં, માછલાં વગેરેનું અવલોકન તથા પરિચય થવા માટે ચબૂતરો, બાગ, જળાશય કે કુંડીઓ, તેમ જ ગલુડીઆં, બચોલીઆં વગેરેનું પાલન અને દર્શન.

૮. શરીર અને મનને આરામ અને સ્વાસ્થ્ય અનુભવવાનાં સ્થળો.

૯. ઇંદ્રિય વિકાસનાં સાધનો અને તે વિકાસને વ્યવહારમાં લાવી શકે તે માટેનાં સાધનો.

૧૦. ચિત્ર અને સંગીતનું સુંદર વાતાવરણ.

૧૧. શાંતિ, સ્વચ્છતા અને વ્યવસ્થાનું સામ્રાજ્ય.

૧૨. શુદ્ધ, સ્પષ્ટ અને સંસ્કારી ભાષા, વાણી અને વર્તનનું વાતાવરણ.

૧૩. સભ્યતા, તેમજ શુદ્ધ અને ઉચ્ચ આચારપાલનની શકયતા માટે સાદું અને સહજ વાતાવરણ.

૧૪. બાળકો વચ્ચે સહકાર અને સ્નેહ વધે તેવા સહજીવનનો પ્રબંધ.

૧૫. બાળકોની વિધવિધ પ્રકારની માનસિક બુદ્ધિ વિષયક તથા કલ્પના અને કલા-વિષયક શક્તિઓને પોષક અને સહાયક એવી રચનાઓ જેવી કેઃ—સુઘડ અને સંસ્કારી નાટકો, ચિત્રપટ દર્શનો, કથાશ્રવણો, મંડળ અને પ્રદર્શનો અને ઉત્સવોનાં ઉજવણાં તથા નૃત્ય, ગાન અને કલાના સંમેલનો અને સમારંભો.

૧૬. બાળકોની નિસર્ગ પ્રત્યે તેમ જ નજીક અને દૂર વસતી માનવજાત પ્રત્યેની કદર, સમજણ તથા લાગણી અને સહકાર વધે તે માટે નાના મોટા પ્રવાસો, ભૌગોલિક કથાઓ, દેશ પરદેશના પ્રાગતિક વિષયો પર વાર્તાલાપો, વગેરે.

૧૭. બાળકોની આધ્યાત્મિક શક્તિઓને પોષણ અને સહાય મળે તેટલા માટે શાંતિ અને સંપનું વાતાવરણ, સંત સમાગમ, વીર અને

સંતપુરુષોનાં કથાશ્રવણો, અંતઃ શાંતિ અને સ્વાસ્થ્ય માટે આનંદ અને પ્રેમનું તથા સ્વયં દર્શન અને સ્વાનુભવનું વાતાવરણ અને સાધનો.

૧૮. આ બધું સિદ્ધ કરવા માટે બાલ-મંદિરમાં બાલસન્માન, સ્વાતંત્ર્ય અને સ્વયં-સ્ફુર્તિની ઉપાસના.

સામાજીક જીવનની તાલીમ

[**નોંધ:**—બાલમંદિરમાં બીજી તાલીમો સાથે બાળકને સામાજીક તાલીમ મળે તેનો પ્રબંધ અને વાતાવરણ હોય છે. એની ક્રમિક યાદી અત્રે આપવામાં આવી છે. શિક્ષકે ધીમે ધીમે પ્રત્યેક બાબતને પાઠમાં ઉતારીને બાળક આગળ મૂકવી. **ગિ.**]

આ વિષયમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

[૧] શરીરનો કાબુ.
[૨] શરીરસફાઈ.
[૩] સામાન્ય સભ્યતા.
[૪] સામાન્ય સફાઈ.

[૧] શરીરનો કાબુ

(૧) ચાલવું. (૨) બેસવું. (૩) પાણી પીવું.

(૧) ચાલવું

૧ વ્યક્તિગત
૧ સીધી લીંટી ઉપર ચાલવું.
૨ છટાથી, સૌન્દર્યથી અને પ્રસન્નતાથી ચાલવું.
૩ ઝડપથી અને ધીમે ધીમે ચાલવું.
૪ ધપ ધપ અવાજ કર્યા સિવાય ચાલવુ.

૨ સમૂહગત
૧ અથડાયા વિના ચાલવું.
૨ વારાફરતી ચાલવું.

(૨) બેસવું

૧ વ્યક્તિગત
૧ પોતાની જગ્યા પર બેસવું.
૨ ટટ્ટાર બેસવું.
૩ આસન લઈને બેસવું.
૪ આસન કેમ લેવું.

૨ સમૂહગત
૧ બીજાની જગ્યા ઉપર ન બેસી જવું.
૨ બીજાને આજુબાજુ અડયા વિના બેસવું.
૩ અડપલાં કર્યા વિના બેસવું.

(૩) પાણી પીવું

૧ વ્યક્તિગત

૧ ગોળાઢાંકણું એની જગ્યાએ મૂકવું.
૨ ટબુડી અથવા પાણી લેવાના વાસણ વડે પાણી લેવું.
૩ પ્યાલો વીંછળીને પાણી પીવું અને પીધા પછી વીંછળીને જ મૂકવો.
૪ વધેલું પાણી તે નાખવાના વાસણમાંજ નાખવું.
૫ પીધેલું પાણી ગોળામાં નાખવું નહિ.

૨ સમૂહગત

૧ પોતાનાજ પ્યાલાથી પાણી પીવું.
૨ બીજાના પ્યાલે પાણી પીવું પડે તો પ્યાલો પાણી પીધા પહેલાં વીંછળવો અને પછી પણ વીંછળવો.

[૨] શરીર સફાઈ

આ વિષયમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે.

(૧) હાથધોવા.
(૨) નાક, કાન, મોં ધોવું.
(૩) વાળ ઓળવા.
(૪) પેશાબ કરવો તથા દિશાએ જવું.
(૫) થૂંકવું અને નાક સાફ કરવું.
(૬) પગ લૂછવા.

(૧) હાથ ધોવા

૧ વ્યક્તિગત

૧ આંગળાં ચામડી વગેરે બરાબર ઘસીને ધોવું.
૨ સાબુ કેમ વાપરવો.
૩ પાણી કેમ વાપરવું.
૪ ટુવાલ કેમ વાપરવો.
૫ હાથ પગ ધોઈનેજ ખાવું

૨ સમૂહગત

૧ વારાફરતી જ પાણી, સાબુ, ટુવાલ, વગેરે વાપરવું.
૨ ધક્કા ધક્કી કર્યા સિવાય હાથ પગ ધોવા.
૩ કોઈને છાંટા ન ઉડે તેવી રીતે ધોવું.

(૨) નાક, કાન, મોં ધોવું

૧ વ્યક્તિગત

૧ નાક, કાન, મોં પૂરતા પાણીથી ધોવું.
૨ સફાઈથી કોગળા કરવા (પાણી–સાબુ, ટુવાલ વગેરે માટે જુઓ હાથ ધોવા)

૨ સમૂહગત

૧ બીજાને છાંટા ન ઉડે તેવી રીતે નાક, કાન, મોં ધોવાં તથા કોગળા કરવા.

(૩) વાળ ઓળવા

૧ વ્યક્તિગત

૧ વાળ કેમ ઓળવા.
૨ ગંદો દાંતિયો સાફ કરવો.
૩ વાળ ઓળી દાંતિયો સાફ કરી પોતાની જગ્યાએ મૂકવો.

૨ સમૂહગત

૧ કાચ પાસે વારા ફરતી જવું.
૨ દાંતિયા પોતાનાજ વાપરવા.

(૪) પેશાબ કરવો તથા દિશાએ જવું

૧ વ્યક્તિગત

૧ નક્કી કરેલી જગ્યાએજ પેશાબ કરવો તથા દિશાએ જવું.
૨ પેશાબવાળી માટીથી રમકડાં બનાવવાં નહિ.
૩ પેશાબવાળા હાથ થાય તો ધોઇ નાખવા.
૪ સગવડ હોય તો દિશાએ જઈને મળ ઉપર માટી નાખવી.
૫ હાથ પગ બહાર ધોવા.

૨ સમૂહગત

૧ પેશાબ કરતાં અથવા દિશાએ જતાં પાયખાનાં પાસે વાતો કરવા બેસવું નહિ.
૨ કોઇના ઉપર પેશાબ કરવો નહિ.

(૫) થૂંકવું અને નાક સાફ કરવું

૧ વ્યક્તિગત

૧ થૂંકવા અથવા શેડા કાઢવાની જગ્યાએ જ થૂંકવું અથવા શેડા કાઢવા
૨ થૂંકના બડબડીઆ બોલાવવા નહિ.
૩ શેડા તથા ગૂંગાં ખાવાં નહિ.
૪ શેડા જ્યાં ત્યાં લગાડવા નહિ.
૫ શેડા કાઢીને હાથ તથા નાક ધોવાં.
૬ રૂમાલ જ વાપરવો.
૭ થૂંક વડે કંઈ જ ચોટાડવું નહિ.

૨ સમૂહગત

૧ કોઈની ઉપર થૂંકવું નહિ અથવા શેડા કાઢવા નહિ.

(૬) પગ લૂછવા

- ૧ વ્યક્તિગત
  - ૧ ગંદા પગ ધોવા.
  - ૨ પગલૂછણા ઉપર પગ લૂછવા.
  - ૩ ગંદા પગે આસન ઉપર બેસવું નહિ.
- ૨ સમૂહગત
  - ૧ પગ બીજાને ન અડે તેવી રીતે બેસવું.

[૩] સામાન્ય સભ્યતા

આ વસ્તુમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છેઃ—

(૧) વાતચીત કરવી.
(૨) જોડા, ટોપી, છત્રી, કોથળી વગેરે ઉતારવાં.
(૩) બારણાં, બારીઓ વગેરે ઉઘાડવાં ને બંધ કરવાં.
(૪) રમવાનાં સાધનો કેવી રીતે લેવાં.
(૫) અડપલાં.
(૬) બગાડામાં.
(૭) નાસ્તો.
(૮) ઘોડાગાડીમાં.

(૧) વાતચીત કરવી

- ૧ વ્યક્તિગત
  - ૧ કોઈને કેવી રીતે બોલાવવું.
  - ૨ કોઈને કેવી રીતે પૂછવું.
  - ૩ રજા કેમ માગવી.
- ૨ સમૂહગત
  - ૧ અંદર અંદર ધીમેથી વાત કરવી.
  - ૨ દૂર હોય તેની સાથે વાતચીત કેવી રીતે કરવી.

(૨) જોડા, ટોપી, છત્રી, કોથળી વગેરે ઉતારવાં

- ૧ વ્યક્તિગત
  - ૧ પોતાના જોડા ગોઠવીને મૂકવા.
  - ૨ બીજાના જોડા પહેરવા નહિ.
  - ૩ જોડા હાથમાં લઈને ફરવું નહિ.
  - ૪ જોડા મોંમાં નાખવા નહિ.
  - ૫ જોડા ગંદા હોય તો સાફ કરવા.
  - ૬ બીજાની છત્રી, કોથળી વગેરે લેવું નહિ.
- ૨ સમૂહગત
  - ૧ જોડા, છત્રી, ટોપી વગેરે નક્કી કરેલી જગ્યાએ મૂકવાં.
  - ૨ બીજાના ઉપર જોડા ફેંકવા નહિ.

(૩) બારણાં, બારીઓ વગેરે ઉઘાડવાં અને બંધ કરવાં

૧ વ્યક્તિગત

૧ બારણું બંધ હોય તો બારણા ઉપર ટકોરા મારવા.
૨ ઓરડામાં જવું હોય તો ધીમેથી જવું.
૩ જતી વખતે બારણું ધીરેથી ભટકાય નહિ તેવીરીતે બંધ કરવું.
૪ બારણા તથા બારીઓ ધીરેથી અવાજ સિવાય ઉઘાડવાં તથા બંધ કરવાં.

૨ સમૂહગત

૧ બારણું ભટકાતું હોય તો આંકડીથી બંધ કરવું અથવા કરાવવું.
૨ બારીઓમાંથી આવવું જવું નહિ.

(૪) રમવાનાં સાધનો કેવી રીતે લેવાં

૧ વ્યક્તિગત

૧ આસન પાથરીને બેસવું.
૨ રમવા લીધેલ સાધન તેની જગ્યાએજ પાછાં મૂકવાં.
૩ બીજા પાસેથી લીધેલાં સાધન તેને પાછાં આપી દેવાં અથવા તેની જગ્યાએ મૂકી દેવાં.
૪ કોઇ પણ સાધન રખડતું મૂકવું નહિ.
૫ રમવા લીધેલાં સાધન મેલાં હોય તો તે સાફ કરવાં.
૬ રમવા લીધેલાં સાધન લઇ જતાં લાવતાં પડી જાય તો ઊંચકીને તેની જગ્યાએ મૂકવાં.
૭ કોઇને રમવા જોઇતું હોય તો આપવું.
૮ અવાજ કર્યા સિવાય ખુરશીઓ, ટેબલો વગેરેની હેરફેર કરવી.

૨ સમૂહગત

૧ કોઇએ બીજાનું રમવાનું સાધન ઉપાડવું નહિ.
૨ કોઇની જગ્યાએ બેસી જવું નહિ.
૩ કોઇનું કંઇ બેંચી લેવું નહિ.
૪ કોઇની પાસેથી કંઇ લેવું હોય તો માગવું અને આપે ત્યારે વારાફરતી લેવું.
૫ બે જણાએ ભેગું લીધું હોય તો બેમાંથી એક જણાએ અથવા બંને જણાએ મૂકી દેવું. કંઈ પણ રખડતું રાખવું નહિ.
૬ પાસે કામ કરનારને અડચણ ન થાય તેવી રીતે રમવું.
૭ કોઈનાં રમવાનાં સાધન પડી જાય અથવા બગડે તેવી રીતે ચાલવું નહિ.

(૫) અડપલાં

- ૧ વ્યક્તિગત
  - ૧ પાણી તથા ધૂળ ઉડાવવાં નહિ.
- ૨ સમૂહગત
  - ૧ કોઈનાં કપડાં ખેંચવાં નહિ.
  - ૨ કોઈને ધક્કા મારવા નહિ.
  - ૩ વાતો સાંભળતી વખતે અથવા ગમે ત્યારે પાસે બેસનારના વાળ ખેંચવા નહિ કે તેને અડવું નહિ કે તેને ચોંટીઆ ભરવા નહિ.

(૬) ગંદી ટેવો

- ૧ વ્યક્તિગત
  - ૧ નાકમાં આંગળાં નાખવાં નહિ.
  - ૨ મોંમાં આંગળાં નાખવાં નહિ.
  - ૩ બુતાન, રૂમાલ, પહેરણની ચાળ અથવા તો નાડી વગેરે કાંઈપણ ચાવવું નહિ.
  - ૪ શેડા જ્યાં ત્યાં કાઢવા નહિ.
  - ૫ જ્યાં ત્યાં થૂંકવું નહિ.
  - ૬ નખ મોઢામાં નાખવા-નહિ.
  - ૭ જ્યાં ત્યાં હગવું કે પેશાબ કરવો નહિ.
- ૨ સમૂહગત
  - ૧ એઠું પાણી પીવું નહિ તેમજ પાવું નહિ.
  - ૨ એઠું ખાવું નહિ તેમજ ખવરાવવું નહિ.
  - ૩ ગોળામાં પીધેલું પાણી નાખવું નહિ.

(૭) નાસ્તો

- ૧ વ્યક્તિગત
  - ૧ નાસ્તો કેમ કરવો.
  - ૧ નાસ્તો જોઈતો હોય તો કેમ કરવું.
  - ૩ વધારે આવે તો શું કરવું.
  - ૪ નાસ્તો ન જોઈતો હોય તો કેમ કરવું.
  - ૫ નીચે પડી જાય તો શું કરવું.
- ૨ સમૂહગત
  - ૧ જમતી વખતે વાતો કેવી રીતે કરવી.
  - ૨ થઈ શકે તેવાં રસોડાનાં કામ કરવાં.
  - ૩ શાંતીની રમતના સાથીદાર બનવું.

૬ રકાબીઓ પ્યાલા વગેરે કેવી રીતે ગોઠવવા.
૭ ચોકડીઓ કેવી રીતે પાડવી.
૮ સહુના ભાગ કેવી રીતે પાડવા.
૯ સહુને કેવી રીતે પીરસવું.

(૮) ઘોડાગાડીમાં

- ૧ વ્યક્તિગત
  - ૧ નાનાં બાળકોને બેસાડવા ને મોટાએ ઊભા રહેવું.
  - ૨ ગાડીની બહાર હાથ કાઢવો નહિ.
  - ૩ ગાડીમાં બેઠાં બેઠાં બૂમો પાડવી નહિ.
  - ૪ ચાલતી ગાડીએ ચડવું ઉતરવું નહિ.
- ૨ સમૂહગત
  - ૧ ગાડીમાં ધક્કાધક્કી કરવી નહિ.
  - ૨ કોઈની જગ્યા લેવી નહિ.
  - ૩ વારાફરતી ગાડીમાંથી ઉતરવું અને ચડવું.

(૯) બગીચામાં

- ૧ વ્યક્તિગત
  - ૧ સાધન ઉપર એક જણ હોય ત્યારે બીજાએ તે તેની પાસેથી પડાવી લેવું નહિ.
  - ૨ રમતાં રમતાં બૂમો પાડવી નહિ.
  - ૩ ચંપલ કે રૂમાલ રખડતાં મૂકીને જવું નહિ.
- ૨ સમૂહગત
  - ૧ બધાં સાધનોનો ઉપયોગ વારા ફરતી કરવો.
  - ૨ કોઈને લાગી જાય તો દવાખાને દોડવું.
  - ૩ કોઈની ઉપર ધૂળ ઉડાડવી નહિ.
  - ૪ કોઈની સાથે તકરાર કરવી નહિ.
  - ૫ હરિફાઈ કે સ્પર્ધા થવા દેવી નહિ.
  - ૬ રમતને ખાતર જ રમત રમવી.

[૪] સામાન્ય સફાઈ

આ વિષયમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે:—

(૧) વાળવું, ચોળવું, ધોવું. (૨) બાળકોની શરીરતપાસ.

(૧) વાળવું, ચોળવું, ધોવું:

- ૧ કચરો પડ્યો હોય તો તે સાફ કરવો.
- ૨ બારણાં પાડવાં.
- ૩ ચરક કાઢવી. (સ્થાનિક)
- ૪ ગંદા વાસણો, સુપડી વગેરે ધોવું.

૫ પોતાના રૂમાલ ધોવા.
૬ ગંદા હાથ થાય તો તે ધોવા.
૭ જમતી વખતે કચરો પડે તો તે વાળી લેવો.
૮ એઠાં વાસણો ઉટકી નાખવાં અને લૂછીને જગ્યાએ મૂકવાં
૯ કચરાની ટોપલીમાંથી પીપમાં કચરો નાખી દેવો.
૧૦ કોઈ પણ જગ્યાએ કાગળોના ડૂચા, કચરો વગેરે પડ્યાં હોય તો તે એકઠાં કરી કચરા-પેટીમાં નાંખવા.
૧૧ કાચ અને છબીઓ આગળપાછળથી લૂછવી.
૧૨ રમકડાં તથા સાધનો બરાબર લૂછવાં.
૧૩ આંગણું સ્વચ્છ રાખવું.

(૨) બાળકોની શરીર તપાસ

૧ નખ તપાસવા.
૨ આંખ તપાસવી.
૩ દાંત તપાસવા.
૪ કાનમાં તથા કાનની પાછળ મેલ છે કે નહિ તેની તપાસ કરવી.
૫ કપડાં તપાસવાં.
૬ શરીર તપાસવું.

સૂચના:—૧ જ્યાં જ્યાં માબાપોને સૂચના આપવા જેવું લાગે ત્યાં ચિઠ્ઠી આપવી.
૨ બાલમંદિરમાં સુધારી શકાય તેવું હોય તે સુધારવું. ગિ.

બાલમંદિરના આચાર્યને

પ્રિયભાઈ,

હમણાં મેં કેટલાંક બાળમંદિરો જોયાં છે. અલબત્ત બાલમંદિરના આચાર્યની વ્યક્તિની વિશેષતા બાલમંદિરમાં કંઈક વિશેષ તત્વ ઉમેરી શકે છે અને ભલે ઉમેરે. એવું કાંઈ નથી કે બાલમંદિરો એકજ ઢબે, એકજ બીબામાંથી ચાલતાં યંત્રોપેઠે ચાલ્યાં કરે. બાલમંદિરો તો જીવનવિકાસની સંસ્થા છે. એને વિશે વિચાર કરવો પડે કે તે યંત્રવત્ સંસ્થાઓ ન હોય કે ન હોઈ શકે એતો બાલમંદિરોના રહસ્યનું અજ્ઞાનમૂલક અપમાન છે. એટલે જ વ્યક્તિગત આચાર્યની વિશેષતાનો લાભ બાલમંદિરમાં ઉતરે તેમાં લાભ રહેલો છે.

પણ એ વિશેષતા એટલે આચાર્યને જે કંઈ ગમે તે અગર આવડે તે એમ સમજીએ તો બાલમંદિરોની આજની આબોહવા અને તેની રચના બદલાઈ જાય. રચના એટલે જડરચના નહિ પણ તેની આંતરિક, માનસિક અને આત્મિક રચના એમ હું જણાવું છું.

બાલમંદિરો અમુક ન્યોક્કસ સિધ્ધાન્તો પ્રમાણે ચાલે છે અને ચલવાય તો જ તે બાલમંદિરો છે. આ સિધ્ધાન્તો અને વ્યવહાર બાલમાનવના અભ્યાસીઓએ વિચારેલા અને અમલમાં મૂકેલા છે તેની કૃત્તેહ ઉપર બાલમંદિરોનું આજનું આંતરબાહ્ય રૂપ છે. એટલાજ માટે પ્રથમતઃ બાલમંદિરોમાં સિદ્ધાન્તોનો સ્વીકાર આવશ્યક વસ્તુ છે.

બાળકોનું સન્માન, સ્વતંત્ર અને સ્વાવલંબી થાય તેવું સ્વાભાવિક વાતાવરણ, સ્વયંસ્ફુર્તિ અને સ્વયંઅનુભવ, અને સર્જન દ્વારા સ્વયં-

વિકાસ એટલે સ્વયંદર્શન, એ બાલમંદિરના સિદ્ધાન્તનો સાર છે.

આ પારપાડવા માટે અનુકૂળ એવી સાધન-વ્યવસ્થા બાલમંદિરોમાં ગોઠવાએલી છે અને સિદ્ધાન્તો જ તે સાધનોનો અમુક જ ઉપયોગ અમુક રીતે માગે છે. એટલે તેનું સહજપાલન એ બાલમંદિરના સ્થૂળ શરીરનો દેખાવ છે.

ઘણા લોકો કાંતો માત્ર સાધનોમાં બાલ-મંદિરને સમજે છે અને તેથી સાધનો વસાવીને બેસવાથી બાલમંદિર થઇ જાય છે એમ માનવા લલચાય છે. ઘણા માબાપો પણ માત્ર સાધનોમાં જ શિક્ષણ આવી જાય તેમ સમજી બેસે છે. આવાં બાલમંદિરો માત્ર પત્થરની મૂર્તિઓ જેવાં મંદિરો છે.

ઉલટું ઘણા લોકો એમ માનવા લાગ્યા છે અને એ વર્ગ શિક્ષિત પણ અનભ્યાસી લોકોનો છે કે જેઓ સાધનો–સામગ્રી–ની આવશ્યકતાને અનાદરની બુદ્ધિથી જુએ છે અને ભૂખ્યા પેઠે તૃપ્તિ કરવાની આશા જેવી વગર સામગ્રીએ વિકાસની આશા રાખે છે.

વાત તો એમ છે કે કંઈ નહિતો બાલમંદિ-રોના આચાર્યોએ તો આ બાબતમાં જાગતા રહેવું જોઇએ જ. તેમની ફરજ છે કે તેમણે સિદ્ધાન્તો અને સાધનોની બાબતમાં અભણ અને અજ્ઞાન જીજ્ઞાસુઓને સમજણ આપવી જોઇએ. તેમની ફરજ છે કે બાલમંદિર ચલવવા ખાતર તેમણે બાલમંદિરના સિદ્ધાન્તો અને સાધનોનો ભોગ આપવો ન જોઇએ અગર અપાતા ભાગમાં મદદ કરવી ન જોઇએ. તેમની ફરજ છે કે તેમણે લોકપ્રતિષ્ઠા ખાતર કે પોતાની સહીસલામતી ખાતર સિદ્ધાન્તો અને સાધનોમાં ચલવી લેવું જોઈએ.

વારંવાર વાચન, મનન, વિચાર તો ચાલ્યા કરવું ઘટે. બાલમંદિરને આગળ વધારવાનું બાલપ્રિય અને લોકપ્રિય કરવાનું કામ તો આ-ચાર્યનું છે જ. પણ એ પ્રીતિ ઉપલક નહિ પણ સાચી જોઇએ. એ પ્રીતિ પ્રાપ્ત કરવામાં આત્મવંચના કે લોકવંચના નહિ જોઇશે. એ પ્રીતિ નગદ ખણખણતી હશે તોજ બાલ-મંદિરોનું લાંબો વખત નભશે.

દરેક સારીવસ્તુ જે તપાસ્યા ન કરીએ, તેના ઉપર ચડતો કચરો ખંખેર્યા ન કરીએ, તેમાં પેસતા અનર્થકારી વિચારો અને આચારોની ચોકી કરતા ન રહીએ, તો તે વસ્તુ દુર્ગતિને પામે છે. બાલમંદિરને એ જ વાત લાગુ પડી શકે.

માટેજ તેના આચાર્યો અને તેના સાથી-ઓએ બાલમંદિરને એક અતિપવિત્ર મંદિર સમજી તેની શાંતિ, સ્વચ્છતા, વ્યવસ્થા અને તેના પ્રાણની રક્ષા કરવી જોઇએ .આજે તો આટલું ઘણું બધું છે. ગિ.

અંગાચો, મોડું ન કરતા

૧ મોન્ટીસોરી પદ્ધતિ ... ગિજુભાઈ ૨–૦–૦
૨ વસંત બાલશિક્ષણ પ્રચારમાળા ગિ. તા. ભા. ૧–૨ ૧–૬–૦
૩ માબાપોના પ્રશ્નો ... ગિજુભાઈ ૦–૮–૦
૪ સ્વતંત્ર બાલશિક્ષણ... ગિજુભાઈ ૦–૧–૦
૫ મોન્ટીસોરી પ્રચારમાળા ગિ. તા. ૦-૧૦-૦

ટપાલ ખર્ચ જુદું

લખો:—સુશીલાબેન બુધેકા
વ્યવસ્થાપક
શિક્ષણ પત્રિકા કાર્યાલય.
પ્લોટ–ભાવનગર.

પ્રસ્તાવના*

ભક્તનાં 'બાળગીતો' એવું આ ચોપડીનું નામ વાંચી કોઇ એમ ન સમજે કે બાળકોને માટે ભક્તનાં ગીતો કોઇ ભક્તે ખાસ રચેલાં છે. તેમ કોઈ એમ પણ ન સમજે કે તંબુરો અને મંજીરા વગાડતા કોઇ ભક્તનાં આ ગીતો છે. એમ છતાં આ ગીતો ભક્તનાં છે અને તે એક રીતે બાળભક્તનાં છે. બાળકો સામે બેસી જેણે બાળકોની થોડી એવી પણ ઉપાસના કરી, તેને વાચા ફૂટી અને તેમાંથી આ બાળગીતો પ્રગટ્યાં.

બાળગીતોને બાળગીતો તરીકે સમજવા માટે, તેનો રસ લૂંટવા માટે, તેને બાળગીતો તરીકે સ્વીકારવા માટે, માણસે બાળકો સમક્ષ બાળગીતોને ગાતા કોઇ ભક્તની સામે ઊભા રહેવું જોઈએ. માત્ર ચોપડી વાંચે કે ગીતોના રાહ કે તેનું વ્યાકરણ જાણે, કે તેના ઉપર શાસ્ત્રીય દૃષ્ટિ ફેંકે, બાળગીતોનો આત્મા સમજી શકાશે નહિ. જેમ બાળકોને સમજવા માટે બાળક થવાની જરૂર છે, તેમ બાળકાવ્યો સમજવા માટે બાળમંદિરમાં કે જ્યાં બાળગીતોનાં વાતાવરણમાં બાળકો ડોલતાં હોય, અને ગીતના આત્માની સુવાસમાં મ્હાલતાં હોય ત્યાં જવું જોઈએ.

આ બધું કાંઈ ભક્તનાં ગીતો કે આજકાલનાં બાળગીતો વખાણવા માટે નથી. પણ આ તો બાળગીતોને સમજવા માટેની એક દૃષ્ટિ ઉઘાડવા માટેનો વિચાર છે.

હમણાં હમણાં બાળમંદિરોની સાથે બાળગીતો અને બાળસાહિત્યનો અવતાર શરૂ થયો છે એટલે કાવ્યમાં ઉતરી આવતી બાળગીતોની નવી વાણી, રચના, ઢાળ, સંગીત, વ્યાકરણ, એ બધું પણ કંઇક નવીન છે અને છેકે જુની રીતે જોનારને કંઈક અકળ પણ છે. ભિન્નભિન્ન દેશની સંસ્કૃતિઓ સમજીને અપનાવવા માટે જેમ ઉદાર સુરુચી કેળવવાની જરૂર છે, તેમ નવી ઢબછબે ઉતરી આવતાં બાળગીતોને અપનાવવા માટે એક નવા પ્રકારની સુરુચીની જરૂર છે. આવી સુરુચી કેળવવી એ સંસ્કાર–બુદ્ધિને માટે સરળ છે.

'ચકલી નાની ને કૈડકો મોટો' એમ બાળગીતો એટલે બાળગીતો અને તેનો આવડો મોટો પડારો, એ ઘણાંઓને વિચિત્ર અને રમુજી લાગશે. પણ એતો આજસુધી મોટાંઓની દૃષ્ટિએ જેમ બાળકો બાળકો જ લાગ્યાં છે એના જેવું આ છે. જેઓ બાળયુગ, બાળસન્માન, બાળજીવનની મહત્તા, બાળજીવનમાં માનવ જીવનનાં બીજો છે એમ સમજે છે તેઓ બાળકાવ્યોને નવી દૃષ્ટિથી જ જોવા પ્રેરાશે અને તેનો આદર તે દૃષ્ટિએ જ કરશે. ભક્તના આ બાળગીતોમાં કયું સુંદર અને કયું અસુંદર તે હું કહું તે શા કામનું? તેનો ફેંસલો તો બાળકોએ આપવો જોઈએ. અને તેતો તેમણે આપેલો છે. એકાદ બાળમંદિરમાં જઇને બાળગીતો સાંભળવા બેસજો. એક પતંગિયું, દોટંદોટા કરવા દે, લીમડા ડાળે, કુકડે કુંકે, સુરજ ઉગ્યો–અરે આતો એક પછી એક બધાં

* આ પ્રસ્તાવના બાળગીતોના વિષયમાં થોડા એક વિચારો રજુ કરે છે. તંત્રી.

ગીતો બાળકોની પસંદગીનાં છે અને ફૂલના હારની પેઠે બાળકોને ગળે શોભીતાં છે. મીઠા મધની જેમ બાળકોની જીભે મીઠાશ રેલે છે. આમાં કોને વખાણવાં અને કોને નહિ?

કયાંક પ્રાસ છે અને કયાંક નથી એની સાથે જેમ બાળકો તકરાર નથી કરતાં તેમ હું પણ તકરાર નથી કરતો. એવી તકરાર કાવ્ય શાસ્ત્રીઓ અને વૈયાકરણીઓને માટે રહેવી જોઇએ. એમ છતાં કોણ જાણે કેવી રીતે ઉગેલા આ નવા રાગો અને તેનાં નવાં ડોલનો કાંઈ કાયદા વિનાનાં અગર કેવળ સ્વચ્છંદી નથી. એ બાળકો જેમ નાચતાં કૂદતાં છે છતાં તેમાં મેળ છે, તેમ આમાં પણ ગેયતા છે જ. પણ તે ગેયતા ગીતોને સાંભળ્યા વિના પ્રસ્તાવના વાંચનારાઓ નહિ સમજી શકે. ઘણી વાર તો આવાં ગીતો અજાણ લોકોને નિરસ અને ફિક્કાં લાગે છે. તેમાં નથી ઉપદેશ, નથી સપ્તપ્રાસાનુપ્રાસ, નથી જુના છંદો, કે નથી જુનાં લોકગીતો કે સંગીતના રાગો. આ ગીતો એ ગીતો છે. અને ભાવ અને વસ્તુને અનુકૂળ એવા ઢાળો સહેજે ઉપજેલા છે. આ કારણે શોકહામાં બેસાડેલાં ગીતો જેવાં આ ગીતો ન દેખાય તો તેમાં ગીતોનો વાંક નથી, તેમ જે ભક્તહૃદયમાંથી એ ગળ્યાં છે તેનો પણ વાંક નથી. એ વાંક છે આ યુગનાં સ્વતંત્ર થતા બાલમંદિરનાં બાળકોનો અને તેના હૃદયોનાં પ્રતિબિંબોનો.

ગિ.

નૂતન ગણિતશિક્ષણ

(ચાલુ)

હજારની સાંકળનો પાઠ આપ્યા પછી બાળકને સ્થૂળમાંથી સુક્ષ્મમાં લઈ જવું જોઇએ. બાળક પાસે દશ હજાર, લાખ, દશ લાખ વગેરે સંખ્યાઓ પણ પ્રત્યક્ષ આપવી જોઇએ એમ છે જ નહિ. બાળકની ગણિતિક કલ્પનાને અવકાશ આપવો જ જોઇએ. અમુક હદ સુધી બાળકને પ્રત્યક્ષ વસ્તુઓ આપ્યા પછી એને સુક્ષ્મમાં લઇ જવું જોઇએ. મેડમ મોન્ટીસોરી કલ્પના માટે કહે છે કે કલ્પનાનો પાયો વાસ્તવિકતા ઉપર હોવો જોઈએ. બાળકની કલ્પનાશક્તિ તો ખીલવીજ જોઈએ. પણ એના પાયામાં વાસ્તવિકતા હોવી જોઇએ. આને માટે મેડમ મોન્ટીસોરી એરોપ્લેનનો સુંદર દાખલો આપે છે. એરોપ્લેનને હવામાં જ ઉડવાનું હોય છે. પણ એ હવામાં ક્યારે ઉડી શકે? જમીન ઉપર થોડું ચાલ્યા પછી જ એરોપ્લેનનું હવામાં ઉડ્યન શક્ય બને છે. એવી જ રીતે કલ્પનાશક્તિનું ઉડ્યન પણ વાસ્તવિકતાના પાયા ઉપર રચાયેલું હોવું જોઈએ. એરોપ્લેન જમીનને અડક્યા સિવાય હવામાં ઉડી શકતું નથી તેવી જ રીતે કલ્પનાએ પણ વાસ્તવિકતાના આધારસિવાય ઉડવું જોઈએ નહિ. વાસ્તવિકતાના આધાર સિવાયની કલ્પના એ કલ્પના રહેતી નથી. પરંતુ તરંગમાંજ પરિણમે છે. આ વસ્તુ ગણિતિક કલ્પનાને પણ બરાબર લાગુ પડે છે. ગણિતિક કલ્પનાના ઉડ્યનને પણ વાસ્તવિકતાનો આધાર હોવો જોઇએ. બાળકો પાસે ગણિતિક કલ્પના માટે શરૂઆતમાં પ્રત્યક્ષ વસ્તુઓ

આવવી જ જોઇએ. પણ બધોજ વખત પ્રત્યક્ષ વસ્તુઓ આવવી જોઈએ એમ પણ નહિ. બાળકને અમુક હદ સુધી પ્રત્યક્ષ વસ્તુઓ આપ્યા પછી એની ગણિતિક કલ્પનાને અવકાશ આપવો જ જોઇએ.

પણ બીજી બાજુએ એકલી જ કલ્પના કરાવવાથી પણ કંઈ અર્થ સરે તેમ નથી. બાળક પાસે પ્રત્યક્ષ વસ્તુઓ આવે જ નહિ તો બાળકનું ગણિતનું જ્ઞાન રેતીના પાયા ઉપરજ રહેવાનું. ગણિતનો પાયો મજબૂત બનાવવા માટે, બાળકની ગણિતિક કલ્પના બરાબર દૃઢ થાય એટલા માટે, બાળકપાસે શરૂઆતમાં પ્રત્યક્ષ વસ્તુઓ આવવી જ જોઈએ. બાળકે દશ, સો, હજાર એ બધી સંખ્યાઓ વારંવાર ગણીને પોતાના ગણિત વિષયક જ્ઞાનનો પાયો બરાબર મજબૂત કર્યો હોવો જોઇએ. આ બધી ગણતરી પોતાની મેળાએ કર્યા પછી બાળક દશ હજાર, લાખ, દશલાખ વગેરે આગળની સંખ્યાઓની કલ્પના કરી શકે. પણ જો આ પાયો જ કાચો હોય, બાળક પાસે એ બધી સંખ્યાઓ પ્રત્યક્ષ આવી ન હોય, બાળકે એ બધી ગણતરી પોતાની મેળાએ કરી ન હોય તો બાળકને આગળની સંખ્યાઓની બરાબર કલ્પના જ નહિ આવે. એટલે પ્રત્યક્ષ જ્ઞાન ખૂબ જ આવશ્યક છે. પરંતુ અમુક હદે ગયા પછી બાળકને સ્થૂળમાંથી સુક્ષ્મમાં લઈ જવું જોઈએ.

બાળકને સ્થૂળમાંથી સુક્ષ્મમાં લઇ જવા માટેનું સાધન એ ગણિતની સળિયાની ઘોડી છે. આ ઘોડી લંબચોરસ હોય છે. એની અંદર ચાર સળિયા હોય છે. બીજી આવી જ જાતની ઘોડી હોય છે. તેની અંદર દશ સળિયા હોય છે. ચાર સળિયાવાળી ઘોડી હજાર સુધીનો ખ્યાલ આપવા માટે વપરાય છે. દશ સળિયાવાળી ઘોડી અબજ સુધીનો ખ્યાલ આપવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે. આ દરેક સળિયામાં દશ દશ મોતી હોય છે. આ મોતી જુદા જુદા રંગનાં હોય છે. એકમનાં મોતીનો રંગ લીલો હોય છે, જ્યારે દશકનાં મોતીનો રંગ ભૂરો હોય છે. સોનાં મોતીનો રંગ લાલ હોય છે. ત્યાર પછી હજારનાં એકમનાં મોતીનો રંગ લીલો હોય છે. આ પ્રમાણે ચાર સળિયાવાળી ઘોડીમાં મોતીની ગોઠવણ હોય છે. દશ સળીયાવાળી ઘોડીમાં હજાર સુધીતો ઉપરજ પ્રમાણે હોય છે. ત્યાર પછી હજારના દશકનાં મોતીનો એટલે કે દશ હજારનાં મોતીનો રંગ ભૂરો હોય છે. લાખનાં એકમના મોતીનો રંગ લીલો હોય છે અને લાખનાં દશકનાં મોતીનો રંગ ભૂરો હોય છે. કરોડના એકમનાં મોતીનો રંગ લીલો હોય છે; જ્યારે કરોડના દશકનાં એટલે કે દશ કરોડના મોતીનો રંગ ભૂરો હોય છે, અને છેવટે દસમી સળીમાં અબજના એકમનાં મોતી હોય છે અને તેનો રંગ લીલો હોય છે

ઉપરનું વાંચવાથી કોઇના પણ ખ્યાલમાં આવી શકે એમ છે કે આપણે ત્યાં સંખ્યાઓની ગોઠવણ એકમ, દશક, સો, એકમ દશક, એકમ દશક, એકમ દશક, એમ ચાલી આવે છે, આપણે ત્યાંની સંખ્યાઓની ગોઠવણ એકમ દશક, એકમ દશક એમ ચાલી આવે છે. માત્ર વચમાં સોના એકમ આવે છે. પશ્ચિમના દેશોમાં એકમ દશક, એકમ દશક એમ ગોઠવણ નથી.

એ દેશોમાં એકમ, દશક, સો; એકમ, દશક; સો, એમ સંખ્યાઓની ગોઠવણ ચાલી આવે છે. આપણે ત્યાં એકમ, દશક, સો; હજાર, દસ હજાર; લાખ, દશલાખ. કરોડ દસ કરોડ એમ બોલાય છે, જ્યારે પશ્ચિમના દેશોમાં એકમ, દશક, સો હજાર, દસ હજાર સો હજાર દસલાખ, દસ દસ-લાખ, સો દસલાખ એમ બોલાય છે. આવી રીતે બંન્ને પદ્ધતિ વચ્ચે ફેર છે એટલે વિલાયતથી આવતી ઘોડીઓમાં આપણે ઉપર પ્રમાણેનો ફેર-ફાર કરવો આવશ્યક થઈ પડે છે. આગળ ઉપર આપણે જોઈશું કે ભાગાકારના સાધનમાં પણ આપણે આવી જ જાતનો ફેરફાર કરવો પડે છે. આ વસ્તુ ખ્યાલમાં આવે એટલા માટે જ ઉપર હજારનાં એકમનાં મોતી અને હજારનાં દશકનાં મોતી, લાખનાં એકમનાં મોતી અને લાખનાં દશકનાં મોતી એમ વાપરવામાં આવ્યું છે.

આ ઘોડી ઉપર ડાબી બાજુએ એકમનાં મોતીની સળી સામે એકમ, દશકનાં મોતીની સળી સામે દશક, સોના મોતીની સળી સામે સો, હજારનાં મોતીની સળી સામે હજાર, એમ લખેલું હોય છે. અબજની ઘોડી ઉપર આવી રીતે અબજ સુધી લખેલું હોય છે. આ જાતની આ ઘોડીઓની રચના હોય છે.

આ ઘોડીનાં મોતીના રંગની બાબતમાં થોડાએક વિચાર કરીને આપણે આ વખતે અટકીશું. ઘોડીના ઉપયોગ વિષે આવતા હપ્તામાં વિચાર કરીશું.

ઘોડીનાં મોતીનાં રંગ દરેક જગ્યામાં એક જ જાતનો હોવો જોઈએ. એ ખૂબ જ આવશ્યક છે. કોઈ જગ્યાએ ઘોડીના મોતીનો રંગ કાળો અને ધોળો રાખવામાં આવે, કોઈ જગ્યાએ ગુલાબી અને પીળો રાખવામાં આવે તો બાળકો માટે એ ખૂબ જ મૂંઝવનારૂં થઈ પડવા સંભવ છે. એક જગ્યાએ બાળકના મગજમાં ભૂરાં મોતી એ દશકનાં મોતી અને લીલાં મોતી એ એકમનાં મોતી અને સોનાં મોતી લાલ હોય એ ખ્યાલ દૃઢ થયો હોય ત્યાં બાળક બીજી જગ્યાએ જાય અને જુએ કે એકમનાં મોતી તો કાળા રંગનાં છે તો બાળકને સાચેસાચ મોટી મૂંઝવણ ઊભી થાય અને વળી પાછા પોતાના મગજમાં જે ખ્યાલો ઊભા થયા હોય તે કાઢી નાખીને નવા દાખલ કરવા જોઈએ. અને એમાં એ કેટલીય વખત નિષ્ફળ પણ જવાનો સંભવ છે. બાળકના મગજમાં અમુક વસ્તુ સાથે જે સહચાર (association) ઊભો થયો હોય તેમાં જો વિક્ષેપ આવે તો બાળકો ઉપરની એની બરાબ અસર થવાનો સંભવ છે. એકમનાં અને દશકનાં મોતી માટે જે રંગો પસંદ કરવામાં આવ્યા છે એની પાછળ કોઈ ગણિતિક સિદ્ધાન્ત રહેલો છે એમ તો નથી જ, પરંતુ એ રંગો બાળકો માટે આકર્ષક તો માલમ પડયા જ છે. કેમકે છેક નાની ઉંમરના બાળકો પણ ગણિતની ઘોડી લઈને એનાં મોતી વડે રમવાનો પ્રયત્ન કરતાં દેખાયાં છે. પરંતુ એ વસ્તુને ગૌણ રાખીએ તો પણ રંગનું એકધારાપણું તો સચવાવું જ જોઈએ. અને એ માટે મૂળ ઘોડીમાં જે રંગો છે તેને સાચવી રાખીએ તો કાંઈ ખોટું નથી.

(અપૂર્ણ)

શ.

શ્રી રાજકોટ બાલઅધ્યાપનમંદિર

સ્વયંઅભ્યાસ

પ્રિય ભાઇ–બેન,

આ સાથે ત્રણ પ્રશ્નપત્રો તથા વસંત-માળાના બે લખાણો તમારા તરફ મોકલ્યાં છે.

વસંતમાળાના વિચારોનો બને તેટલો પ્રચાર કરવાનું તમને સોંપું છું. શિક્ષણમાં જે અતિ મહત્વના બે વિચારો છે તે વસંતમાળાના ફર-ફરિયામાં છે. "બાળકોને મારવાં નહિ" "બાળકોને બીવરાવવાં નહિ."

બાળકોને મારવાથી મનુષ્ય; શરીર, મન અને આત્માથી હિંસક થાય છે. જ્યાં સુધી પૃથ્વીના પડ ઉપરની શાળાઓમાં અને ઘરોમાં બાળકોને મારવાનું ચાલુ રહેશે ત્યાં સુધી અ-હિંસાનું સત્ય સામ્રાજ્ય સ્થપાવું મુશ્કેલ છે.

બીજું ભયથી માણસની સર્વ શક્તિઓ નબળી પડે છે. ભયથી તેનામાં સર્વતોમુખી ક્ષીણતા આવે છે. જ્યાં સુધી માણસ ભય-રહિત નથી ત્યાં સુધી તે અહિંસક બની શકે નહિ. અને જ્યાં સુધી તે અહિંસક નહિ બને ત્યાં સુધી તે સત્ય–પ્રેમને પામી શકશે નહિ.

આ વિચારો તમે જાતે મનનથી સમજવા પ્રયત્ન કરજો અને આસપાસના સૌને તે સમજાવશો.

પ્રશ્નોના ઉત્તરો મને મોકલશો નહિ, પણ પાસે રાખશો.

આપનો,

ગિજુભાઇના નમસ્કાર.

પ્રશ્નપત્ર પાંચમો

નોંધ—દસમાંથી સાત પ્રશ્નોના જવાબો લખવા.

૧ અત્યારે ચાલતી ઘૂડી નિશાળોને જાતે જોયા પછી તેની સ્થિતિ કેવી રીતે સુધારવી અગર તેનું શું કરવું તે લખો.

૨ પ્રાથમિક શાળામાં સૌથી વધારે મહત્ત્વનું ધોરણ કયું, શા માટે, અને તેમાં કેવો શિક્ષક જોઇએ?

૩ ઉમેદવાર શિક્ષકો, મોનીટરો, કે અન્ટ્રેન્ડ શિક્ષકોના હાથમાં બાલવર્ગ અને બાલધોરણ સોંપવાથી થતા નુકશાનો સમજાવો.

૪ પ્રાથમિકશાળાની આજની સ્થિતિએ તમે તમારાં બાળકોનાં માબાપ તરીકે, શાળાના શિક્ષક તરીકે, હેડમાસ્તર તરીકે, ઇન્સ્પેકટર તરીકે અને બાતાના વંડા તરીકે શા શા ફેરફારો કરો?

૫ આજના પ્રાથમિક શાળાના ભણતરમાં કયાં કયા વિષયો નકામા છે અને તે શા માટે?

૬ આજની પ્રાથમિક શાળાના કયા વિષયોમાં ભણનારા નબળા રહે છે અને તે શા માટે?

૭ પ્રાથમિક શાળાની સફળતા માટે ભણનારા-ઓના માબાપોના સહકારની જરૂર બરી? તો તે કેવી રીતે મેળવી શકાય?

૮ પ્રાથમિક શાળાના શિક્ષકોની વારંવાર થતી ફેરબદલી વિશે તમારો શો અભિપ્રાય છે?

૯ પ્રાથમિક શાળાના શિક્ષકોના પગારોનું ધોરણ કેવું જોઇએ?

૧૦ પ્રાથમિક શાળામાં રજાઓ તથા શિક્ષકોની રજાઓ વિશે કેવું ધોરણ જોઇએ?

ક્રિયાપત્ર પહેલો.

નોંધ:—આના જવાબો લખવાના નથી; પણ જે કંઈ કામ કરો અથવા જાતે જુઓ તેની નોંધ રાખવાની છે.

૧ સાથે મોકલેલ વસંત માળાના "બાળકોને મારશો નહિ" અને "બાળકોને બીવરાવશો નહિ" એ લખાણોનો તમે જ્યાં રહેતા હો ત્યાં પ્રચાર કરો. તે વિષયો ઉપર વ્યાખ્યાનો સ્થળે સ્થળે ગોઠવો. તે વિચારો ઉપર ચર્ચા રાખો. [વધારે કાગળિયાં જોઈએ તો મંગાવો.]

૨ શિક્ષણ પત્રિકા 'નો પ્રચાર કરો. તેમાંથી સારી વસ્તુ લોકોને વાંચી સંભળાવો. ['શિક્ષણ પત્રિકા 'ના અંકો જોઈએ તો મંગાવો.]

૩ બની શકે ત્યાં પિતાઓ અને માતાઓ માટે અઠવાડિયા માટે વર્ગો કાઢો અને બાલ-શિક્ષણની સાદી બાબતો તેમને સમજાવો. સાદી બાબતો જેવી કે સ્વચ્છતા, સભ્યતા, બાળકોને ગાળો દેવી નહિ વગેરે.

૪ તમે જ્યાં હો ત્યાં આજુબાજુના લોકોનાં તેમજ જાતજાતનાં કામદારવર્ગોનાં બાળકોની સ્થિતિને જુઓ અને સમજો.

૫ તમે જ્યાં હો ત્યાં જુઓ અને સમજો.
(૧) ધૂડી નિશાળ, બાળ–અખાડો, ક્રીડાંગણ, આંધળાં બેરાંની નિશાળ, અનાથાશ્રમ, પાઠશાળા, બ્રહ્મચર્યાશ્રમ, ખ્રિસ્તી નિશાળો, મજુરનાં બાળકોની શાળાઓ, ઘોડીઆંખાતાં અને બાલમંદિરો.

૬ બાળકો માટે કયાં કયાંથી કેવી જાતનાં રમકડાં આવે છે તેનો ખ્યાલ લ્યો.

પ્રશ્નપત્ર છઠ્ઠો

નોંધ:—જવાબો આપતાં પહેલાં ખૂબ વિચાર કરવો. માત્ર તરંગને આધારે જવાબ આપવા નહિ.

બધા પ્રશ્નોના જવાબો આપવાના છે.

૧ આજે ચાલતી એક શિક્ષકની ગામડાની શાળા તમે જોઈ હોય તો તેનું વર્ણન કરો અને એક શિક્ષકની શી મુશ્કેલીઓ છે તે જણાવો.

૨ ગામડાની એક શિક્ષકશાળામાં શિક્ષકને માથે જે બોજો આવી પડે છે તે દૂર કરવા વિચારક તરીકે તમારૂં શું ધારવું છે?

૩ ગામડાની નિશાળના શિક્ષક પાસેથી વિદ્યાર્થીઓના માબાપો આંકનું ભણતર માગે છે તો તે બાબતમાં તમે શો રસ્તો કાઢશો?

૪ આજનો ભણેલો માણસ કઈ કઈ અનુકૂળતાએ ગામડાનો શિક્ષક બની શકે?

૫ ગ્રામ શિક્ષકની મુખ્ય મુખ્ય યોગ્યતાઓ કઈ? તેને ખાસ કરીને કયા હુન્નરનું કેટલું જ્ઞાન જોઈએ?

૬ ગ્રામ શિક્ષકે શિક્ષણ સિવાયના ગ્રામજનોના આર્થિક, સામાજીક અને રાજકીય પ્રશ્નોમાં કેટલી હદે પડવું ઉચિત છે?

૭ ગ્રામ શિક્ષક લોટ માગી, કથા કરી, વૈદું કરી, કાસીદું કરી, પરણાવી કે શ્રાદ્ધ સરાવી, વગેરે રીતે પોતાની આવકમાં પૂર્તિ કરે છે અને કરે તો તે બાબતમાં તમારા વિચારો અને આચરણ શાં?

૮ શહેરમાંથી અનેક શહેરીસાધનો દ્વારા ગામડામાં જે બધી બદીઓ ફેલાઈ રહી છે તે હઠાવવા ગ્રામશિક્ષક શું કરી શકે?

૯ ગ્રામશાળાનું તમારી સમજણ પ્રમાણે સમયપત્રક આપો.

આપણાં બાલમંદિરો

[નોંધ–આ મથાળાં નીચે આપણાં બાલમંદિરોની ટૂંકી માહિતી દરેક અંકમાં પ્રગટ કરવામાં આવશે. બાલમંદિર ચલવનારાઓ પોતાની ટૂંકી આંકડા સાથેની નોધ મોકલશે તેને અમે આવકાર સાથે છાપીશું.]

શ્રી ગાંધી આશ્રમ બાલમંદિર, છાયા–પરા: પોરબંદર

બાલમંદિરમાં અઢીથી સાત વર્ષ સુધીનાં બાળકો હોય છે. પોતાનાં કપડાં જાતે ધોઇ શકે તેટલી ઉંમરના ન હોઇને તેમને આશ્રમનાં ચડ્ડી, બાંડિયાં આપવામાં આવે છે. આ બાળકોને લાવવા લઇ જવા માટે રાખેલ એક્કો આવે કે તુરતજ તેમને નહાવા–ધોવાનો કાર્યક્રમ હોય છે. કપડાં પહેરી, તેલ નાખી, વાળ ઓળીને સંગીત શરૂ થાય છે. બાલમંદિરમાં સંગીત, નાચ, કૂચ, લડાઇ, અભિનયગીતો, દાંડીયારાસ, વગેરેનો હમેશાં વિવિધ ને રસિક કાર્યક્રમ હોય છે. બાળકોને લપસવાનાં પાટિયાં, હીંચકવા હીંચકા તથા ચકડોળ પણ છે. અહીં બાળકો સો સુધી ગણતાં તથા સાધારણ વાંચતાં શીખ્યા પછી તેમને વિદ્યામંદિરમાં મોકલવામાં આવે છે. આ બાળકોને હમેશાં જાતજાતનો નાસ્તો આપવામાં આવે છે. ઘણું કામ બાળકો જાતે કરે છે. રવીવારે સંગીતનો જલસો તથા બાળનાટકો ભજવવામાં આવે છે. બાલમંદિરની પત્રકસંખ્યા ૪૦ છે ને હાજરી સામાન્ય રીતે ૨૦ થી ૩૦-ની રહે છે. બાલમંદિરમાં અઢી ત્રણ વર્ષ સુધી રહેનાર બાળકો સહેજે ૩૦૦ વાર્તાઓ, ૩૫૦ આદર્શ પાઠવાચન, ટુચકા, દુહા, વરતો, ૫૦ અભિનય ગીતો, ૨૫ નૃત્યગીતો, ૨૫ રાસગરબા, ૨૫ દાંડિયારાસ, ૧૨ રમતો, ૩૦૦ લોકગીતો, ૫૦ નાટકો, ૧૫ ઉત્સવો, ૧૨ પ્રવાસો વગેરેનો લાભ ઉઠાવે છે. આ બાળકો વધારે સુઘડ, વ્યવસ્થિત ને સંસ્કારી જણાય છે. આમ અનુભવે નાનયણથી બાળકની કેળવણી શરૂ કરવામાં આવે તે વધારે ફાયદાકારક જણાયું છે.

લવાજમ મોકલશો ?

બે માસ પછી 'પત્રિકા'નું તમારું લવાજમ પુરુ થશે. અત્યારથીજ લવાજમ મોકલવાની જો વ્યવસ્થા ગ્રાહકો કરે તો વી. પી. ના વધુ ખર્ચમાંથી તેઓ બચી જાય, અને અમારી મહેનત ઓછી થાય.

લવાજમ અત્યારથી જ મોકલાવી આપવું સલાહ ભરેલું છે.

લવાજમ મોકલતી વખતે ગ્રાહક નંબર લખવો બાસ જરૂરી છે.

દરેક ગ્રાહકો આ વિનંતિ પ્રત્યે લક્ષ આપશે ?

૧૬–૧૧–૩૮

સુશીલાબેન બધેકા
વ્યવસ્થાપક,
શિક્ષણ પત્રિકા, પ્લૉટ–ભાવનગર.

રાજકોટ અધ્યાપનમંદિરનાં પાઠ્યપુસ્તકોની યાદી

બાલશિક્ષણ મને સમજ્યું તેમ	ગિજુભાઇ	વસંત બાલશિક્ષણ ભાગ–૧–૨	ગિજુભાઇ તારાબેન
મોન્ટીસોરી પ્રવેશિકા	તારાબેન	મોંન્ટીસોરી પ્રચારમાળા	તારાબેન ગિજુભાઇ
વાર્તા કહેનારને	ગિજુભાઇ	નિબંધ સંગ્રહ	
શાસ્ત્રીય દૃષ્ટિ	ગિજુભાઇ	દીવાસ્વપ્ન હિંદી મૂ. લે. ગિ. અ કા. ત્રિવેદી	
બાળકોની અપૂર્ણતા	ગિજુભાઇ	શિક્ષણ પત્રિકા વરસ ૨–૧૦–૧૧	
મોન્ટીસોરી પદ્ધતિ	ગિજુભાઇ		

અરજીઓ

રાજકોટમાં ચાલતા બાળઅધ્યાપનમંદિરમાં હવે વધારે ભાઇબેનોને આ સાલ દાખલ કરી શકીશું નહિ.

જે ભાઇબેનો બાલશિક્ષણનો અભ્યાસ કરવા ચાહતાં હોય તેઓએ ૧૯૩૯-૪૦ ના બાલઅધ્યાપનમંદિમાં દાખલ થવા માટે અત્યારથી અરજી કરવી.

પૂરતી સંખ્યા અને સગવડ થશે તો ૧૯૪૦-ના અંદાજે જુલાઇ–ઑગસ્ટમાં નવા વર્ગો શરૂ થશે.

અરજી કરનારે એક આનાની ટીકિટ બીડી પોતાનું નામ રજીસ્ટર્ડ કરાવવું.

ગિજુભાઇ

આચાર્ય, બાલઅધ્યાપનમંદિર

સેવાફલમ્, જગનાથ પ્લોટ, રાજકોટ

શિક્ષણ સમાચાર

—રાજકોટ: રાજકોટ બાલઅધ્યાપનમંદિરની રજાઓ તા. ૧૫–૧૨–૩૮ સુધી લંબાઇ.

—ભાવનગર: શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિરના વ્યવસ્થાપક અને સંસ્થાના આજીવનસભ્ય, ભાઇ ગોપાળરાવ વિદ્વાંસ સંસ્થા માટે ફંડ કરવા માટે પૂર્વ આફ્રિકા તથા યુગાન્ડા તરફ તા. ૭–૧–૩૯ના રોજ ઉપડશે.

શ્રીદક્ષિણામૂર્તિ ભવનનું બીજું સત્ર તા. ૨૨–૧૨–૩૮ થી શરૂ થયું.

શિક્ષણ પત્રિકાના માનદ વ્યવસ્થાપક તરીકે સુશીલા બધેકા આ માસથી કામ કરશે.

—મુંબઇ: ભાઇ પ્રતાપરાય યાજ્ઞિક સ્વ. શેઠ ગોરધનલાલ કરસનદાસ હિંદુ બાલમંદિર ભાટીયા સ્ત્રી મંડળ)ના આચાર્ય નીમાયા છે તેનું સત્ર તા. ૭–૧૧–૩૮થી શરૂ થયું.

વાર્ષિક લવાજમ એક રૂપિયો. લખો: તંત્રી શિક્ષણ પત્રિકા, કૃષ્ણનગર પ્લોટ, ભાવનગર

આ શિક્ષણ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પટેલ મુળચંદ નરશીદાસે છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી ક્રમ)

વર્ષ ૧૩ મું
સંવત ૧૯૯૫

અંક ૧૧ મો
પોષ

:તંત્રીઓ:

નિર્મુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

વિષયોના જ્ઞાન આગળ કેળવણીનું કામ પૂરું થતું નથી. સારી સારી શીખવવાની પદ્ધતિઓની શોધો પણ કેળવણીનું કામ પૂરું કરી શકતી નથી. વળી કેળવણીને વિજ્ઞાનના પાયા ઉપર મૂકવાથી કે શીખનારના માનસના જ્ઞાનના પાયા ઉપર રચવાથી તે પૂર્ણતાને પામતી નથી. કેળવણીના કામની પૂર્ણતા હંમેશ અમર્યાદિત છે. એમ છતાં જેમ જેમ મનુષ્ય જીવનના ગૂઢ રહસ્યો અને હેતુઓને સમજી તેના ઉપર મનુષ્યવિકાસની રચના વધારે ને વધારે વ્યાપક થશે તેમ તેમ કેળવણીની ગતિ તેની સફળતાની નજીક અને નજીક જશે.

શિક્ષણ પત્રિકા

વર્ષ ૧૩] પોષ ૧૯૯૫ [અંક ૧૧

મ ન ને।

સ્વાધ્યાય શિક્ષણ ઘડીની હમેશની ચાવી છે.

: ૨ :

પોતાના કર્તવ્યનું નિરંતરનું ભાન દેવમંદિરના અખંડ દીવા સમાન છે.

: ૩ :

બાલમંદિરનો અખંડ દીવો શિક્ષણની શુદ્ધ ક્રિયાનું સતતપણું છે. અભ્યાસ અને અવલોકન રૂપી તેલ એ દીવામાં નિરંતર પૂર્યા કરવું જોઈશે. આળસ અને અભિમાનની મેશ દીવા ઉપર અદ્ધરથી પડીને તેને ઝુઝાવી ન નાખે તે બાલમંદિરના શિક્ષકે જોતા રહેવાનું છે.

: ૪ :

જીવનના મહાન સિદ્ધાન્ત જીવનના કિનારે બેઠેલા માટે નથી પણ જીવનનો આરંભ કરનાર માટે છે.

ઉત્તમ જ્ઞાનનું શિક્ષણ આરંભથી જ થવું યોગ્ય છે.

: ૫ :

સાચું આરોગ્ય દવાના ડુવા અને ઇન્જેકશનનો વિરોધ કરે છે. કુદરતી જીવન ખોરાકમાં મસાલાની ના પાડે છે. સ્વાભાવિક શિક્ષણ ઇનામ, પ્રોત્સાહન અને ઉત્તેજનની ના પાડે છે.

: ૬ :

આજનો ભણેલો માણસ નવરો પડે છે ત્યારે ચોપડી શોધે છે. આવતી કાલનો ભણેલો માણસ નવરો પડશે ત્યારે કંઈ જાતમહેનતનું કામ શોધશે.

: ૭ :

તેનો વાંક નથી કે તે આળસુ રહે છે. ઉત્તેજન વિના કામ કરી શકતો નથી, ભય અગર લાલચ વગર સદાચાર આવી શકતો નથી, દેખાવના કારણ વિના તે સજ્જનતા દાખવી શકતો નથી, સભ્યતાના યોગ વિના લાગણી, સરળતા, માનવીપણું બતાવી શકતો નથી. વાંક તો આજની કેળવણીનો છે; કેમકે કેળવણીની ક્રિયા અને સાધનો એ આજના માણસના જીવનના આદર્શનું અને આચારનું પ્રતિબિમ્બ માત્ર છે.

: ૮ :

એમાં આપણો વાંક નથી કે આપણે આપણાં બાળકોને અપમાનીએ છીએ; કારણકે આપણને આપણાં મોટેરાંઓએ અપમાનેલાં છે. જે કંઇ આપણને મળ્યું હોય તે જ આપણે બીજાને અને ખાસ કરીને આપણને જ આપીએ ના ?

અ • નુ • ક્રં • મ

૧ મનનો . . . . ગિ. ૧૭૪
૨ બાલમંદિરમાં કેટલા શિક્ષકો ? ૧૭૫
૩ આટલું પણ ઘણું . ગિ. ૧૭૭
૪ માથે ચડાવેલ . . ન. ૧૭૯
૫ બાલમંદિરમાં હાથઉદ્યોગો ગિ. ૧૮૧
૬ બાલમંદિરમાં સંગીત . ગિ. ૧૮૨
૭ બાલમંદિરમાં નિષેધો . ગિ. ૧૮૨
૮ પ્રારંભિક વાચન . . સો. ૧૮૩
૯ આપણાં બાલમંદિરો તંત્રી ૧૮૬
૧૦ સ્વતંત્ર પુસ્તક લખવા માટેના વિષયોનાં નામો . . . ૧૮૭
૧૧ શિક્ષણ સમાચાર . . ૧૮૮
૧૨ જાહેરાતો . . . તંત્રી ૧૮૮

બાલમંદિરમાં કેટલા શિક્ષકો ?

પૂછપરછ અને ચર્ચા થઈ રહી છે કે બાલમંદિરમાં કેટલા શિક્ષકો જોઈએ ? આ ચર્ચા થવી જોઈતી જ હતી. ચર્ચા બતાવે છે કે બાલમંદિરના સંચાલકો તથા લોકો, શિક્ષકો અને બાલમંદિરમાં રસ લેવા લાગ્યા છે. આ સારું ચિન્હ છે. શિક્ષકોને માટે તો આ ચર્ચા બહુ જરૂરની હતી જ. જુદે જુદે સ્થળે શિક્ષકો અને બાળકોની સંખ્યા સંબંધેનાં ધોરણ એકબીજાથી નોખાં હોવાથી કયું ધોરણ સાચું અને કયું નહિ એ વિશે ઉહાપોહ અને વસ-વસો પણ હતાં જ. આપણે કંઈક મર્યાદાતો બાંધવી જ જોઈશે. પણ આ મર્યાદા મનસ્વી નહોઈ શકે. ધોરણની પાછળ અનુભવ હશે તો જ તેને બળ મળે અને તો જ તે ટકવા જેટલું મજબૂત નીવડે. અત્યારે આપણે ત્યાં જે બાલ-મંદિરો છે, તેમાં જે બધું કામ છે, તેમાં કામ કરતા શિક્ષકો છે, તેની જે શક્તિ છે, બાલ-મંદિરમાં જે પ્રકારની સગવડ છે અને સમાજ-સાથે શિક્ષકોને કામ પાડી નવોચીલો પાડવાનો છે, એ બધું ધ્યાનમાં લઈને તેમજ આટલા વખતનો અનુભવ તેમાં ભેળવીને હું શિક્ષકો અને બાળકોનું ધોરણ આવી જાતનું યોગ્ય ધારું છું અને તે માટે સંચાલકોને ભલામણ કરું છું અને તેવું ધોરણ માગવા માટે શિક્ષકોને કહી શકું છું.

હું જે ધોરણ અત્રે નોંધું છું તે પ્રાથમિક શાળામાં કેટલાં બાળકોએ કેટલા શિક્ષકો જોઈએ તેના વિચારાધ રહેલા ખ્યાલો ઉપર નથી તેમ યુરોપની બાળશાળાઓની સંખ્યા શિક્ષકોની પદ્ધતિ ઉપર પણ નથી. હું તો આપણે ત્યાં જે જાતની જરૂર દેખું છું અને અનુભવું છું તે જ આધારે ભલામણો કરું છું. મારો આશય શિક્ષકોને વધારે કામ આપવાનો કે તેમના પર વધારે બોજો મૂકવાનો નથી. મારો આશય તેમને નકામો અવકાશ આપવાનો પણ નથી. શિક્ષકો આજે જેટલી સંખ્યાને પહોંચી વળે તેટલી જ તેને સોંપવાનો મારો મત છે. ઘણાં બાળકો ને થોડા શિક્ષકોની પ્રથામાં તો કોઈ પણ પ્રકારનું શિક્ષણ શક્ય નથી. અગર જે કોઈ પણ પ્રકારનું શિક્ષણ શક્ય હોય તો તે ઘૂડી નિશાળમાં શક્ય છે તે છે. ઢોરને ભેગાં કરી હાંકવા માટે ઘણા ઢોરે એક બે નાના એવા ભરવાડના છોકરા ચાલી શકે છે. પણ મારી કલ્પના એવી જાતના વ્યક્તિ શિક્ષણની નથી કે જેટલી વ્યક્તિઓ તેટલા શિક્ષકો રાખવા જોઈએ. એ વળી ભરવાડ પદ્ધતિનો બીજો છેડો છે. હું તો આજે આપણે બાલમંદિરોમાં જે પદ્ધતિનો સ્વીકાર કર્યો છે અને એ વડે જે જાતનું શિક્ષણ બાળકોને આપવા માગીએ છીએ તે માટે કેટલાં બાળકે કેટલા શિક્ષકો જોઈએ જ તે કહેવા માગું છું. મારું ધોરણ આ પ્રમાણે છે.

હરકોઈ બાલમંદિરમાં એકાદ તો નોકર હોય. ઉપરાંત પહેલાં પંદર બાળકોએ એક શિક્ષક જોઈએ. જો માત્ર એક ઠેકાણે બેસાડી મૂકી જૂની ઢબે ભણાવી દેવું હોય તો હું એક શિક્ષકને ૧૭૦ બાળકો સોંપતાં ગભરાઉં નહિ. પણ અહીંતો એક જ શિક્ષકના માથા પર પંદર

બાળકોની સંપૂર્ણ જવાબદારી સોંપતાં અચકાઉં તો ખરો. પણ વ્યવહારિક મર્યાદા ત્યાં અટકાવ્યા વિના ચાલે તેમ નથી. આવે વખતે હું શિક્ષકને કહીશ કે તમારે એવું સુંદર કામ કરી બતાવવાનું છે કે માબાપને બાત્રી થાય કે બાલમંદિરનેં પોતાનાં બાળકોથી ભરી દેવું જોઇએ. પરિણામે જો બાળકો વધવા માંગે તો તમારે ૨૦–૨૫–૩૦ સુધી બાળકો જાય ત્યારે બીજો શિક્ષક માગી લેવોજ જોઇએ. અર્થાત ૧૫ થી ૩૦ ની સંખ્યા જ્યારે બાલમંદિરમાં થાય ત્યારે અલબત્ત બે શિક્ષકો વિના નહિ ચાલી શકે. જેઓ બાલમંદિરનું રહસ્ય, પદ્ધતિ વગેરે જાણતાં નથી તેમજ બાલમંદિરમાં આવી તે જાણવાની તરદી લેતાં નથી અગર પૈસાનોજ પ્રશ્ન જેમની નજર આગળ તર્યા કરે છે, અગર જેઓ સ્વભાવથી જ જૂનવાણી છે, તેઓ હમેશ શિક્ષકોની સંખ્યા, તેમનાં પગારો, વગેરે વિષે પ્રમાણિકપણે તકરાર કરવાના છે અને કરે છે અને બાળકોના હિતને વારંવાર અને લગભગ હમેશ ભૂલી જાય છે પણ તેનો હર્ષ શોક કર્યા વિના શિક્ષકોએ મકકમ રહેવાની જરૂર છે. અને તે એટલા માટે કે તેમણે માત્ર પેટભરવા ખાતર ગમે તેટલી સંખ્યાને ચલવી લેવાની ઇચ્છા રાખવાની નથી અને રાખવી જોઇએ નહિ.

બાલમંદિરનું કામ છેક નાનાં બાળકો-સાથે કામ લેવાનું છે. ઘરનાં બે ત્રણ બાળકો-ને પણ નોકરોથી કે માબાપોથી થોડો વખત પણ એક સરખાં રાખી શકાતાં નથી. થોડા વખ-તમાં બાળકોને મારવાં, ધમકાવવાં, અગર ફોસલા-વવાં પડે છે. તો પછી બાલમ દિરમાં ૩૦ બાળ કોને માટે બે શિક્ષક બરી રીતે તો બોજા જ કહે-વાય. દરેક બાળકને સન્માનપૂર્વક તેના કાર્યમાં શિક્ષકે વ્યક્તિગત કાળજી આપી આગળ વધા-રવાનું છે. બાળક કાંઇ યંત્ર નથી કે યંત્રના નિયમે તે ચાવી ચડાવવાથી ચાલ્યા કરે. તે તો જીવન્ત પ્રાણી છે. દરેક બાળકના વર્ધનના ધોરણો પોતાની અંદર છે. તેના હેતુઓ, આ-દર્શો અને લક્ષ જુદાં છે. તેથી દરેક બાળક વિશિષ્ટ સમજણ, વિચાર અને સહાય માગે છે. અને તેથી જ સારા તૈયાર થએલા બે શિક્ષકો માંડમાંડ ૩૦ બાળકોને પહોંચી વળે. વળી જેમ થોડી સંખ્યા હોય ત્યારે તો સમૂહ-ગત સહજ પ્રવૃત્તિઓની જમાવટ થતાં વાર લાગે છે. બાલમંદિરની શરુઆત હોય તો તો એક તરફથી બાળકો, બીજી તરફથી માબાપો, અને ત્રીજી તરફથી મહેમાનો, આ ત્રણે બાજુને શિક્ષકે સંતોષ આપવાનો હોય છે. આવે વખતે એક જ શિક્ષક શી રીતે પહોંચી વળે ? બે શિક્ષકો હોય તોપણ બાળકના કામને કંઇક નુકશાન પહોંચાડ્યા વિના તેમાંનો એક બીજી બહારની બાબતો ઉપર ધ્યાન આપી શકે નહિ.

આ સ્થિતિ ધ્યાનમાં રાખી ૩૦ થી ૫૦ બાળકો માટે ત્રણ, ૫૦ થી ૭૫ માટે પાંચ, અને ૭૫ થી ૧૦૦ બાળકો માટે છ શિક્ષકોની ભલામણ કરવાની જરૂર છે. ત્રણ શિક્ષકોને ૫૦ બાળકો સોંપવામાં જરા મુશ્કેલી તો છે જ. છતાં તે વાત એટલા માટે મંજુર કરી છે કે પ્રથમના બે શિક્ષકો પરિચિત થઈ ગયા હોય, રસ્તો નખાઇ ગયો હોય, બીજી વ્યવસ્થા થઇ ચૂકી હોય, એટલે પછી ત્રણ શિક્ષકો ભેગા થાય તો સમૂહબળ અને વહેંચાએલી પ્રવૃત્તિઓને લીધે ૫૦ જેટલાં બાળકોને પહોંચી વળાય.

એક વાત એવી છે કે શરૂઆતમાં પાંચ બાળકો હોય તોપણ શિક્ષકની ભારે કસોટી થાય છે. કેમકે તદ્દન નવા ચીલા પાડવાના હોય છે, નવું વાતાવરણ રચવાનું હોય છે, બાળકોની સાથે નવોજ પરિચય કરવાનો હોય છે. પણ આ બધું જમ્યા પછી દોડતી ગાડીમાં પાંચ દસ બાળકો વધે છે તો ચલવી શકાય છે.

વળી એ વાત પણ ધ્યાનમાં રાખવા જેવી છે કે એક બાળક હોય કે સો બાળક હોય તોપણ વાતાવરણ અને કાર્યક્રમોમાં કાંઇ ઓછા વધારે કરવાપણું ગુણની દૃષ્ટિએ નથી હોતું. સંખ્યાથી સાધનસામગ્રીમાં તફાવત પડે છે પણ શિક્ષકની જાગૃતિ વગેરેમાં ઘટ નથી થતી પણ તેમાં તો વધારો જ કરવો પડે છે. થોડી યા વધારે સંખ્યા પૂરતું વ્યક્તિગત અવલોકન માગે જ છે. અવલોકન અને વ્યવસ્થા શિક્ષકનું મુખ્ય કર્તવ્ય છે. બાલમંદિર હમેશને માટે પ્રયોગમંદિર છે તે એટલા માટે કે બાલમંદિરની અંદર આવતું દરેક બાળક એકબીજાથી ભિન્ન છે. અને એક બાળકનો અભ્યાસ બીજાને સંપૂર્ણ રીતે સમજવામાં કે તેને આગળ વધારવામાં બહુ કામમાં નથી આવતો. અને તેથી પાંચ બાળકને પીછાન્યાથી ઉમેરાએલાં બીજાં બાળકો માટે સહજ સરળતા નથી થતી. પાટા નાખ્યા અને એન્જીન જોડયું એટલે ગાડી ચાલી જાય એવું બાલમંદિરમાં નથી. જ્યાં જ્યાં સ્વતંત્ર અને વિકાસવાન પ્રાણીઓ સાથે માત્ર મદદ કરવા માટે જ કામ કરવાનું હોય છે ત્યાં આમ જ બની શકે.

વળી સંચાલકોએ તેમજ શિક્ષકોએ ધ્યાન રાખવાનું છે કે આ ધોરણ માત્ર બાલમંદિર માટે એટલે કે ૩ થી ૭ વર્ષનાં બાળકો સુધીનું છે. બાલમંદિરની સાથે પ્રાથમિક વિભાગ જોડીએ તો શિક્ષકોની ભરતીનું ધોરણ વળી નવા વિભાગ પૂરતી નવી યોજના માગી લેશે. આમાં તો માત્ર બાલમંદિર (૩–૭) સુધીનાની સંખ્યા અને શિક્ષકો વિશે કહેવામાં આવ્યું છે.

૭૫ થી ૧૦૦ સુધી છ શિક્ષકનું ધોરણ મૂકયું તો છે પણ તે કયારે કે જયારે ૫૦–૬૦ ની સંખ્યાના એકથી વધારે બાલમંદિર કાઢી શકાતાં નહોય ત્યારે. ખરી રીતે મોટી સંખ્યાનાં બાલમંદિર સારૂં કામ કરી શકે નહિ. તેમાં પૂરી શિક્ષકની સંખ્યા હોય તો પણ કામ સારૂં ન થાય. એટલી મોટી સંખ્યા માટેની શિક્ષક ઉપરાંતની વ્યવસ્થા શિક્ષકોને બોજા રૂપ તો થાય જ પણ બાળકોને માટે પણ એક જાતનું ગુંચવનારૂં વાતાવરણ બને છે. ઉત્તમ મંદિર તો ૩૦ થી ૫૦ બાળકો અને પાંચ શિક્ષકોનું હું માનું છું. છતાં પાંચ શિક્ષકો અને ૫૦ થી ૭૫ બાળકોનું બાલમંદિર પણ પોતાનો હેતુ ઓછી મુશ્કેલીએ પાર પાડશે.

ગિ.

આટલું પણ ઘણું

૧ શાળાઓનાં મકાનો સારી જગ્યાએ હોય.

૨ મકાનોની આસપાસ ભણનારને માટે રમવાનાં મોટાં આંગણાં હોય.

૩ આંગણામાં કુદરતનું દર્શન કરવા બાગ-બગીચા હોય.

૪ બાગ બગીચા વચ્ચે શરીરને વિકસાવવા માટે ક્રીડાંગણો, હીંચકા, લપસણાં વગેરે હોય.

૫ ક્રીડાંગણો પાસે સ્વચ્છ થવા તથા ન્હાવા માટે હોજ અને કુંડીઓ હોય.

વળી

૧ શાળા હમેશ વાળેલી ચોળેલી સાફ હોય.

૨ શાળાના ઓરડા મોટા અને હવા અજવાળા વાળા હોય.

૩ શાળાની અંદર તથા આસપાસ કર્યાંય ગંદકી ન હોય.

૪ શાળાની દિવાલો ઉપર સુંદર ચિત્રો હોય.

૫ શાળાનું વાતાવરણ એકદમ શાંત હોય.

વળી

૧ શાળાની અંદર સારૂં પુસ્તકાલય હોય.

૨ શાળામાં સારૂં એવું સંગ્રહાલય હોય.

૩ શાળામાં જાતે હુન્નર ઉદ્યોગ કરી શકીએ તેવી અનુકૂળતા હોય.

૪ શાળામાં ગમ્મત સાથે જ્ઞાન મળે એવાં સાધનો હોય.

૫ શાળામાં છોડ વાવવાનું અને ઉછેરવાનાં સાધનો હોય.

વળી

૧ શાળાનો શિક્ષક સારકણો ન હોય.

૨ શાળાનો શિક્ષક ગંદો ન હોય.

૩ શાળાનો શિક્ષક વ્યસની ન હોય.

૪ શાળાનો શિક્ષક ખીજાળ, વઢકણો અને ખટપટિયો ન હોય.

૫ શાળાનો શિક્ષક અણઘડ, અનિયમિત અને આળસુ ન હોય.

પણ

૧ શાળાનો શિક્ષક શાંત અને સુઘડ હોય.

૨ શાળાનો શિક્ષક સમજાવીને ભણાવે તેવો હોય.

૩ શાળાનો શિક્ષક ભણનારની સાથે ભળે હળે, રમે અને રમાડે તેવો હોય.

૪ શાળાનો શિક્ષક જાતે ભણવા દે ને ભણતરમાં મદદ કરે તેવો હોય.

૫ શાળાનો શિક્ષક આનંદી, આવડતવાળો અને ગમે, તેવો હોય.

વળી

૧ શાળામાં શિક્ષકનો ભય ન હોય.

૨ શાળામાં લેસનની ચિંતા ન હોય.

૩ શાળામાં પરીક્ષાનો ત્રાસ ન હોય.

૪ શાળામાં દંડ અને જાતજાતની શિક્ષાનો ભય ન હોય.

૫ શાળામાં ગુંડા અને તોફાની છોકરાઓનો ભય નહોય.

વળી

૧ શાળામાં ભણતાં ભણતાં રમવાની છૂટ હોય.

૨ શાળામાં ભણતાં થાક લાગે તો આરામ લેવાની છૂટ હોય.

૩ શાળામાં ભાઈબંધો કરવાની અને તેને શીખવવાની કે ભણવવાની છૂટ હોય.

૪ શાળામાં જે ન આવડે તે ધીમે ધીમે ભણવાની અથવા ન ભણવાની છૂટ હોય.

૫ શાળામાં ભણવાની, કૂદવાની, ખાવાનું, ખાવાની, ને કોઇ વાર ઊંઘી જવાની પણ છૂટ હોય.

વળી

૧ શાળામાં કોઇને મારવાની છૂટ ન હોય.

૨ શાળામાં કોઇનું કંઇ ઉપાડી જવાની

છૂટ ન હોય.

૩ કોઇનું તોડવાની ફોડવાની કે બગાડવાની છૂટ ન હોય.

૪ કોઇને ગાળો દેવાની, કોઇને હેરાન કરવાની, કોઇને ખીજવવાની છૂટ ન હોય.

૫ કોઇના કામમાં આડે આવવાની કે કોઇનું અપમાન કરવાની છૂટ નહોય.

ગિ.

માથે ચડાવેલ

શિયાળાની સાંજના સાડાપાંચ વાગ્યા હતા. સૂર્ય પશ્ચિમમાં નમતો જતો હતો. દિવસનું બધું કામ પૂરું કરીને હું મારા ઘર પાસેના પબ્લીકબાગમાં જરા હવા ખાવા અને તાજો થવા ગયો હતો.

એક ખાલી બાંકડા ઉપર હું થોડી વાર બેસી રહ્યો અને બાગમાં ચાલતું બેન્ડનું સંગીત સાંભળતો રહ્યો. બેન્ડ પૂરું થયું અને મારી પાસેના બાંકડા ઉપરથી કાંઈક અવાજે મારું ધ્યાન બેંચ્યું. એ બાંકડા ઉપર એક ૬-૭ વર્ષનો છોકરો તેની મા જેવી દેખાતી બાઇ સાથે બેઠો હતો અને છોકરો જોરથી રાડો પાડી રહ્યો હતો, "એં...એં...એં અમારે ઘરે નથી આવવું. હું તને નહિ જવા દઉં." બાળકની રાડો અને રડવાના અવાજની વચ્ચે વચ્ચે માનો ધીમો–આજીજી ભર્યો અવાજ આવતો હતો, "અરે સુરેશ ! ઘરે ચાલને બાપુ, તારા બાપુજી આવીગયા હશે અને અહીં તને ટાઢ લાગશે."

પણ સુરેશ તો એની વાત કાંઇ પણ ગણકારતો નહતો, ઉલટો વધુ સામે થતો જતો હતો.

"હું નથી આવવાનો એં...એં...એં... હું તને જવા નહિ જ દઉં"

આ બધી રકઝક ચાલતી હતી. આખરે કંટાળીને બાઈ બાંકડા ઉપરથી ઊભી થઇ અને થોડા ડગલાં આગળ ગઇ અને કહે, "હું જઉં છું. સુરેશ, તારે બેસવું હોય તો બેસી રહે."

ત્યાર પછી જે બનાવ બન્યો તેણે મને બરોબર નવાઇમાં મૂકી દીધો. છોકરો બાંકડા ઉપરથી ઊભો થયો, બાઇનો સાડલો પકડી બેંચી તેને બાંકડા ઉપર બેસાડી દીધી અને પછી બાઇને બે ધુસ્તા જોરથી મારી લીધા. બાઇ પણ જાણે એ ક્રમ હમેશનો હોય તેમ સાંખી રહી.

હવે મને લાગ્યું કે આમાં વચ્ચે પડવું જોઇએ અને બાઇને અને બાળકને વેર પહોંચાડવાં જોઇએ.

હું તેઓના બાંકડા પાસે ગયો. મેં કહ્યું: "બેન ! આ છોકરો તમને કાંઇ બહુ જ હેરાન કરતો લાગે છે. તમને વાંધો ન હોય તો એને વેર મૂકી જઉં ? બાઇ સભ્ય અને શાંત હતી. મને કહે: "એ છોકરો તો હવે હાથથી ગયો છે. નાનપણથી જ અમે એને સ્વતંત્રતા આપી એનું આ પરિણામ છે."

મેં કહ્યું: "બેન ! આમાં તમારી ભૂલ છે. આ સ્વતંત્રતા છે જ નહિ. આ તો સ્વચ્છંદ છે અને તે પણ ઘણી ખરાબ હદ સુધી પહોંચી ગયો છે."

બાઈ કહે: "શું કરીએ ! છોકરાને મારવાની તો એના બાપાએ મનાઇ કરી છે. એટલે તો

છોકરો અમારે માથે ચડી ગયો છે.”

મે કહ્યુ: “ચાલો હું આને ઘરે મૂકી જાઉં.” એમ કહીને મેં છોકરાનો હાથ પકડ્યો. બાઇને કહ્યું કે તમે આગળ ચાલવા લાગો. સુરેશે જરા આનાકાની કરી. પણ એની પ્રબળ ઇચ્છાશક્તિની સામે એટલી જ પ્રબળ ઇચ્છા શક્તિ મેં મૂકી અને કહ્યું:

“ સુરેશભાઇ ઉભા થાવ, ઘરે જવું જ પડશે.” મારા સ્વરની દૃઢતા અને સ્પષ્ટતાની અસર બાળકના મગજ ઉપર થઇ અને મારી સામે જરા કતરાતાં કતરાતાં પણ ભાઇસાહેબ ઊભા થયા અને મારી સાથે ચાલ્યા.

ઘરે જઇને એના પિતાને મળ્યો અને એની સાથે ઘણી વાતચીત થઇ. મેં કહ્યું: “ સ્વતંત્રતાને નામે તો બાળક સ્વચ્છંદી થઇ ગયું છે અને એણે ઉલટી તમારી સ્વતંત્રતા તો ખુંચવી લીધી છે. વળી સામાન્ય સભ્યતા કે વર્તણુકના નિયમો પણ એ ભાઇ જાણતા લાગતા નથી.”

એનો બાપ કહે: “ ભાઇસાબ શું કરીએ. અમને એમ કે બાળકને મરાય નહિ–વઢાય નહિ, મરજી ફાવે તેમ કરવા દેવાય, એમાંથી આમ થયું મેં કહ્યું: “ સિદ્ધાંત તો સાચો છે. પણ એનો ઉપયોગ યોગ્ય રીતે નથી થયો. ”

બાપ કહે: “પણ હવે ઉપાય શું ?” મેં કહ્યું: “ ઉપાય છે. તમને વાંધો ન હોય તો મારે ઘરે ભાઇસાહેબને એક મહિનો રાખો. હું એને માર-કૂટ કર્યા વિના પણ સાચો સ્વતંત્ર અને જવાબદાર માણસ બનાવવાની કોશિશ કરીશ. ”

સુરેશના બાપા અને બા બંને જરા નવાઇ પામ્યાં. અલબત્ત હું જોઇ શકયો કે તેઓ તો બાળકના ત્રાસમાંથી છૂટવા માગતાં હતાં પણ એક અપરિચિત વ્યક્તિને આટલી તકલીફ દેવાનું એમને ગમતું નહોતું.

એ લોકો કહે: “ ભાઈ, તમારો ઘણો ઉપકાર પણ એ છોકરો તમને હેરાન હેરાન કરી નાખશે. એનું નાવાનું ખાવાનું, બધું જ એટલું અનિયમિત છે કે અમારા તો ઘણા કલાક એની પાછળ બગડે છે. તમને એવી તકલીફમાં અમે કેમ મૂકી શકીએ ?”

મેં કહ્યું: “ મારી ચિંતા તમે કરોમા. આવતી કાલથી મારે ત્યાં એને મોકલી આપો.”

બીજે દિવસથી સુરેશભાઇ મારા મહેમાન બન્યા. મેં એમને કહ્યું: “ સુરેશભાઈ, તમારે હમણાં મારી સાથે રહેવાનું છે. અહીં મારા ઘરમાં અમે બપોરનું ખાણું ૧૧ વાગે લઇએ છીએ. તમારે જમવું હોયતો ૧૧ વાગે હાજર થઇ જજો.” સુરેશે નવી પરિસ્થિતિ ઉપર ધ્યાન ન દીધું. એના મનમાં એમ હતું કે આપણે ફાવે તેમ કરીશકીએ છીએ. ભાઇસાહેબ મારી સામે મોઢું. ચડાવીને બહાર ચાલ્યા ગયા. તે દિવસે જ્યારે સુરેશ ભાઇ એક વાગે આવીને મારી પાસે જમવાનું માગવા લાગ્યા ત્યારે મેં કહ્યું: “ જમવાનું તો ૧૧ વાગે થઇ ગયું. હવે સાંજે ૭ વાગે મળશે. ”

સુરેશ ખીજાયો–અરાડયો, મને મારવાનો પ્રયત્ન કર્યો. મેં માત્ર હસતાં હસતાં એના હાથ પકડી રાખ્યા. ઘણી રાડારાડ કરીને આખરે ભાઇસાહેબ કંટાળ્યા. હું એકનો બે ન થયો.

મને ખબર હતી કે એના મનનો સ્વચ્છંદ કાઢવા માટે એ બધો દિવસ ભૂખ્યો રહે તો વાંધો નથી.

સાંજે સાત વાગે ભાણા ઉપર સુરેશ હાજર

હતો. મોઢું ચડેલ હતું.

મેં એને બીજા દિવસનો સામાન્ય કાર્ય-ક્રમ સંભાળવ્યો.

સવારનો દૂધ નાસ્તો, સ્નાન ભોજન, વગેરે બધાના સમયો આપ્યા. સુરેશ કુંગરાયેલે મોઢે મારી સામે જોઇ રહ્યો.

મેં મનમાં કહ્યું; "વાંધો નહિ, હંજુ ગાડું રસ્તે લાવી શકાશે." (અપૂર્ણ) ન.

બાલમંદિરમાં હાથઉદ્યોગો

[નોંધ—છેક નાનાં બાળકો પણ હાથઉદ્યોગો પોતાની શક્તિ અને આવડત પ્રમાણે કરી શકે છે. બાલમંદિરોનો એ અનુભવ છે. બાળકોને હાથઉદ્યોગોમાં પણ ખૂબ રસ પડે છે; કારણકે હાથઉદ્યોગોમાં કંઇક કરવાપણું છે, સર્જનપણું છે. ક્રિયાશક્તિ તથા બુદ્ધિશક્તિનો સહકારી વિકાસ અને ઉપયોગ હાથઉદ્યોગોમાં રહેલો છે. જ્ઞાનેંદ્રિયો તથા કર્મેન્દ્રિયોના હેતુપૂર્વકના ઉપયોગ સાથે હાથઉદ્યોગો બાળકની ઉદ્યોગ પ્રત્યે રુચિ તથા માન જગાડે છે અને ઔદ્યોગિક વૃત્તિવાળાં બાળકોને તેમનાં જીવનની દિશા ઉઘાડી આપે છે. હરેક બાલમંદિરમાં જેમ બીજી બાબતની આવશ્યકતા છે તેમજ હાથઉદ્યોગની છે. અત્યાર સુધીમાં બાલમંદિરોએ આ વિચારનો અમલ કરીને જાતઅનુભવ લીધેલો છે. દરેક બાલમંદિરમાં કઇ કઇ જાતના હાથઉદ્યોગો છે અને હોવા જોઇએ તેની એક યાદી નીચે પ્રમાણે આપેલી છે. આ યાદી ક્રમિક નથી. બાળકોને જે કંઇ ગમે તે રુચિ અનુકૂળ ક્રમે તેઓ કરી શકે અને તેને કરવા દેવું. શિક્ષકને આ બધા ઉદ્યોગો આવડવા જોઇએ.—ગિ]

૧ માટીનાં રમકડાં.

૨ ગારો તથા ઇંટોથી ઘર ચણવાં.

૩ લાકડાના ઘનોથી વિવિધ બંગલા તથા રચનાઓ કરવી.

૪ લાકડાની ઇંટોથી બંગલા તથા વિવિધ રચનાઓ કરવી.

૫ પૂણી બનાવવી.

૬ તકલી ઉપર કાંતવું.

૭ રેંટિયા ઉપર કાંતવું.

૮ દોરીઓ વણવી.

૯ સીવવાની શરૂઆત.

૧૦ ભરવાની શરૂઆત.

૧૧ મિકેનો મોઝેકોનો ઉપયોગ.

૧૨ ઇંદ્રિયોનો વિકાસ કરવા માટેની રમત તથા સાધનનો ઉપયોગ.

૧૩ દાણા, મોતી વગેરે રંગબેરંગી પદાર્થોનાં વર્ગીકરણો.

૧૪ માળાઓ બનાવી હાર ગુંથવા.

૧૫ કાગળ અને કાતર કામ. કાગળનાં રમકડાં બનાવવા.

૧૬ ટપાલનાં કવરો બનાવવાં.

૧૭ રાંગોળીની શરૂઆત.

૧૮ ભૌમિતિક આકૃતિમાં લીંટા પૂરવા.

૧૯ કાગળની પટ્ટીઓની સાદડી બનાવવી.

૨૦ કાર્ડ બોર્ડને કાપવાં અને તેનાં રમકડાં બનાવવાં.

૨૧ પતંગ બનાવવા.

૨૨ બાગકામ કરવું.

બાલમંદિરમાં સંગીત

[નોંધ—આપણાં બાલમંદિરોમાં જે વિવિધ પ્રકારનું સંગીત ચાલે છે તથા ચાલવું જોઈએ તેનો આ એક નકશો છે. આ નકશા પરથી હરકોઈ ઘરમાં કે પ્રાથમિક શાળામાં આ પ્રમાણે અથવા સાધનસામગ્રી પ્રમાણે બાળકોને સંગીત આપી શકાય. શરૂથીજ બાળકોની સંગીતની બાબતમાં રુચિ ઊંચી જ રહે તેટલા માટે ઉચ્ચ પ્રકારનું છતાં સાદુ સંગીત ધરવું. સંગીત સાદું છતાં ઉચ્ચ હોઈ શકે છે. કેવળ ઉચ્ચ સંગીત પણ બાળકોની ઉપર સુસંસ્કારો જ પાડે છે. બનરૂ સંગીત અર્થાત્ ગાયન વાદન, રેકર્ડ વગેરે ત્યાગ કરવા યોગ્ય છે. ગિ.]



ગિ.

બાલમંદિરના નિષેધો

૧ અપમાન, તુચ્છકાર.
૨ શિક્ષા.
૩ ભય.
૪ દમન.
૫ દબાણ.
૬ પ્રપંચ.
૭ સ્પર્ધા.
૮ ધનામ, લાલચ.
૯ પક્ષપાત અને ભેદનીતિ.
૧૦ અહંકાર, સત્તા, મોહ, બહિર્મુખતા, સ્વાર્થ, પરિગ્રહ, ગુપ્તપણું, વગેરે નીચે લઇ જનારી વૃત્તિઓ.
૧૧ સ્વૈર, અસામાજીક અને અનાત્મિક વૃત્તિ.
૧૨ અંધકાર, અનવકાશ, અશાન્તિ અને અનારોગ્યપ્રધાન સ્થળ અને માનસિક પરિસ્થિતિ.
૧૩ અશાસ્ત્રીય તથા અરાષ્ટ્રીય દૃષ્ટિ અને પદ્ધત્તિ.
૧૪ માત્ર પરંપરા, લોકાદર્શ અને ધર્માન્ધપણાનું ગુરુપદ.
૧૫ પરસ્પરાવલંબન અથવા શિક્ષકાવલંબન.

૧૬ કેવળ શિક્ષક તંત્ર અથવા શિક્ષક અને શિક્ષણ કેન્દ્ર.
૧૭ કેવળ શબ્દ પ્રમાણ અને ઉપદેશ.
૧૮ બેઠાડું ઘોરણ.
૧૯ તરંગીપણું, અક્રિયા.
૨૦ વર્ગશિક્ષણ.
૨૧ સ્થિર અને ચોક્કસ સમયપત્રક.
૨૨ ગોખાવવું, ભણાવી દેવું, માત્ર મા હિત ભરવી.
૨૩ પાઠ્યપુસ્તકો દ્વારા ભણતર. ગિ.

પ્રારંભિક વાચન

કોઈ કાર્યનો આરંભ સારી રીતે થાય તો તે કાર્ય અર્ધું થઈ ગયું એમ ગણાય. કહેવાની મતલબ એટલી જ છે કે કોઇ પણ કાર્યની શરૂઆત બહુ જ સારી રીતે કરવી જોઈએ. સારા મજબૂત પાયા ઉપર રચાએલી ઇમારત ઘણાં વરસો સુધી ટકે છે; એથી ઉલટું જો પાયો બરાબ હોય તો તેની ઉપર જોઈએ તેવી સારી ઇમારત બાંધી શકાતી નથી. અને કદાચ બાંધે તો તે બાંધકામ ટકાઉ થતું નથી. વાચન-દ્વારા બીજા માણસોના વિચારો જાણી શકાયં છે. વાચન એ શિક્ષણનું આવશ્યક અંગ છે અને આગળના ભણતરના પાયા જેવું હોવાથી વાચનશિક્ષણની શરૂઆત યોગ્ય રીતે થાય એ ખૂબ મહત્ત્વનું છે.

આજની આપણી મોટા ભાગની પ્રાથમિકશાળાઓમાં વાચનશિક્ષણની જે પદ્ધતિ અમલમાં છે તેમાં ઘણી બામીઓ છે. મેં ઘણી પ્રાથમિકશાળાઓ જોઈ છે. ચિત્રયુક્ત મૂળાક્ષરનું પત્તું ભીંતે ટીંગાડી એક છોકરો મોટા અવાજે 'કરવતનો ક એ' અને 'બલ્બનો બ એ' એમ બોલાવે છે, અને બાકીના વિદ્યાર્થીઓ ગમે તેમ બેસીને મોટી મોટી બૂમો પાડીને તે પ્રમાણે બોલે છે. શિક્ષક તો તે સમય દરમિયાન આરામથી બેઠો હોય છે અગર તો બીજું કંઇ કામ કરતો હોય છે અક્ષરો શીખવવાની આ પદ્ધતિ તદ્દન અશાસ્ત્રીય અને કેવળ નકામી છે એમ મારું દૃઢ માનવું છે. ત્રણ ત્રણ વર્ષો ટ્રેનીંગ કોલેજોમાં વીતાવેલ સીનીઅર શિક્ષકોના આસિસ્ટન્ટો આજે વરસો થયાં આ પદ્ધતિ નિભાવ્યે જાય છે. સુપર-વાયજરો અને એડમીનીસ્ટ્રેટીવ ઓફિસરો નિશાળો તપાસે છે, વીઝીટબુકમાં શેરા મારે છે, પરીક્ષાઓ લે છે, છોકરાઓને પાસ નાપાસ કરે છે, પણ એમાંના કેટલાઓએ શીખવવાની શાસ્ત્રીય પદ્ધતિ સંબંધી વિચાર કર્યો છે? વળી પોતાની હકુમત નીચેની શાળાઓમાં શાસ્ત્રીય રીતે શીખવાય તે માટે કશો પણ પ્રયત્ન તે પૈકીના કેટલાઓએ કર્યો છે? આજસુધી તો આપણી કેળવણીનું બધું કાર્ય એવી બેહુદ્દી રીતે ચાલ્યું છે કે એના દોષો સંબંધી લખતાં સેંકડો પાનાં લખાય. હવે એ પરિસ્થિતિમાં પલટો લાવવો જ જોઈએ. શું શીખવવું જોઈએ એ જેમ મહત્વનું છે અને તે નક્કી કરવા માટે નિષ્ણાતોની કમિટિ અભ્યાસક્રમો રચવા બેસાડાય છે; કારણ કે બોટી રીતે શીખવવાથી શીખનાર અને શીખવનાર બંનેની શક્તિઓનો નકામો દુર્વ્યય થાય છે, અને પરિણામે શિક્ષણ પાછળ થતા ખર્ચનું જોઈએ તેટલું વળતર મળતું નથી. એક જ દાખલો આપી આ વાત વધારે સ્પષ્ટ કરું છું.

પ્રાથમિક શાળામાં બાળવર્ગમાં જેટલા વિદ્યાર્થીઓ દાખલ થાય છે એમાંના ઘણા ઓછા બે ત્રણ વર્ષ બાદ પોતાનો અભ્યાસ આગળ ચાલુ રાખે છે. બાકીના બીજા વચ્ચેથી જ શિક્ષણ છોડી દે છે. આ લોકો વાંચતાં લખતાં તો શીખ્યા હોય છે પણ પાછળથી તે ભૂલી જાય છે. વાંચતાં શીખેલો માણસ જો પોતે વાચન ચાલુ રાખે તો ભણેલું ભૂલી જાય નહિ. પણ વાચન તો તે ત્યારે જ ચાલુ રાખે કે જ્યારે તેને વાચનમાં રસ આવ્યો હોય. પણ વાચનમાં બાળકને રસ આવે એ રીતે આજની પ્રાથ-

મિક શાળાઓમાં કયાં શીખવાય છે? આજે તો વાચનમાળાના પાઠો કે જેમાંના કેટલાક તો સમજાય નહિ તેવા અને નીરસ હોય છે તે તેને ભણવા પડે છે. શાળાઓના શિક્ષકો તો પાઠો ગોખાવે જ છે. આમ કંટાળો આવે એ રીતે ગળાત્કારે વાંચતાં શીખ્યું હોવાથી તેનામાં વાચન તરફ જ પૂર્વગ્રહ બંધાય છે અને શાળા છોડ્યાં પછી તે વાચન બીલકુલ છોડી દે છે. આમાં આજની આપણી પ્રાથમિક શાળાઓની શીખવવાની બેહુદી પદ્ધતિ જ કારણભૂત છે એમ મને લાગે છે. બાળમંદિરોમાં જ્યાં બાળકો સ્વાતંત્ર્યમાં શાસ્ત્રીય પદ્ધતિએ શીખે છે, ત્યાં કામ કરનારાઓનો અનુભવ તો એવો છે કે કોઈ કારણસર વચ્ચે ચાર છ માસ બેર રહ્યા પછી બાળક આવે તો પણ પાછલું શીખેલું ભૂલાઇ ગએલું હોતું નથી. જ્યારે ત્રણ અઠવાડિયાના વેકેશન પછી ઉઘડતી પ્રાથમિક શાળાઓનાં બાળકો તેટલા ટુંક વખત દરમિયાન ઘણું બધું ભૂલી જાય છે, અને વેકેશન પછી પાછું ફરી શીખવવું પડે છે એમ પ્રાથમિક શાળાના જ ઘણા શિક્ષકોને મોઢે મેં સાંભળ્યું છે. બહુ કડક ભાષામાં મેં આજની શીખવવાની રીત ઉપર લખ્યું છે એમ મને લાગે છે. પણ મને લાગે છે કે શીખવવાની યોગ્ય પદ્ધતિ એ બહુ મહત્વની વસ્તુ છે, અને તે સંબંધી ભલભલાઓને પણ સાચો ખ્યાલ નથી. સુધરેલા દેશોમાં જ્યારે કેળવણીના ક્ષેત્રમાં અનેક અખતરાઓ થઇ રહ્યા છે અને તેઓ જ્યારે કેટલીયે નવી નવી શાસ્ત્રીય પદ્ધતિઓને માર્ગે ચડયા છે ત્યારે આપણે ત્યાં એની એ જૂની ધરેડ ચાલે છે.

દરેક વિષયનું શિક્ષણ આપવાની આજની બેહુદી પદ્ધતિ અને તેને બદલે કઇ રીતે શિક્ષણ અપાવું જોઈએ એ સંબંધી ભારે ઉહાપોહ જાગે અને જુદા જુદા પ્રયોગો ઉપરથી ચોક્કસ પદ્ધતિઓ શોધી શકાય એમ કરવાની ખાસ જરૂર છે એમ હું માનું છું. આટલું લખ્યા પછી હવે હું વાચનશિક્ષણની શરૂઆત સબંધી કેટલાક વિચારો વ્યક્ત કરું છું.

વાંચતાં શીખવા ઇચ્છનારે કક્કો, બારાખડી અને જોડાક્ષર શીખવાં પડે છે. એ શીખવવાની શાસ્ત્રીય રીત સંબંધી લખતાં આ લેખ લાંબો થઈ જવાનો ડર રહે છે. વાચન શિક્ષણની શરૂઆત કરનાર બાળકોને વાંચવા માટેનાં ક્રમિક વાચનનાં પુસ્તકોની મેં યોજેલી બાલવાચનમાળાના છઠ્ઠા પુસ્તક 'જોડાક્ષર પોથી'માં વાચનશિક્ષણ સંબંધી અને કક્કો, બારાખડી અને જોડાક્ષરો કેમ શીખવવા તે સંબંધી કેટલીક સૂચનાઓ મેં લખી છે તે પ્રત્યેક શિક્ષણ પ્રેમીઓએ અવશ્ય વાંચી જવા જેવી છે. અને તેથી જિજ્ઞાસુઓને તે વાંચી જવાનું સૂચવી આ લેખમાં હું વાચનની શરૂઆત કેમ કરવી અને વાંચતાં શીખ્યા પછીના વાચન સંબંધી જ થોડું ક લખીશ.

જે દિવસે બાળક અર્થ સમજીને એક શબ્દ પણ વાંચે ત્યારથી તેણે વાચન શિક્ષણનો આરંભ કર્યો એમ ગણાય. શરૂઆતમાં પહેલી જ વખત વાંચતું બાળક શબ્દને એક સાથે નથી વાંચી શકતું. ત્રણ ચાર કે તેથી વધારે વખત એ જ શબ્દ ફરી ફરી વાંચવાનું બાળકને કહેવાથી તે શબ્દના અક્ષરો સાથે બોલે છે, અને ત્યારે જ તેને તેનો અર્થ સમજાય છે અને તેને આનંદ થાય છે. વાચનને માર્ગે બાળકને ચડાવવાની શરૂઆત આ રીતે કરવી. જે માંથી અર્થ નીકળતા હોય એવા સહેલા શબ્દના બે અક્ષરો સાથે મૂકીને અથવા લખીને બાળકને તે વાંચવા કહેવું. દાખલા તરીકે 'પગ' શબ્દ લખ્યો, અને આપણે તે વાંચવાનો કહ્યો. બાળક પ...ગ...એમ વાંચશે. ફરી વાંચવા કહેવુ તે પ...ગ...એમ વાંચશે. હજુ તેને અર્થ સમજાયો નથી હોતો. જ્યાં સુધી તેને જાતે અર્થ ન સમજાય ત્યાં સુધી તે જ શબ્દ ફરી ફરી વંચાવવો. છેલ્લે બાળક 'પગ' એમ વાંચશે. હવે તેને એ શબ્દનો અર્થ સમજાય છે અને તેથી તેને આનંદ થાય છે. આજ રીતે બીજા સહેલા પરિચિત શબ્દો લખીને વંચાવવા. બીજા પગથિયા તરીકે આવા શબ્દો (એક બોટમાં બહુ મોટા અને બને તો જુદા જુદા રંગની શાહી કે પેન્સિલોથી

એક પાનામાં એક જ શબ્દ લખીને આવી શબ્દપોથી બનાવવી) લખેલી શબ્દપોથી તેને વાંચવા આપવી. આ શબ્દપોથીમાં બધા શબ્દો બાળકને પરિચિત હોય તેવા જ લખેલા હોવા જોઇએ. આવી શબ્દ-પોથીમાં લખવા જેવા શબ્દો મેં યોજેલી શબ્દપોથી ભાગ ૧ માંથી જડશે.

અક્ષરો શીખ્યા પછી બારાખડી શીખવવા માંડવી. અને જેમ જેમ બારાખડી શીખતો જાય તેમ તેમ પરિચિત શબ્દોનું વાચન કરાવતા જવું, અને નવી નવી હાથે લખેલી શબ્દપોથીઓ વંચા-વવી. આવી શબ્દપોથીઓ તૈયાર રાખવાથી બાળકો તે રસપૂર્વક વાંચે જ છે. જો વાચન શાસ્ત્રીય રીતે શીખ્યું હોય તો બાળકને વાચનમાં મઝા આવે છે અને તેથી તે વાચનના ક્ષેત્રમાં ઝપાટાબંધ આગળ વધે છે. બારાખડી શીખી જાય ત્યારે તેને ચિઠ્ઠીવાચનને માર્ગે ચડાવવું. ઐ, ઔ, ને અ; ની બારાખડી શરૂઆતમાં ન શીખવતાં બાળક તે સિવા-યની બારાખડીવાળા વાચનમાં ઠીક ઠીક આગળ વધે ત્યારબાદ શીખવવી એ સારૂં છે.

ચિઠ્ઠીઓ બે જાતની હોય છે. એક વસ્તુઓનાં નામો લખેલી અને બીજી ક્રિયાત્મક. બંને જાતની ચિઠ્ઠીઓનો ઉપયોગ કરવો. ચોપડી, કાગળ, સીસા-પેન, પાન, ફૂલ એવા જે પદાર્થો બાળક નજીકમાંથી અથવા વર્ગમાંથી મેળવી શકે એમ હોય તેવા પદા-ર્થોનાં નામો લખેલી ચિઠ્ઠીઓ બાળક વાંચે અને તે ચીજ લાવીને તે ચિઠ્ઠી પાસે મૂકે. ચિઠ્ઠી બાળકે મનમાં વાંચવી જોઇએ. વસ્તુ મૂક્યા પછી તે ચિઠ્ઠી મોંઢેથી વાંચી જાય. આવી કેટલીક ચીજો લાવીને વર્ગમાં રાખી મૂકવી અને તે વસ્તુઓના નામની ચિઠ્ઠીઓ રાખવી.

બીજી જાતની ક્રિયાત્મક ચિઠ્ઠીઓમાં પહેલાં એક શબ્દની ચિઠ્ઠીઓ વંચાવવી. સૂઓ, હસો, દોડો, ચાલો, વગેરે વગેરે. બીજા પગથિયામાં સૂઈ જાઓ, ઊભા થાઓ, બેસી જાઓ, તાળી પાડો, હાથ જોડો વગેરે એવા બબ્બે શબ્દોની. ત્યારબાદ ત્રણ અને ચાર શબ્દોની અને તેથી પણ વધારે વધારે શબ્દોની ચિઠ્ઠીઓ વાંચવા આપતા જવું. આ ચિઠ્ઠીઓ મનમાં વાંચીને તેમાં લખેલી ક્રિયાઓ બાળકોએ કરવી જોઈએ. અને ત્યારબાદ તે ચિઠ્ઠી મોટેથી વાંચવી જોઈએ. આમ ચિઠ્ઠીઓ વાચ્યા પછી તેની પાસે બબ્બે, ત્રણ ત્રણ અને તેથી વધારે ને વધારે શબ્દોનાં તે સમજી શકે તેવાં વાકયો વાચન માટે મૂકવાં જોઇએ. આવાં પુસ્તકો વાંચીને તે વાચ-નની ઝડપ વધારશે. આ પુસ્તકોનું વાચન બાળકને આનંદ પડે એવું અને નિર્દોષ હોવું જોઇએ. આવાં શરૂઆતમાં વાંચવા આપવા માટેનાં પુસ્તકોની ખોટ લાગવાથી મેં તેવાં પુસ્તકોની એક માળા યોજીને છાપી છે. એનું નામ બાલવાચનમાળા છે. એનાં પહેલાં પાંચ પુસ્તકો શબ્દપોથી ભાગ ૧, શબ્દપોથી ભાગ ૨, બાલપાઠો, સુંદર પાઠો અને રસિક પાઠો છે. આ પાંચે પુસ્તકો વાચન શિક્ષણની શરૂઆતમાં બાળકની આગળ વાચન મૂકવા માટે છે. એ પુસ્તકો મોટા અક્ષરે અને બાળકોને વાંચવાં ખૂબ ગમે એ રીતે છપાવ્યાં છે.

કુશળ શિક્ષકોને આ જાતનું વધારે વાચન હાથે લખીને બાળકની આગળ રજુ કરવાનું પણ એ પુસ્તકોમાંથી સૂઝશે.

ચિઠ્ઠીવાચનનો હેતુ એ છે કે બાળક પહેલેથી સમજ પૂર્વકના વાચનને માર્ગે ચડે. આજે આપણી શાળાઓમાં બાળકો જે વાંચે છે તે મોટે ભાગે વાંચેલું સમજતાં નહિ હોવાથી વાચનમાં તેમને રસ આવતો નથી. છતાં શિક્ષક તેમને વંચાવે એટલે પરાણે પરાણે ના ગમે છતાં વાંચવું પડે છે, અને તેથી તે કંટાળે છે. શાસ્ત્રીય રીતે વાંચતાં શીખેલાં બાળકોને નવું નવું વાચન વાંચવું ખૂબ ગમે છે, અને તેઓ સમજીને વાંચવાને સાચે રસ્તે ચડેલાં હોવાથી તેમના આગળ યોગ્ય વાચનનાં પુસ્તકો મૂકવાથી વાંચીને બહુ જ ઝપાટાબંધ વાચનના ક્ષેત્રમાં આગળ વધે છે.

આજે પ્રાથમિક શાળામાં બાળકો ઘણે મોટે

ભાગે રાગડા તાણીને કઢંગી રીતે વાંચે છે. બાળક શરૂઆતથી જ ઢબપૂર્વક સારી રીતે વાંચતું થાય તેટલા માટે સારી રીતે કેમ વંચાય છે તેનો ખ્યાલ તેને રહેવો જોઈએ. તેટલા માટે શિક્ષકે વારંવાર વર્ગમાં બાળકોની કક્ષાનાં પુસ્તકોમાંથી આદર્શવાચન તરીકે પાઠો વાંચી બતાવવા જોઈએ. વળી આવા વાચન વખતે જ વાચનમાં કોઈ કોઈ અઘરો શબ્દ કે જેનો અર્થ બાળક ના જાણતો હોય તેવો હોય તે ઉપર બાળકનુ ધ્યાન ખેંચવું અને તેને સમજાવી દેવું કે તમે કંઈક વાંચતાં હો ત્યારે આવો શબ્દ જેનો અર્થ તમને ના સમજાય તેવો આવે તો તરત જ તેનો અર્થ મને પૂછી જવો. આ ટેવ પાડવાથી તેઓ નવા નવા શબ્દો આવતા જશે તેમ તેમ તેવા શબ્દોનો અર્થ પૂછીને જાણતા જશે.

આ રીતે શરૂઆતમાં બીજું વાચન વાંચ્યા બાદ બીજા વરસે જ બાળપોથી અને બીજું વાચનમાળાનાં પુસ્તકો વંચાવવાં જોઈએ. આમ જો શાસ્ત્રીય રીતે વાચનશિક્ષણની શરૂઆત કરવામાં આવશે તો આગળનું કાર્ય તદ્દન સહેલું થઈ જાય છે અને બાળકો વાચનના માર્ગે બહુ ઝડપથી સરસ પ્રગતિ કરે છે એવો અમારો બાલમંદિરોમાં કામ કરનારાઓનો વર્ષોનો અનુભવ છે. તેથી છેવટે સૌ પ્રાથમિક શાળાઓમાં વાચન શિક્ષણની શરૂઆત યોગ્ય રીતે થાય તે માટે પૂરો પ્રયત્ન કરવાની લાગતાવળગતા સજ્જનોને વિનંતિ કરી વિરમીશ.

સુણાવ
વાયા આણંદ
તા. ૭-૯-૩૮

સોમાભાઈ કીશાભાઈ પટેલ

આપણાં બાલમંદિરો

: ૨ :

જુગલકિશોર હેપીસ્કુલ; ગોપીભવન મહોલ્લા, ચુરીવાલન, દિલ્હી. સ્થાપના ૧૯૩૩. સંસ્થાપકઃ પદમચંદ.

આ સંસ્થામાં મોન્ટીસોરી બાલમંદિર સાથે પ્રાથમિકશાળા પણ છે. ઉદ્દેશ સ્વતંત્ર વાતાવરણમાં બાળકનો વિકાસ. શરીર, મન અને નીતિની કેળવણીમાં સરખું ધ્યાન આપવામાં આવે છે.

બાલમંદિરમાં મોન્ટીસોરી, પ્રોજેક્ટ તથા ફ્રોબેલ વગેરે વ્યક્તિગત પદ્ધતિઓનો ઉપયોગ કરાવામાં આવે છે. શાળામાં પ્રવૃત્તિ દ્વારા નિયમન પ્રાપ્ત કરવામાં આવે છે. શિક્ષા કરવામાં આવતી નથી.

આ શાળામાં બન્ને જાતિનાં બાળકો સાથે ભણે છે.

તંદુરસ્તી તથા સ્વચ્છતા ઉપર ખાસ ધ્યાન આપવામાં આવે છે. બાળકોનાં હાથ, પગ, નખ, વાળ, કપડાં વગેરે રોજ ને રોજ શિક્ષકો તપાસે છે. બાળકોમાં સ્વચ્છતાના ઊંડા સંસ્કારો પાડવાના મજબૂત પ્રયત્નો કરવામાં આવે છે. નિયમિત રીતે વજન રાખવામાં આવે છે.

શાળામાં નાસ્તો બનાવીને આપવામાં આવે છે; કારણકે બજારૂ નાસ્તો ગંદો અને ચેપી રોગો ફેલાવનારો હોય છે.

શાળામાં શીખવાતા વિષયોમાં ખાસ કરીને ચિત્ર, હાથઉદ્યોગ, સીવવું, માટીનાં રમકડાં બનાવવાં, કાગળ કાતરકામ, ઉપરાંત ભાષા, ગણિત, ભૂગોળ, કુદરતનો અભ્યાસ વગેરે છે.

બાળકોને સમજવા માટે શિક્ષકો માબાપોની સાથે સહકાર કરે છે અને વારંવાર માબાપોની સભા ભરી માબાપોને બાલમંદિરનું દૃષ્ટિબિન્દુ સમજાવે છે.

બાળકો તેમજ શિક્ષકો માટે સારૂં એવું

પુસ્તકાલય મંદિરની અંદર છે. બાળકોને પત્રો અને ચોપડીઓ વાંચવાની પ્રેરણા મળ્યા કરે છે.

જોઇતી ચીજો વેચવા માટે શાળામાં એક દુકાન પણ છે.

દાખલ કરવાની ઉમર ૨½–૩ છે. પાંચ વર્ષ સુધી બાલમંદિરમાં બાળકોને ઇંદ્રિય કેળવણીનું જ્ઞાન મળે છે. ત્યાર પછી તેઓને પ્રથમ શ્રેણીમાં ૬ વર્ષની ઉમરે મૂકવામાં આવે છે.

સમય:—ઉનાળો—૧લી એપ્રલીથી ૩૦ સપ્ટે-
મ્બર: સવારના ૭ થી ૧૧.
શિયાળો—૧લી ઓકટોબરથી ૩૧ માર્ચ:
બપોરના ૧૦–૩૦ થી ૩–૩૦.

ફી, વર્ષના રૂ. ૨. પુસ્તકો, રમતો તથા સ્ટેશનરી માટે. અભ્યાસ ફી માસની રૂ. ૩) અગાઉથી જ લેવામાં આવે છે. દરમાસની ૧૦ મી પછી આવનાર માટે ફી રોજના બે પૈસા. માબાપનો દંડ કરવામાં આવે છે. મોટાભાઇ શાળામાં આવતો હોય તો તેની સાથે આવનાર નાનાભાઈની માસિક ફી રૂા. ૨ લેવામાં આવે છે.

નોંધ—ફીમાં બાળકની જવા આવવાની ગાડીનો ખર્ચ સમાતો નથી. આ બાબતમાં માબાપોએ જાતે વ્યવસ્થા કરવાની છે. નજીકમાં રહેતાં બાળકોને શાળાનો પટાવાળો લાવે લઇ જાય છે. તે માટે જુદો ખર્ચ લેવામાં આવતો નથી.

બાળકોને નાસ્તો મફત આપવામાં આવે છે; પણ તે માટે વ્યવસ્થાપક બંધાતા નથી.

*સ્વતંત્ર પુસ્તક લખવા માટેના વિષયોનાં નામો

(૧) વર્ધા કેળવણી, (૨) ગાંધીજી અને કેળવણી, (૩) કાકા સાહેબના કેળવણી વિષયક મુખ્ય સિદ્ધાન્તો (૪) કેળવણીના પાયા અને કિશોરલાલભાઇ, (૫) ગામડાની કેળવણી, (૬) ગામડામાં નવી કેળવણી, (૭) પ્રૌઢ શિક્ષણ, (૮) પ્રૌઢ શિક્ષણમાં અક્ષરજ્ઞાનનું સ્થાન, (૯) અક્ષર જ્ઞાનની પદ્ધતિઓ અને પરિણામો, (૧૦) પ્રૌઢ શિક્ષણ વિષે સરકારની નીતિ અને તેનો થઇ રહેલો અમલ (૧૧) લોક શાળાનો અભ્યાસક્રમ અને તેનું રહસ્ય, (૧૨) અધ્યાપનમંદિરની નવી યોજના અને તેનો અભ્યાસક્રમ, (૧૩) પ્રાથમિક શિક્ષણ મરજીયાત અને ફરજીયાત, (૧૪) પ્રાથમિક શિક્ષણમાં ઉદ્યોગ, (૧૫) અભ્યાસક્રમની મીમાંસા અને અને પ્રાથમિકશાળાનો ભાવિ અભ્યાસક્રમ (૧૬) શિક્ષકોના પગારનું ધોરણ, (૧૭) શિક્ષકોના કામની અને ધીરજની મર્યાદા, (૧૮) વિદ્યા મંદિરના શિક્ષકોની આર્થિક સ્થિતિની શક્યતા, (૧૯) પ્રા. શાળામાં પુસ્તકાલય અને વાચનાલય, (૨૦) પ્રા. શાળામાં સંગ્રહાલય અને પ્રદર્શનો (૨૧) પ્રા. શાળામાં શિક્ષા અને દંડનામની પદ્ધતિ, (૨૨) પ્રા. શાળામાં પરીક્ષાનું દૂષણ અને તેનો ઉપાય (૨૩) પ્રા. શાળામાં નવા વિષયો કેવા જોઇએ અને તે શામાટે? (૨૪) ૨૫ વર્ષની પ્રાથમિકશાળા કેવી થશે? (૨૫) જો તમે પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક હોતો, (૨૬) જો તમે પ્રા. શાળાના ઇન્સ્પેકટર હોતો, (૨૭) જો તમે પ્રાથમિક શાળાઓના વડા અધિકારી હોતો, (૨૮) પ્રા. શાળા અને બાલમંદિરોનો સંબંધ, (૨૯) આજના બાલમંદિરોનો ફાળો, (૩૦) બાલમંદિરો કે ઘર — કેળવણી ઘરમાં કે બાલમંદિરમાં, (૩૧)

* રાજકોટ બાલઅધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓ માટે આ યાદી ખાસ તૈયાર કરેલી છે પણ તે હરકોઇ અભ્યાસીને ઉપયોગી થઇ શકશે. શિક્ષણના આ બધા પ્રશ્નો છે અને તેનો ઉકેલ કેમ કરવો તેનો સૌ કોઈ વિચાર કરી શકે છે. ગિ.

બાલસાહિત્યની વિવિધ દિશાઓ અને તેમાં થએલી પ્રગતિ, (૩૨) બાલમંદિરોમાં બાલ કાવ્યોનું સર્જન અને વિસ્તાર, (૩૩) બાલ સાહિત્યની શૈલી અને બાળકોની કલા દૃષ્ટિ, (૩૪) બાલસાહિત્યકારોની સાચી યોગ્યતાઓ, (૩૫) ૫૦ ઉત્તમ બાલસાહિત્યનાં પુસ્તકો અને તેનાં નામો તથા તે શામાટે તેનું વિવેચન, (૩૬) ૨૦ બાલસાહિત્યના પુસ્તકોનું વિવેચન, (૩૭) બાલસાહિત્યના લેખકોનો એટલે કે તેના માનસનો તેમના જ બાલસાહિત્ય દ્વારા અભ્યાસ, (૩૮) બાલસાહિત્ય દોષો અને તેનું નિવારણ, (૩૯) બાલક્રીડાંગણનું રહસ્ય અને તેનો સ્થળે સ્થળે પ્રચાર કરવાની યોજના, (૪૦) પાંચવર્ષમાં ગુજરાતમાં બાલમંદિરોની પ્રગતિ-શક્યતા અને ઉપાયો, (૪૧) કિન્ડર ગાર્ટન અને મોન્ટીસોરી પદ્ધતિના સિદ્ધાંતોમાં મળતાપણું અને તફાવત, (૪૨) યુરોપના બાલશિક્ષકોનો પરિચય અને અત્યારના બાલશિક્ષણમાં તેમનો ફાળો, (૪૩) ડૉ. મોન્ટીસોરીના પ્રેરકો અને તે શામાટે, ૪૩ શાબ્દિક શિક્ષણ વિરુદ્ધ અનુભવનું શિક્ષણ ભૂત, વર્તમાન અને ભાવિ, (૪૪) ઇંદ્રિયોની કેળવણીનો મહિમા, (૪૫) મનનો કાર્યપ્રદેશ તેની શક્તિઓ અને તેનો વિકાસ, (૪૬) કલ્પનાની કેળવણી, (૪૭) બાલમંદિરમાં સામાજીક કેળવણી, (૪૮) બાળકોમાનાં શરીરોની કેળવણી, (૪૯) બાળકોનો ખોરાક અને આરોગ્ય, (૫૦) બાળકોનું જીવનમાં સ્થાન અને માણસનું તેમના પ્રત્યેનું કર્તવ્ય.

અપૂર્ણ.

શિક્ષણ સમાચાર

—વડોદરા: "નૂતન બાળપોથી:" લેખક શંકરભાઈ સોમાભાઈ પટેલ; મોન્ટીસોરી અધ્યાપન, પુરુષ અધ્યાપન પાઠશાળા, વડોદરા.

—રાણાવાવ: એક બાલમંદિર પોરબંદરના રાણા સાહેબને હાથે ઉઘડ્યું. મકાન બંધાવી આપનાર સાલેમહમદભાઈ ઈસ્માઈલિભાઈ.

—વડોદરા: "મરાઠી બાલપ્રિય શબ્દ માળા" લેખક જગન્નાથ માધવરાજ પુરકર. શિક્ષણાનુભવ શાળા.

—કલકત્તા: ધી કલકત્તા એંગ્લો ગુજરાતી સ્કુલના હેડમાસ્તર ભાઈશંકર સ્વર્ગવાસ પામ્યા. શાળાના શિક્ષકોએ શોક દર્શક ઠરાવ કર્યા. વિદ્યાર્થીઓએ શ્રદ્ધાંજલિ આપી.

વાંચો જાહેરાતો વાંચો

૧ શિક્ષણ પત્રિકાનો અંક કાર્યાલયમાંથી દર પંદરમી તારીખે રવાના થાય છે. દરેક માસની ૨૫ મી તારીખ સુધીમાં જે ગ્રાહકને અંક ન મળે તો તેણે ફરિયાદ કરવી. પાછળથી અમો જવાબદાર નથી. —તંત્રી.

૨ ૧૯૩૯–૪૦ માં ઉઘડનારા બાલ અધ્યાપન મંદિરમાં જેમણે દાખલ થવું હોય તેમણે અત્યારથીજ એક આનાનો સ્ટામ્પ મોકલી અરજી કરવી. નામ રજીસ્ટર કરવામાં આવશે.

આચાર્ય, બાલઅધ્યાપનમંદિર,
જગનાથ પ્લૉટ, સેવા ફલમ–રાજકોટ.

૩ પેલા રા. ગિ૦ સ૦ સમારંભની થેલીના ૧૦૦૦૦) હજારનું શું કરવું ? સૂચનાઓ મોકલો.

વાર્ષિક લવાજમ એક રૂપિયો. લખો: તંત્રી શિક્ષણ પત્રિકા, કૃષ્ણનગર પ્લોટ, ભાવનગર
આ શિક્ષણ પત્રિકા પટેલ મૂળચંદ નરશીદાસે ભાવનગર શ્રીસરસ્વતી છાપખાનામાં છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી અંક)

વર્ષ ૧૩ મું
સંવત ૧૯૯૫

અંક ૧૨ મો
માઘ

:તંત્રીઓ:

ગિજુભાઈ અને તારાબેન

દેશમાં એક રૂપિયો : વાર્ષિક લવાજમ : પરદેશના બે શિલિંગ

કેન્દ્રમાં સૂર્ય અને તેની ફરતા ગૃહો છે. તેમજ ભાવિ શાળાના કેન્દ્રમાં બાળક અને તેની આસપાસ શિક્ષક, અભ્યાસક્રમ અને શિક્ષણની પદ્ધતિ રહેશે અને રહેવાં જોઈએ.

બાળકનું હિત શિક્ષક, અભ્યાસક્રમ અને પદ્ધતિને પ્રકાશશે; અર્થાત્ બાળકમાંથી તેઓ પોતાનો પ્રાણ ધારણ કરશે અને પોતાનાં સ્વરૂપ અને વર્તન ઘડશે.

સ્વયંપ્રકાશ માત્ર માનવજાતનો વહેતો પ્રવાહ બાળક જ રહેશે. બીજાંઓ તો તેના તેજમાં રહી માનવઉન્નતિનાં સાધનો બનશે.

શિક્ષણ પત્રિકા

વર્ષ ૧૩] માઘ ૧૯૯૫ [અંક ૧૨

મ ન નો

ધાનદાન અને સભ્ય માણસ બીજાનાં બાળકોને વિના પ્રયોજને બોલાવશે નહિ.

: ૨ :

રમાડવાની બરાબ ટેવ પાંચ્યા પછી જ બાળક રમાડવાનું પસંદ કરી શકે છે; પછી જ બાળક રમાડવું સહન કરી શકે છે.

: ૩ :

બાળકોની કેટલીક ટેવો આપણે જ વાવેલી ઉત્પત્તિ છે. જેનાં બીજ આપણે નાખેલાં છે તેને આપણે ભૂલી જઈ કહીએ છીએ કે એતો બાળકોમાંથી ઉત્પન્ન થએલ વસ્તુ છે.

. ૪ :

આપણી અતૃપ્ત ઇચ્છાઓને તૃપ્ત કરવા બાતર આપણે બાળકોને કયાં સુધી વાપરશું ?

: ૫ :

આપણે આપણાં બાળકોનાં બાળકોને તેમનાં માતપિતાની ગુલામીમાંથી છોડાવવાં હોય તો પ્રથમ આપણે આપણાં બાળકોને આપણી ગુલામીમાંથી છોડાવવાં જોઇએ.

: ૬ :

બાળકનું વ્યકિતત્ત્વ આપણે પ્રેમહમંદીથી કદાચ મારી નહિ નાખી શકીએ તોપણ આપણે તેને આપણી ઇચ્છાથી, આપણી ભાવનાથી, આપણા વિચાર, વાણી અને વર્તનથી, ટુંકમાં આપણી જાતથી એટલું બધું ઢાંકી દઈએ છીએ કે બાળકનું અસલ રૂપ આપણે ભાળી શકતા નથી, અને જે રૂપ દેખીએ છીએ તેને બાળકનું જાણી આપણે તેની સાથે ઝઘડીએ છીએ. પણ આપણે ભૂલી જઇએ છીએ કે એ રૂપ આપણું હોઈ આપણે આપણી જ સાથે લડીએ છીએ.

: ૭ :

બુદ્ધિનો વારસો જેટલો સહેલાઇથી આપી શકાય તેટલો સજ્જનતાનો વારસો આપી નહિ શકાય.

બુદ્ધિને ભ્રષ્ટ કરવા મૂર્ખાઇ સદૈવ પાછળ પડેલી નથી પણ સજ્જનતાને ભ્રષ્ટ કરવા દુર્જનતા પાછળ પાછળ ફરે છે.

અ • નુ • ક્રં • અ

૧ મનનો . . . . ગિ. ૧૯૦
૨ માતાપિતાના શુભ સંકલ્પ . . . ગિ. ૧૯૧
૩ યુગસૂર્યને નમીએ . ગિ. ૧૯૨
૪ ગુજરાત વિદ્યાપીઠ . વ. ૧૯૩
૫ ઘેર ભણાવવું ? . . ગિ. ૧૯૪
૬ બા. મં. અને બાળકોનું સ્વાસ્થ્ય . . . ન. ૧૯૭
૭ બીકનાં ઉંડાણ . . ગિ. ૧૯૮
૮ બા. મં. વિકાસપ્રદેશ ગિ. ૧૯૯
૯ પ્રાથમિક શાળામાં અને બાલમંદિરમાં પ્રદર્શનો વિ. ૧૯૯
૧૦ નૂતન ગણિતશિક્ષણ . શં. ૨૦૦
૧૧ શિક્ષણના વિષયમાં વાંચવા યોગ્ય પુસ્તકો ગિ. ૨૦૨
૧૨ આપણાં બાલમંદિરો ૨૦૫
૧૩ શિક્ષણ સમાચાર . . ૨૦૬

માતાપિતાના શુભ સંકલ્પો

જાનેવારી

૧ બાળકો અમારાં નથી પણ પરમેશ્વરનાં છે.
૨ અમે તેના પર મોહ રાખીશું નહિ પણ તેના પર પ્રેમ રાખીશું.
૩ અમે હંમેશ યાદ રાખીશું કે અમારે ત્યાં જે કંઈ સારું છે તેનો લાભ લેવા માટે જ તેઓ અમારે ત્યાં આવેલાં છે.
૪ અમારાં અહોભાગ્ય છે કે અમારે ખોળે, અમારા ઘરમાં, અમારા આંગણામાં બાળકો છે.
૫ અમારૂં પહેલું કર્તવ્ય બાળકોને સન્માનવાનું હો.
૬ અમારી સર્વ સમૃદ્ધિ, સર્વ શક્તિ તેમના વિકાસ માટે જ વાપરીએ.
૭ અમે તો તેમની પ્રગતિના નિમિત્ત માત્ર છીએ.
૮ અમારૂં નિમિત્ત વિકાસને માર્ગે તેમને સહાય આપવા માટે છે.
૯ અમારી સમગ્ર ઇચ્છા તેમના કલ્યાણની અને તેમના કલ્યાણ દ્વારા અમારા કલ્યાણની હો.
૧૦ અમે કદી પણ ભૂલી ન જઈએ કે બાળકોનું કલ્યાણ સ્વયંવિકાસ દ્વારા તેમના પોતાના દર્શનમાં છે.
૧૧ અમે તો બાલવૃક્ષના માળી માત્ર છીએ.
૧૨ અમે તો બાલ શરીરના સંરક્ષક માત્ર છીએ.
૧૩ અમે બાલદર્શનના માત્ર અભિલાષી છીએ.
૧૪ અમારૂં ઘર જ બાલમંદિર થાઓ.
૧૫ અમે બાલમંદિરના સેવકો થઈએ.
૧૬ અમે ગૃહબાલમંદિરને નિર્મળ રાખીશું.
૧૭ અમારા ગૃહ બાલમંદિરને અમે વ્યવસ્થિત રાખીશું.
૧૮ અમારા ગૃહબાલમંદિરને અમે શાંતિથી પૂર્ણ રાખીશું.
૧૯ અમારાં ગૃહબાલમંદિરમાં અમે પણ શાંત, વ્યવસ્થિત અને નિર્મળ રહીશું.
૨૦ અમારી પ્રત્યેક પ્રવૃત્તિમાં બાલકનું દૃષ્ટિબિન્દુ જાગૃત રાખીશું.
૨૧ અમારી પ્રત્યેક ઇચ્છામાં બાળકની ઉન્નતિને લક્ષમાં રાખીશું.
૨૨ અમારી પ્રત્યેક પ્રગતિ બાળકની પ્રગતિમાં પણ જોઇશું.
૨૩ બાળકને અમે અમારા આદર્શો પાછળ ખેંચીશું નહિ.
૨૪ બાળકને અમે અમારી મર્યાદાઓ અને સંકુચિતતાઓથી મુકત રાખીશું.
૨૫ બાળકને અમારાં બંધનોથી બાંધીશું નહિ.
૨૬ બાળકને અમે અમારાં પાંજરામાં પૂરીશું નહિ પણ તેને તેનો અસીમ વિકાસ સાધવા દેશું.
૨૭ અમારાં ઘરબાર અને અમારી શ્રી અમારાં બાળકોને માટે સાચો વારસો નથી.
૨૮ અમારી શુભવૃત્તિનાં અમારાં બાળકો વારસદાર થાઓ.
૨૯ બાળકો પ્રત્યેનું અમારૂં કર્તવ્ય અમારા તેમના પ્રત્યેના મમત્વરહિતના પ્રેમમાંથી થાઓ.
૩૦ કોઈ પણ બદલાની આશા વિના અમે બાળકો માટે જે કંઇ બને તે કરીએ.
૩૧ અમારા શુભ સંકલ્પો પરમેશ્વર પાર પાડો.

યુગસૂર્યને નમીએ

જગતના વિચારકો બોલે છે કે હમણાં બાળ-યુગ બેઠો છે. અને યુગનો સૂર્ય ધીમે ધીમે તપતો જવાનાં ચિન્હો સ્પષ્ટ છે, પણ યુગની સાર્થ-કતા યુગ બેસવામાં કે યુગને માત્ર વધાવવામાં નથી. યુગને સફળ કરવા માટે સૌ મનુષ્યોએ તત્પર થઈ એક બીજાને સાથ આપવાનો છે.

બાળયુગ બાળકોનું સન્માન માગે છે. આ માગણી સૌએ સ્વીકારવી જોઇએ. માત્ર શાળામાં જ બાળકને સન્માનવામાં આવે એ અધુરું છે. જ્યાં જ્યાં બાળક વસે છે, જીવે છે, ત્યાં ત્યાં તેને સન્માન મળવું જોઇએ.

સન્માનનો અર્થ બાળકને હાજીહા ભણવાનો કે તે કહે તેમ કરવાનો કે માનવાનો નથી. આપણે બાળકરૂપી નવી ઢબની એક વધારે સત્તા સ્થાપવાની નથી. બાળકને આપણા પર રાજ ભોગવવાની ઇચ્છા પણ નથી. તે સ્વાભાવિક રીતે પોતાની અવસ્થામાં પોતાનું જાતે વિકસ-વાનું અને આગળ વધવાનું, પોતાનું કુદરતી અને અંતઃ પ્રેરિત કર્તવ્ય કરવા માગે છે. સન્મા-નના અર્થમાં બાળકને તુચ્છ ગણવું નહિ. બાળ-કને ધિક્કારવું નહિ, તેને નાનું જાણી પાછું પાડવું નહિ, તેને અવગણવું નહિ, તેને દાદ્દેવી નહિ, તેને નાનું ગણી આપણું કામ કરવા યોગ્ય ગણવું નહિ, તેને ફાવે તેવા હુકમોથી તાબે કરવું નહિ, એ બધું તો છેજ. પણ સન્માનનો સૌથી વધારે અને મહત્વનો અર્થ અર્થાત્ રહસ્ય એ છે કે બાળકને પોતાને જ પોતાનો વિકાસ સાધવાનું કર્તવ્ય છે તે કર્તવ્યમાં આડા આવ્યા વિના તે સાધવા દેવું જોઇએ અને તેમાં સૌએ મદદ કરવી જોઇએ.

પ્રત્યેક મનુષ્યને સ્થાન અને માન છે. પ્રત્યેક જીવને સ્થાન અને માન ઘટે છે. પ્રત્યેક વસ્તુને સ્થાન અને માન હોઈ શકે છે. આ સ્થાન અને માનનો અધિકાર ઝુંટવી લેનાર પોતાનું અને બીજાનું અપમાન કરે છે અને સદીઓથી આવું અપમાન કરનારાઓ બીજા પ્રત્યેના સન્માન સંબંધે બેભાન બન્યા છે. આ બેભાન-પણામાંથી મનુષ્ય જાત ઉગરે નહિ ત્યાં સુધી પરસ્પર સન્માન જન્મે નહિ, અને ત્યાં સુધી કોઈપણ માણસ સ્વધર્મ સાચવી શકે નહિ. પોતાના આત્માને સાક્ષી ગણી સત્ કર્તવ્યનું પાલન કરવું એ સ્વધર્મ છે. આ પાલનમાં વચ્ચે પડનાર મનુષ્યનું અપમાન કરે છે. બાળકોનું અપમાન મનુષ્ય મનુષ્યનું અપમાન કરે છે તેનું ફળ છે. માણસો અપમાનને સહન કરીને એટલાં રીઢાં થઇ ગયાં છે કે તેમને બાલ સન્માનનો વિચાર સ્પર્શતો પણ નથી. સદીઓની ગાઢ નિદ્રા જાગૃતિની કલ્પના કરવાની ના પાડે છે અને જાગૃતિની વાસ્તવિકતાનો સ્વીકાર કરવા સામે લડે છે. આ અંધકાર છે. યુગસૂર્ય આ અંધકારને ફેડવા માટે ઉગે છે. આપણે એ સૂર્યને નમીએ અને તેનાં કિરણોને ઝીલીએ. ગિ.

જોઇએ છે બાલમંદિર માટે એક શિક્ષક અથવા શિક્ષિકા

લખોઃ—ગિજુભાઈ, સેવાકુલમ, જાગનાથ પ્લોટ, રાજકોટ

ગુજરાત વિદ્યાપીઠ

નોંધ ગુજરાત વિદ્યાપીઠ જેવી મહત્ત્વની સંસ્થા અને તેના કુલનાયક સરદાર શ્રી વલ્લભભાઈ પટેલની ફાળા માટેની વિનતીનો ગુજરાત અને બૃહત્ ગુજરાતમાં વસતાં સૌ ભાઇબહેનો સુંદર સત્કાર કરી ગુજરાતનો વિદ્યાપ્રેમ વિશાળ કરે. ગિ.

વાર્ષિક ફાળા માટે વિનંતી

પૂજ્યશ્રી ગાંધીજીની સલાહ પ્રમાણે ગુજરાત વિદ્યાપીઠે એવો ધારો રાખેલો છે કે દર વરસના પોતાના ખરચની રકમ વરસે વરસે પ્રજા પાસે માગી લેવી. તે ધારા પ્રમાણે ચાલુ વર્ષના ખર્ચ પેટે હું ગુજરાતનાં ભાઈબહેનો પાસે રૂ. વીસ હજાર માટે વિનંતી કરું છું. ગુજરાતના રાષ્ટ્રીય જીવનમાં વિદ્યાપીઠે જે સેવા કરી છે એ બતાવવાની જરૂર ન હોય. એટલે વાર્ષિક ફાળા માટેની આ વિનંતી કરતી વખતે તે કયાં કામો માટે કરવામાં આવે છે એટલું જ ટૂંકમાં જણાવીશ. વિદ્યાપીઠમાં હાલ ચાલતા કામ વિશે જેમને વિશેષ જાણવાની ઇચ્છા હોય તે વિદ્યાપીઠના મહામાત્રને લખીને જાણી શકશે.

ગયા વર્ષની જેમ ગ્રામસેવાનું વિદ્યાપીઠનું કામ તેને માટેની ખાસ સમિતિ સંભાળે છે, અને તે કામને માટે જરૂરી નાણાંની જોગવાઇ સ્વ૦ શ્રી નગીનદાસ અમુલખરાય ગ્રામસેવા ટ્રસ્ટમાંથી થાય છે. એટલે તે કામને માટે નાણાંની વિનંતી કરવાની રહેતી નથી.

૧૯૩૫ થી ચાલતા ગુજરાત વિનય મંદિરનું કામ ધીમે છતાં સ્થિર પગલે આગળ વધતું જાય છે. અત્યારે ચાલી રહેલી કેળવણીની પુનર્ઘટનામાં પ્રયોગરૂપે તે વિદ્યાલયમાંથી કાંઇક વિચારસામગ્રી ને અનુભવો પણ મળે એવી પાકી આશા રખાય છે. એટલે જો કે પ્રારંભમાં તે સત્યાગ્રહી ખેડૂતોનાં બાળકોની જ દૃષ્ટિએ ખોલવામાં આવેલું છતાં, વિદ્યાપીઠના સંચાલકો તેને સ્વતંત્રરૂપે પણ ચાલુ રાખવા જેવું માને છે. એના ખર્ચની રકમ વાર્ષિક રૂ. ૯,૦૦૦ છે.

વિદ્યાપીઠના જોડણીકોશની ત્રીજી આવૃત્તિ પ્રજા આગળ મુકાઈ ગઈ છે. હવે તેની ચોથી ને વધારે સંપૂર્ણ આવૃત્તિનું કામ વિદ્યાપીઠે હાથ પર લીધું છે. તેને અંગે વ્યવસ્થિત કોશ કાર્યાલય ચલાવવામાં આવે છે અને ત્રણ ચાર સેવકો તે કામમાં લાગેલા છે.

ઉપરાંત, આપણા પ્રાંતમાં રાષ્ટ્રભાષા–પ્રચારના કામને મદદ થાય તે ઇરાદે, રાષ્ટ્રભાષાનો એક નાનકડો કોશ તૈયાર કરવા જેવો ગણાય. તે કામ આ વરસમાં કોશ કાર્યાલયે ઉપાડયું છે. અને થોડા માસમાં તે પુસ્તકરૂપે ગુજરાત આગળ મુકાશે.

કોશ કાર્યાલયની આ પ્રવૃત્તિનું વાર્ષિક ખર્ચ લગભગ રૂ. ૪,૦૦૦છે.

ગુજરાત વિદ્યાપીઠના કીંમતી ગ્રંથાલયની સૌ ગુજરાતીઓને ખબર છે. તે ગ્રંથભંડારને ઉપયોગી રાખવો હોય તો તેમાં થોડોઘણો નવો ઉમેરો પ્રતિવર્ષ થવો જ જોઈએ. એવા નવા ઉમેરાનું તથા ગ્રંથપાલનનું મળીને વાર્ષિક ખર્ચ લગભગ રૂ. ૫૦૦૦ જેટલું હાલમાં થાય છે.

વિદ્યાપીઠનાં પ્રકાશનોનું કામ વિદ્યાપીઠનાં અન્ય કાર્યોમાં રોકાયેલા સેવકો જ કરતા રહે છે. અને એ પ્રકાશનો નવજીવન કાર્યાલય મારફત પ્રસિદ્ધ કરવામાં આવે છે એટલે પ્રકાશન માટે અલગ કે ખાસ ખર્ચ માગવાનું રહેતું નથી.

આ ઉપરાંત વિદ્યાપીઠ કાર્યાલય તથા બહાર કામ કરતા સેવકો અને મકાનોનું સમારકામ તથા ધોળામણી વગેરે ખાતામાં મળીને વાર્ષિક રૂા. ૪,૫૦૦ જેટલો ખર્ચ છે. આમ કુલ ખર્ચ રૂપિયા વીસેક હજાર જેટલું છે. આટલી નાની રકમ ગુજરાતનાં ભાઈબહેનો વિદ્યાપીઠને આંગણે પહોંચાડીને, તે ઉધરાવવા જવા માટેનો વિદ્યાપીઠના સંચાલકોનો સમય બચાવશે એવી મારી ઉમેદ છે. અને દરેક ગુજરાતી ભાઈબહેન પોતા તરફથી કૂલ નહિ તો કૂલની પાંખડી ગુજરાત વિદ્યાપીઠના મહામાત્રને અમદાવાદ મોકલી આપશે એવી મારી સૌને વિનંતી છે.

૧૧. ૨૫-૧૨-'૩૮ **વલ્લભભાઈ પટેલ**
અમદાવાદ પ્રમુખ, ગુજરાત વિદ્યાપીઠ મંડળ

ઘેર ભણાવવું ?

કેટલાંએક બાલમંદિરોના નિયમોમાં એક એવો નિયમ હોય છે કે બાળકને ઘેર ભણાવવું નહિ, જો બાળકને ઘેર ભણાવવામાં આવશે તો તેને બાલમંદિરમાંથી રજા આપવામાં આવશે.

આ નિયમ બહુ જરૂરનો છે. જે બાલમંદિરો આ નિયમો રાખે છે તે બાલમંદિરની કામ કરવાની દિશા બરાબર સમજે છે. જેઓએ આ નિયમ ન રાખ્યો હોય તેઓએ આ નિયમ દાખલ કરવો ઘટે છે.

બાલમંદિરના શિક્ષકો અમુક ચોક્કસ સિદ્ધાન્તો, વાતાવરણ અને સાધનો વડે બાળકો ઉપર કામ કરે છે. એ રીતે તેના કામનાં પરિણામો અમુક પ્રકારનાં, અમુક જ ઢબનાં અને અમુક સમયે આવે જ છે. બાલમંદિરમાં આવતાં બાળકોની પ્રગતિ વિષે તેના શિક્ષકો વાતાવરણ રચે છે, સહાય કરે છે, મુશ્કેલીઓ દૂર કરે છે અને પરિણામ મેળવે છે. એમાં સ્થાન જેમણે બાલમંદિરમાં જાતે કામ કરી શંકા ને પરિણામોનાં દર્શન કર્યાં છે તેમને નથી.

પણ બાળકોનાં માબાપો ઘણીવાર ઉતાવળાં થઈ જાય છે. તેઓને બાલમંદિરની પ્રણાલી અને પદ્ધતિ જાણવાને અવકાશ નથી. તેઓની દૃષ્ટિ માત્ર સ્થળપરિણામદર્શી હોઈ શકે છે. આ માબાપો ને માટે ઉપલો નિયમ છે અને હોવો જોઈએ.

બાળકને બાલમંદિરમાં મોકલ્યા પછી જે માબાપો પરિણામની પૂછપરછ કર્યા કરે છે અને ઉપલક પરિણામ ન દેખાય એટલે અધીરાં થઈ બાળકને કાંતો ઉઠાડી લે છે અથવા વગરશ્રદ્ધાએ બાળકને મોકલે છે તે માબાપોને બાલમંદિર ઉપર વિશ્વાસ રાખવાની વિનતી શિક્ષકોએ કરવી જોઈએ. તેમનામાં ધીરજ અને શ્રદ્ધા પેદા થાય તેવા શકય પ્રયત્નો કરવામાં શિક્ષકે પાછું પડવું ન જોઈએ. માબાપો પરિણામની આશા બતાવે, પરિણામ માટે આગ્રહ રાખે, ત્યારે શિક્ષકે તેમને બાલમંદિરનાં સાચાં પરિણામો શાં હોઈ શકે તે

બતાવી આપવાની એક પણ તક ન ગુમાવવી. અલબત્ત એ આપણે જાણીએ છીએ કે માબાપો જૂની ઢબનાં પરિણામો માગે છે તેવાં પરિણામોથી તેમને સંતોષ થાય તેમ છે. પણ એ જૂની ઢબનાં પરિણામો બાળકોના વિકાસને પોષક નથી પણ રોધક છે. તેથી આપણે તેમાં સાથ આપી શકીએ નહિ એ વિચારને આપણે મજબૂતીથી વળગી રહેવું જોઇએ.

પણ જ્યારે બાલમંદિરના શિક્ષકો પોતે જુદા જુદા પોતાને માનેલાં સાચાં કારણોને લીધે ઢીલા પડે અને માબાપોની એક પછી એક માન્ય ન રાખવા જેવી માગણીઓનો સ્વીકાર કરી માત્ર માબાપોને રાજી રાખવાની ઇચ્છા કરે; અથવા તેમ કરી બાલમંદિરને ટકાવવા યત્ન કરે ત્યારે શિક્ષકો અને કામદારો સમજી લે કે તેઓ આમ કરવાથી નહિ તો બાલમંદિર ટકાવી શકે, નહિ તો તેઓ બાલમંદિરનું હિત સાધી શકે, અને નહિ તો તેમાં માબાપોને પણ રાજી રાખી શકે. તેમની મક્કમતામાં તેમનો વિજય છે અને તેઓની નબળાઇમાં સૌની હાર છે.

માબાપો પોતાનાં બાળકોનું ભલું ચાહે છે. એક નજરે સમાજ હમેશ ધીરી ગતિએ ચાલે છે. સમાજ સિદ્ધ થઇ ગએલી વસ્તુને વળગી રહે છે અને જ્યાં સુધી નવી વાત સિદ્ધ થઇ સ્થિર ન થાય ત્યાં સુધી સમાજ તેને સાથ આપતાં અચકાય છે. આ રીતે નવા પ્રયોગો, નવા વિચારો હમેશ વ્યક્તિઓએ કરેલા છે અને સમાજે પાછળથી સ્વીકારેલા છે. આજે ગણાતા શિક્ષણના જુના વિચારો પણ માબાપોને એકવાર સ્વીકારતાં વાર લાગી હતી. આજે તેજ વિચારોને માબાપો દૃઢતાથી વળગી રહે છે અને નવા વિચારોને ઝટ ગ્રહણ કરતાં નથી. પણ આ બંને સમયે માબાપો–સમાજ–ની સ્થિર ગતિ અથવા સ્થિતિચુસ્તતાનાં લક્ષણો સ્પષ્ટ છે. આવે વખતે શિક્ષકો અગર સમાજના વ્યક્તિગત આગેવાનોએ ઉન્નતિની હરેક દિશામાં પ્રાગતિક વિચારોને અને આચારોને દૃઢતાથી, શ્રદ્ધાથી, શ્રમથી વળગી રહેવું જોઇએ અને જેઓ તેને વળગી ન રહી શકે તેણે ત્યાંથી ખસી જવું જોઇએ; પરન્તુ ખોટું સમાધાન કરી માબાપોને અને પોતાને ભ્રમમાં નાખવા ન જોઇએ.

શિક્ષકોએ જે સિદ્ધાન્તો અને તે અનુસાર નિયમો કર્યા હોય, જે વિશે તેને શ્રદ્ધા હોય, જે તેમને અનુભવથી સાચા લાગ્યા હોય તે તેમણે માત્ર માબાપોને રાજી રાખવા છોડી દેવા ન જોઇએ, તેમની ફરજ છે કે માબાપોને પણ તેમણે આગળ લેવાં જોઇએ.

આ રીતે જે બાલમંદિરમાં ભણતાં બાળકોને ઘેર ન ભણાવવાં જોઇએ એ બાલમંદિરને માટે સત્ય હોય અને તે છે જ, તો પછી શિક્ષકોએ કાંતો માબાપનો સહકાર મેળવી લેવો અથવા તેણે માબાપોને નમ્રતાથી જણાવવું કે તેઓનાં બાળકો બાલમંદિરમાં ભણી શકશે નહિ.

આ બાબત નાની દેખાય છે છતાં ગંભીર છે. માબાપોમાં દ્વિધા વૃત્તિ ન જોઇએ. શિક્ષકોમાં ખોટી સમાધાનવૃત્તિ ન જોઇએ. આ વૃત્તિને લીધે બાળકોનું નૈતિક અને આધ્યાત્મિક વાતાવરણ બગડવાનું છે. બાળકો થોડું વધારે ભણે એ લોભી દ્વિધાવૃત્તિ–અનાસ્થા–નાસ્તિક-

પણું-ને ઉત્તપન્ન કરનાર હોવાથી તે સર્વથા ત્યાજ્ય છે.

આવી બાબતોમાં શિક્ષકે માબાપોને દાખલા રૂપ રહેવામાં ભૂલ ન કરવી જોઇએ. શિક્ષકોમાં પોતાનામાં પોતાના જ કામમાં શ્રદ્ધા ન હોય તો માબાપો પોતાનાં બાળકો ઘેર ભણાવશે જ. પછી શિક્ષકોએ માબાપો સાથે લડાશે નહિ. વળી શિક્ષકો પોતાનાં જ બાળકોને પોતાની અશ્રદ્ધાને લીધે અગર ગમે તે કારણે અને ગમે તે બહાને ભણાવશે તો માબાપોને કંઈ જ કહેવાપણું રહેશે નહિ. એટલું જ નહિ પણ તેણે પોતાના નિયમોનું ભંગ કર્યાનું આળ તેને માથે રહેશે એટલું વધારામાં બનશે. જે બીજાંનાં બાળકોને ઘેર ભણાવવાની નિયમથી મનાઈ હોય તો શિક્ષકો પોતાનાં બાળકોને પોતાને ત્યાં ભણાવી ન જ શકે; કેમકે તેમ કરવાથી પોતાનાં બાળકોને બમણો લાભ થાય અને બીજાં બાળકોએ તો નિયમમાં રહી માત્ર બા. મં. માં જે મળે તેટલું જ લેવાનું રહ્યું. શિક્ષકની દૃષ્ટિસમક્ષ બધાં બાળકો કેવળ સરખાં રહેવાં જોઈએ. શિક્ષક પોતાનાં બાળકોને ઘરમાં વિકાસક પ્રવૃત્તિઓ મળે તેવું વાતાવરણ રચી શકે, અને એવું જ વાતાવરણ રચવા માબાપોને સલાહ અને સૂચના આપે. શિક્ષક પોતાનાં બાળકોની જીજ્ઞાસા તૃપ્ત કરી શકે અને બાળકો પૂછે તેના જવાબો આપી શકે, અને એવી જ રીતે માબાપોને પણ પોતાનાં બાળકો પ્રત્યે તેમ વર્તવા આગ્રહ કરે. પણ પોતે શિક્ષક છે તેથી પોતાનાં બાળકોને બાલમંદિરમાં ન મળે કે ન થાય તો કંઈ નહિ ઘર તો છેના એમ કરીને પોતાનાં બાળકોને શીખવી નાખે તો તો તે બીજાં બાળકો પ્રત્યે અન્યાય જ કરે છે અને તે ન ચાલી શકે. માબાપોએ આવા અન્યાય સામે થવું જોઇએ.

વળી માબાપોને જે નિયમોમાં અગર બાલમંદિરમાં શ્રદ્ધા જ ન હોય તો તેમણે પહેલી તકે બાળકોને બાલમંદિરમાંથી ઉઠાડી લેવાં જોઇએ. અશ્રદ્ધા સૌથી ભૂંડી છે. તે બધાનું બગાડે છે. શ્રદ્ધા વિના પોતાનાં બાળકોને બાલમંદિરમાં રાખીને ઘેર ભણાવામાં જેવડો દોષ છે. બાળકો કદાચ થોડું કે વધારે ભણશે એમ દેખાશે પણ તેમાં રાજી થવા જેવું નથી. માબાપો નાસ્તિક બને, શાળાના નિયમો તોડે તેના બદલામાં બાળકોને થોડું વહેલું જ્ઞાન મળે એ કાંઈ વધારે મોટો બદલો નથી. એતો ઉલટી ખોટ છે, નુકસાન છે. બાલમંદિરમાં ભણતાં બાળકો શક્તિ પ્રમાણે આગળ વધેજ છે. ઉતાવળથી તેને આગળ વધારનાર માબાપો અકાળ પાક લાવવા દોડે છે. એમાં માબાપોને નુકસાન થાય તેના કરતાં બાળકોને વધારે નુકસાન છે. સ્વભાવિકપણે થતો વિકાસ સાચી વસ્તુ છે. પરાણે દોડાવીને કરાવેલી પ્રગતિઓ આખરે પીછેહઠ કરાવે છે.

માબાપો અગર શિક્ષક સૌએ બાળકોના હિતની ખાતર આવી જાતના નિયમો બરાબર પળાય તેનો આગ્રહ રાખવો જોઈએ જ. ગિ.

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો ગ્રાહક નંબર જરૂર લખશો.

બાલમંદિર અને બાળકોનું સ્વાસ્થ્ય

બાલમંદિરના મારા અનુભવ ઉપરથી એટલું તો હું સ્પષ્ટ જોઇ શક્યો છું કે બાલમંદિરના આડકતરા લાભોમાંનો એક મોટો લાભ બાળકોની તબિયતનો સુધારો એ છે.

બાલમંદિર એ કાંઇ દવાખાનું કે આરોગ્ય ભુવન કે સેનીટોરીઅમ નથી. છતાં જાણ્યે અજાણ્યે બાળકો તબિયતમાં સરસ બનતાં જાય છે. જેમ કોઈ મોટા ઉદ્યોગની આજુબાજુ એના (weste) બગાડમાંથી બીજી નાની નાની વસ્તુઓ બનતી આવે છે તેમજ બાલમંદિરની બધી પ્રવૃત્તિઓને પરિણામે બાળકોની તંદુરસ્તીની એક (By product) વધારાની વસ્તુ ઊભી થાય છે.

બાલમંદિરમાં ૪ વર્ષનું બાળક દાખલ થાય છે. પગ રાંટા છે, પેટ મોટું ગાગર જેવું છે, ચાલવામાં અશક્ત, બેઠાડું અને ચીડીયા સ્વભાવનું છે, ૭ મહિના પછી એ બાળકની સિકલ જ ફરી જાય છે. શારિરીક અને માનસિક સ્ફુર્તિથી તે ભરેલું છે. અખાડા–ક્રીડાંગણના લપસણા ઉપર એ ઝપાટા બંધ લપસે છે અને તમારી સામે એક સુંદર હાસ્ય કરે છે. એના માબાપે દવા નથી કરી. બાલમંદિર કાંઇ દવા કરતું નથી. પણ બાલમંદિર બાળકોના જીવન અને વૃદ્ધિના અતિશય ઉપયોગી એવાં એક બે તત્ત્વો સ્વચ્છ હવા–સૂર્યપ્રકાશ અને સાંથી વધારે અગત્યનું તો શરીરને ફુલવા ફાલવા માટેનું માનસિક–વધુ મોટો શબ્દ વાપરીએ તો આધ્યાત્મિક વાતાવરણ આપે છે.

બીજો દાખલો લઈએ. બાળક માનસિક રીતે કાંઈક પછાત છે. સામાન્ય દુનિયામાં જેને 'ચક્રમ' 'ગાંડુ' 'ઘેલું' વગેરે ઉપનામો મળે છે. એવું બાળક બાલમંદિરમાં દાખલ થાય છે ત્યારે જરા વાતાવરણ ક્ષુબ્ધ પણ થાય છે. મારવાની ફરિયાદ, ગોળાફૂટવાની ફરિયાદ, શિક્ષકો, કામદારોનાં કપડાં બગડવાની ફરિયાદ અને ઘણીવાર તો શિક્ષકોના શરીર ઉપર બાળકનાં બટકાં અને બીજા મારની નિશાની પણ જોવામાં આવે છે. પણ બાલમંદિરનું વાતાવરણ બાળકની થોડીક અસામાન્યતા કરતાં વધુ જોરદાર નીવડે છે. અને ધીમે ધીમે તે બાળક વધુ ને વધુ સામાજીક અને છેલ્લે સંપૂર્ણપણે રસ્તે આવી જાય છે. આમાં પણ 'દવા' કરતાં 'હવા' વધુ કામ કરે છે.

બાલમંદિરમાં એવાં પછાત બાળકને કોઇ 'ગાંડો' 'ગાંડિયો' કહીને બીજવતું નથી. કોઇ એના માર કે બીજાં પરાક્રમો (pranks) ને એવા જ ખરાબ સાધનથી જવાબ આપતું નથી. ઉલટું એ જુએ છે કે એને કોઇ મારતું નથી, કોઇ દબડાવતું નથી, બીજવતું નથી. તેની તરફનો શિક્ષકનો સહૃદય પ્રેમ તે અનુભવે છે–કદાચ એના જીવનમાં પહેલીજ વાર–સ્વનિયમિત અને સ્વતંત્રપણે વર્તતાં બાળકો એ જુએ છે. અને ૭ મહિના પછી એનાં માબાપ આવીને કહેઃ "ભાઇ અમારો...તો સાવ બદલાઇ જ ગયો."

આમાં પણ વાતાવરણ જ કામ કરે છે. અને આવાં ઉદાહરણો તો ઘણાં જ આપી શકાય.

આ ઉપરથી મને તો બાલમંદિરના શિક્ષકો અને બાલમંદિરમાં પોતાનાં બાળકોને મોકલતાં માબાપોને એટલું જ કહેવાનું મન થાય છે કે કોઇ બાળક છ આઠ મહિના ઇન્દ્રિય વિકાસના સાધન ઉપર ન આવ્યું અને બરાબર ક્રીડાંગણમાં રમ્યા જ કર્યું તો શિક્ષકે લેશ માત્ર પણ ચિંતા કરવાની જરૂર નથી. કારણકે સંભવ છે કે એ પોતાની શરીરની વૃદ્ધિ કરી રહ્યું છે કે મનની તુલાને સમતોલ બનાવી રહ્યું છે. અલબત્ત એનું અવલોકન કરવું જ પણ એને સમયના બંધનમાં બાંધીને મંડળ કે વર્ગમાં લઇ જવાની મહેનત ન કરવી.

અને માબાપોએ તો પોતાનાં બાળકોને જોતાં જ રહેવાનાં. બાલમંદિરમાં ગયા પછી બાળકોમાં જે (dignity poise) શારિરીક અને માનસિક સ્વાસ્થ્યનાં લક્ષણો—સુરેખ ગંભીરતા આવે છે તે ચારપાંચ કક્કા બારાખડી કરતાં ઘણું વધારે છે એ જોવાનું છે. એ થોડા દિવસ કે મહિના કાંઇ પરિણામ દર્શીકામ ન બતાવે તો પણ ગભરાવાનું નથી કારણ કે ઘણાં કામો કરવાની શારીરિક માનસિક અને આધ્યાત્મિકશક્તિ તે મેળવતું હોય છે. ન

બીકનું ઊંડાણ

બાવીશ વર્ષની જમના હજી પણ ચોપન વર્ષના લક્ષ્મણથી ડરે છે. તે લક્ષ્મણ સામે જોઈ શકતી નથી; કેમકે જમનાની બાએ જમનાને લક્ષ્મણથી જ્યારે જમના ત્રણ વર્ષની હતી ત્યારે બીવરાવી હતી. એમ કહ્યું હતું કે જો તોફાન કરીશ તો આ લક્ષ્મણભાઇ જોયા કે, તને મારશે !

સત્યાવીશ વર્ષની શાંતા કહે છે કે હું ઘણી વાર એકલી ન રહી શકું. હું ડરું. મારી બાએ મને નાનપણમાં ડરાવેલી. મારી બા કહેતી કે એ ત્યાં એકલી જઈશ નહિ. ત્યાં એકલી બેસીશ નહિ. ત્યાં અંધારે ન જવાય ! તે કહે છે કે મારી બા ૫૦ વર્ષનાં છે તેઓ પણ હજી બીએ છે. રસોડામાં તે એકલાં નહિ બેસે. આ આઠ વર્ષની મંગુ પાસે બેસશે ત્યારે જ રાતે રસોડામાં કામ કરી શકશે. મારી બાએ મારમાં બીક એટલી ઊંડી પેસાડી દીધી છે કે હું આ નાનાં બાળકોમાં એ જ રીતે ડર પેસાડું છું. મારાથી રહેવાતું નથી.

મગંળા કહે છે કે આવડી ચાલીશ વર્ષની થઈ તોયે ઘરમાં એકલી રહી ન શકું. બધાં બારણાં બધ કર્યાં હોય તોય મને એમ થાય છે કે અહીંથી ચોર આવશે કે તહીંથી ચોર આવશે. મારા બાપા અમને નાનપણમાં ચોરથી બહુ બીવડાવતા. ચોરથી તેઓ બીતા, બારણાં બંધ કરાવતા. તે દિ'થી અમે ચોરથી બીવા લાગ્યા. અત્યારે અમે ગામ વચ્ચે રહીએ છીએ તોયે મને બીક લાગે છે.

શીવબેન કહે છે કે હું એકલી પેલી ઓરડીમાં ન જાઉં. રાત પડે એટલે થઈ રહ્યું. અંધારૂં એટલે કોણ જાણે શું એ લાગે છે. મને મારી બા અને બાપા નાનપણમાં કહેતા કે ચૂપરહે, નહિતર પેલી અંધારી ઓરડીમાં પૂરી દઈશ. પછી હું ચૂપ થઈ જતી. હજી પણ કયાંઈ અંધારૂં ભાળું તો મારા પગ ધ્રૂજે. બત્તીવિના કયાંઈ એક ડગલું પણ ન ભરૂં. મારી ઉંમર સાડત્રીશ વર્ષની છે. ગિ.

બાલમંદિરનો વિકાસ પ્રદેશ

(ઉપર વર્ષ ૩ થી ૭)

૧ વ્યક્તિગત સન્માન અને વિકાસ.

૨ સામાજીક જીવનનો વિકાસ.

૩ સામુદાયિક જીવનનો વિકાસ.

૪ વ્યક્તિગત અને સામુદાયિક જીવનનો સમન્વય.

૫ વ્યષ્ટિ અને સમષ્ટિ વચ્ચે સહકાર અને પ્રેમનો અનુભવ.

૬ સ્વમાન, સ્વાશ્રય, સ્વાધીનતા, આંતર્-મુખતા, સ્વયંશિક્ષણ, સ્વાતંત્ર્ય, સંયમ અને સ્વયંસ્ફુર્તિનો વિકાસ.

૭ શરીર વિકાસ.

૮ શરીર સ્વાસ્થ્ય, અને આરોગ્ય.

૯ સુવ્યવસ્થા, સુઘડતા અને સુટેવ.

૧૦ ઇંદ્રિયોનો વિકાસ.

૧૧ મનનો—મનની શક્તિઓ બુદ્ધિ, ક્રિયા-શક્તિ, કલ્પનાશક્તિ, લાગણી વગેરે શક્તિઓનો વિકાસ.

૧૨ ચિત્તની શુદ્ધિ તથા અંતરસ્થ આંત્મિક શક્તિઓનું ભાન.

૧૩ વિકૃતિઓ, મંદતાઓ તથા અપૂર્ણ-તાઓનો ઉપાય.

૧૪ કલાત્મક વૃત્તિનો વિકાસ. [ચિત્ર, સંગીત, નૃત્ય વગેરે.]

૧૫ હાથમહેનત તથા હાથકારીગરી ઉદ્યો-ગોનું સન્માન અને તેના ક્રિયાત્મક જ્ઞાનની શરુઆત.

૧૬ વનસ્પતિ, પ્રાણી તથા જન્તુઓ તથા સમગ્ર નિસર્ગનો પરિચય અને જ્ઞાન.

૧૭ ભાષા અને સાહિત્યના સંસ્કાર.

૧૮ વિચાર અને વાણીની શુદ્ધિ.

૧૯ ભૌગોલિક તથા ઐતિહાસિક વિકા-સનો આરંભ.

૨૦ લેખન, વાચન, ગણિતના વિષયોની શરુઆત.

ગિ.

પ્રાથમિક શાળામાં અને બાલમંદિરમાં પ્રદર્શનો

[**નોંધ:**—પ્રદર્શનો બહુ ઉપયોગી કેળવણી છે. તેથી લોકોને નવું નવું જોવાનું અને જાણવાનું મળે છે. તેમાંથી લોકોને કંઈ કંઈ નવું નવું કરવાનું સૂઝે છે, કામ ધંધાની તથા વેપારની દિશા સૂઝે છે, પોતાના દેશની આવડત અને કારીગરી, કળા હુન્નર ઉત્પત્તિ, વગેરેનો ખ્યાલ આવે છે. સ્થળે સ્થળે લોક પ્રદર્શનો ભરાયાં કરે તો સમગ્ર લોકોને ઘણો લાભ થાય.

શાળાના સંચાલકો પણ વખતો વખત શાળામાં નાનાં મોટાં પ્રદર્શનો ભરી શકે અને વિદ્યા-થીઓને ઘણું ઘણું બતાવીને તેમના અનુભવ અને જ્ઞાનમાં વધારો કરી શકે. પ્રદર્શનોમાં બાળકો, વિદ્યાર્થીઓ ભાગ લઈ શકે. પ્રદર્શનો દ્વારા લોકો અને ભૂગોળ સાથે શાળાનો સંબંધ સાંકળી શકાય. પ્રદર્શનો દ્વારા શિક્ષણના કામનું પુનરાવર્તન અને દૃઢીકરણ થઇ શકે. પ્રદર્શનો વિદ્યાર્થીઓમાં પોતાનાપણું, સ્વદેશપણું જાગૃત કરી શકે. વરસમાં દરેક બાલમંદિર, શાળા, પોતાની આસપાસની અનેક ચાલુ ચીજ વસ્તુનું પ્રદર્શન અવશ્ય ભરે. તે માટેની દિશા સૂચક યાદી નીચે પ્રમાણે આપ-વામાં આવી છે. આ યાદી દ. મૂ. બાલમંદિરમાં કામ કરતા ભાઈ વિષ્ણુપ્રસાદ ભટ્ટે તૈયારી કરી છે. ગિ.]

યાદી.

૧ શીમમાં થતી ઔષધિઓ (૨) ચોમાસામાં જાતજાતનાં ઘાસ (૩) મોસમી શાકો (૪) શીમમાં થતાં ધાન્યો, શીંગો કે ડુંડાંસાથે (૫) ફળો (૬) ફૂલો (૭) પાંદડાં (૮) ગામમાં થતી તમામ કારીગરી અને હુન્નરોની ચીજો (૯) પરગામથી આવતી ચીજો કે જેના ઉપર પરગામ કે પરદેશ ગામના પૈસા જાય છે. (૧૦) જૂનાં નવાં ઠામ વાસણો (૧૧) ભરત શીવણ ગુંથણનાં નમુના (૧૨) રંગીન કામો (૧૩) લાકડ કામ, પત્થર કામ, માટી કામ, કાચ કામ, (૧૪) ગામમાં જોવાતી બાવાની ચીજો (૧૫) કંદોઇની મીઠાઇઓ (૧૬) મેવા (૧૭) રસોઇઓ (૧૮) કાપડના નમુના (૧૦) ઢોર (૨૦) કૂતરાં બિલાડાં (૨૧) જુનું કામ, હથિયારો વગેરે

આવાં પ્રદર્શનો એક બે દિવસ માટે ભરવાં અને લોકોને પણ તે જોવા બોલાવવા. પ્રદર્શન સુંદર રીતે ગોઠવવા તથા માહિતી માટે નકશાઓ તથા માહિતીના આંકડાઓ તથા લખાણો આપવાં એક પ્રદર્શન અનેક ચોપડીમાં લખેલું જ્ઞાન આપી શકે છે.

નૂતન ગણિતશિક્ષણ

(ચાલુ)

શરૂઆતમાં બાળકને ઘોડીનો પરિચય આપવો જોઈએ. ઘોડી બે જાતની હોય છે તે તો આપણે જોઈ ગયા છીએ. શરૂઆતમાં હજારની ઘોડી લેવી. ઘોડી ઉપર ડાબી બાજુએ એકમ, દશક, સો, હજાર એમ લખેલું હોય છે. આ વસ્તુ આપણે ઘોડી ઉપર સફેદાથી લખી શકીએ છીએ અથવા તો કાગળની કાપલી લખીને ચોટાડી શકીએ છીએ. જે બાળકને વાંચતાં આવડી ગયું હશે તો એ જાતેજ ઘોડી ઉપર લખેલા, એકમ, દશક, સો અને હજાર વાંચીને પરિચય મેળવી લેશે. જે એને વાંચતા આવડતું ન હોયતો આપણે એને પરિચય આપવો પડશે. આ પછી બાળકનું ધ્યાન મોતીના રંગ તરફ ખેંચવું; એકમનાં મોતી લીલાં છે; દશકનાં ભૂરાં છે; સોનાં લાલ છે. હજારનાં વળી પીળાં લીલાં છે. આ પ્રમાણે રંગનો પરિચય થયા પછી રીતસરની ગણતરી શરૂ કરવી. એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ, સાત, આઠ, નવ, દશ. આ બધા શું છે ? એકમ છે. ત્યાર પછી દશકનાં મોતી ગણવા માંડવાં. એકદશ, બેદશ, ત્રણદશ, ચાર દશ, પાંચદશ, છદશ, સાતદશ, આઠદશ, નવદશ, અને દશ દશ. હવે બાળકને આપણે આગળ ઉપર પાઠ આપી ગયા છીએ અને બાળકે અનેક વખત ગણ્યું છે કે દશ દશ એટલે એક સો. એટલે અહીં નવો પાઠ આપવાનું રહેતું નથી પણ આ જગ્યાએ દશકનાં દશ મોતી અને સોના એક મોતીનો સંબંધ બાંધવાનો પ્રયત્ન કરવો નહિ. બાળકને એક સામટા ઘણા પાઠ આપવા નહિ, એક વખતે એકજ પાઠ આપવો. હા, બાળક પોતે પૂછે તો દશકનાં દશમોતી બરાબર સોનું એકમોતી છે એમ બતાવવામાં વાંધો નથી. પરંતુ આપણે જાતે બે પાઠ ભેગા આપવાનો

પ્રયત્ન કરવો નહિ, નહિ તો કેટલીક વખત બાળકો ગોટવાઇ જાય છે. એટલે એક વખતે એકજ વસ્તુ તરફ ધ્યાન ખેચેલું રાખવું. એમ માની લેવું નહિ કે આતો સાવ સહેલી વાત છે, બાળકને એતો આવડી ગયેલું છે; સાથે સાથે બતાવી દેવામાં શો વાંધો છે? બાળક જો માંગે તો જરૂર આપવું પરંતુ આપણે તો રસ્તો ચોકખો રાખવો.

દશક પછી સોનાં મોતી લેવાં. એ પણ ઉપર પ્રમાણેજ એક સો, બેસો, ત્રણસો એમ ગણી બતાવવું. અહીં પણ બાળકને ખબર છે કે દશ સો એટલે એક હજાર એટલે એ પોતાની મેળાએ કહે તો કંઇ વાંધો નહિ પણ આપણે પાઠ આપવા બેસવું નહિ.

આ પછી હજારનાં મોતી ગણી બતાવવાં. પછી બાળકને પોતાને ગણવા કહેવું, આપણે પણ સાથે સાથે બોલતા જવું જેથી કરીને બાળકને પોતાની ભૂલ થાય છે એમ લાગે નહિ. જ્યારે એમ લાગે કે બાળકને બરાબર ખ્યાલ આવી ગયો છે એટલે આપણે સાથે બોલતા બંધ થવું. પછી બાળકને પોતાની મેળાએ ગણવા દેવું. સાધારણ રીતે આ કામ આટલેથી જ પુરૂં કરવું. નવો પાઠ બીજા દિવસ માટે રાખવો. છતાં જો બાળક આગળ કરવું છે એમ કહે તો આગળનું કામ લેવું. બાળકને કહેવું, "એકદશ કાઢો, બેદશ કાઢો." એમ રીતસર લેતા જવું. શરૂઆતમાં "બેદશ કાઢો, પાંચદશ કાઢો." એમ આડા અવળાં કાઢવાનું કોઈ દિવસ કહેવું નહિ. જ્યારે બાળકનું કામ અનેક પુનરાવર્તનો કરીને દૃઢ થાય ત્યારપછી જ આડા અવળા કાઢવાના કહેવા. એ પછીનું બીજું પગલું આવે છે આપણે ઘોડી ઉપર અમુક મોતી કાઢીને પૂછવું, "એ કેટલી છે!" અને પછી છેલ્લું પગલું આવે છે "પાંચસો કાઢો" "ત્રણદશ કાઢો" "ચાર હજાર કાઢો" "બે કાઢો" આ રીતે બાળકને ઘોડીનો બરાબર પરિચય થઇ જાય એટલે આગળ વધવું. પણ જો બાળક આપણે પાંચસો કાઢવાનું કહીએ અને પાંચ દશક કે પાંચ હજાર કાઢે તો આપણે એની ભૂલ સુધારવી નહિ પરંતુ આગલું પગલું લેવું. ઘોડીનો પરિચય બરાબર સિદ્ધ થઈ જવા દેવો. આગળનું ઘણું બરૂં કામ આ ઘોડી ઉપર જ કરવાનું હોય છે એટલે બાળકને જો એનો બરાબર, પરિચય થયો નહિ હોય તો આગળના કામમાં મુશ્કેલી ઊભી થશે એટલે બાળકને ઘોડીનો બરાબર પરિચય થાય ત્યાર પછી જ આગળનું કામ ઉપાડવું.

અહીં પણ આપણે બાળકને સ્વયં શિક્ષણને માર્ગે મૂકી દેવું. પાંચ સાત સંખ્યાઓ આપણે કઢાવ્યા પછી બાળકને કહેવું તમે તમારી મેળાએજ મોતી કાઢીને વાંચોને. બાળક ઘોડી ઉપર કોઇપણ સળી ઉપર મોતી કાઢીને વાંચે. શરૂ શરૂમાંતો એકજ સળી ઉપર કાઢીને વાંચશે, પછીના તો બેત્રણ અથવા ચારે સળી ઉપર કાઢીને વાંચશે.. બાળકને સંખ્યા કેમ વાંચવી એની તો ખબર છે એટલે એને એમાં કંઈ મુશ્કેલી આવશે નહિ. એતો સીધું વાંચશે, "ચાર હજાર પાંચસો, બેદશનેચાર" આ પ્રમાણે બાળકને હજાર સુધીની કોઈ પણ સંખ્યા વાંચતાં આવડ્યા પછી આપણે એની પાસે એકમનાં મોતીનો દશકનાં મોતી સાથે, દશકનાં મોતીનો સોનાં મોતી સાથે, સોનાં

મોતીનો હજારનાં મોતી સાથે શો સબંધ છે તે સ્પષ્ટ કરવાનો છે. આ સંબંધનો થોડો ઘણો ખ્યાલ તો બાળકને છે જ કેમકે એને ખબર છે કે દશદશ એટલે સો. દશસો એટલે હજાર વગેરે. એટલે હવે તો એ ખ્યાલને વધારે સ્પષ્ટ કરવાનો હોય છે પણ એની વાત આવતે વખતે.

(અપૂર્ણ) શં

શિક્ષણના વિષયમાં વાંચવા યોગ્ય પુસ્તકો

[યાદી તૈયાર કરનાર વિષ્ણુપ્રસાદ ભટ્ટ]

૧	ખરી કેળવણી	ગાંધીજી	નવજીવન પ્ર. મંદિર અમદાવાદ
૨	કેળવણીનો કોયડો	,,	,,
૩	વિશ્વભારતી	રવિન્દ્રનાથ ટાગોર	... ...
૪	શિક્ષાનો આદર્શ	મૂ. લે. રવિંદ્રનાથ ટાગોર	જીવનલાલ અ. મહેતા અમદાવાદ
૫	જીવન વિકાસ	દ. બા. કાલેલકર	નવજીવન પ્ર. મંદિર અમદાવાદ
૬	બાળવાર્તાની ખુબી	,,	દ. મૂ. પ્રકાશનમંદિર ભાવનગર
૭	બાળવાર્તાની ખુબી	,,	દ. મૂ. પ્રકાશનમંદિર ભાવનગર
૮	કેળવણીના પાયા	કિશોરલાલ ધ. મશરૂવાળા	ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ
૯	શિક્ષણનો ઇતિહાસ	મણિશંકર ર. ભટ્ટ.	એજ્યુકેશન સોસાયટી મુંબઈ
૧૦	કેળવણીનું શાસ્ત્ર અને તેની કળા. ભા. ૧–૨	હરગોવિંદદાસ. દ્વા. કાંટાવાળા	... ...
૧૧	શિક્ષણશાસ્ત્રનાં મૂળતત્ત્વો	કમળાશંકર પ્રા. ત્રિવેદી	... ...
૧૨	નવી બાળકેળવણી	મિસિસ સ્નેહલતા પગાર	ફ્રીબેલ ટ્રેનીંગ કોલેજ વડોદરા
૧૩	કેળવણી પ્રકાર	રા. સા. મહિપતરાય ર. નીલકંઠ	મેસર્સ કરસનદાસ નારણદાસ સુરત
૧૪	કિન્ડર ગાર્ટન	કાશીરામ પ્રાગજી ઉપાધ્યાય	ઠાકોર ભગુભાઈ લા. અમદાવાદ
૧૫	કિન્ડર ગાર્ટન ગુજરાતી વાચનમાળા	ગોપાળજી કલ્યાણજી દેલવાડાકર	... ...
૧૬	મા અને છોકરાં	નારાયણ હેમચંદ્ર	ભીખાભાઈ કુબેરભાઇ આણંદ
૧૭	પિતૃધર્મ	મગનભાઇ ચતુરભાઈ અમીન	વસો
૧૮	ગૃહજીવનની અસર પ્રેમદ્વારા શિક્ષણ	મણીલાલ નથુભાઇ દોશી	રતનપોળ, અમદાવાદ
૧૯	સ્ત્રીકેળવણી અને સદ્વર્તન	,,	,, ,,
૨૦	વિદ્યાર્થીઓનું માનસ	હરભાઈ	દ. મૂ. પ્રકાશનમંદિર ભાવનગર
૨૧	કોઇએ નહોતુ કીધું	,,	,,
૨૨	માધ્યમિક શાળામાં ભાષા–શિક્ષણના ફેરફારો	,,	,,
૨૩	મૂંઝવતું બાળક	,,	,,
૨૪	શા માટે ?	,,	,,

૨૫ વડિલો વાંચે	હરભાઈ	દ. મૂ. પ્રકાશનમંદિર ભાવનગર
૨૬ છાત્રાલયના ચાર્કો	,,	,,
૨૭ નવી કેળવણી	,,	,,
૨૮ નવી દૃષ્ટિ	,,	,,
૨૯ ગ્રામ પુનર્ઘટના	,,	,,
૩૦ જુવાનો ને જાતિય પ્રશ્નો	,,	,,
૩૧ નવો આચાર–નવો વિચાર	,,	,,
૩૨ પરિચય પદ્ધતિ	નૃ. કા. ભટ્ટ	,,
૩૩ છાત્રાલય કમીશનનો અહેવાલ	નાનાભાઇ–હરભાઈ	,,
૩૪ ગૃહપતિને	નાનાભાઈ	,,
૩૫ પશ્ચિમના દેશોની કેળવણી પુ. ૧–૨	ગોપાળ ગજાનન વિદ્વાંસ	,,
૩૬ બાળકોની અપૂર્ણતાઓ ને તેના ઉપાયો	ગિજુભાઇ–ગોપાળભાઈ	,,
૩૭ બાળકોનાં રમકડાં	તારાબેન મોડક	,,
૩૮ ઘરમાં મોન્ટીસોરી	,,	,,
૩૯ મોન્ટીસોરી પ્રવેશિકા	,,	,,
૪૦ રખડુ ટોળી (સમાલોચના)	,,	,,
૪૧ મોન્ટીસોરી શિક્ષણ પ્રચારમાળા ગુચ્છ ૧	ગિજુભાઇ–તારાબેન	,,
૪૨ વસંત બાલ. પ્રચારમાળા ગુચ્છ ૧–૨	,, ,,	,,
૪૩ વાર્તાનું શાસ્ત્ર ભાગ ૧-૨	ગિજુભાઇ	,,
૪૪ ચાલણગાડીના શિક્ષકોને	,,	ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ
૪૫ સ્વતંત્ર બાલ શિક્ષણ	,,	વસંત બાલશિક્ષણ પ્રચારમાળા ભાવનગર
૪૬ બાલશિક્ષણ (મને સમજાયું તેમ)	,,	દ. મૂ. પ્રકાશનમંદિર ભાવનગર
૪૭ પ્રાથ. શાળામાં ભાષાશિક્ષણ	,,	,,
૪૮ પ્રા. શાળામાં શિક્ષણપદ્ધતિઓ	,,	,,
૪૯ પ્રાથ. શાળામાં ચિઠ્ઠીવાચન	,,	,,
૫૦ પ્રાથ. શાળામાં શિક્ષક	,,	,,
૫૧ પ્રાથ. શાળામાં કલા–કારીગરીનું શિક્ષણ. ખંડ ૧–૨	,,	,,
૫૨ દીવા સ્વપ્ન	,,	,,
૫૩ હાલતાંચાલતાં	,,	,,
૫૪ પ્રાસંગિક મનન	,,	,,
૫૫ માબાપોને	,,	,,

૫૬ આતે શી માથાફોડ	ગિજુભાઈ	દ. મૂ. પ્રકાશનમંદિર ભાવનગર
૫૭ માબાપ થવું આકરું છે	,,	,,
૫૮ શિક્ષક હોતો	,,	,,
૫૯ વાતો કહેનારને	,,	,,
૬૦ બાળક્રિડાંગણો	,,	,,
૬૧ બાળવાર્તાઓનો વિનોદ	,,	,,
૬૨ શહેરમાં મોન્ટીસોરી પદ્ધતિ	,,	,,
૬૩ વાચનમાળાના કેટલાક સિદ્ધાંતો	,,	,,
૬૪ શાસ્ત્રિય દૃષ્ટિ	,,	,,
૬૫ માબાપોના પ્રશ્નો	,,	,,
૬૬ નવા આચારો	,,	,,
૬૭ કેમ શીખવવું	,,	,,
૬૮ ઘરમાં બાળકે શું કરવું ?	,,	,,
૬૯ સ્ત્રીઓ અને તેમનું વાચન	ગિજુભાઇ બધેકા	કરશનદાસ જે. ચિતળીઆ ભગિની સમાજ, સેન્ડ હર્સ્ટ રોડ, મુંબઈ
૭૦ જર્મનીમાં કેળવણીની પ્રણાલી	ગજાનન ઉ. ભટ્ટ	દ. મૂ. પ્રકાશનમંદિર–ભાવનગર
૭૧ શિક્ષણ ચંદ્રિકા	હિંમતલાલ ગ. અંજારીઆ	મંગળદાસ હરકીશનદાસ સુરત
૭૨ કિન્ડર ગાર્ટન સંબંધે છ લેખો	,,	,,
૭૩ પહેલી ગુજરાતી પરિષદ	અમૃતલાલ વિઠલદાસ ઠક્કર	દાદાભાઇ લાયબ્રેરી અમદાવાદ
૭૪ બાળકોને કેવી રીતે કેળવવા	છોટાલાલ જીવનલાલ	શ્રેયસાધક અધિકારી વર્ગ વડોદરા
૭૫ મોન્ટીસોરી શિક્ષણ પદ્ધતિ	છોટાલાલ બાલકૃષ્ણ પુરાણી	મેઇલ ટ્રેનીંગ કોલેજ વડોદરા
૭૬ દેશી શિક્ષણ પ્રચાર સપ્તાહ	પરમાનંદ	ભાવનગર
૭૭ ગુજરાત વિદ્યાપીઠ વિજ્ઞાપક	વિઠ્ઠલદાસ મગનલાલ કોઠારી	ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ
૭૮ ગુજરાત કાઠિયાવાડ સ્ત્રી-કેળવણી	ચંદુલાલ કાશીરામ દવે	ગુ. સ્ત્રી કેળવણી મંડળ અમદાવાદ
૭૯ આધુનિક કેળવણી	હરગોવિંદદાસ કાનજી ભટ્ટ	સુંદરદાસ ધરમસી મુંબઈ ૧
૮૦ બાળકેળવણી રીતીઃ પ્રથમ દર્શન	કિસનલાલ ગોવિંદરામ દેરાસરી	યુનાઇટેડ પ્રી. પ્રે. અમદાવાદ
૮૧ બાળશિક્ષણ અને બાળઉછેર ભાગ ૨ જો	મિસીસ જી. કે ઉપાધ્યાય	કરસનદાસ જે. ચિતળીઆ હિન્દસેવા સમાજ મંદિર, મુંબઇ
૮૨ બચપણનો બહાર	એક માતા.	... ...
૮૩ હિન્દની કેળવણી	વજેશંકર કાનજી પટ્ટણી	કોટડા સાંગણી
૮૪ ટોલ્સટોય અને શિક્ષણ	પાંડુરંગ વિઠ્ઠલ વળામે	દ. બા. કાલેલકર અમદાવાદ
૮૫ ઘરની તથા નિશાળની કેળવણી	રૂસ્તમજી પેસ્તનજી મસ્તાની	ડી. બી. તારાપોરવાળા એન્ડસન્સ
૮૬ શિક્ષકનો ભોમિયો	જદવજી માવજી ગાંધી	... ...

૮૭ શિક્ષણ અને શિક્ષક	કૌશિકરામ વિઘ્નહરરામ મહેતા	એન. એમ. ત્રિપાઠી એન્ડ કો. મુંબઇ.
૮૮ જાપાનની કેળવણીનીપદ્ધતિ	અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદી.	ગુજરાત. વ. સો. અમદાવાદ
૮૯ કેળવણીનીકળા અથવા શાળા તથા શિક્ષણપદ્ધતિની માહિતી.	ગાંડાભાઇ પ્રાગજી દેશાઈ	
૯૦ શાળા અને શિક્ષણપદ્ધતિ.	ચુનીલાલ મગનલાલ દેશાઇ	એમ. સી. કોઠારી. વડોદરા.
૯૧ બાળસ્વભાવ	ગંગાશંકર મણીશંકર	પ્રે. રા. ટ્રેનીંગકોલેજ અમદાવાદ.
૯૨ શિક્ષણવ્યાખ્યાનમાળા.	... ...	ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ.
૯૩ શિક્ષક અને શિક્ષણ	... ...	દ. મૂ. પ્રકાશનમંદિર ભાવનગર
૯૪ વિશ્વભારતી અથવા સંસ્કૃતિનું કેંદ્ર	હીરાલાલ હરજીવન ગણાત્રા	લોહાણા મિત્ર પ્રેસ. વડોદરા.
૯૫ ભારતીય શિક્ષણનો ઇતિહાસ	લેખક ને પ્રકાશક	બાલકૃષ્ણ ચુનીલાલ જોશી વડોદરા.
૯૬ બાળકલ્યાણ	હરિપ્રસાદ. વ. દેશાઇ	ગુ. વ. સોસાયટી અમદાવાદ.
૯૭ દયાળુમાતા અને સદ્‌ગુણી પુત્રી	... ...	સ. સા. વ. કાર્યાલય અમદાવાદ.
૯૮ દ્વિતીય મોંટીસોરીસંમેલન નિબંધ સંગ્રહ.	... ...	દ. મૂ. પ્રકાશનમંદિર ભાવનગર.
૯૯ શિક્ષણનોશાસ્ત્રાર્થ.	... ...	પુસ્તકાલય સહાયક સહકારી મંડળ. લી. રાવપુરા, વડોદરા.
૧૦૦ બાલદર્શન	પ્રેમયોગી.	
૧૦૧ મોન્ટી૦ પદ્ધતિનોઆત્મા.	નરેન્દ્ર સિકંદરાય.	
૧૦૨ આપણી શિક્ષણપદ્ધતિઓની ઐતિહાસીક સમીક્ષા.	નટવરલાલ શંકરલાલ પરીખ.	
૧૦૩ યુરોપના શિક્ષણ સુધારકો	વિધાતાભ વસનજી ત્રિવેદી.	
૧૦૪ હિન્દનાં વિદ્યાપીઠો	રતિલાલ મોહનલાલ ત્રિવેદી.	
૧૦૫ બાલઅભ્યાસ શિક્ષણપદ્ધતિ.	મૂળજીભાઈ. હી. ચોકસી.	
૧૦૬ જાપાનની કેળવણી.	જગમોહનદાસ જગજીવનદાસ.	

આપણાં બાલમંદિરો

: ૩ :

નીલમબાગ બાલગૃહ—બાલમંદિર

આ બાલમંદિર ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજીના બાનગી બાતા તરફથી ચાલે છે. એમાં મહારાજાનાં બાળકો સાથે શહેરનાં બીજાં બાળકોને પણ લેવામાં આવે છે.

મુખ્ય કામદારોમાં આચાર્ય શ્રી નર્મદાબેન રાવળ, મનુભાઈ, સુશીલાબેન બધેકા તથા ગજાનન ભોજક છે.

હાલમાં, સ્થળ નીલમબાગ છે. બાલમંદિર માટે એક ભવ્યસુંદર મકાન રૂ. ૨૦૦૦૦)નું શહેરની બહાર ખુલ્લી કુદરતમાં બાંધવામાં આવેલ છે.

ત્રણથી નવ વર્ષનાં બાળકો આ બાલગૃહમાં અભ્યાસ કરી શકે છે. દાખલ થવાની ઉમર ૪ થી ૫ ની છે. બાળકોને રાજ્યના ખટારાથી લાવવામાં આવે છે. બાળકો પાસેથી કોઈપણ જાતની ફી લેવામાં આવતી નથી.

આ બાલમંદિરની વિશેષતા એ ગણાય કે રાજાના બાળકો પ્રજાના બાળકો સાથે ભણે છે. જેટલી સગવડ મહારાજાના બાળકોને આપવામાં આવે છે તેટલીજ સગવડ બીજાં બાળકોને પણ મળે છે. મહારાણી સાહેબ બાલમંદિરમાં ખાસ રસ લે છે.

બાલમંદિરના સંસ્કાર અને શિક્ષણના વિષયો, ચિત્ર, સંગીત, હાથઉદ્યોગો, કાતરકામ, લેધરવર્ક, રાંગોળી, શીવણકામ, માટીકામ તથા લેખન વાચન, ગણિત, બાગકામ, પ્રવાસો, રમતો, નેચરસ્ટડી અને નાટકો છે.

બાલમંદિરમાં રાસડા, કૂચ, રાસ વગેરે સંગીત સાથે ચાલે છે. વાતાવરણ સ્વચ્છ, સુંદર અને કલામય છે. કામ કરવાનો સમય સવારે ૮–૩૦ થી ૧૧ અને બપોરે ૩–૩૦ થી ૫–૩૦ નો છે.

શિક્ષણ સંસ્કારનું કામ શ્રી નર્મદાબેન રાવળની દેખરેખ નીચે નવીન બાલશિક્ષણના આદર્શો ને અનુસરીને છે.

પોતાનાં બાળકોને લોકોનાં બાળકો સાથે ભણવા મૂકવાનું તથા તેમને માટે બાલમંદિર કાઢવાનું પ્રથમમાન વઢવાણના મરહુમ ઠાકોર સાહેબને ઘટે છે.

એવું જ માન ભાવનગરના મહારાજાને પણ ઘટે છે. તે બન્ને રાજાઓ અભિનંદનને પાત્ર છે. બીજાઓને તેઓ દાખલા રૂપ છે.

શિક્ષણ સમાચાર

—**ભાવનગરઃ** દક્ષિણામૂર્તિના નિયામક શ્રી. હરભાઈ ત્રિવેદી ૨૦ વર્ષ પુરાં થતાં દક્ષિણામૂર્તિમાંથી નિવૃત્ત થાય છે.

—**રાજકોટઃ** તા. ૬ ઠ્ઠી જાન્યુઆરીથી અધ્યાપનમંદિર શરૂ થઈ ગયું છે. બહારના વક્તાઓમાં નીચેના ભાઈઓનાં ભાષણો થયાં હતાં.

૧ શ્રી. નરેન્દ્ર બધેકા–બાલમંદિરમાં સંગીત.
૨ શ્રી. મણિલાલ પરીખ–માનવજીવનની મહત્તા
૩ શ્રી. વજુભાઈ દવે–ગિજુભાઈનું બાલસાહિત્ય
૪ શ્રી. પ્રાણજીવન આચાર્ય–શિશુવિહાર

—**નારઃ** બાલમંદિર માટે એક શિક્ષકની જરૂર છે. લખોઃ—

ધરારભાઈ ઉ. પટેલ
સેક્રેટરી, નારહાઈસ્કુલ–નાર.

વાર્ષિક લવાજમ એક રૂપિયો. લખોઃ તંત્રી શિક્ષણ પત્રિકા, કૃષ્ણનગર પ્લોટ, ભાવનગર
આ શિક્ષણ પત્રિકા પટેલ મૂળચંદ નરશીદાસે ભાવનગર શ્રીસરસ્વતી છાપખાનામાં છાપી.

રાટકડી

શિક્ષણપત્રિકા ભેટઅંક



તંત્રીઓ

ગિજુભાઈ • તારાબેન

રાત રાણી

શિક્ષણ પત્રિકા : ભેટ અંક : ૧૯૯૫

વહાલાં બાળકો,

અમે તો દર વરસે શિક્ષણ પત્રિકાનો ભેટ અંક ખાસ તમારે માટે કાઢીએ છીએ. આ તેરમો અંક છે. તમારાં માતપિતા શિક્ષણ પત્રિકા પહેલેથી જ લેતાં હશે તો તમારા ઘરમાં તેર ભેટ અંકો હશે. પૂછજો અને તપાસ કરજો.

લ્યો ત્યારે આ ચૌદમા વર્ષની ભેટ. ગયા વરસની ભેટનું નામ 'પારસ પીપળો' હતું. આ વરસની ભેટનું નામ 'રાત રાણી' છે.

દર વર્ષ પેઠે આમાં લેખો છે, નાટક છે, જોડકણાં છે. મોટાંઓએ અને નાનાંઓએ તે લખેલું છે. તમે તે વાંચો અને મજા કરો.

વાર ત્યારે નમસ્કાર.

ગિજુભાઈ

રાત રાણી

રાતરાણી એટલે રાતે રાજ કરનારી રાણી એવી આ રાણી નથી. આ તો એક ફૂલ છોડ છે અને સાચે જ રાતની તે રાણી છે.

સમીસાંઝથી રાતના અગીઆર ગાર વાગ્યા સુધીમાં જુઇ, જાઇ, ચમેલી, લીલી –પાણકંદો, આષાઢી, ગુલછડી વગેરે ફૂલો ઉઘડે છે. તેઓ આંગણાની શોભા અને અત્તરદાનીઓ છે. ફૂલ ફૂલમાં મીઠી, હળવી, કોમળ સુંગધ ભરેલી છે. ગુલછડીને લોકોએ રજનીગંધા, નિશીગંધા, એવાં નામ આપેલાં છે. રજનીગંધા એટલે રાતે સુગંધ આપનારી. પણ કોઈ ફૂલને કોઈ એ રાત રાણી નથી કીધી. રાત રાણીનું નામતો એકલી રાત રાણીને જ મળ્યું છે. રાણીના બાગમાં જેમ રાણી પધારતાં પહેલાં તેનાં મિત્રો, પ્રેમીઓ, આવે છે તેમ રાણીનાં ફૂલો ઉઘડતાં પહેલાં ઉપર લખ્યાં ફૂલો ઉઘડી જાય છે અને રાતરાણીને માટે ધીમે ધીમે સુગંધને છાંટવા માંડે છે. ત્યાર પછી નવ વાગે રાતરાણી પધારે છે– ઉઘડે છે. અને મિત્ર ફૂલો તેને પોતાનાં શુભ્ર હાસ્યથી અને ધીમા પવનમાં કોમળ નૃત્યથી વધાવે છે. પધારતાની સાથે જ રાતરાણીની ચુંદડીમાંથી અત્તરના જાણે કે ફુવારા ઉડે છે અને દૂર અને નજીક મીઠી માદક ગંધ પ્રસરી રહે છે. નીચેથી થોડે ઉંચે સુધી અને ચોમેર આંગણું હોજ પેઠે સુગંધથી ભરાઈ જાય છે. પવનની લહરીઓ હોજનાં પાણીને હિલોળે તેમ રાતરાણીની સુગંધને હિલોળે છે. કોઇએ ઉઠીને ફૂલ પાસે જવું ન પડે. ફૂલને તોડીને સુંઘવાની જરૂર પણ ન પડે. જ્યાં બેઠાં હોઈએ ત્યાં સુગંધનો ઉડતો ફુવારો આપણી પાસે આવ્યા કરે અને આપણે તૃપ્ત તૃપ્ત થઇ જઈએ. આટલા માટે લોકો એને રાત રાણી કહે છે.

રાત રાણીને એક નહિ, બે નહિ, પાંચ નહિ, પચ્ચીસ નહિ, સોબસો પણ નહિ; પણ પાંચસો, હજાર ફૂલો આવે છે. આતો રાણી કહેવાણી છે. એનાં ઘરેણાંની શી વાત! અને રાતરાણીના ફૂલોની સુંદરતા પણ મધુરતા જેવી જ છે. નાનાં લવીંગથી યે નાનાં પણ સુકોમળ અને સુઘટિત એનાં ફૂલો છે.

આભલાની ચુંદડી જેમ દેખાય એમ રાતરાણી ફૂલોની દેખાય છે. એને પાંદડે પાંદડે ફૂલ નથી પણ એને પાંદડાં થોડાંને ફૂલો ઘણાં છે. એને કોઇ ફૂલ-

ભંડાર કહે તોયે શોભે. પણ ફૂલભંડાર શબ્દ રાતરાણી જેવો પૂરો બંધબેસતો અને કાવ્યમય ન લાગે.

પણ આ અઘરી વાતો કોરે મૂકીને આપણે કોઇના આંગણામાં બાસકરીને અજવાળિયામાં ફૂલરાણીને ઉઘડતી રાતે મળીએ અને આજુબાજુ ઘૂમીએ અને પોતાને ત્યાં લઇ આવવાનો તેજ વખતે વિચાર કરીએ.

રાતરાણીની કલમો થઈ શકે છે. એકમાંથી અનેક થાય છે અને આંગણે આંગણાને મઘમઘાવે છે.

લગભગ અખંડ રાત તે પોતાનું રાજ કરશે. તે મોગરાને ખીલતો ને ગુલાબને ઉઘડતો જોશે. બીજાં ઘણાં ફૂલોને પ્રભાતની અંજલિ તૈયાર કરતાં તે ભાળશે.

સવાર પડતાં રાત રાણી રાતની અને મિત્રોની રજા લેશે. તેમને કહેશે, 'હવે તમે સૂર્યને અર્ઘ્ય આપો, લોકોને તમારી સુગંધ આપી સુખી કરો. મારું કામ પૂરું થયું, હવે હું જાઉં છું.' આમ કહી રાતરાણી ચુંદડી બંધેરી ફૂલોને પૃથ્વીપર પાડી નાખતી આરામ માટે ચાલી જશે.

ગિજુભાઇ.

પ્રભાત

પૃથ્વી ઉપરથી ધીમે ધીમે અંધારું ઓસરતું હતું અને પ્રકાશ ફેલાતો હતો. પૂર્વમાં ઉષા રંગોનો થાળ હાથમાં લઈને રંગો ઉડાડતી આવી રહી હતી. પ્રભાત ઉઘડતું હતું.

વનમાં વૃક્ષે વૃક્ષે અને ડાળીએ ડાળીએ પક્ષીઓનો કલરવ થઇ રહ્યો હતો. કૂકડાઓ સૂર્યને સત્કારવા મોટેથી "કૂકરે.... કૂ" કરી રહ્યા હતા. ફૂલો એક પછી એક જાગીને પોતાની પાંદડીઓ ઉઘાડી, ખીલી અને પોતાની સુવાસ ચોતરફ ફેલાવી, પતંગિયાં અને મધમાખોને જગાડી રહ્યાં હતાં.

સૂર્ય ઉગતો હતો. ઉષા ઉષ્ણ રંગોનો થાળ સૂર્યને ચરણે ઠલવી દઈ થાળમાં સોનેરી રંગ ભરીને ધીમે ધીમે અલોપ થતી હતી. પશુ, પક્ષી, મનુષ્ય, જીવ, જંતુ તમામ નિદ્રાને ઉડાડી જાગતાં હતાં.

સૂર્ય ઉગ્યો, ઉષા અલોપ થઈ-રંગો અલોપ થયા, પ્રકાશ ફેલાયો અને પ્રભાત ઉઘડ્યું.

નલિનીબેન.

ભરત વિલાપ

કયાં ગયાં રામ,
કયાં ગયાં રામ;
એમના વિના લાગે મને સૂનું તમામ

સૂનાં આ ઘર,
સૂનાં આ બ્હાર;
એમના વિના લાગે મને સૂના દરબાર

પંખી રડે,
પશુ રડે;
એમના વિના જાણે ચેલી નદીઓ રડે

તારા રડે,
ચંદ્ર રડે;
એમના વિના જાણે આખું આભ રડે.

કૈકઈ આ,
કૈકઈ આ;
મને કહેાને ગયા શ્રી રામજી કયાં ?

વન ગયા,
વન ગયા;
રામ પિતાના બોલે વન ગયા.

રામ ગયા,
સીતા ગયાં;
વળી લક્ષ્મણ એમના સાથી થયા.

મોટા રે ભાઈ!
મોટા રે ભાઈ!
તમે અમને છોડીને ગયા કયાં સંતાઇ?

મોટાં ભાભી,
મોટાં ભાભી;
તમે એ'ધાણીયે કશી અહીં ના રાખી!

લક્ષ્મણ વીર,
લક્ષ્મણ વીર;
તને મનમાં દયા શું ન આવી લગીર?

ના જોઇએ,
ના જોઇએ;
મારા રાજ ને પાટ કાંઇ ના જોઇએ.

હું તો જઇશ,
હું તો જઈશ;
હું તો રામની પાછળ વન જઇશ.

વન જઇશ,
વન જઈશ;
એમના સુખદુઃખમાં હું ભાગ લઈશ.

બોલી ભરત,
બોલી ભરત,
પછી ઘરમાંથી થાય વિદાય તરત.

જોઇ રહે,
જોઈ રહે;
ઊભી કૈકઈ એ તો જોઇ રહે!

સોમાભાઈ ભાવસાર.

શું લખું ?

શું લખું ? વાર્તા લખું ? કાવ્ય લખું ? નિબંધ લખું ? સંવાદ લખું ? વર્ણન લખું કે રેખાચિત્ર લખું ? શું લખું ? પણ વાર્તા ? એ તો લખવીજ ન ગમે. તો કાવ્ય ? આવડે છેજ કોને ? નિબંધ ? એતો અઘરૂં પડે. ત્યારે સંવાદ ? લખતાં ફાવે નહિ. તોપછી વર્ણન ? એમાં લખવું શું ? નહિ તો પછી રેખાચિત્ર ? ના ના એ તો નહિ લખી શકાય. તો પછી શું ?

ચાલો ત્યારે પક્ષી વિષે લખું. "પક્ષીઓ મને બહુ ગમે છે...." પણ હવે ? હવે--હવે કંઈ નહિ. પક્ષી વિષે નથી લખવું. એક વાર્તા જ લખી નાખવા દો. "એક હતી બિલ્લી, કાળી ને સુંદર. એક વખત તે....." થઈ રહ્યું. હવે નહિ આવડે. કશુંજ નહિ લખાય. પણ ત્યારે....કંઇક લખવું તો જોઈએ જ ને ?

શું લખું ?

× × ×

મને કશું લખતાં જ નથી આવડતું. વાર્તા લખવા બેસું ત્યારે કાંતો બે લીંટી લખીને કંઈ સૂઝે જ નહિ. અને કોઈ વાર તો વળી પચાસ જેટલા પાનાં પણ ભરાઈ જાય. પણ પછી એમ થાય કે "આવી વાર્તા તે કોણ વાંચશે ?" એટલે ટેબલના એકાદ બાનામાં કે પછી અભરાઇ ઉપર એકાદ પેટીમાં પડી રહે અને છેવટે અધૂરો જ રહે. વળી કોઈ વાર તો પેલી વાર્તા જેવું થાય. લખવાનું પણ કોણ જાણે કયાંથી આવીને મારી ઉપર હુલ્લો કરે અને મારે તેમાંથી શું લખવું અને શું ન લખવું એના વિચારમાં ત્રણ ચારપાનાં ભરી દેવાં પડે. પણ લખ્યા પછી એમ થાય કે આટલું બધું વાંચવાનું મોટાભાઇને મનજ નહિ થાય એટલે પછી એ કાગળ રવાના ન થાય અને ફાટીને કચરાની ટોપલીમાં જ જાય અને પછી સારો લાંબો પણ નહિ, ટૂંકો પણ નહિ, એવો કાગળ લખવા બેસું એટલે થાય કે "શું લખું ?"

× × ×

અત્યારે મારે સ્વાધ્યાય માટે લખવું છે અને લખવા બેઠી છું એટલે ફરી પાછો એનો એ જ અનાદી અને અંનત પ્રશ્ન મારી સામે અખંડ પ્રશ્નોની ધારા વહેવડાવતો ઊભો છે.

હું હાથમાં પેન અને ટેબલ ઉપર નોટ લઈને પ્રશ્નધારાને જોઈને એજ વિચારૂં છું કે "શું લખું ? ? ?" નલિનીબેન

જીવલો - કોળી

હેજળ જેવી નદી હાલી જાય. કાંઠે આંણાનું વન. વડલાની ઘટા. લીલી છમ વાડીઓ. ત્યાં એક ગામ. કોળીની વસ્તી વધારે.

એમાં રહે એક જીવલો કોળી. બહાદુરનો બેટો. બહાદુર તે કાંઇ જેવો તેવો ! ભલભલાને પાણી પાય.

જીવલો તો એક રૂપાળી કોળણને પરણ્યો હતો. જીવલો રાજની તિજોરી ફાડે ને નવાં નવાં ઘરેણાં લાવે. કોળણ ઘરેણાં પહેરીને પાણી જાય. પણ કોની મગદૂર કે રાજને ફરિયાદ કરે. કોની દેન કે જીવલાની વાત કરે. બાયડીને પણ અભિમાન. હું જીવલાની બાયડી.

બાયડી કહે, " મારે રાણીના લુગડાં પહેરવાં છે. "

જીવલો કહે " રહેવા દે. " બાયડી કહે, " ના હું જીવલાની બાયડી. હું રાણીના લુગડાં ન પહેરું ? "

અડધી રાતે જીવલો ગણેશિયો લઇ ઊપડે. રાણીનો પટારો ફાડી સવાર ન પડે ત્યાં તો લુગડાં કરે હાજર.

જીવલાનું કોઇથી નામ ન લેવાય. ગામ લોક બધા બીતા બીતા રહે.

એક વખત બાદશાહ નાનાં મોટાં રાજ જીતતો જીતતો હાલ્યો આવે.

નદી ને આંબા ને મઝાનું ગામ. એવું જોઈ બાદશાહે ત્યાં જ તંબુ તણાવ્યા.

બાદશાહ ગામ જોવા નીકળ્યો. ઝરીનો ઝગઝગતો ઝબ્બો પહેરેલો, એમાં આથમતા સૂરજના તેજ પડે. ઝબ્બો ઝળાં ઝળાં થાય. ગામ બધું જોવા મળ્યું. જીવલાની બાયડીયે આવી.

મનમાં કહે, " અહાહા, કાંઈ ઝબ્બો. ઝળાં ઝળાં થાય છે. સાવ સોનાનો છે. હું જીવલાની બાઇડી. ઈ જ ઝબ્બાના કપડાં પહેરું. "

સાંજ પડી. જીવલો ઘરે આવ્યો. જીવલો કહે, " કયાં ગઈ ? "

" હું સે, આ રહી. મોતેય નથી આવતું. "

" પણ એમ કાં બોલ ! કોઇએ કાંઇ કીધું ? "

" કે' કોણ ? કે'નારા મરી ગ્યા સે. તમારા રાજમાં કે' તંઈ થઇજ રયું સને ? "

" તંઇ હુમાયે કેમ બોલતી નથી ! " મારે રાજના ઝબ્બાના લુગડાં પહેરવાં છે. "

" ગાંડી થા માં ગાંડી. લે હવે ઝટ રોટલા ઘડ્ય. "

" હું તો કાંઈ નથી ઘડતી. ઝબ્બાના લુગડાં પહેરીશ પછી રોટલા ઘડીશ. "

જીવલો કહે, " હાચી રે હાચી, તું મારી બાયડી હાચી. મારી બાયડી તો બાદશાહના ઝબ્બાના લુગડાં માગેજને. ! આ અડધી રાત ભાંગ્યે લુગડાં નો લાવું તો જાણજે કે જીવલાની માએ સવાશેર સુંઠ નો'તી બાધી. "

બંભે ગણેશિયો નાણતોને જીવલો હાલ્યો. રાતના અગીઆરેક વાગેલા. સોપો પડી ગએલો. અંધારી રાત, હાથમાં ચંદન ઘો ને હીરની દોરી રહી ગઈ છે. જીવલો આવ્યો તંબુ પાસે. જબરો ચોકીદાર ઉલ્લેલો. ચોકી કરે એવો બળવાન કે સોને પૂરો પડે.

જીવલો કહે, " ફકર નહિ. " તંબુ ઉપર ઝાડની એક ડાળી આવેલી હતી. જીવલો ચઢયો ઝાડ ઉપર ને ઝાડ ઉપરથી પહોંચ્યો ડાળ ઉપર. ડાળ ઉપર ચંદનઘો ચોંટાડી સર્‌સર્‌સર્‌ કરતો તંબુ ને મથાળે પહોંચ્યો. માથેથી તંબુ ચીર્યો. ઉતર્યો તંબુમાં.

રાજા ભર ઊંઘમાં ઊંઘે ઈ નો ઈ ઝબ્બો પહેરેલો. ઇ લેવો કેમ ?

જીવલો આવ્યો એવો પાછો વળ્યો. રાજાના રાંધણિયામાં ગયો. સારૂં એવું કૂકડીનું ઈંડુ ઉપાડયું. આવ્યો રાજાના તંબુમાં. હળવેક લઇને રાજાના સાથળ ઉપર ઇંડું ફોડયું ને પોતે એક બુણામાં સંતાઇ ગયો.

ઇંડામાંથી રસ નીકળ્યો ને સાથળને અડયો અને રાજા જાગ્યો. આ વખતે પાણી કયાંથી ? જ્યાં જુવે ત્યાં તો કૂકડીનું ઈંડું. ઝબ્બામાં ડાઘ પડેલા. ઝબ્બો કાઢી બીલીએ મૂક્યો. હાથ પગ ધોઈને રાજા સૂઈ ગયો. જ્યાં બરાબર આંખ મળી ત્યાં જીવલાએ ઝબ્બો ઉપાડયો.

જીવલો કહે, " આ ચોકીવાળો બેઠો છે એનેય બબર પાડતો જાઉં. ચોરની જેમ શું કામ જાઉ ! હું કાંઈ થોડો બહાદુર છું ? "

દરવાજામાં થઇને ચાલ્યો. ચોકીદાર કહે, " બબડદાર ? "

જીવલે બબ તરવાર કાઢી. હજી એકકો (ચોકીદાર) મ્યાન સંભાળે છે ત્યાં તો રીંગણું દોડવે એમ એક્કાનું માથું રેડવી દીધું. દડદડદડ જઈ પડયું આઘું.

અધી રાતે દરજીનું ઘર ઉઘડાવ્યું, કહે, " ઝટ લુગડાં શીવીદે. દરજી કહે, " ન શીવું "

જીવલો : " હાલ્ય, પચીસ રૂપિયા લેજે. "

દરજી કહે : " ના શીવું. સુઝે ઈ કર પણ ના શીવું.

જીવલો : " પચાસ લેને. "

દરજી : " હું ના શીવું. "

જીવલો : " ભાળી છે આ તરવાર હમણાં માથું રેડવી દઈશ ! એકનું રેવ્યું ને બીજે તું. "

દરજીએ ઝટ ઝટ લુગડાં શીવી દીધાં.

જીવલે રૂપિયા પચાસ ગણી દીધા.

બાયડીયે ઈ લુંગડાં પહેરીને રાંધ્યું. કંસાર કરીને જીવલાને જમાડયો ને પોતે જમી.

સવાર પડયું. વાત હાલી. રાજના ઝબ્બાની ચોરી થઈ ! એકકાને મારી નાખ્યો છે ! એવું કોણ હશે ?

શું બાદશાહ એને છોડશે ?

સવારના આઠ નવ વાગ્યા. બાદશાહની સ્વારી નીકળી. ગામ બધુ જોવા મળ્યું.

જીવલો કહે, " એલી જા બાદશાહને જોવા. "

બાયડીને મનમાં બીક લાગી.

જીવલો : " એમાં બીસ શું ? મારી બાયડી થઇને બીસ ? જા જા જોવાજા. "

સોનેરી જરિયાનનાં લુગડાં પહેરી ઈ તો હાલી નીકળી. ગામની બાઈડયું સેગી એ ભળી. એક સિપાઇની નજર ગઈ.

" ઉસને અચ્છે કપડે પહેરે હૈ, કહાંસે લાઇ હોંગી ? બાદશાહ સા'બ ઐસે ઝબ્બા પહેનતેથે ! હાં વો ઝબ્બા તો ચુરા ગયા ! હાં, હાં, હાં, વોઇ કપડે હૈં. "

અચ્છા રાજા સાબકું મેં હી કહું.

" બાદશા સા'બ ! દેખો મૈને ચોર પકડા હૈ. તુમ્હારે ઝબ્બેકા કપડાં પહેન કે એક ઓરત આઇ હૈ. "

રાજાએ સિપાઇને એ સ્ત્રી કોણ છે એમ પૂછવા મોકલ્યો. પાસે ઉભેલીઓએ કહ્યું, " ઇ તો જીવલાની બાયડી છે. "

રાજાએ એને બોલાવ્યો. જીવલો છાતી ઠોકતો ગયો ને કહ્યું, " મેં ઝબ્બો ચોર્યો છે. મેં જ એક્કાને માર્યો છે. "

બાદશાહે કીધું, " જબ તુમકો માર ડાલા જાયગા. "

જીવલો કહે, " મને મારી નાખશો એમાં શી તમારી બહાદુરી ! હું ઉભો રહીશ પછી મને મારશો એમાં કયું મોટું પરા- ક્રમ ! મોકલો મારી સામે એક એક એક્કાને. મારે એમ મરવું કબુલ છે. "

સારામાં સારા એક્કામાંથી એક આવ્યો ને બોંબારો બાઇ ચોગાનમાં ઉભો રહ્યો.

જીવલો: " પહેલો ઘા તારો. "

એક્કો: " નહિ હમ નહિ મારેગા તુમ પહિલા ઘા કરો. "

જીવલો: " રેવાદોને પછી તો હાલ્યા

જાશો, એક ઘા કરી લ્યો.”

એક્કો: “અચ્છા”

પહેલો ઘા એક્કાએ કર્યો.

ઘા આવ્યો ને જીવલો લળી ગયો. ઉભા થઇને જીવલાએ જે ઝાપટી તે એક ઘાએ ધડથી માથું નોખું.

બાદશાહ મનમાં કહે, “મેરા બેટા જીવલાને એકકાકો માર ડાલા.”

બીજો એકકો આવ્યો.

જીવલો: “હાલ્ય પહેલો ઘા તારો.”

એકકો: “હમ નહિ મારેગા. તુમ પહિલા ઘા કરો.”

જીવલો: “શેખી રવા દ્યોને! પહેલો ઘા કરો.”

બરાબર ઘા આવ્યો ને જીવલે ગુલાંટ બાધી. ઘા દોઢવાંસ આઘો રહ્યો.

જીવલે જે તીર તાકયું, કાળજું ચીરી નાખ્યું!

બીજે ઘાએ રામશરણ. ત્રીજો આવ્યો. દૂધીનું દીટીયું ઉડાવે એમ એકકાનું માથું ઉડાવી દીધું.

એમ ચાર પાંચ છ ને સાત ધડના માથાં પડયાં. લોહીની નદી વહી છે. ધણ ધણ ધણ લોહી હાલ્યું જાય છે.

બાદશાહ: “બસ, સબુર. જીવલાને મારવાનો નથી. હું એને આજથી મારો સેનાપતિ બનાવું છું.”

એ જ વખતે દરબાર ભર્યો. જીવલાના વખાણ કર્યાં. રત્નજડિત તલવાર, જરિયાનનો ઝબ્બો, એક હજાર સોના મહોર ને એક હીરાની વીંટી ઇનામમાં આપી.

એને સેનાપતિ કર્યો. જીવલો બાદશાહની નોકરી કરે છે, બાય છે, પીએ છે ને લહેર કરે છે.

જીવલો જાતનો કોળી પણ બહાદુર ભારે.

સ્વ. કમળાબેન

મારા ઘરની પછવાડે

મારા ઘર પછવાડે મહાદેવ અને વૃક્ષો છે. મહાદેવના મંદિરમાંથી આરતી ભજનો અને કિર્તનો સાંભળવા મળે છે. વૃક્ષો ઉપરથી પક્ષીઓનાં ગાન કાન ઉપર પડે છે.

મારા ઘર પછવાડે ખુલ્લું મેદાન છે. તેમાં ગાયો અને વાછરડાં અને કોઈવાર ઘોડું અને બકરું ફરતાં અને ચરતાં જોવાનું મળે છે.

મારા ઘર પછવાડે થોડે દૂર લીલાછમ ખેતરો છે. તે જોતાં આંખ ઠરે છે.

મારા ઘર પછવાડે સાંજે સૂરજ આથમે છે. સંધ્યા બીલે છે. રાત પડે છે.

ગિજુભાઈ

નવાં બાળ જોડકણાં

સગડીએ તાપવા બેસાડી ઘો.

બકરી પૂછે બકરાને,
સોણું લાધ્યું શકરાને.
શકરો ઊડ્યો પરિયોદ્દેશ,
શ્રીફળ ફોડી આપી શેષ.
શેષ ખાઇને પાણી પીધું,
સામણ આવ્યો આગે સીધું.
સીધું કેવું ? રસ્તો આપ,
છાણાં બાળી સગડીતાપ.

વાંદરી રાણીને લોટ ફકાવી ઘો.

બબલી બાઈની પૂંછડી,
ઉંદર મરડે મૂછડી.
મૂછ ઉપર મગનો દાણો,
હિંચકે હીંચે ચકોરાણો.
ચકોરાણો ગાયન ગાય,
ચકીરાણી ગુસ્સે થાય.
ગુસ્સો લાગ્યો મૂકી દોટ,
વાંદરરાણી ફકે લોટ.

વાડામાં સાત બકરાં બાંધી ઘો.

ગાય ઉલી પાંખડી,
સાધુ પે'રે ચાખડી.
ચાખડી બોલે ખટપટ,
સીરો બાંધો ઝટપટ.
ઝટ બા ને ઘોઘે જા,
ઘોઘે જઇને ઊંઘી જા.
ઊંઘ આવી છે કાળી રાત,
બકરાં બાંધ્યાં વાડે સાત.

તાળું ખોલી ઘો.

પાંચ રૂપીઆની આવી નોટ
લીલી બેને સૂકી દોટ.
દોટ સૂકીને દોડ્યાં જાય,
કાળી કૂતરી વાંસે થાય.
થાતાં થાતાં થવાઇ ગયું,
એક ગોથું બવાઇ ગયું.
ગોથું બાધું ટૂટ્યો તોલો,
ચાવી લઇને તાળું ખોલો.

તાવડી વચ્ચે તડ પાડી ઘો.

જિતુભાઇના જાડા હોઠ,
જંગલ વચ્ચે ચાલી પોઠ.
પોઠ અંદર મગના દાણા,
ડુંગરમાંથી બોલ્યો પાણા.
પાણા ઉપર ઠીંકરી,
કાશીબાઇની દીકરી.
દીકરી વાંચે ચાલણગાડી,
નાસી છૂટી એની પાડી.
પાડી ચાવે સૂકું બડ,
તાવડી વચ્ચે પાડી તડ.

ગુલાબસિંહ બારહટ્ટ.

લીમડો ને વડલો

ગામમાંથી એક રસ્તો જતો હતો. માણસો એ રસ્તા ઉપર થઇને બીજે ગામ જતાં હતાં. રસ્તાની બન્ને બાજુએ ઝાડવાંની હાર હતી. તે ઝાડવાં હજી થોડા વખત પહેલાં જ રોપેલાં હતાં એટલે નાનાં નાનાં હતાં. રસ્તાની એક બાજુએ એક મોટો વડ અને તેની પાસે જ એક લીમડો હતો. વડલો એની મેળે જ ઉગેલો હતો. એ ખૂબ જૂનો અને ઘટાદાર હતો. લીમડો તો નાનો હતો, હજી એ ઘટાદાર થયો નહોતો.

રસ્તે આવતાં જતાં લોકો વડ નીચે છાયામાં બેસતા અને આરામ લેતા. કોઇ લીમડા નીચે બેસતું નહોતું છાયા વગરના ઝાડ તળે કોણ બેસે?

એક દિવસ લીમડો કહે, "કેમ, વડલા કોસા! હવે કેટલું'ક જીવવું છે? આટલા બધા ઘરડા થયા તોપણ મોહ નથી છુટતો? હવે તો જલદી ઉઘડી જાઓ તો મારા માટે જગ્યા થાય. મારે તો હજી ખૂબ વધવું છે."

વડદાદાએ જરાક હસીને જવાબ આપ્યો, "ભાઈ લીમડા, થોડીક ધીરજ રાખ. તારું કહેવું છે તો સાચું. જોને, હવેતો હું ઘરડો થયો છું અને થોડા વખત પછી ચોમાસું આવશે એમાં વરસાદનાં ઝાપટાં, વાવાઝોડાં અને પવનનાં તોફાનો થશે, એમાં કંઈ હું ટકી નહિ જ શકું અને ઉઘડી જઈશ. એટલે પછી તો તને જોઈએ એટલી જગ્યા મળશે. માટે ભાઇ, હવે થોડા દિવસ માટે શું કામ બગાડે છે? થોડો વખત ધીરજ ધર."

ત્યાં દૂરથી બે માણસો આવતાં દેખાયાં અને વડ લીમડાની વાત અટકી ગઈ. એ બન્ને માણસોના હાથમાં મોટા મોટા કુહાડા અને બીજાં ઓજારો હતાં. થોડીવારમાં તો તેઓ વડ લીમડા પાસે આવી પહોંચ્યા. કુહાડા જોઇને લીમડો તો થથરીજ ગયો. પણ વડલો એટલી જ શાંતિથી ઊભો હતો. એટલામાં તો બેમાંથી એક માણસ બોલ્યો, "એલા ભાઈ! આપણે આ વડ નથી કાપવો. જોને એનું લાકડું કંઈ બહુ સારું નથી. સડી જવા આવ્યું છે. વળી રસ્તા ઉપર આ એક જ ઝાડ ઘટાદાર છે અને રસ્તે જતાંને છાંયો આપે છે. એટલે એને રહેવા દઈએ, પણ આ લીમડો સારો છે, તેનું લાકડું પણ સરસ છે, માટે એને જ કાપીએ." બીજા માણસે આ વાતમાં સંમતિ જણાવી અને બન્ને માણસો કુહાડા લઈને લીમડો

[જુઓ પાનું ૧૪.

ગાય-બગલું

હવે સુંદર વરસાદ પડી ગયો છે, સામેના ગધેડિયા ખેતરમાં લીલું ઘાસ ઉગી ગયું છે, અને ત્યાં અત્યારે ગાયો ચરે છે. તેની સાથે ગાયોના પગ સાથે પેલાં ધોળાં અને કેસરી બગલાં ચાલે છે એ ત્યાં શું કરતાં હશે? ગાયના એ મિત્રો હશે? ના, ના, પણ બગલાં કયાંઈ ઘાસ ખાતાં હશે? આ બગલાં પાણી, નદીકિનારો છોડીને અહીં ખેતરમાં શું નીકળ્યાં હશે? શું એમનો ફરવાનો વખત થયો હશે?

ના, ભાઈ, ના. એવું કંઈ નથી, એ તો ગાય બગલાં કહેવાય. ગાયની સાથે જ ફરે! પણ કાંઈ કારણ? કારણ તો જરા ઊંડા ઊતરીએ તો સમજાયને!

ત્યારે વાત એમ છે કે આ બગલાં ગાયની સાથે રહે છે, ફરે છે, એનો અર્થ એ છે કે એ બગલાં ગાયનાં ચાલવાથી ઘાસમાંથી ઉડતાં જીવડાં, ટીડડાં ખાવા માટે ગાયની સાથે ફરે છે. પણ આ તો એના સ્વાર્થની વાત થઈ. બીજી રીતે એ ગાયની ઉપર પરોપકાર પણ કરે છે. ગાય અને બીજાં ઢોરો ઉપર બધી જાતની જીવાત જેવી કે બગા, ઈતડી, જુઆ વગેરેને પણ ઢોરના કાન કે ચામડી ઉપરથી ઉપાડીને એ ખાય છે. એટલે ઘણીયે વાર આપણે આ બગલાને ગાયની કે ભેંસની પીઠ ઉપર સ્વાર થયેલું જોઈએ છીએ.

ચોમાસામાં આ પક્ષીનો રંગ સુંદર હોય છે. એનું આખું શરીર ધોળું હોય છે. માત્ર ડોક ઉપર અને ગળા ઉપર એને પીળાં–કેસરી પીંછાં તે વખતે આવે છે.

એની ચાંચ પણ ઘણી સુંદર કેસરી રંગની હોય છે. એટલે આવું પક્ષી લીલા ઘાસના ગાલીચામાં ભરી કાઢયું હોય એવું સુંદર લાગે છે.

જૂન મહિનામાં પહેલા વરસાદ પછી આ પક્ષીઓ પોતાનાં પીંછા બદલે છે, નવાં કરે છે. તે વખતે તેને આપણે જોઈએ છીએ તેવાં પીળાં–કેસરી પીંછાં આવે છે અને તેજ વખતે તેનાં બચ્ચાં મૂકવાનો વખત પણ આવે છે. શિયાળામાં ફરી પાછું આ પક્ષી પોતાનાં પીંછા ફેરવી નાખે છે અને બીજા બગલા જેમ સાવ ધોળું થઈ જાય છે. માત્ર એની ચાંચ કેસરી રહે છે.

આ ગાય બગલાંનો ખોરાક તો આપણે જોઈ ગયાં તેમ બધી જાતનાં

ઘાસનાં ટીડડાં છે, ગાયનાં શરીરનાં જીવડાં છે, વળી કોઇ કોઇવાર એ નાનાં માછલાં અને દેડકાંનો પણ ખોરાક કરે છે. એક લેખકે તો એને એક નાનો સાપ ગળી જતાં જોયું છે.

ગાય બગલાં લગભગ આખા હિન્દુસ્થાનમાં જોવા મળે છે. ચોમાસાની ઋતુમાં જ્યાં જ્યાં ગાયો ચરતી હોય ત્યાં ત્યાં તેની સાથે એક નાની એવી મંડળી ગાય બગલાંની હોય જ છે. અને એ ગાયના પગ પાસે સાથે ચાલતી માલુમ પડે છે.

ગાય બગલાંનો શરીરનો રંગ એક દમ ધોળો હોય છે. માત્ર એની ડોક અને ચાંચ પીળા–કેસરી રંગની હોય છે.

એની ઈંડા મૂકવાની ઋતુનો આધાર ચોમાસા ઉપર રહે છે. છતાં જૂનથી ઓગસ્ટ સુધી એનાં ઈંડાં જોવા મળે છે.

એનો માળો સાંઠીકાનો બનાવેલો હોય છે અને તે જમીનથી ઠીક ઠીક પ્રમાણમાં ઊંચો હોય છે.

બીજાં બધાં હિરોન બગલા, અને ઈગ્રેટની સાથે જ આ બગલાં રહે છે. એ બધાં બગલાંનો ઊંઘવાનો સમય થાય ત્યારે ત્યાં જગ્યા માટે એટલી મારામારી અને પડાપડી થાય એ જોવા જેવું છે. ભાવનગરના મોતીબાગમાં સાંજે એ કલહ જોવા જેવો થાય છે. કંઇ કાન પડયું સંભળાય નહિ એવો સખત અવાજ, કેં કેં, કા, કા, વાંક વાંક એવું થાય છે.

આવાં સુંદર બગલાંની આ રાડિયા પદ્ધતિ જોઇને આપણને નવાઇ તો લાગે જ.

નરેન્દ્ર

લીમડો અને વડલો

અનુસંધાન પાનુ ૧૨]

કાપવા લાગી ગયા. થોડીવારમાં તો લીમડો કપાઈ ગયો અને ‘ કાલે આના ઠકડા કરીને લઇ જશું ’ એમ બોલતા બોલતા બન્ને માણસો ચાલ્યા ગયા.

વડદાદા બોલ્યા, “કેમ ભાઇ લીમડા ! જગ્યા કરી આપું ? ”

કોણ જવાબ આપે ! નલિનીબેન

મીની માશી

મીની માશી આવોને ?
માશેરો તો ?
મીની માશી બોલોને ?
લડો તો ?
મીની માશી પીશો દૂધ
ગટ ! ગટ !
મીની માશી બાશો બીર
ઝટ ! ઝટ !

સોમાભાઈ ભાવસાર

માનો યા ના માનો

૧ લેાન ઓફ્ફ પાર્ક નામના બગી-ચામાં માત્ર એક જ ઝાડ છે.

૨ સૌથી મોટાં ઈંડા શાર્ક માછલી મૂકે છે.

૩ કેારીઆમાં ઈંડા દોરીથી (By the string) વેચાય છે.

૪ એક ઝાડ છે જેનું નામ આપ-ઘાતી ઓક (Suicide Oak) છે.

૫ એક વાંદરાને બીડી પીવા માટે પકડવામાં આવ્યેા હતેા.

૬ સૌથી નાની પેાસ્ટ ઓફીસ એક તરતું પીપ (Keg) છે.

૭ એચ. બટસ. (H. Butts) નામનેા માણસ લાકડાના પગથી ફુટબેાલ રમ્યેા હતેા.

૮ ઇશુની પ્રાથર્ના (Lords Prayer) ટાંકણીના ટેાપકા પર કેાતરવામાં આવી હતી.

૯ કહેવાય છે કે આલ્ફેાન્ઝેા (Alfonso) રાજા તરીકે જ Was Born a King) જન્મ્યેા હતેા.

૧૦ બેનું અડધું અને બે મળીને ત્રણ થાય છે.

૧૧ મૃત સરેાવર (Dead sea) એ સરેાવર નથી.

૧૨ વેઇલ્સ (Wales) માં કેાઈ એક ચીમનીમાં જ ઝાડ ઉગ્યું હતું.

૧૩ એક માછલીને રૂંવાવાળી ચામડીને બદલે આંકા પાડેલ ચામડી હતી.

૧૪ સર્પને કેડ હેાય છે (Hips) અને તે પેાતાની જીભ વડે સાંભળી શકે છે.

૧૫ એક માણસના ફેફસામાં કાણું હેાવા છતાં દસ વર્ષ જીવ્યેા.

૧૬ સાઇબીરીઆના ઠંડા પ્રદેશમાં એક વખત એવા બે માણસેા હતા કે જેમણે માત્ર પાંચ પેન્સ બાતર પાંચ વર્ષ સુધી કામ કર્યું.

૧૭ એક જાતનું લાકડું એવું છે કે વીસ ફીટ લાંબુ હેાય તેાપણ માણસ તેને ઉપાડી લઇ જઈ શકે.

૧૮ 'કેનેરી' ટાપુઓનું નામ એક કુતરાના નામ ઉપરથી પાડવામાં આવ્યું છે.

૧૯ સીંગાપેારમાં કેાઇ એક હિંદુ સાધુ પચાસ જેટલાં અણીદાર ભાલા પેાતાના શરીરમાં ભરાવીને ત્રણ માઈલ સુધી સૂર્યના પ્રખર તાપમાં ચાલ્યેા હતેા.

૨૦ તે ભાઈ પેાતે તેા ૩ ફીટને ૨ ઈંચ ઉંચાઇનાજ છે પણ તેમના વાળ બાસ્સા મજાના ૭ ફીટ અને ૧૦½ ઈંચ લાંબા છે.

કહેવાય છે કે હિંદના કેાઇએક હનુમાનના મંદિરનેા તે મઠાધિકારી છે.

વિષ્ણુપ્રસાદ

નાનીબેન

દિવસ પહેલો

નાનીબેન: "મોટાભાઈ! તમે કયાં છો? આપણે આપણા બગીચામાં નવાં બીજ વાવવાં છે. ચોમાસું તો ચાલ્યું. ઝટ ઝટ કરીએ."

મોટોભાઇ: "પણ મારે મામાને શકરિયાં બોદ્દીને બવરાવવાં છે. બાગનાં બીજ તો એની મેળે ઉગશે."

નાનીબેન: "અરે! એ પ્રમાદના પીર? પછી ફક્કડ ફૂલોની સુવાસ સુંઘશો કયાંથી?"

મોટાભાઇ: "પેટનું પહેલું ને વાંસનું વાંસે. સમજ્યાં મ્હારાં મોટી બ્હેન; બોલશો નહિ બિલકુલ."

નાનીબેન: "ઠીક તો બીજી વાત, —આ ઉગેલા જાર બાજરીના ઝીણા છોડોને નિંદવાને નહિ આવે? આજકાલ કરતાં તો આટલા દિ' ગયા. પછી તો ભાઈ, દાદાજી દોડીને લાકડી લેશે. તમને સોંપ્યું છે તે કેમ હજી કર્યું નથી, કહેશો શું ત્યારે?"

મોટાભાઈ: "તે તેને માટે તો હું એક-દમ આવીશ. આટલું આ કામ કરી નાખું. બપોર સુધીમાં બેય લાગી જશું ને સાંજ સુધીમાં તો એટલા બધા ઉખેડી નાખશું કે દાદાજીને દેખીને આનંદ આવશે."

નાનીબેન: "વાત મઝાની મીઠી, પણ શાકનું શું? રીંગણાને રજકો પાશે કોણ? કાલનો કોરો બિચારો રૂવે છે માટે શકરિયાને બોદવાનું સાંજ ઉપર અને બટાણે તો આપણે પાણી જ પાઈએ. તું કોસ કાઢને હું પાણી વાળું. બે કલાકે કયારા બધાને ઘરવી રહેશું"

મોટાભાઈ: "ન્યાયની વાતમાં ના કેમ કહું? સાચું તો સૌનું ઢાંઢા નીરણ બાઈ રહ્યા છે."

કાર્યક્રમ પ્રમાણે બન્ને કામે લાગ્યાં.

દિવસ બીજો

નાનીબેન: "દાદીમા, દાદીમા, જુઓને મારો મોટોભાઈ આળસુ થઈ અડી પડયો છે. કોસ કાઢવાનું કહું છું, ત્યારે કહે છે પગ પાકયો અને નીંદવાનું નામ લઉં છું તો કહે છે અંગુઠો દુઃખે છે. એને કામે ચડવાનું કહોને!"

દાદીમાએ ડોળા કાઢયાને કીધું: "કેમ બેલા અવળચંડો હાલે છે? કાલ સવારનું મેં તને કહી રાખ્યું છે નાનુ હારે નીંદવા જજે" એમ કહેતાં એક તમાચો તાણ્યો.

મોટોભાઈ: "મા....ભૂલી ગયો, મા હવે કોઈ દિ' એવું નહિ કરું."

ચુપચુપ ગરીબ, બેનનો હાથ ઝાલીને હાલવાં માંડ્યા.

થોડેક હાલીને કહે: "હું તો જરાક તાણુતો'તો ત્યાં તો તેં માને જ કીધું. તું જણરી."

નાનીબેન: "તે જણરી તો છું જ. કામ ન કર તો તો દાદા પાસેય દોરી જાઉં."

મોટોભાઈ: "તો જા, હું તારી સાથે બોલીશ નહિ."

નાનીબેન: "એ તો તું તરત તણાઇને હસતો હસતો હવે શું કરવું કરતો આવીશ. અને તને ટપલું મારી 'મુરણ તને એટલુંયે સુઝતું નથી' કહીને કામ બતાવીશ."

મોટોભાઈ: "ભાઈ તારી વાત થાય! તું તે કોણ! દાદીમાની ડાહ્યલી દીકરી. કામ કરી કરીને ઘરડાંઓને ઘણી વ્હાલી રહે છે અને પછી અમારા ઉપર હુકમ કાઢે છે."

વાડીના ઝાંપામાં જતા જ લેંશ ભડકયાનો ઘોંઘાટ સાંભળ્યોને બંન્ને ભાગ્યાં.

દિવસ ત્રીજો

નાનીબેન નકરા છોકરાઓને ભેગા કરી રમાડતી'તી. બેલા હું પકડું છું તમે બધા દોડો, ચુનીની સહી.

રાત મઝાની ઉજળી. અડધા અંધારામાં રમતની ધમા ચકડી ચાલી. કેટલાક ઝટપટ ઝલાઈ જવાની બીકે તરત બેસી પડતા તો તે તેને ચટક કહેતી ને નાની બેન ઉઠાડતી ને રમતનો રંગ જમાવતી. એક વાર તો બધાં બેસી ગયાં ને ઈ એકલી રહીને ઉકરડો એકલો એની વાંસે દોટ દઇને દોડયો. પણ ઇ મૂઠીમાં જીવ લઈને એવી ગુંચવણીમાં ગરી ગઈ અને ફટ ફટ ફટ બધાના માથામાં ચુની ટપલું દેતીકને છટકી ગઈ. રમત એવી ચકી એટલામાં તો દેકારો દોડો દોડો આગ લાગી છે. નાની બેનના ચકોર કાન ચમકયા. બેલા છોકરાવ, બોલા પણે દેકારો શેનો સંભળાય છે?

છોકરા કહે, "ઈ તો થાતું હશે ગમે ઇ. આપણું શું કામ."

નાનીબેન: "અરે જુઓ, જુઓ, નીસરણી ચડીને દાદીમા હાક લે બેલા પુંજકા, મગના, નાની, દોડજો. વશરામ પટેલની વાડ સળગી છે. હું બરોબર સાંભળું છું."

છોકરા કહે: "દોઢડાહ્યલી બેશને છાનીમાની! ચકેલી રમતમાં રંગ ભંગ કરમા."

નાનીબેન: "લે....છાનારો, અને પાધરા હાલો....આગ બોલવીને પછી રમજો. જો જરાક વાંકા ચુકા ચાલ્યા તો દાદા પાસે લઈ જઈશ."

નાનીબેનની બીક બધાને એવી લાગી કે ચૂપચાપ ડોલે ડોલે પાણી ભરતાંને દોડયા.

દિવસ ચોથો

ચણરાક ને ચાણાક નાની બેનનાં નણદાં.

નાઇ ધોઈને રોટલી વણુતી'તી ત્યાં

મોટાભાઈ ને કુન્જેભાઈ ખાવા આવ્યા. હાથ પગ ધોયા વગર ભાણુ માંડી કહે, "બેન લાવ રોટલા."

નાની બેન કહે, "નાહ્યા ધોયા કે રામ રામ."

મોટાભાઈ: "તું તો થાકયા પાકયા તે થાક ખાવાય દેતી નથી."

નાનીબેન: "હા હું તો ભૂંડીજ છું."

કુન્જેભાઈ: "બેન ભાઈશાબ આજનો દિ' હાલવા દે."

નાનીબેન: "વાત નહિ. ન્હાયા વગર ખાવાનું કેવું!"

ત્યાં તો લખોભાઈ ખાવા સારૂં હાથ પગ ધોઈને બેસ્યા.

નાનીબેન તાડુકી, "બળદ્દાર જો નાહ્યા વગર ખાવા આવ્યો તો."

લખોભાઈ: "ઓ તમારીની—આજે તમે રાંધણીઆમાં રાજ કરો છો ને. ત્યારે તો પાધરા પટ પાણી ચોપડયા વગર નહિ ચાલે."

નાનીબેન: "ના ચોપડવું શું કામ? ત્રણ ઘડા તાણીને ખૂબ ટાઢો પડને! કૂવો કને જ છે."

લખો: "કેમ બેલા ભાણા ધરીને લાંઘો છો? નાહ્યા વગર ખાવાની વાત બોટી."

કુંજે લખો ને મોટોભાઇ ન્હાઇને આવ્યા ને બરોબર બાર વાગે ભોજન લેગા થયા.

કુંજએ બાતાં બાતાં કીધું—સારૂં થયું ન્હાઇને બેઠા. મનમાં થાતું'તું નાહ્યા વગર બાવાનું બોટું પણ આળસ વચમાં પડીને ઉંધે માર્ગે લઇ જતી'તી.

નાહીને બાવાની મઝાજ કાંઈ આવે છે.

નાહ્યા વગર બાઈએ છીએ ત્યારે બાવામાં લા કે સા રહેતો નથી.

મોટો માથું બંજવાળતાં કહે, "માળું વાત તો સાચી છે. પણ આપણે તો એવા કે કોક ટોકે તો જ કરીએ."

લખો કહે, "માળું મારૂં મનેય આજ બારૂં થયું! તમારી બેની આળસ મારામાં ગરી હશે!"

નાનીબેન: "ઇ તો એકની આળસ અનેકને નડે.

લખો: "માળું કાંક એવું જ લાગે છે. નકર કોઈ દિ' હું ન્હાયા વગર બાઉં?

નાનીબેન: "આજ તમે થાકી ગ્યા છો તેથી ગોળ બાવ."

નાનીબેને ગોળનાં દડબાં ને ઘણું બધું ઘી પીરસ્યું.

લાકડી ઠબકારતા દાદાજી દેખાણા. માળા શું મીઠી મીઠી વાતો કરો છો?

કુન્જે બીતાંબીતાં કહે, "ઇ તો અમે નાયા વગર બાવા બેસતા'તા બેની વાતું થાય છે."

દાદાજી કહે, "નાનીએ નાક કાપ્યાં હશે તમારાં."

બિચારા શરમાઇ ગયાં. શું બોલે?

સ્વ. કમળાબેન.

પંખીની ચાંચો

આ કુદરત પણ કેવી અજબ છે ? એની રચના કેવી ખૂબી ભરી છે ? એની આ ખૂબી જ્યાં જુઓ ત્યાં જણાઇ આવશે. આપણે પંખીની ચાંચોનો જ વિચાર કરીશું તોપણ આપણને જણાશે કે એણે દરેકની જરૂરીઆત પ્રમાણે ચાંચોમાં પણ કેવા પ્રકાર ઘડયા છે ?

ચકલીને મોટે ભાગે દાણા ખાવા જોઇએ, કઠણ દાણા તોડી શકાય એટલા માટે એને ટૂંકી અને મોં આગળથી પહોળી ચાંચ આપી.

કાળો કોશી, ચકદીલ, નાનો નિલકંઠ વગેરેને માત્ર હવામાં ઊડતાં જીવડાં અને પતંગિયાં જ જોઇએ. ત્યારે એને પાતળી અણીદાર ચાંચ આપી. એનાથી એ નાનું જંતુ પણ સહેલાઈથી પકડી શકે.

હુડહુડને માત્ર જમીનમાં અને ઘાસના મૂળમાં ભરાઈ રહેલાં જીવડાંઓ જ જોઇએ. ત્યારે એને જમીન ખોદતાં ફાવે તેવી ત્રીકમ જેવી ચાંચ આપી.

અને કલકલિયા ભાઈ રહ્યા નાના પણ જોઇએ મોટી માછલી. ત્યારે એને શરીરના પ્રમાણમાં ખાસી મોટી ચાંચ મળી.

ગીધ, સમડી, બાજ વગેરે પંખીઓ માંસાહારી રહ્યાં. એને એવી કઠણ ચીજ તોડતાં અને ટુકડા કરતાં ફાવે એટલા માટે એની ચાંચનો ઉપરનો ભાગ છેડા ઉપરથી વળેલો આપ્યો.

નદી કે તળાવ કાંઠે ફરતાં ફલેમીંગો પંખી તો તમે જોયાં હશે; જેમ ધૂળધોયા કાદવમાં હાથ ફેરવે એમ એ ડોક પાણીમાં નાખી આમ તેમ હલાવે છે. એની ચાંચ બંધ કરે ત્યારે વચમાંથી જરા પોલી રહે છે. આમ હલાવતી વખતે જો કોઇ જીવ વચમાં આવી ગયો તો ચટ પકડીને હોઇયાં કરી જાય છે.

લક્કડ ફોડ એ છે નાનો સરખો પણ ઝાડમાં કાણું પાડે છે. બાવળ ફૂટ દોઢ ફૂટ અને તે પણ ચાંચથી, કહો ત્યારે એની ચાંચ કેવી મજબૂત અણીદાર હશે ?

હોર્નબીલ નામનું એક પંખી થાય છે. એની માદા જ્યારે વીયાવાની થાય છે ત્યારે ઝાડના પોલાણમાં બેસી જાય છે. પછી નર બહારથી માટી લાવી એક દિવાલ ચણી લે છે. માત્ર બોરાક આપવા જેટલું નાનું કાણું રાખે છે. ચણતર કરવા તો કડિયા જેવું લેલું જોઈએને ? ત્યારે એની ચાંચ જ લેલા જેવી બનાવી. કહો ત્યારે કુદરતના ખેલ કેવા છે ?

ભગનભાઇ પટેલ

મોડો પડેલો કુમાર

એક રમણીય વન હતું. ચારેકોર ગુંને ચગદી નાખશે એજ મોટી બીક રહ્યાં હતાં. કયાંક ઉંચાણ હતું, કયાંક નીચાણ હતું. નાની નાની નદીઓ બળ-બળ વહેતી હતી. જુદી જુદી જાતનાં પંખીઓ અહીંતહીં ઉડી રહ્યાં હતાં. અવનવાં પશુઓ અવારનવાર નજરે પડતાં હતાં. ચારેકોર શાન્તિ હતી. ફક્ત પક્ષી-ઓનો મીઠો કલરવ એ શાન્તિને તોડતો હતો.

એ વનમાંથી બરે બપોરે એક કુમાર પસાર થઈ રહ્યો હતો. પંદર સોળવર્ષની ઉંમર હતી. એના અંગેઅંગમાં છટા હતી, એની આંખોમાં ઉત્સાહ હતો.

વનનાં ઝાડવાં એના માથા પર છાયો કરતાં હતાં. પવન એ ઝાડોની કુંળી ડાળીઓ વડે કુમારને વીંઝણો કરતો હતો. કુમારને એથી ખૂબ શાતા વળતી હતી.

ચાલતાં ચાલતાં કેડીની બાજુમાં કુમારે વડલાનું એક ઘરડું બબ ઝાડ જોયું. ઝાડ શેનું? માત્ર ઝાડના થડનું સૂકાઈ ગયેલું ઠુંઠું! મોટું બોડસું!

એના મૂળિયાં ભોમાંથી ઉબડી ગયાં હતાં. એ બવાઈ ગયેલું બોડસું કયારે ઠુંઠું ઢળી પડશે અને કયારે કોઈ વટેમા-

કુમારે વિચાર્યું, "લાવને આ બોડસાને ટેકો મૂકું. આવડું મોટું તોતીંગ પડશે તો કો'કને દાબી દેશે!"

એણે તો અડબે પડબેથી એકાદ બે સૂકી ડાળો વીણી આણી અને થડને બરાબર ટેકબ્યું.

આગળ ચાલવા પગ ઉપાડે છે ત્યાં તેને કાને 'ઊભો રહે ભઇલા, ઊભો રહે,' એવા શબ્દો પડયા.

એણે આમતેમ જોયું પણ કયાંય કાળા માથાનું માનવી દેખાયું નહિ. માત્ર એક બીકણ સસલાને દરમાંથી ડોકું કાઢતાં જોયું. એક પંખીએ પાસેના ઝાડ પરથી પાંખો ફફડાવી. એકાદું હરણિયું પોતાની ચપળ આંખો ફેરવતું નજરે ચડયું અને ફરફર ઢોર ચારતા ભરવાડોની વાંસળીના આછા સૂરો સંભળાયા.

'ત્યારે એ કોણ બોલ્યું?' કુમાર વિમાસણમાં પડયો. થોડીવાર થોભી એ ચાલવા માંડયો. ત્યાં વળી એના એ શબ્દો કુમારને કાને પડયા.

કુમાર પેલા બોડસાની છેક જ નજીક

આવ્યો અને એના પોલાણમાં લળીને જોયું તો એક બાઇને તેમાં બેઠેલી જોઇ. એના આશ્ચર્યનો પાર ન રહ્યો.

"મેં તને સાદ પાડયો; દીકરા, આ થડના પોલાણમાં મારો વાસ છે, આ વનની હું દેવી છું. કુદરત વનને પોષે છે અને હું વનની રક્ષા કરું છું. આ વડલો હવે છેક જ ઘરડો થયો છે. પડવા આવ્યો છે. પડતાને તેં ટેકો આપ્યો છે તેથી હું તારા પર રાજી થઈ છું. માગ, જે માગવું હોય તે આપીશ." પોલાણમાં બેઠેલી બાઈએ કહ્યું.

"શું માગું ? બીજું તો કાંઇ જોઈતું નથી. માગું માત્ર તમારી મીઠી નજર" કુમારે કહ્યું.

"મારી મીઠી નજર રહેવા દે. ધન માગ, દોલત માગ, રાજ માગ, પાટ માગ. મેડી ને મ્હોલાત માગ. મારી મીઠી નજર રહેવા દે મારી મીઠી નજર જેની પર ઉતરે છે. એનું અમંગળ થાય છે. એવું આજ સુધી બનતું આવ્યું છે છતાંય તેં ભલી ભાવનાથી માગ્યું છે તો ભલે એ તને આપીશ. તું જે બોલે છે તેજ તારા અંતરમાં છે અને વગર મકૃતનું બોલતો નથી એવી મારી ખાત્રી થાય તો મારી કૃપા તારી પર જરૂર વરસશે. પણ હમણાં તો તું જ્યાં જતો હો ત્યાં જઈ આવ. બરોબર સાંજે સૂરજ આથમ્યા પહેલાં એક કલાકે તું અહીં આવજે. જો મોડું ન થાય." એમ બોલી દેવી અળકસળક થઈ ને કુમારે આગળ પગલાં ઉપાડયાં. દેવીએ આપેલા વરદાનથી એના મનમાં હરખ માતો નથી.

એ તો આગળ ચાલ્યો. થોડે દૂર નદી કાંઠે ઝાડવાની છાયામાં બેચાર ગોવાળિયા બેસી નવકુંકી રમતા હતા. કુમાર એ નદીમાં હાથ મોં ધોવા અને પાણી પીવા થોડીવાર રોકાયો. ગોવાળિયાઓએ એને જોયો ને બૂમ મારી, "એ ભાઇ, ત્યાં બેઠો છો તે અહીં જ આવને."

કુમાર તો ત્યાં ગયો. નવકુંકીની રમત જામી હતી. કોઈ કોઇને મારગ આપતું ન હતું. બાજી ભારે થઈ હતી. કુમાર એક બે હાલ એવી હાલ્યો કે ગોવાળિયા છક થઈ ગયા. એણે તો હાથ ઝાલી કુમારને રમવા બેસાર્યો.

અને કુમારને પણ રસ આવ્યો. બધાય રમતમાં ગુલતાન બન્યા. ત્યાં તો એક માખી કુમારના કાન પાસે 'ભૂં ભૂં ભૂં' કરતી ગણગણવા લાગી. કુમાર તો હાથની થપાટ વડે માખીને ઉડાડતો જાય ને બાજીની ચોકી કરતો જાય. પણ માખીએ એનો કેડો છોડયો નહિ.

"પણ બાઈ, હું તે શું કોઇ ફૂલ બુલ છું કે તું મારો કેડો મૂકતી નથી? જાને કોઈ ગુલાબ કે મોગરા પાસે. બાપુ!" કહી કુમારે પોતાના ફાળિયાની ઝાપટ મારી માખીને ઉડાડી મૂકી. માખી તો જમીન પર પટકાઈ. બાપડીને કળ વળી ગઈ પણ થોડી વારે એ તો ઉડી ગઈ.

છેક સાંજ પડવા આવી ત્યાં સુધી રમતમાં સૌ મશગુલ રહ્યા. કોઇને બબર જ ન પડી કે મા'રાજ મેર બેઠા છે.

અને કુમારના પેટમાં ફાળ પડી. 'સૂરજ આથમે તે પહેલાં બરાબર એક કલાકે!' એ શબ્દો એના કાનમાં ગુંજી રહ્યા.

એ તો મૂઠીઓ વાળી પેલા બોડસા ભણી દોડ્યો અને પેલા ગોવાળિયા એને જોઈ રહ્યા.

થોડીવાર કેડે સૂરજ આથમી જશે. મંગળ લાગતું જંગલ સૂનું બની જશે.

કુમારનો શ્વાસ માતો નથી. બોડસા પાસે જઈ એ બ્હીલે મ્હોંએ ઊભો રહ્યા. છેક ઝીણો તીણો અવાજ તેને કાને પડ્યો, 'બસ થઇ રહ્યું, ભાઇ, તું મોડો પડ્યો. તું ચોકસ કરેલે વખતે બોલ્યા પ્રમાણે આવી શકે છે કે કેમ તેજ મારે જોવું હતું. તારા કાન પાસે ગુંજતી આ-વેલી માખી મેંજ મોકલી હતી. તને યાદ આપવા. પણ તેને તો બિચારીને તેં મારીને કાઢી મૂકી. મારી કૃપા તને જરૂર મળત, જો તું વખતસર હાજર રહ્યો હોત તો તો. પણ હવે મોડું થયું છે. લે ફરી મળશું કોઈ વાર. રામરામ!'

'પણ મારી ગફલત થઇ?' કુમારે ગળગળે સાદે કહ્યું.

'ગમે તેમ, થયું તે નહિ થયું નહિ નહિ થાય.' જવાબ મળ્યો.

પવનનો એક જબરો સૂસવાટો આવ્યો અને રાતનાં અંધારાં આકાશ-માંથી ઉતરવા લાગ્યાં.* ગિરીશ.

સૂચિત.

આરતી

છ વાગે ને મહાદેવમાં આરતી થાય છે.
ઘંટ અને ઝાલરના મધુર અવાજો
થવા માંડે છે.
શંખનો ઘેરો અવાજ ચારેકોર
સંભળાય છે.
પૂજારીનો મંત્ર ઉચ્ચાર કાને પડે છે.
અને નગારૂં ઢન ઢન ઢન થાય છે.
છ વાગે ને મહાદેવમાં આરતી થાય છે.
મહાદેવનું નામ જાગનાથ છે.
આરતી કહેછે જાગો ઉઠો, કામે લાગો.
આતો જાગનાથ મહાદેવની આરતી છે.
જાગો ઉઠો, ઉઠો જાગો. ગિજુભાઇ

ડૉન કવીકઝોટ

ડૉન કવીકઝોટના છેલ્લા પરાક્રમને બે દિવસ થઈ ગયા હતા. બન્ને વાતો કરતા કરતા ચાલ્યા જતા હતા. ઘોડાની લગામ છૂટી મૂકી હતી અને ઘોડો જે રસ્તે લઈ જાય તે રસ્તે તેમને જવાનું હતું.

થોડે દૂર ગયા ત્યાં તેમને સામેથી એક માણસ આવતો દેખાયો. એને માથે કાંઈક ચળકતું હતું. ડૉન કવીકઝોટને તરતજ યાદ આવ્યું કે મેંબ્રીન નામનો રાજા ખૂબજ પ્રખ્યાત થઈ ગયો. તે રાજા માથે સોનાનો મુગટ પહેરતો. મુગટ પણ બહુ જ કિમતી અને પ્રખ્યાત હતો. સ્પેનના એક સરદારે રાજાને હરાવી એ મુગટ લઈ લીધો હતો. એ જ સરદાર સામેથી સોનાનો મુગટ પહેરી સુન્દર ઘોડા ઉપર બેસી આવે છે એમ ડૉન કવીકઝોટ માનતો હતો.

તેણે કહ્યું, "સંકો, તને બબર છે, કહેવતો હમેશાં અનુભવમાં આવેલાં સત્યોથી બનેલી હોય છે. એક કહેવત છે ને કે 'ધીરજના ફળ મીઠાં.' આપણે ધીરજ રાખી તો આજે વળી આવી સુંદર તક મળી સામે જે માણસ ઘોડા ઉપર બેસીને આવે છે તેણે મેંબ્રીનનો પ્રખ્યાત મુગટ પહોર્યો છે. એ મુગટ મેળવવો એ મારી વર્ષોની ઇચ્છા છે."

સેંકો કહે, "સાહેબ, એ તો એક સામાન્ય માણસ છે ને ગધેડા ઉપર બેસીને આવે છે. અને માથે કાંઇક ચળકે છે બસ્ સું પણ મુગટ નથી લાગતો."

મૂળ વાત એમ હતી કે એક હજામ ગધેડા ઉપર બેસી કયાંક જતો હતો. તેની પાસે એક પિતળની નવી તપેલી હતી. રસ્તામાં થોડો વરસાદ થયો એટલે ટોપીને પલળતી બચાવવા તપેલી માથે ઓઢી હતી. તપેલી નવી હતી એટલે સૂર્યના કિરણોમાં સોના જેવી ચળકતી હતી.

ડૉન કવીકઝોટ હજામની સામે દોડયો અને કહ્યું, "મુગટ આપી દે નહિતર લડવા તૈયાર થઈ જા."

બિચારો હજામ હથિયાર વાળા માણસો જોઇ ગભરાઈ ગયો. તરત જ ગધેડા ઉપરથી નીચે ઉતરી પડયો ને જીવ લઇને નાઠો. નાસતા નાસતા તપેલી માથેથી પડી ગઈ. ડૉન કવીકઝોટે સંકોને તે લાવવા આજ્ઞા કરી. સંકો એ તપેલી લાવી ડૉન કવીકઝોટના હાથમાં મૂકી. ડૉન કવીકઝોટે તપેલી માથે મૂકી ચારે તરફ ફેરવી પણ તપેલી

માથે બરાબર બેસતી આવે જ નહિ. તપેલીને પોતાનો સરદાર મુગટ માનતો હતો એ જોઈ સેંકોથી ન રહેવાયું, એ બડ બડ હસી પડયો. પણ એમ કહેવાની હિમ્મત ન ચાલી કે એ મુગટ નથી પણ તપેલી છે.

તેને હસતો જોઇ ડોન કવીકઝોટે કહ્યું, "કેમ હસે છે? મને લાગે છે કે જે રાજાને માટે મુગટ બનાવવામાં આવ્યો છે એનું માથું ખૂબ મોટું હશે એટલે મારે માથે એ મુગટ બરાબર બેસતો નથી."

"હાજી, મને પણ એટલા માટે જ હસવું આવ્યું કે એ રાજાનું માથું કેટલું મોટું હશે કે એનો મુગટ મુગટ કરતાં હજામની તપેલી જેવો વધારે દેખાય છે."

"તને બબર છે સેંકો? પહેલ વહેલો જેના હાથમાં આ મુગટ આવ્યો હશે તેણે મુગટનું શુદ્ધ સોનું લઇ લીધું હશે ને અંદર ભેગ કરી આ નવો મુગટ કરાવ્યો હશે. પણ એની કંઈ ચિંતા નહિ. આપણે એકાદ શહેરમાં જઈ પહેલાં આ મુગટને ફરી વાર કરાવવાનું કામ કરશું."

"સરદાર સાહેબ, હવે ગધેડાનું શું કરવું છે? એ કાંઈ ગધેડું લેવા પાછો આવે એવું લાગતું નથી. આપની રજા હોય તો એ હું લઉં. એમ કરવામાં વાંધો આવતો હોય તો હું મારે ગધેડા સાથે એની અદલા બદલા કરું."

"આવી બાબત ઉપર મેં કાંઇ વાચ્યું નથી. વાચ્યું હોય એવું સાંભરતું નથી. પણ તારે જરૂર જ હોય તો તું બદલી લે."

સેંકોએ પોતાનું ગધેડું ત્યાં રાખી હજામનું ગધેડું લઈ લીધું. તેના ઉપર થોડું બાંધવાનું હતું તેમાંથી બંનેએ નાસ્તો કર્યો.

"સાહેબ, આપ નામદાર રજા આપો તો મારે થોડી વાત કરવી છે."

"તારે કહેવી હોય તેટલી કહેને. તને વાત કરવાની ના કોણ પાડે છે?"

"આમ જંગલમાં ને રણમાં ફરી તમે પરાક્રમ કરો એ કોણ જોવાનું છે? એના કરતાં કોઈ રાજાના લશ્કરના સરદાર બની પરાક્રમો કરો તો તમને સૌ જાણે ને ઈતિહાસમાં તમારું નામ અમર બની જાય. તમને બદલો પણ મળે."

"તારી વાત તો સાચી છે પણ એમ કરતાં પહેલાં દુનિયામાં બધે ફરીવળી કીર્તિ મેળવવી જોઈએ. પછી મારી પ્રખ્યાતી રાજાને પહોંચે, રાજા એના

સરદારોને મારી સામા મોકલે, રાજા પોતે પણ થોડે સુધી મને સામે લેવા આવે. એની રાણીની મુલાકાત કરાવે અને એની કુંવરી મારી સાથે પરણાવે. કુંવરીની દાસી તારી સાથે પરણાવે."

"હું એમ જ કહેવા જતો હતો સાહેબ. એવા ઘણા દાખલાઓ બન્યા છે નહિ ?"

"હા, પછી હું રાજા ને તું ઉમરાવ. મને લોકો મહારાજા કહેશે ને તને ઉમરાવ સાહેબ કહેશે."

"સાહેબ આપને એમ લાગે છે કે હું ઉમરાવ થવાને લાયક નથી ?"

"એ તો કામ કામને શીખવાડે. પણ જો સેંકો, તારે આટલી બધી હજામત ચડવા દેવી નહિ, દર બે દિવસે હજામત કરાવવી. સમજ્યો ને ! મારા હજુરી માટે મારે શરમાવું ન પડે."

"હા, નામદાર, એ તો હું બરાબર સમજ્યો પણ એકવાર આપ મને ઉમરાવ તો બનાવો. પછી જોજો એકાદ હજામને તો હું મારી સાથે ને સાથે રાખીશ.

મોંઘીબેન

વીર રાજા

: ૧ :

એક પછી એક રાજ્યોનો વિજય કરી વિદેશી રાજાએ હિંદુસ્થાનમાં આવીને આવીને તંબુ તાણ્યા. સારોયે દેશ એના ભયથી ધ્રુજી ઉઠ્યો.

એ વખતે હિંદુસ્તાનમાં એની સામે થાય એવો મોટો રાજા એકે ય ન હતો. આખો દેશ નાનાં નાનાં રાજ્યોમાં વહેંચાઈ ગયો હતો. આવા મોટા પ્રબળ રાજા સામે ઝૂઝીને કોણ પ્રાણ ખોવા તૈયાર થાય ?

રાજાઓનાં ટોળાંએ આવી એની આધિનતા સ્વીકારી અને સૈન્ય સામન્ત આપી તેને મદદ કરવા લાગ્યા.

ઇસ્વીસન પહેલાં ૩૨૬ ના શતકની આ વાત છે.

એ વિદેશી રાજાનું નામ હતું અલેકઝાન્ડર. ગ્રીસમાં તેનું રાજ્ય હતું. ૨૦ જ વર્ષની ઉંમરે તે ગ્રીસના સિંહાસન ઉપર બેઠો હતો. અને થોડા જ વખતમાં તેણે પોતાની શક્તિનો પરિચય બધાને કરાવ્યો હતો.

તેના જેવો પરાક્રમી ને વીર તે વખતમાં બીજો કોઈ નહોતો. દેશોદેશના રાજાઓ તેનું નામ સાંભળી ધ્રુજી ઉઠતા.

અલેકઝાન્ડર જેવો સાહસી અને

વીર યોદ્ધો હતો તેવું જ તેનું સૈન્ય હતું. તેવાજ સામન્તો હતા. રાજ્ય પછી રાજ્યનો વિજય કરવા છતાં તેઓ થાકતા નહિ, પરંતુ વિજયની મહત્વાકાંક્ષા વધારતાજ જતા.

આસપાસનાં બધાં રાજ્યો જીતી લઈ અલેકઝાન્ડર પૃથ્વી જીતવા નીકળી પડયો હતો.

પણ એવા દિગ્ વિજયી વિદેશી રાજાની સામે એક નાનો એવો રાજા છાતી કાઢી સામે ઉભો રહ્યો, એનું નામ પૂરુ. પંજાબમાં ચંદ્રભાગા નદીના પ્રદેશમાં મધ્યભાગમાં તેનું રાજ્ય હતું.

દેશી રાજાઓમાંથી કોઇએ તેને જરા સરખીએ મદદ કરી નહિ. સહુએ તેને હસી કાઢયો. કયા જોર ઉપર એ આવા મહાન્ વિજેતા સામે થવાનો હતો?

કોઈએ કહ્યું, " ગાંડો થઇ ગયો લાગે છે. નહિતર આવું ન કરે. હિંદનો મોટામાં મોટો તક્ષશિલાનો રાજા પણ ચૂં કે ચાં ન કરી શકયો ને આને સામે થવું છે ! "

: ૨ :

આખી રાતના વરસાદ પછી સવારે સૂર્યના કિરણોએ તાજાં સ્નાન કરેલા વૃક્ષો પર અને ઘાસ પર અપૂર્વ સુન્દરતા રેલાવવા માંડી.

શિબિરમાં બેસીને ગ્રીસના સૈનિકો સાત સમુદ્ર અને તેર નદીની પેલી પારના દેશનો વિચાર કરતા હતા.

એ વખતે એક દૂતે આવીને જણાવ્યું; " એક નાનો એવો રાજા પૂરુ ગ્રીસની અધિનતા સ્વીકારવા ના પાડે છે. એ યુદ્ધ કરવા તૈયાર છે. "

અલેકઝાન્ડરે સૈન્યને તૈયાર થવા હુકમ કર્યો.

સરદારે કહ્યું, " મહારાજા, સૈન્ય હવે થાકી ગયું છે અને ઘણા વખતથી દેશ છોડીને નીકળેલા સૈનિકો હવે દેશ પાછા ફરવા ઉતાવળા થઈ રહ્યા છે. માટે યુદ્ધ કરવાની જરૂર નથી. એક વાર પૂરુને કહેવરાવો કે આવીને મળી જાય. મોટા મોટા રાજાઓએ અધિનતા સ્વીકારી તો એ નાના એવા રાજાનું શું ગજું છે? "

અલેકઝાન્ડરે દૂતને મોકલી કહેવરાવ્યું, " જીવવાની આશા હોય તો ખંડણી લઇ શિબિરમાં હાજર થઇ જાવ. "

દૂતે પૂરુને સંદેશો કહ્યો.

જવાબમાં પૂરુએ કહ્યું, " ભુવન વિજયી અલેકઝાન્ડરને કહે જો કે હું એમને મળવા આવું છું. ખંડણી લઈને નહિ પણ લશ્કર લઇને. "

પૂરુને બધાએ ઘણો સમજાવ્યો પણ એણે માન્યું નહિ. અલેકઝાન્ડરના ચર-

ણમાં માથું મૂકી જીવવું એના કરતાં મૃત્યુ જ એને વધારે પ્રિય લાગ્યું. તે પ્રાણ દેવા તૈયાર હતો પણ માન ખોવા તૈયાર ન હતો.

બંને પક્ષમાં યુદ્ધ જામ્યું.

પૂરુએ ૫૦ હજાર સૈન્ય અને બે હજાર હાથી લઈને જેલમને કાંઠે તંબુ તાણ્યા.

આ બાજુ અલેકઝાન્ડર પણ પોતાની વિરાટ સેના લઈ જેલમને સામે પાર આવી પહોંચ્યો. પરંતુ સામે જ શત્રુ સૈન્ય હોવાથી નદી પાર કરી પૂરુ ઉપર આક્રમણ કરી શકયો નહિ. બન્ને પક્ષો સામ સામા બેસીને આ રીતે દિવસો ગાળવા લાગ્યા.

છેવટે ગ્રીકો હિન્દીઓને ઘેરી લેવા માટે યુક્તિઓ શોધવા લાગ્યા.

અંધારી મેઘલી રાત જામી હતી. સમી સાંજથી વરસાદ શરૂ થઈ ગયો હતો. આકાશમાં વીજળીના કડાકા ને ધડાકા થતા હતા. જાણે હમણાં આકાશ તૂટીને નીચે પડશે. અંધકાર તો એવો કે પોતાનો હાથ પણ પોતે ન જોઈ શકે.

આ વખતનો લાભ લઈ ગ્રીકોએ થોડું સૈન્ય ત્યાં રાખ્યું ને બીજું સૈન્ય લઈ સામે પારથી આ પાર આવી પૂરુ ઉપર હલ્લો કર્યો.

હિન્દી સૈન્ય નિશ્ચિન્તે આરામ કરતું હતું. અચાનક થએલા હલ્લાથી બધા અસ્તવ્યસ્ત થઇ ગયા.

બન્ને પક્ષે તુમૂલ યુદ્ધ થયું. આખી રાત યુદ્ધ ચાલ્યું. પૂરુ રાજા મહા પરાક્રમથી લડવા લાગ્યો.

પરન્તુ ગ્રીક સૈન્ય હિન્દી સૈન્ય કરતાં વધારે બળવાન હતું, ગ્રીક સૈન્ય સંખ્યામાં પણ વધારે હતું, ઉપરાંત એના યુદ્ધનાં સાધનો પણ હિન્દીઓ કરતાં ઉત્તમ હતાં. છતાં પૂરુએ ગ્રીકોને પોતાના અતૂલ પરાક્રમથી ગભરાવી મૂક્યાં. પણ આવા મોટા પ્રબળ સૈન્ય સામે કેટલી ક્ષણ ટકી શકાય ?

ગ્રીકોએ ચોદિશથી હિન્દીઓને ઘેરી લીધા. હિન્દી સેના છિન્નભિન્ન થઈ ગઈ. પૂરુરાજાનું એ તરફ ધ્યાન ન હતું. એ તો એકલો એકસો જેવો થઈ ઝૂઝતો હતો. તેની આંખમાંથી અગ્નિ વરસતો, તેના શરીરમાંથી લોહીની ધારો નીકળતી હતી, એનું આખું શરીર ચારણી જેવું બની ગયું હતું, છતાં એ લડતો હતો.

ઝુઝી ઝુઝીને તેનું શરીર ખરી પડેલા ફૂલોની જેમ ખરી પડ્યું, તેની હાર થઈ. તે ગ્રીકોને હાથે બંદીવાન થયો.

બંદીવાન પૂરુ રાજાને અલેકઝાન્ડર પાસે હાજર કરવામાં આવ્યો.

અલેકઝાન્ડરે તેને પૂછ્યું, " બંદીવાન તેં અમને ઘણાજ દુઃખી કર્યા છે. બોલ જોઈએ, તારી સાથે મારે કેવી રીતે વર્તવું ?"

પૂરુ રાજાએ સહજ સ્વભાવે જવાબ આપ્યો; " આપ જાણો છો કે હું રાજા છું. એક રાજા પાસેથી રાજાને શોભે એવીજ જાતનું વર્તન હું આપની પાસેથી માગું છું. "

આખા તંબુમાં નિસ્તબ્ધતા પ્રસરી રહી. બચવાની જે કાંઇ આશા હતી તે પણ પૂરુએ ખોઈ એમ સહુને લાગ્યું. અલેકઝાન્ડર પોતાના શત્રુને સખ્ત શિક્ષા કરતો તે સહુ જાણતા હતા. આખું ગ્રીક સૈન્ય વિચારમાં પડ્યું કે હમણાં એનો શિરચ્છેદ થશે.

એક જણે આગળ આવી કહ્યું, " તું અમારો બંદિવાન છે એની બબર છે ને ? જો જીવવાની આશા રાખતો હો તો મહારાજા અલેકઝાન્ડરની ક્ષમા માગ. "

પૂરુએ હસીને કહ્યું, " જો માન કરતાં પ્રાણને જ વધારે ગણ્યો હોત તો યુદ્ધ કરત જ શું કામ ? આવા મહાન રાજા સામે યુદ્ધમાં ઉતર્યો ત્યારથી જ ધાર્યું છે કે મૃત્યુ અનિવાર્ય છે. "

સહુ આશ્ચર્યથી તેની સામે જોઇ રહ્યા. સહુને એમ હતું કે હમણાં પૂરુનું માથું પૃથ્વી ઉપર પડશે. પણ ત્યાં તો અલેકઝાન્ડરે કહ્યું, " પૂરુ રાજા, તમારા સાહસને પરાક્રમથી હું મુગ્ધ બન્યો છું. મેસિડેનીઆથી અહીં સુધી આવ્યો, એક પછી એક રાજ્યો સર કર્યાં, કેટલાય રાજાઓને મેં રણમાં રોળી નાખ્યા છે, પણ કોઇએ મને અટકાવ્યો નથી, કોઈ મારી સામે થયું નથી, અહીં સુધી આવ્યો ત્યારે ચંદ્રભાગા નદીના કિનારે એક નાનો સરખો રાજા મારી સામે થાય છે, એની હિંમત અજબ છે! "

" પૂરુ રાજા, તમારી હિમત જોઇ હું ખુશી થયો છું. મારે તમારું રાજ્ય જોઈતું નથી; પ્રભુ કૃપાએ મારે ઘણું રાજ્યો છે. તમારું રાજ્ય હું તમને પાછું આપું છું; હું તમારી સાથે રાજાને શોભે એવો જ વ્યવહાર રાખીશ. તમારી સાથે મિત્રતા બાંધીશ. "

પોતાની સામે જ કોઈ દુશ્મન આવો જવાબ દે તો એનું માથું સલામત રહે બરું કે ?

પણ અલેકઝાન્ડર ઉદાર હૃદયનો હતો. એ દાનો દુશ્મન હતો. એ પોતે વીર હતો. વીરની કદર કરી જાણતો. વીર વિના વીરની મહત્તા કોણ સમજે ?

અલેકઝાન્ડરે પૂરુરાજાને માત્ર તેનું રાજ્ય આપ્યું એટલું જ નહિ પણ પોતાનાં જીતેલાં બીજાં રાજ્યો પણ આપ્યાં, તેની સાથે મૈત્રી કરી તેને મહાન બનાવ્યો.

મોંઘીબેન.

બાળકોના પત્રો

: ૧ :

આણીઆ

તા. ૬–૩–૩૭

પ્રિયભાઇ શ્રી ગિજુભાઈ

ઘણાં દિવસથી કાગળ લખવાનો વિચાર કરતો હતો પણ આજ તો બાસ લખવા બેઠો છું. અમે સૌ મજામાં છીએ.

એક વાત નીચે પ્રમાણે દરરોજની છે. તે લખી મોકલું છું.

અમારા ગામની અંદર એક ૭૨–૭૫ વર્ષની બાયાં નામની ડોશી છે. તેને અમારી શેરીનાં છોકરાં બાયાં કાકી કહીને પજવે છે અને તે ડોશી ગાળો દે છે. તે ડોશી દરરોજ અમારી શેરીમાં આવે છે અને ગીતો ગાય છે. ગિરીશ, ભુતી-બેન, સવિતા, રમજી, કાસમ, જેના, મધુ, રમા, પ્યારઅલ્લી, દયા, કંચન, લીલી વગેરે બાળકો રોટલાનાં બટકાં લાવે છે અને તેને આપે છે. અને ડોશી ગીત ગાય છે. એ નીચે પ્રમાણે છે.

"લોંમાંથી નીકળ્યો ડોલરિયો દેડકો
સોની હાટે જાજે ડોલરિયા દેડકા
કડલાં લાવે ડોલરિયા દેડકા
મોચી હાટે જાજે ડોલરિયા દેડકા
મોજડી લાવે ડોલરિયા દેડકા
કંદોઈ હાટે જાજે ડોલરિયા દેડકા
સાટા જલેબી લાવે ડોલરિયા દેડકા"

અને બધાં છોકરાં હસાહસ કરી મૂકે અને ડોશી ત્યાંથી ચાલતી થાય. એક દિવસ એવું બન્યું કે તે ડોશી ચાલતી હતી ત્યાં એક મિયાંણાના છોક-રાએ તેને ધક્કો માર્યો અને ડોશી પડી ગઈ. તેનું દોણું ફૂટી ગયું. ડાયલાએ તેને દોણુકું અપાવ્યું અને ડોશી રાજી રાજી થઈ ગઈ અને ત્યાંથી ચાલી ગઈ. એક દિવસ બધાં છોકરાં વાટ જોઈને બેઠાં હતાં પણ તે દિવસે ડોશી આવી નહિ. બીજે દિવસે પણ આવી નહિ. એ પ્રમાણે ચાર દિવસ ન આવી. પાંચમે દિવસે આવી ત્યારે બધા છોકરાંએ પૂછયું, "ડોશી કેમ નથી આવતાં?"

ડોશી કહે, "માડી મને તો તાવ આવતો હતો તેથી નહોતી આવતી."

જ્યારે ડોશી ઘેર જતી હોય ત્યારે બા બાયાં કાકી કહે ને ડોશી ગાળો દે અને સવારે તે વાત કોઈ સંભારે નહિ કારણકે બધાં ને ડોલરિયાનું ગીત સાંભ-ળવું હોય.

તે ડોશી આ પ્રમાણે પોતાનું ગુજ-રાન ચલાવતી હતી. અત્યારે તે ડોશી આવતી નથી. તેની વાટ છોકરાંઓ જુએ છે.

લિ. કિશોરલાલ વી. પંડ્યા.

: ૨ :

ભુજ
તા. ૧-૨-૩૭

પૂજ્ય ગિજુભાઇ,

મેં તમને એક પત્ર લખ્યો પણ તમારો જવાબ નથી માટે બીજો લખું છું. તમે પત્રનો જવાબ મોડો શા માટે વાળો છો? ફોટાની બીકે નથી વાળતા? પણ યાદ રાખો ગિજુભાઇ, પરીક્ષા લેવા આવશો ત્યારે પહેલાં એ વાત છે અને પછી પરીક્ષા. તમે આવો ત્યારે ફોટો જરૂર લેતા આવજો. અને જો નહિ લઇ-આવો તો અમે તમારી સાથે બરોબર નહિ બોલીએ. અમેં ફોટાની ખૂબ આશા રાખી. "મોકલીશ, મોકલીશ." એમ કહેતાં દશ મહિના આમ જ વીતી ગયા. તમારે ફોટો મોકલવો જ નથી ત્યારે ચોખ્ખા શબ્દોમાં કહોને કે બસ મારે નથી મોક-લવો. નહિતો આવો ત્યારે સાથે લાવશો. આટલો આગ્રહ છતાં એક ફોટો પણ નથી મોકલતા! હશે કાંઈ નહિ. બીજી વખત અમે તમારી પાસે માગણી નહિ કરીએ અમે તો તમને કહી કહીને થાકી ગયાં. તમે નહિ મોકલો તો તમે આવશો ત્યારે તમારી વાત છે હું અને તમે બીજું કોઈ નહિ.

ત્રિભુવનભાઇના પત્રમાં આગલાં ચિત્રો મોકલ્યાં હતાં, તે મળ્યાં હશે. અને આ સાથે બીજાં મોકલ્યાં છે. તમે જે કહો તે અમે તમને તરત મોકલીએ છીએ પણ અમે તમારી પાસે કરગરીએ છીએ છતાં તમે એક ફોટો નથી મોક-લતા. વાહ, ગિજુભાઇ વાહ!

પુષ્પાબેન જાંબુડીથી આવી ગયાં છે. શાળાએ ભણવા આવે છે. પુષ્પાબેને, નીલમબેને, બાનુબેને, મારાં બેને તમને યાદ કર્યાં છે. આ પત્રનો જવાબ લખશો.

લિ. ઝવેરબેનના
નમસ્તે

: ૩ :

૨૨-૨-૩૭

વ્હાલા ગિજુભાઇ,

તમે મઝામાં હશો. અમે બધાં ખૂબ મઝામાં છીએ. હું આ ગાયોના ટોળાંનો, બા રહેતી હતી તે જગાનો અને બાળમંદિરનાં ક્રીડાંગણોના ફોટાઓ મોકલું છું. ટીકુબેન અને બબુબેનને મારા વતી બોલાવશો. મને અને તોરૂને ભાવનગરમાં ખૂબ મઝા પડી હતી. બીજી વાર આવવાનું મન થાય છે પણ હું દિલગીર છું કે મને રજા નથી. રજા હોત તો હું જરૂર આવત. હવે હું કાગળ લખવો બંધ કરું છું. ભુલ ચુક સુધારજો.

લિ. લીના.

: ૪ :

૭-૧૨-૩૬

ગિજુભાઈ,

તમે મારે ઘેર આવશો ત્યારે તમને ભજીયાં ખવરાવીશ. તમે આવો ત્યારે પત્ર લખશો.

લિ. ભારતીના વંદન

: ૫ :

ગિજુભાઈ,

હું તમને સંભારું છું. મને લખતાં આવડી ગયું છે. મને વાંચતાં આવડી ગયું છે. શિવકુમાર રમે છે. શારદાને સવા બે વરસ થયાં છે.

લિ. દેવકન્યા.

: ૬ :

સાવતવાડી
પાટણ
તા. ૨૪-૧૧-૩૬

પૂજ્ય ગિજુભાઈ,

હાલમાં આપનો પત્ર નથી તો લખશો. અમે બધાં ખુશી આનંદમાં છીએ. શબ્દ-ચિત્રમાં ગિજુભાઇને કાંટો વાગ્યો એ વાંચી અમે બધાં બૂબ દિલગીર થયાં. દિલગીર થયાં ને સાથે હસવું પણ આવ્યું. ગિજુ-ભાઈને માલુમ થાય કે તમારા મિત્ર ગધેડાભાઈ રંગાઈ ગયા છે. નટુભાઈ તથા અમે બધાં બાળકો ખુશીમાં છીએ. હમણાં તમે કયાં કયાં કામ કરો છો તે જણાવશો. વાઘજીભાઈ પણ ખુશી આનંદમાં છે. ટીકુબેન મજામાં હશે. ટીકુબેન શું ભણે છે? ત્યાંના બધા બાલમિત્રો ખુશી આનં-દમાં હશે. તમે હૈદ્રાબાદ જઈને શું કરી આવ્યા? મધુભાઇ, જયંતીભાઈ તથા વિષ્ણુપ્રસાદભાઈ તમને બહુ સંભારે છે. અમારો પ્રવાસ બંધ રહ્યો છે. મારા પિતાશ્રીના તમને નમસ્કાર.

લિ. ભગવતીબેનના વંદન

: ૭ :

વાણિયાવાડ
૧૨-૧-૩૭

પૂજ્ય ગિજુભાઇ,

તમારો પત્ર નથી તો લખશો. મારી તબિયત સારી છે. તમારી તબિયત સારી હશે.

ગિજુભાઈ, તમે હવે માર્ચમાં પરીક્ષા લેવા આવવાના છો તેથી અમને બહુ આનંદ આવે છે. તમારો પ્રેમ તો અમને બહુ વળગી રહ્યો છે. અહીં બૂબ જ ઠંડી પડે છે. ત્યાં પડે છે કે કેમ? આ પત્રનો જવાબ જરૂર વાળશો. અમે અહીં કને શાળાએ જઈએ છીએ. ત્યાં કને અમને બૂબ જ આનંદ આવે છે. હમણાં અમારી શાળામાં હીંચકા બંધાશે તેથી અમને બહુ આનંદ આવે છે.

ત્યાંના બધા નવીન જણાવશો.

લિ. યોગિનીના પ્રણામ

દરિયે ગયાં'તાં

ઓટ હતો અને ભરતી ન હતી; છતાં મોજાં તો એક ઉપર એક આવતાં જ હતાં અને કિનારાને અથડાઈને પાછાં વળતાં હતાં.

ભરતીમાં કિનારો વધારે ને વધારે ઢંકાતો જાય તો ઓટમાં કિનારો વધારે ને વધારે ખુલ્લો થતો જાય.

અમે પાછા જતાં મોજાંની પાછળ પાછળ આવતા હતાં અને વળી પાછાં મોજાં સાથે કિનારે આવતાં હતાં.

ઘડીકમાં અમે આગળ જતાં હતાં અને ઘડીકમાં અમે પાછળ જતાં હતાં.

બહુ મજા આવતી હતી.

અફાટ સાગરના દર્શનમાં અમે બધું ભૂલી ગયાં હતાં.

એમ કરતાં અમે તો દરિયાના કિનારાની અંદર-કેટલેય આઘે ગયાં.

અમે તો લીલ નામનું ઘાસ જોયું. જેમ ભાજી ઉગે એમજ તે ઉગેલું. લીલાં-છમ પાંદડાં, લીલીછમ ભાજી.

દરિયાનાં પાણી આવે ત્યારે તે ભાજી લીલ પાણીમાં ન્હાઈ જાય, પાણી પાછા ચાલ્યાં જાય એટલે ન્હાઈ ધોઇને નીતરતી લીલી લીલી ચમકી ઉઠે.

અમે તો ભૂલી જ ગયાં કે સમય કેટલો થયો. એમ કરતાં સાંજ પડી. સૂરજ ભગવાન દરિયામાં સંતાયા. દરિયા ઉપર લીલી લીલી ચાદર પથરાઇ ગઇ. આકાશમાં લાલ લાલ ગાર થઈ ગઇ.

અમે કહ્યું, "આપણે હવે ઘેર જઇએ."

પછી અમે ઘેર આવ્યાં. ગિજુભાઇ.

શોધી કાઢો

૧ નાકા વગરની સોય.
૨ પાંખ વગરનું પક્ષી.
૩ બુંધ વગરનું ઉંટ.
૪ ધુમાડા વગરનો ચૂલો.
૫ રંગ વગરનું પ્રવાહી.
૬ પ્રવાહી વગરનો દીવો.
૭ દિવસ વગરનો સૂર્ય.
૮ કદી દુઝે નહિ તેવી ગાય.
૯ મૂર્તિ વગરનું મંદિર.
૧૦ બળદ ઘોડા વિનાની ગાડી.
૧૧ પાંદડાં વગરનું ઝાડ.

(૧) ગ્રામોફોનની સોય (૨) કીવીકીવી (૩) લામા (૪) ઇલેકટ્રીક (૫) પાણી (૬) વીજળીનો (૭) મીડનાઇટ સન. (૮) નીલગાય ને ગોકળગા. (૯) ગીરનાનું (૧૦) મોટર ગાડી (૧૧) કેરડો. વિષ્ણુપ્રસાદ.

આ શિક્ષણ પત્રિકા પટેલ મૂળચંદ નરશીદાસે ભાવનગર શ્રીસરસ્વતી છાપખાનામાં છાપી.


23114
23114

२३।।५

शिक्षण पत्रिका
वर्ष १३